પતાકા (પાક્ષિક)

…મા અંક, ૧૯૬૪] • [કિંમત ત્રણ રૂપિયા

આખડયાં, દટાયાં કંઈ કેટલાં, મર્યાં,
ય રે તોય ના થડકતો માનવી;
વણ રુકે દોડતો, ધપી રહ્યો—
શોધવા કંઈક ને કંઈક રે અવનવું !

જીવંત ખાક

મીરઝા કેમ્પે

—એક જ્વાળા હતી ને હવે ખાક છું.
સાંભળો, ખાક શું ગાય છે.
—આભઊંચી લઈ જાવ, ગગને ઝુલાવો મને,
પવન-પાખાળી હું ખાક છું, ઊડવા થનગનું.
ને પછી ઝળકતા નીલ નભથી
વિખેરો મને, અહીં વાવો મને
હિન્દના પરમ હેતાળ હૈયા પરે.
અંગે અંગે છવાતી જતી, પ્રસરતી આછી ચાદર સમી,
કહીશ હું કાનમાં:
મા, તને થાય છે સ્પર્શ મારો ?
જીવન ને મૃત્યુમાં
એક જ્વાળા બની, ને હવે ખાક થઈ
માત, મેં તુજ પરે જાત ઘોળી કરી.
ચાંપી હૈયે, જરા હોઠ ફફડાવીને
હિન્દ મૈયા કહે છે મને:
—લાલ પ્યારા જવાહર, તને નહિ દઉં જંપવા,
ના, નહીં મૃત્યુકાંઠે દઉં વિરમવા,
ખાક તો તારી આ તલસતી
લાલવરણાં ગુલાબો મહીં મોજમાં,
જિન્દગીનું સદા કમલ તવ
ખીલશે નિત્યનવ ફુલ્લ મારા મહીં.
—હું હતી નીલઘન લહર દરિયાવ દુર્દમ સમી,
આજ તો ભૂખરી ખાક છું, મીનભારે ઢળી.
સાંભળો, ખાક શું ગાય છે:
મુઠ્ઠીભર મુઠ્ઠીભર લઈ મને
દો પ્રયાગે જ પધરાવી, આનંત્યની
ગંગના હું ઉછંગે વહું ઝૂલતી, ઝૂમતી
ત્યાં મહાસાગરે
વિશ્વના સાગરોનો જહીં રંગમેળો મળે.
માનવીના દિમાગે રહું વિલસતી,
પૂછશે વિવિધ લોકો મને:
—શાંતિ કેરી તું સહિયર અહીં!
શાંત થઈ કેમ સૂતી નથી?
ખાકની ફેનકલગી શિરે ધારતું
આપશે મોજું ઉત્તર: ભલા,
આજ આવો, મિલાવો ખભા,
ભાઈ સમ સર્વ ભેટી પડો!
ને પછી મોજું મોજાં સહે ભેટતું
ઊછળી ધસી જશે
રોજ આગે અને રોજ આગે બઢી,
આ અશાંતિની દુનિયા મહીં
સાદ પાડી સદા,
સાદ પાડી બધે,
શાંતિ ને પ્રેમનો, પ્રેમ ને શાંતિનો.

[સોવિયેત સંઘના રીગા શહેરના લેટવીઅન ભાષાના દૈનિક "સીના"માં પ્રગટ થયેલા મૂળ કાવ્યના કવયિત્રીએ પોતે કરેલા અંગ્રેજી ભાષાંતર પરથી અનુ. મકરન્દ દવે]



અલવિદા !   અલવિદા !!   અલવિદા !!!





અમ'રતા ! તારી વેદી પર.........

પ્રતીક્ષા

[વાર્ષિક]

પરોક્ષ કે અપરોક્ષ રીતે
પ્રતીક્ષાના કાર્યમાં મદદ
કરનાર સહુના અમે ખૂબ
ખૂબ આભારી છીએ.





પ્રતીક્ષા વાર્ષિક

સંપાદક :

પી. વશ્ચિના

સહસંપાદકો :

મનુ બી. શાહ

મહેન્દ્ર એચ. શાહ

અરવિંદકુમાર છેડા

કલ્યાણજી વોરા


અંકની સજાવટ:

શ્રી. જે. જે. પંચાલ

વ્યવસ્થાપક :

શાતિ એચ. શાહ

પ્રતીક્ષા (વાર્ષિક)



સૂચિ

પ્રતીક્ષા વાર્ષિક

પ્રથમ અંક
સપ્ટેંબર
૧૯૬૪



શ્યાવંક્ષ ચાવડાના ચિત્રની અનુકૃતિ

પ્રતીક્ષા અને પુરુષાર્થ

માણસજાત જ્ઞાન, કૌશલ્ય અને સુખ મેળવવાના પ્રયત્ન કરતી આવી છે. એ પ્રયત્નમાં એણે કુદરત સાથે પરિચય કેળવ્યો. કુદરતની શકિતઓ વાપરવા જેટલી કળા કેળવી. માણસ માને છે કે પ્રકૃતિ ઉપર એ એનો વિજય છે! માણસે વનસ્પતિ, કૃમિકીટ, પશુપક્ષી, મરઘાં-માછલાં વગેરે જીવસૃષ્ટિનો ઉપયોગ, આહાર અને સંહાર ચલાવ્યો છે. માણસ માને છે કે એ જીવસૃષ્ટિનો પ્રભુ થયો છે!

માણસે જીવનકળામાં થોડી થોડી સફળતા મેળવી, પણ જીવન કૃતાર્થ કર્યા વગર—જીવનનો સદુપયોગ થયાનો સંતોષ મેળવ્યા વગર એને ચેન ના પડે! તેથી એણે ધર્મોની સ્થાપના કરી, અને ઉન્નતિનાં પગથિયાં ચઢવાનો પ્રારંભ કર્યો. એમાં પણ એને સફળતા મળી છે, પણ પૂર્ણતા મળી નથી. જ્ઞાન, કૌશલ્ય, સુખ, સંગઠન અને પૂર્ણતા આ બધાની પ્રતીક્ષા સતત ચાલે છે.

માણસને અનુભવ થયો છે કે પૂર્ણતા ક્ષિતિજની પેઠે આકર્ષે છે અને છતાં દૂર દૂર જાય છે. પ્રતીક્ષા સાથે પ્રગતિ અને પરાક્રમ હોય તો, માણસ પૂર્ણતાની નજીક પહોંચે છે. પણ એની એ યાત્રા અખંડ ચાલે છે, મુકામે પહોંચાતું જ નથી. તેથી હવે માણસ સમજી ગયો છે-પૂર્ણતા હંમેશાં 'મેળવવાની' જ હોય છે, એ મળી છે એવું સમાધાન માણસ માટે છે જ નહિ.

એટલે, પ્રતીક્ષા સાથે પુરુષાર્થ. એ જ માણસનો જીવનધર્મ છે. એ જ એની જીવનસાધના છે.


—કાકા કાલેલકર

જવાહર : મુત્સદી અને રાજપુરુષ

વિજયગુપ્ત મૌર્ય

જીવન એક નાટક હોય, તો જવાહરલાલ નેહરુનું જીવન એક એવું નાટક હતું કે, જેમાં તેમણે તરેહ તરેહનાં પાઠ ભજવવાના હતા. આટલા બધા પાઠમાં આટલી બધી સફળતા મેળવનાર થોડા જ માણસો ઇતિહાસમાં જોવા મળે છે. નેહરુને બધી દિશામાં સરખી સફળતા નહોતી મળી, તેનું એક કારણ એ હતું કે, તેઓ સગવડપંથી નહોતા, સિદ્ધાંતોમાં માનનારા હતા.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રાજપુરુષ અને મુત્સદી તરીકે નેહરુ કરતાં વધુ ખ્યાતિ કોઈને નથી મળી, તેમ છતાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તેમને જે દરજ્જો મળવો જોઈતો હતો તે ન મળ્યો તેનું કારણ એ છે કે તેઓ ભારતી હતા; યુરોપી કે અમેરિકન હોત તો તેમનું કદાચ વધારે ગૌરવ થયું હોત. બીજું મોટું કારણ એ હતું કે, તેમણે શાન્તિલક્ષી તટસ્થતા અને બિનજોડાણની નીતિ અખત્યાર કરી હતી. આથી ઘણા પશ્ચિમી રાજપુરુષો તેમની ઉપર દાઝે બળતા હતા. પશ્ચિમનાં અખબારોમાં અયુબખાનની પ્રશંસા અને નેહરુની નિંદા થતી હતી! અમેરિકાના નામચીન સાપ્તાહિક 'ટાઇમે' તો નેહરુની મૃત્યુનોંધમાં પણ તેમની નિંદા કરી. અમુક બ્રિટિશ અખબારોમાં નેહરુની મૃત્યુનોંધમાં જે લખાયું હતું તે અપમાનજનક હતું.



રાજપુરુષ (Politician અને Statesman) તરીકે અને મુત્સદી (Diplomat) તરીકે જવાહરલાલે જે પાઠ ભજવ્યો તેનું મૂલ્યાંકન કરવું મુશ્કેલ છે. રાજપુરુષનો અર્થ રાજ્ય ચલાવવાની કળામાં કાબેલ એવો થાય છે. ત્યારે બીજાં માણસો કે રાજ્યો સાથે વાટાઘાટ કરવામાં, તેમને સમજાવી લેવામાં અને કરારો કરવામાં કુશળ હોય તેને મુત્સદ્દી કહેવાય છે.

જવાહરલાલે મુત્સદ્દીગીરી માટે ગાંધીજીને ગુરુ કર્યા હતા. રાજપુરુષ તેઓ આપ મેળે થયા. દેશના ભાગલા પહેલાં તેઓ કોંગ્રેસ-લીગ મિશ્ર સરકારના વડા પ્રધાન થયા અને બીજે વર્ષે સ્વતંત્ર ભારતના પહેલા વડા પ્રધાન થયા ત્યારે રાજ્યકારભારની કળાથી તેઓ લગભગ અજાણ હતા. પોતાની સૂઝ અને ગ્રહણ શક્તિથી તેઓ એક શ્રેષ્ઠ રાજકર્તા અને સંસદ-નિષ્ણાત (પાર્લમેન્ટેરિયન) બન્યા.

ગાંધીજી મુત્સદ્દી હતા, પણ તેમની મુત્સદ્દીગીરી અજોડ હતી, કારણ કે તેમાં ક્યાંય કુટિલતા, ભેદ, પાપ, દગો, ફટકો-કંઈ જ નહોતું. એથી વિરુદ્ધ તેમાં એટલી બધી નિખાલસતા હતી કે તેમના અનુયાયીઓ પણ કોઈ વાર ચોંકી ઊઠતા. કોઈને એ નિખાલસતા મૂર્ખાઈ પણ લાગતી હતી. પરંતુ ગાંધીજી માટે સત્ય જ પરમેશ્વર હતો.

જવાહરલાલ સાકાર પરમેશ્વરમાં માનતા નહોતા. એમના મત પ્રમાણે સદાચાર એ જ પરમેશ્વર છે. આમ જગતમાં પહેલી જ વાર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સદાચાર પર આધારિત વિદેશનીતિનો અમલ થયો. એમાં કવચિત નિષ્ફળતા મળી હોય તો, તેમાં દોષ નેહરુનો નથી. દુરાચાર પર આધારિત વિદેશનીતિ ચલાવનારા પેલા મુત્સ-

દીઓનો છે. દા. ત. સદાચારના પંચશીલ પર આધારિત પહેલા જ આંતરરાષ્ટ્રીય કરાર ભારતે ચીન સાથે કર્યા; અને સદાચારપૂર્વક તેનું પાલન કર્યું. ચીને છળકપટ, દુરાચાર વડે તેનો ભંગ કર્યો. ચીનના આક્રમણથી નેહરુની પંચશીલની નીતિ નિષ્ફળ ગઈ અને તેથી આપણે લડાઈમાં ચીન સામે હારી ગયા એમ કહેવું ખોટું છે. અમેરિકા આપણા કરતાં અનેક ગણું બળવાન છે. તેમ છતાં તેણે કોરિયાની લડાઈમાં ચીનને હાથે માર ખાધો હતો.

આપણે જવાહરના જીવનકાળની એટલા નજીક છીએ કે આપણે માટે તેમની સિદ્ધિઓ અને ત્રુટિઓનું મૂલ્યાંકન કરવું સહેલું નથી. એમના રાજકારભારમાં ઘણા પ્રશ્નો હલ થયા વિના પડી રહ્યા: અનાજનો પ્રશ્ન, મોંઘવારીનો પ્રશ્ન, કાશ્મીરનો પ્રશ્ન, ચીનના આક્રમણનો પ્રશ્ન, પાકિસ્તાન સાથેના સંબંધના પ્રશ્નો, નાગ બળવાખોરોનો પ્રશ્ન, વગેરે.

પરંતુ જવાહરલાલને ઠેકાણે બીજો કોઈ વડો પ્રધાન હોત તો, આ પ્રશ્નો ઊકલી જ ગયા હોત તેની શી ખાતરી? કદાચ એ પ્રશ્નો વધુ વિકટ પણ બન્યા હોત. જવાહરલાલ હાડોહાડ લોકશાહીવાદી હતા. જો કે પ્રધાન મંડળમાં તેમના કેટલાક સાથીઓને પોતાની ઉપેક્ષા થતી લાગી હતી. કેટલાક પ્રશ્નો એવા છે કે, જેમનો ઉકેલ લોકશાહી કરતાં સરમુખત્યારશાહી વડે વહેલો મળી શકે. પરંતુ ગાંધીજીની જેમ જવાહરલાલ પણ એમ માનતા હતા કે, જેમ ધ્યેય ઈષ્ટ હોવું જોઈએ તેમ તે પ્રાપ્ત કરવાનો માર્ગ પણ ઈષ્ટ હોવો જોઈએ. સારા ધ્યેયની પ્રાપ્તિ માટે ખરાબ માર્ગે ન જવું જોઈએ.

જવાહરલાલની સૌથી મોટી સિદ્ધિ એ છે કે તેમણે ભારતમાં લોકશાહી સફળ બનાવી. ભારતની મુક્તિ સાથે એશિયા અને આફ્રિકાના દેશોની મુક્તિની શરૂઆત થઈ. પરંતુ એક પણ દેશે લોકશાહી સ્થાપવામાં ભારત જેવી સફળતા નથી મેળવી. ઘણા દેશોએ તો સરમુખત્યારશાહી અખત્યાર કરી છે. ભારત અમેરિકા કરતાં પણ વધુ લોકશાહી દેશ છે એ હકીકતનો ખ્યાલ થોડા જ લોકોને રહે છે. ભારતમાં નાત, જાત, ધર્મ, પ્રદેશ કે કોમના ભેદ વિના બધા લોકો સમાન અધિકારો ભોગવે છે. અમેરિકામાં કરોડો સીદીઓ નાગરિક તરીકે પ્રાથમિક અધિકારો પણ નથી ભોગવી શકતાં.

એથી વધુ આગળ વધીને જવાહરલાલે લોકશાહી માર્ગે સમાજવાદ લાવવાનો પ્રયોગ અમલમાં મૂક્યો. અગાઉ બીજા દેશોમાં લોકશાહી માર્ગે સમાજવાદ લાવવાના પ્રયોગ ભાગ્યે જ સફળ થયા છે. સમાજવાદના અખતરાઓમાં જમણી અથવા ડાબી પાંખની સરમુખત્યારી આવી છે. સમાજવાદ અપનાવવા જતાં જમણી બાજુ હિટલર, મુસોલિની અને ફ્રાંકો પાક્યા છે, ડાબી બાજુ સામ્યવાદી સરમુખત્યારી વડે સમાજવાદ હાંસલ કરવામાં આવ્યો છે. પરંતુ લોકશાહી માર્ગે કોઈએ સમાજવાદ સિદ્ધ કર્યો છે ખરો?

નેહરુ પછી કોણ એ પ્રશ્ન દાયકાથી સૌને ભડકાવી રહ્યો હતો. નેહરુનું અવસાન થતાં પશ્ચિમનાં અખબારોમાં એવા સમાચારો પ્રગટ થયા કરતા હતા કે, ભારતમાં નેહરુના વારસ થવા માટે "વિગ્રહ" ફાટી નીકળ્યો છે! પરંતુ જ્યારે અત્યંત સરળતાથી અને વિના વિરોધે લાલબહાદુર વડા પ્રધાન તરીકે ચૂંટાઈ આવ્યા ત્યારે આ અખબારો હાસ્યાસ્પદ બન્યાં! આ હકીકત બતાવે છે કે, ભારતમાં લોકશાહી પ્રણાલિકા દૃઢ પણે સ્થપાઈ ગઈ છે અને સમાજવાદનું ધ્યેય પણ લોકમાન્ય બન્યું છે. આ સફળતા નેહરુને સાંપ્રત કાળના શ્રેષ્ઠ રાજપુરુષ તરીકે સ્થાપિત કરે છે.

નેહરુને પોતાના વારસ તરીકે કોઈને પસંદ કરવાનું કહેવામાં આવતું હતું! લોકશાહીમાં એક રાજપુરુષ પોતાનો વારસ નક્કી કરતો જાય એ ખ્યાલ પણ બેહુદો લાગે છે! લોકશાહી માનસના નેહરુએ એ સૂચન ન સ્વીકાર્યું એટલું જ નહિ પણ તેમણે પોતાની પુત્રીને કદી પ્રધાનમંડળમાં ન લીધી. ફિરોઝ ગાંધી લોકસભાના સભ્યપદેથી વધુ આગળ કદી ન વધી શક્યા તેનું કારણ એટલું જ હતું કે તેઓ નેહરુના જમાઈ હતા. લોકસભામાં તો એમને નેહરુએ નહોતા મોકલ્યા, મતદારોએ મોકલ્યા હતા.

અનાજ અને મોંઘવારીનો પ્રશ્ન એક માણસથી હલ થઈ શકે નહિ. તેમાં લોકોનો, ખેડૂતોનો, વહીવટી

તંત્રનો અને સૌથી વધારે તો રાજ્યોનો સહકાર જોઈએ. એટલે હજુ સુધી એ પ્રશ્નોનો ઉકેલ નથી મળ્યો તે માટે માત્ર નેહરુને દોષ દઈ શકાય નહિ. દોષ બધાનો છે. અને જવાહરલાલ સર્વશક્તિમાન હતા એવો દાવો તો કોઈએ કર્યો જ નથી. કરી શકે પણ નહિ.

નાગ બળવાનો અંત હજુ સુધી લાવી શકાયો નથી તે માટે રાજપુરુષ તરીકે નેહરુની ત્રુટિ નથી. વિકટ પહાડી પ્રદેશ, પહાડી પ્રજા તરીકે નાગ બળવાખોરોની કુશળતા અને વધુ તો તેમની સામેની લશ્કરી પ્રવૃત્તિથી નિર્દોષ લોકોને સહન ન કરવું પડે તેની કાળજી નાગ બળવો લંબાયો તે માટે જવાબદાર છે. તેમ છતાં બળવાખોરોની સંખ્યા અલ્પ છે અને વિશાળ બહુમતીનું પ્રતિનિધિત્વ ધરાવતી લોકશાહી નાગ સરકારની સ્થાપના થઈ છે તે રાજપુરુષ તરીકે ઉદાર અને વિશાળ દૃષ્ટિવાળા જવાહરલાલને આભારી છે.

કાશ્મીરનો પ્રશ્ન, પાકિસ્તાન સાથેના બીજા પ્રશ્નો અને ચીની આક્રમણનો પ્રશ્ન હજુ ઊભા છે, તેનું કારણ એ છે કે પાકિસ્તાન અને ચીન એ પ્રશ્નોનો અંત આણવા માગતા નથી. નેહરુ એકલા હાથે એ પ્રશ્નોનો ઉકેલ લાવી શકે નહિ એમાં મુત્સદ્દી તરીકે નેહરુની ખામી નથી દેખાતી. શાન્તિલક્ષી તટસ્થતા અને બિનજોડાણની નીતિ ઘડનાર મુત્સદ્દી તરીકે જવાહરલાલનું નામ ઈતિહાસમાં અમર રહેશે. એ નીતિએ જગતને ત્રીજા વિશ્વવિગ્રહમાંથી વારંવાર બચાવ્યું છે. અને વધુને વધુ દેશો એ નીતિ અપનાવી રહ્યા છે એ હકીકત જવાહરને જગતના શ્રેષ્ઠ મુત્સદ્દીઓની પ્રથમ હરોળમાં સ્થાપિત કરે છે. આ નીતિને કારણે ભારત બંને જૂથો પાસેથી આર્થિક તેમ જ શસ્ત્ર સહાય પણ મેળવી શકે છે એ બતાવે છે કે, આ નીતિ કેટલી બધી સફળ થઈ છે. તેની સફળતાની પરાકાષ્ટા તો એ છે કે ખુદ અમેરિકાએ અને રશિયાએ આખરે યુદ્ધની નિરર્થકતા અને નિવાર્યતા સ્વીકારી છે. ઠંડો વિગ્રહ શરૂ થયા પછી, ખાસ કરીને ડલેસ અમેરિકાની વિદેશનીતિના ઘડવૈયા હતા ત્યારે કેટલીક એવી કટોકટી જાગી હતી કે તેમાંથી ત્રીજો વિશ્વવિગ્રહ-અણુ-હાઈડ્રોજન વિગ્રહ ફાટી નીકળે એવો ગંભીર ભય ઊભો થયો હતો. તે પ્રસંગે નેહરુએ સમાધાન કરાવ્યું હતું. અમેરિકા જ્યારે હિંદીચીનના વિગ્રહમાં ઝંપલાવીને વિશ્વવિગ્રહનું જોખમ ખેડવા તૈયાર થયું હતું ત્યારે જીનિવા પરિષદ દ્વારા એ વિગ્રહનો અંત આણવા, પરિષદમાં ભારતને આમંત્રણ નહોતું મળ્યું છતાં, શ્રી કૃષ્ણ મેનનને જીનિવા મોકલીને સમાધાન પર આવવા ડલેસને ફરજ પાડવામાં નેહરુએ કેવો મુખ્ય ભાગ ભજવ્યો હતો તે હકીકત સુવિદિત નથી, કારણ કે નેહરુ વિનમ્ર હતા અને કોઈ યશનો દાવો કરતા નહોતા.

નેહરુ જેવા રાજપુરુષ અને મુત્સદ્દી પાક્યા નથી અને પાકશે નહિ તેમ આપણે નથી કહેતા, પરંતુ એમની રાજનીતિ અને મુત્સદ્દીગીરીમાં એવા ગુણો હતા, જે આપણે બીજે ક્યાંય જોયા નથી. એમાં માનવતા હતી, સદાચાર હતો, પ્રામાણિકતા હતી, શાન્તિ અને સમાનતા માટેનો આગ્રહ હતો. એટલે જ જવાહરલાલ નેહરુનું મૂલ્યાંકન માત્ર રાજપુરુષ અને મુત્સદ્દી તરીકે નહિ, પરંતુ યુગપુરુષ તરીકે પણ થાય છે.





મટોડી છે થોડી મુજ શરીર-એ ટીક પણ છે;
ખપાલે એ ક્યારે પુલક સ્ફુરતી ભીતર મને,
કદી તો સૂંઘું છું ભીતર લઈ ઉચ્છ્વાસ ગહને
મને આવે ભીની ક્ષિતિસુરભિ જ્યાં થોડું તૃણ છે;
હું પૃથ્વી છું તેથી કશું ય કૂંટતું શીર્ષ ઊંચું રહે,
ઘણી વેળા થાતું: ચરણની નીચે મૂળ ફૂટતાં
ધરામાં રોપાઈ રસ ધરતીનાં ઉગ્ર ચૂસતાં,
ઘણી વેળા લાગે નસ નસ વિશે એ રસ વહે
અને હા, એથીસ્તો થતું કદીક હું કોક તરું છું,
મને બાહુ સ્થાને ઝૂલતી વિટપો વાયુ વીંઝણે
પદો બે ખોડાતા વનની મૂળી શા, પર્ણ ધરું છું
હું જાણે અંગાંગે ક્યહીંક છૂપી જ્યાં કો પિક સ્વને.
ઉગાડી બોડાણે કર તુલસી, આશ્ચર્ય ન કશું,
મને હૈયે આખું મધુવન ઘનશ્યામ વિલસ્યું.

—ઉશનસ





હિમ-ખંડોમાં ઉષ્મા ભરતી, મૃદુ-ઉર પાષાણોને કરતી,
જુની પૃથ્વીના જર્જર દેહે જોબન વાવે છે :
જુઓ, સ્વર્ગથી સરતી સરતી ગંગા આવે છે!

મહાદેવની માયા મેલી, માનવના ઉદયાર્થે ઘેલી,
હેત-હેલિ શી અંતરાય ઓગાળતી આવે છે!
જુઓ, સ્વર્ગથી સરતી સરતી ગંગા આવે છે!

ક્યાંક સાંકડે સંકોચાતી, ક્યાંક મોકળે મનભર ધાતી,
રંગ-રાતી દિ'-રાત-રાતદિ' અલખ જગાવે છે!
જુઓ, સ્વર્ગથી સરતી સરતી ગંગા આવે છે!

કોરતી કાળમીંઢ સોપાનો, પામરને ય ચઢાવતી પાનો:
તોફાનો ને શાંતિ-ઉભયમાં અભય વહાવે છે!
જુઓ, સ્વર્ગથી સરતી સરતી ગંગા આવે છે!

ખીણોમાં ખાબકતી ખાંતે, કરવત કેરે દાંતે દાંતે
ફુલ-દોલ ઝુલાવતી રંગ-તરંગ બજાવે છે!
જુઓ, સ્વર્ગથી સરતી સરતી ગંગા આવે છે!

રચાવતી મેદાને રાસો, ભરતી જન-ઉરમાં ઉલ્લાસો,
કદી અગમ્ય તાંડવના ત્રાસો ધૂમ છલાવે છે!
જુઓ, સ્વર્ગથી સરતી સરતી ગંગા આવે છે!

સરજાવતી કંકરમાં શંકર, કરતી સ્મશાનોને ય શિવંકર,
નિત્ય ઋતંભરી નવા ભગીરથ જન જન્માવે છે!
જુઓ, સ્વર્ગથી સરતી સરતી ગંગા આવે છે!

—કરસનદાસ માણેક

કોનો પટુ?

મુરલી ઠાકુર

ગામને પાદરે નાની સરખી હનુમાનજીની દેરી છે. દેરીના ઓટલે બેઠેલા થોડાક જુવાન આજ રંગે ચઢયા છે. સંધ્યાકાળની સુંદર એવી વેળા છે. સીમમાં ગયેલું લોક ને ઢોર પાછું આવે છે, તેને જોઈ જાતજાતની ટીકાઓ કરતા માતેલા સાંઢ જેવા આ બધા એકમેકની ય મશ્કરીઓ કરી વાતાવરણને ગાજતું કરી રહ્યા છે; ને કોઈ ત્યાંથી પસાર થાય એના પર અવનવી ટીકાઓ કરે છે. આજની આવી વેળાએ કો'ક તો ત્યાંથી નીકળતાં જરા ખચકાતાં-રખેને આ પીટયા શુંનું શું બોલી બેસે એ વિચારથી એમની જોડે જીભાજોડી ય કરવા કોણ ઊભું રહે!

સંધ્યા ઊતરી ગઈ. ગામની શેરીઓમાં અંધારાની પાટો પડી હોય એવો ભાસ થાય છે. અવરજવર સાવ ઓછી થવા માંડી છે. એકબીજાનાં મોં પણ હવે તો પૂરાં દેખાતાં નથી. બધા ઊઠવાની તૈયારી કરતા હતા, ત્યાં જમણી બાજુના વાસમાંથી કો'ક આવતું લાગ્યું. કે'ક સંચાર થતો જાણી, ઊઠવું હતું તો ય બધા ખમી ગયા.

આવનાર સ્વસ્થ ગતિએ ચાલ્યું આવે છે. થોડુંક ચાલી, આવનાર તો ડાબી બાજુની ફળીમાં વળી ગયું, બીજા માણસોની માફક સહેજ પણ ધાક ખાધા વગર.

અહીંથી પસાર થનાર હરકોઈ સહેજ ફડક ખાઈ જતું, ને તેથી તો આ બધા તોફાને ચઢતા-પ્રમાણ વત્તું ઓછું હોય, જેવું એ તો પસાર થનાર માનવી! પણ આ વ્યક્તિ તો એવી રીતે પસાર થઈ ગઈ!-કે એ વ્યક્તિને બદલે આ જુવાનો જ સહેજ ફડક ખાઈ ગયા.

"મારું વાલું! ખરું બૈરું છે કો'કનું!" એકે કહ્યું.

"એ તો યાર! ઠાકોરની જેમ ચાલતું થયું" બીજાએ સાથ દીધો.

"તે તમે શું કોઈ ગામનાં દરબાર છો?" ત્રીજો બોલ્યો.

"અરે દરબારની ક્યાં માંડે છે? પણ આ તો નવું મારું વાલું!" ને બધાએ આ વાક્ય સાંભળી ડોક હલાવી. "હાં ભીઆ! આ તો નવું મારું વાલું!" પણ "આવું નવું તે કોણ?" એ પ્રશ્ન બધાના મનમાં ઘોળાતો હતો.

"હશે કો'ક અજાણ્યું—પરગામનું" એકે તોડ કાઢયો.

"તે આવે વખતે અહીંથી જવાનું કાંઈ કારણ?"

"તે વળી અહીંથી પસાર થવાનો તે શું પરવાનો કઢાવવો પડે છે?"

"પણ અલ્યા, આ બૈરું કોનું?"

"કેમ જાણ્યું તેં, એ કો'કનું બૈરું જ છે?"

"તે ગામનું—દીકરી હોય કે છોકરી—આમ લાજ તો ન જ કાઢે ને!"

"તે તમને લાજ નથી, એટલે કાંઈ બધાએ લાજ નેવે મૂકી છે!"

"હવે રહેવા દેને—પણ બૈરું તે કાંઈ બૈરું! જોઈ એની ચાલ! કો'ક ઠીક ઘા મારી આવ્યો લાગે છે, ભીઆ!"

"ઘા! શેનો ઘા 'લ્યા?"

"એ જાણ્યું હોત તો, આટલી પટલાઈ જ શેની કરવી પડત?"

આમ જુવાનીઆ અંદર-અંદર ચર્ચા કરતા રહ્યા છે. લગ્નગાળો તો હમણાં જ પૂરો થયો હતો. ગામના ઘણા બધા જુવાન મંગણા હતા, ને ગામની કેટલીય દીકરીઓ પરણી પરગામ ગઈ હતી. આમ તો, એકાદ લગન થયું હોય તો ગામનાં સૌ કોઈને યાદ રહે, પણ આવી ફેરા તે કાંઈ લગન લેવાણાં હતાં! ફળીએ ફળીએ એકેક તો

શું, ચચ્ચાર માંડવા રોપેલા-રોજના ચચ્ચાર વર પરણવા ગયેલા અને ચચ્ચાર કન્યાઓ વળાવેલી, ને આ વાસમાં તો કેટકેટલાં વાજાં વાગેલાં! ઠાકરડાને ત્યાં! ને એ લગનગાળો પૂરો થયો—આજ પહેલી જ રાત હતી. નવરા પડેલા જુવાનીઓ કેટલા ય દિવસે આજ માંડ માંડ ભેગા થઈ શક્યા હતા. પોતપોતાને સગેવહાલે લગનમાં વ્હેંચાઈ ગયેલા એટલે તો આ ગફલત થઈ ગઈ હતી ને! નહિ તો પરણનારાં કરતાં ય વધારે બાતમી આ બધા ભેગી કરી લાવતા—આવતી કન્યાઓ અને ગામમાંથી જતી કન્યાઓના વરોની આખી વંશાવળી ભેગી કરતા. પણ આજે એવો કોઈ હિસાબ મળતો નહોતો.

ત્યાં પેલી બાઈ જે ફળીમાં વળી ગઈ હતી, ત્યાંથી જ એક પુરુષ આવતો વરતાણો.

"અલ્યા, આ કોણ વળી અત્યારે આવે છે એ કોરથી? જરા નજર રાખજો." કોક બોલ્યું. એટલામાં પેલો આવનાર નજીક આવી લાગ્યો ને બોલ્યો,

"કેમ 'લ્યા, ગમારો, હજી બેઠા છો અહીં?"

"અલ્યા રતનીઓ! તું ક્યાંથી ફાટી નીકળ્યો? ને તે ય ક્યાં મૂવો તો હજી સુધી?"

"તે વળાવવા ગયો હશે, પેલીનેસ્તો," બીજો બોલ્યો અને બધા હસી પડ્યા.

"કોને વળાવવા 'લ્યા?" રતનીઆએ વળતું પૂછ્યું.

"કોને તે વળી વહુને! બીજા કોને! બીજાને વળાવવા જાય તો ગામમાં રહેવું જ ભારે પડી જાય ને, બેટમજી!"

"પણ કોની વહુ? ને છે શું આ બધું!" રતનીઆએ આગળ આવી, આગળ થઈ ગયેલી વાતની ખબર નહિ તેથી પૂછ્યું.

"ઊભો હશે પેલે નાકે, મળી કરી અહીં આવ્યો લાગે છે ને પાછો થાય છે કાલો, જૂઓ તો! —'કોની વહુ' કહીને પાછા બધા હસી પડ્યા-રતનીઆની મશ્કરી કરતા. "ચાલો ચાલો મોડું થઈ ગયું." એક બોલ્યો, ને બધા રસ્તે પડે એ પહેલાં રતનીઆએ ફરી પૂછ્યું.

"કોની વહુ, અલ્યા?" એ પ્રશ્ન તો બધાના મનમાં ઘોળાતો હતો.

"માન ન માન, રતનીઆ! ખરું કહેજે દોસ્ત, કોનું બૈરું હતું એ?"

"તારા ભાનું." રતનીઆએ ચિડાઈને કહ્યું.

"મોઢું સંભાળજે હોં કે," ચમનીઆએ સામું કહ્યું.

'તે બેટમજી છેડો જ મૂકતા નથી એક વાતનો, ને પાછા ટરડાઈ જાવ છો ઉપરથી! એટલી બધી ગડમથલ જીવમાં થતી હોય તો, જવુંતું ને તમારી હગલીની પાછળ." રતનીઆએ વળતું કહ્યું.

આમ વાતોની ચડભડ થઈ. ચમનીઆ ને રતનીઆને મનાવી બધા પોતપોતાને ઘરને રસ્તે પડ્યા.

બીજે દિવસે પાછા નિત્ય નિયમ પ્રમાણે મળ્યા, ને આવતા ગયા એમ આગળ આવેલાને પૂછતા ગયા-પૂછતા જ રહ્યા, "કોની વહુ હતી અલ્યા? મળ્યા કાંઈ ખર ખબર!" પ્રશ્ન બધા જ પૂછતા હતા—ઉત્તર એનો કોઈની પાસે નહોતો. આમ બેત્રણ દિવસ ચર્ચા ચાલી પણ વાતનો તાગ ન મળ્યો.

"કોની વહુ?" એ બે શબ્દોથી કથા આગળ વધતી જ નહોતી.

"અલ્યા આજે જ રતનીઓ નથી દેખાતો!" કોકે કહ્યું. ને "ચમનીઓ ય હજી નથી આવ્યો?"—બીજાએ કહ્યું. ત્યાં બધા જ બોલી ઊઠ્યા,

"હાં અલ્યા, આ નવું! મારા વાલા આપણા દેખતાં લડતા'તા તે દિ', ને આજે કાંઈ સંતલસ કરી ઊપડી ગયા લાગે છે!" એટલામાં રતનીઓ આવ્યો ને બધાએ પૂછ્યું,

"કોની હતી એ વહુ 'લ્યા, રતનીઆ?"

"મને કાંઈ ખબર નથી. પૂછો ચમનીઆને-એ ડાહ્યો થતો હતો તે દિવસે!"

"પણ એ ચમનીઓ ય આવે ત્યારે ને!" આજ હજી સુધી આવ્યો છે જ ક્યાં?"

"મારો વાલો પાટે પડી ગયો શું?" રતનીઓ બોલ્યો.

"તે વાટ તો તેં જ દેખાડી હશે ને!" બીજા કોકે કહ્યું.

આમ રતનીઆ ને ચમનીઆની વાતો કરી બધા ખરી વાત વીણી કાઢવા મથતા હતા. ગામનાં બૈરાં- તેમાં ય નવાં આવેલાં બૈરાં, પર ત્યાં બેઠાં બેઠાં નજર ફેરવી લીધી. વાસ આખો ય ચાળ્યો પણ પેલી બાઈ જેવી ગરવી ચાલની કોઈ બાઈ ક્યાં ય દેખાણી નહિ.

"અલ્યા ક્યાં ય પત્તો ખાતો નથી, રતનીઆ, કહેને ભીઆ, કોની વહુ હતી એ?"

"કાળા ચોરની" રતનીઆએ ગુસ્સે થઈ કહ્યું ને ઊમેર્યું 'આટલી બધી ચીવટ છે તો જ્યું હતુંને પાછળ-હજી ય ક્યાં વહી ગયું છે-ઊપડો."

"તે ચોરની હોતને 'લ્યા તો પગેરુંએ કાઢત. પણ આ તો જાણભેદું!" ફરી બધા હસી પડ્યા-ત્યાં પેલી બાઈ પાછી દેખાઈ. આજ તો જાણે એમને ઘસાઈને પસાર થઈ ગઈ.

"આ તો જબરી, મારી બેટી!" આમ આટલા બધા આપણે-અહીંથી પસાર થઈ જાય જરા ય ફડક ખાધા વગર! આવું કદી હજી તો બન્યું નથી આ ગામમાં, ભીઆ." એક જણ બોલ્યો.

"તે તમે મને નકામો ભાંડતા હતા ને! "રતનીઓ બોલી ઊઠ્યો. "ઠીક, તો ચાલો ભીઆ, આજ તો પાછળ જ જઈએ. જોઈએ તો, કોના ઘરમાં જાય છે એ!" એટલામાં ચમનીઓ ય આવી પહોંચ્યો પણ કોઈ કંઈ બોલ્યું નહીં.

"પણ બધા આમ ટોળું વળીને જઈશું તો એ ડ્યાઈ જશે-ને વાસમાં પેલા કાકાઓ બેઠા હશે એ ય શું કહેશે!" કોકે ડહાપણની વાત કરી

"તો મોકલો ચમનીઆને એકલાને-એ ઠીક કરી આવશે એ કામ."

ને બધાની વીનવણીથી કે પછી પોતાની મરજીથી ચમનીઓ ઊઠ્યો.

"બાયલા કોઈ ઊભા જ થતા નથી." કહીને ચર્યો ચાલતો. પણ ચમનીઓ પાછો જ ન આવ્યો. વાટ જોઈ બધાને તે દિ' વીખરાઈ જવું પડ્યું.

બીજે દિવસે ચમનીઓ આવ્યો ત્યાં જ બધાએ ઊધડો લીધો, "કરમચંડાળ! ગયો તે જાણે ગયો જ!"

"પણ કરે શું! એ તો ફરતી જ રહી. આ ફળીથી પેલી ને પેલીથી પેલી—ટાંટિયા તૂટી ગયા મારા તો, થાકીને સીધો ઘેર જ પહોંચી ગયો."

"તે કો'કને શોધતી હશે! ભૂલી તો નહિ પડી હોય ને! પૂછવું તો હતું કાંઈક—આવ્યો ધોયા મૂળા જેવો તે."

"તે તમે જ જાવને, બેટમજી!" બોલનારને ચમનીઆએ ટોક્યો.

"ગામમાં આવેલું બૈરું છતું થયા વગર થોડું જ કૈં રહેવાનું છે!" એકે મન મનાવ્યું.

આજે પણ આમ આડાં અવળાં ગપ્પાં મારી બધા ઊઠ્યા, થોડેક દૂર ગયા ત્યાં એક ફળીને નાકે, આંગણામાં બેપાંચ પીઢ ઠાકરડા બેઠા હતા ને અમલ કરતા હતા. કોક મેમાન હોય એમ લાગતું હતું. વાતો કરવાનો ઢોંગ કરતા બધા મોટીઆરો ફળીને નાકે જ ઊભા રહ્યા. પેલા વાતો કર્યે જતા હતા.

"તે આ ધૂળિયાને વળી કોણ કન્યા આપત! એ તો ઠીક પણ એનો બાપ! કોણ ઓળખતું નથી એને! —આટલા મલકમાં. એના ઘરમાં તે કોણ કન્યા નાખે!"

"રૂપિયા પડતા હોયને ભાઈ, તો ઉપરથી પરીઓ ય પડતી આવે સામી."

"તે, થયું પણ એવુંસ્તો. જુઓને, આપણા આ પશલાનું ચોકઠું બેસાડતાં કેટલી માથાકૂટ થઈ!"

"એ તો તમે હો તો જ થાય કાકા, ને ધૂળિયાનું ચોકઠું ય તમે જ બેસાડ્યુંને કાકા!" થોડાકે પૂછ્યું.

"ગામમાં ઘણાં ઘર મંડાય છે ને તમારા જેવાના કસબથી થોડાં બીજા ય મંડાય, પણ આ ધૂળિયાનું!"

"ખાટ્યો મારો વાલો!"

"પણ રૂપિયા એક કોથળી ઠાલવ્યા એના બાપે, ને પેલો સામેવાળો હતો ગરજાઉ. કન્યા પારેવા જેવી- ક્યાંક ઊંડી જાત ને આબરૂ જાત, એના કરતાં એક



ચિત્રકાર : જયંત સિધપુરા

કોથળી ઘેર બેઠાં ગણી લેવા ને કન્યા હેમખેમ વળાવી દેવી - પાક્કો મારો વાલો" કોકે ઉસાની તારીફ કરી.

"હારતો, ભીઆ! આ જરા લોક જૂએ છે ધોળાં સામું-વેણ નાખ્યું તે પાછું ન પડે તમારા પરતાપે, પણ એની બાયડી 'આણી' પડેલી તે કાંઈ કેવી! જાણે આડે પાણ. પણ સમજી ગયાં બંને આખરે."

"એ જે હોય તે, પણ ધૂળિયો આટયો કાકા."

આ ઘરની કન્યા પરગામ ગયેલી ને એના સાટામાં એનો ભાઈ વહુ કરી લાવેલો એનું તેડું કરવા આવેલા મેમાન આગળ ગામના થોડાક મોટેરા આવી આવી વાતો કરતા હતા.

"ઓ ખરું કાકા, પણ ધૂળિયો મારો બેટો! ને એને તે આવી વહુ! પારેવા જેવી!"

"હોય એ તો, નસીબ છે, ભાઈ. લખમી ને બૈરું-આવી મળે જોગ લખ્યા હોય એવા."

"મારો વાલો ગનાની જેવી વાત કરે છે કાંઈ!" રંગે ચડેલા વેવાઈઓ બોલતા હતા.

"ને હવે એને ગનાન સિવાય બીજું રહ્યું ય શું છે કરવાનું? ધૂળિયો ને એનો ભા, બંને ગનાની જ છે ને! બાપે મલક ડોળ્યો, બેટાને મલક ડોળે છે. કાંઈ રતન છે? બાપને ઠીક છે એને આધારે."

"હવે ધૂળિયો કે ધૂળિયાનો ભા, કોણ ખાટ્યું એ તો જણાશે કાલ ઊઠીને" ને બધા હસી પડ્યા.

"ઉસો ભડ છે. હજી પારેવાં ઉડાડે એવો છે, મારો વાલો!"

"પણ હવે તો ધૂળિયાને છેડે બાંધેલું પારેવું ઊડી ન જાય ક્યાંક."

ગામના જુવાન છોકરડામાં ધૂળિયો ય ખરો, પણ છતી ઉંમરે જુવાની ફૂટી નહિ—દીકરાની જુવાનીને જાણે ઉસાએ જ પકડી રાખેલી. ગામનાં છોકરાં ય હમણાં હમણાંનાં તો મશ્કરીઓ કરતાં, 'હજી કાલ તો ધૂળિયા પર ફળીએ ફળીએ લોક ધૂળ ઉડાડતાં, આજે મારો વાલો બૈરું કરી લાવ્યો! ને તે ય કેવું!' કહી બધાંએ વાતનો રસ ચાખી લીધો જાણે!

આમ ધૂળિયાની પાછળ વાતો કરનાર ધૂળિયાની ચોકી કરતા ને એના બાપથી ડરતા ફરતા. ફળીઆમાં બેઠો બેઠો ઉસો મલક આખાને એક લાકડીએ હાંકતો. ઠાકરડાની નાતનું પંચ એને ત્યાં જ મળે. કૈંક નવાજૂની કરી ઉસાએ ગામમાં બીડીની એક નાનીશી દુકાન

કરેલી. ડોસાની અવસ્થા થવા આવેલી, એટલે દુકાને બેઠા રે'તા ને રોટલો આવી મળતો તે ખાતા. નાન આખીની કોરટ કચેરી જેવી એની દુકાને સારી ચાલતી. ઘરમાં ડોસી હતી તે તો, ડોસા કરતાં ય વહેલી ઘરડી થઈ ગયેલી. દેખે ઓછું ને આજે પણ ડોસાની ધાક તે, દેખે તો યે બોલી શકે નહિ. ડોસાએ જવાનીમાં અને જવાનીની છેલ્લી સેર જેવી અસર રહી ત્યાં સુધી ગામ ને વગડા ખૂંદેલા કાંઈ! સીમનાં ખેતરાં ય ડોસાની લીલાની શાખ પૂરે એમ હતાં. હવે તો પોતાનાં ખેતરાં ય ડોસાએ અડધે ભાગે આપેલાં, ધૂળિયાથી ટોપા ય ઉપડાય નહિ, શું કરે બિચારો! મોટા ગઢના પડછાયા ય મોટા જ હોય ને! ડોસાએ કેટકેટલાં પારેવાં પાડેલાં, કેટકેટલાં ઘર ફરી વળેલા, હજી લાગ આવે ક્યાંક ક્યાંક લટાર મારી આવતા—ઝપટમાં આવવું જોઈએ કોક, પણ ધૂળિયાને જોઈ ડોસાના મોતીયા મરી જતા.

"સાવ બોર વેચી ખાધાં છે, પીટયાએ." ડોસો મનમાં ને મનમાં બબડતો.

પેલી વાત આગળ ચાલતી હતી— "અલ્યા ધૂળિયાને ગળે આ! કંઈ રામ નથી, શક્કરવાર વગરનો એ દન આખો ઊંઘતો હશે—ને રાતે તો જાણે પાટ પડી."

"તે ડોસાને કયાં ઊંઘ છે? ડોસાને જ કાળજી છે ને બધી!" ને ત્યારથી ધૂળિયાની વહુ પર આવા મોટેરા ને ગામના જવાનીઆ ય ટીકાઓ કર્યે જતા-ડોસાની પીઠ પાછળ જ સ્તો.

"કેમ ધૂળજી! વહુ તો આબાદ ઉપાડી લાવ્યા ડોસા, હોં."

"વાટ જોવરાવી પણ ધીરજ તમારી લેખે લાગી ગઈ, ભીઆ." ધૂળિયાને દુકાને એકલો જોતાં ઘણા બધા આમ કહેતા ને હસતા.

"ધૂળિયા અલ્યા આવી ભાભી લઈ આવ્યો ને મૂવા બોલ્યો ય નહિ! બેએક મોટીઆરને બોલાવી ચાપણી ય ન પાયા ભૂંડા!" આમ જવાનીઆ એને ટોકતા.

"ભાઈ, શું કરે બિચારો! ભાભી એને રેઢો મૂકે તો ને! એને તો ઘણું'ય કરવું હોય- એમાં વળી ડોસાએ દુકાન વળગાડી- વગડે જતો ત્યારે ઘડી છૂટથી મળતો ય ખરો બધાને—" કોક સહાનુભૂતિ દર્શાવી રહેતા.

આવી આવી ટીકાઓ સાંભળી ધૂળિયો ક્યાંક હસી રહેતો ને ક્યાંક ચિડાઈ ઊઠતો- શું તમે ય ભીઆ! બીજું કાંઈ જડતું જ નથી શું —મારા એકના વના!" ને પછી તો ધૂળિયાનો આ અવાજ સાંભળવા, કં' નહિ તો, પૈસાની બીડી લેવાને બહાને ય એની સરખાઈના જવાનીઆ દુકાને આંટો મારી જતા.

ક્યારેક આંગણામાં ધૂળિયો બેઠો હોય ને કોક પસાર થાય તો, તરત પૂછે, 'કેમ ધૂળજી! મઝામાં નો!"ને ધૂળિયો ખૂંખારો ખાઈ ઘરમાં ચાલ્યો જાય. પાછળથી કોક બોલતું રહેતું-"શું ધૂળિયાના ભાની જવાની! ક્યાંક ભરાઉ બેરું જો'તું કે બસ. ડોસાએ તો દુનિયા જોઈ નાખી ને કંઈક ગામની વહુઓને દુનિયા' દેખાડી, પણ હવે એની વહુ!"

"એની વહુને શું છે?" ધૂળિયાને લીધે તો ડોસાને નવું ગૈરું મળ્યું-ઘર બેઠાં."

"પણ ડોસી છે ને?"

"એટલે જ તો ધૂળિયાને બહાને ડોસો પરણી આવ્યો- એને બદલે. આ ઠાકરડામાં તો તરવાર પરણી આવે ભાઈ."

"તો પછી વહુ કોની? ધૂળિયાની કે—"

"અરે ભલા જીવ, આટલી સીધી વાતે ન સમજાણી! વરસ વેર્યાં લાગે છે, તમે ય કં'! તમારે વળી આટલી ફેરફુદરડી, શું કામ ફરવી પડે છે, ?" આમ ગામ લોક વાતો કરી ધૂળિયાની ને, ધૂળિયાની વહુની ધજા ફરકાવતા.

પછી તો નદીએથી પાણી ભરી આવતાં ગૌરીમાં ય ધૂળિયાની વહુ વરતાઈ જાય. નદીએ નહાતાં ગામના બીજી વરણના ય પૂછે— "અલ્યા કોની વહુ એ?"

ને હવે તો ધૂળિયાની દુકાને ય ઘરાકી વધી પડી. ડોસા ધૂળિયાને ધમકાવી દુકાને જ ઘાલી રાખતા. જે આવે તે દુકાને ધૂળિયાને જ જુએ-ડોસા તો ક્યારેક દુકાને ફરકી જાય માત્ર, એટલે તો લોક કહેતું :

"કેમ ધૂળજી! ડોસા તો કાંઈ દેખાતા જ નથી શું દુકાને!"

"હમણાંનો તો હું જ બેસું છું. ડોસાથી આખો આખો દન થોડું કૈં બેસી રહેવાય છે? ને એ ય તે કેટલાં વરહ વેતરું કરે?"

"હાસ્તો ભાઈ! ડોસાએ ઘણું કર્યું. છો ઘેર બેઠા માળા ફેરવતાં—ડોસા તો માળા ફેરવે ને ઘરની ચોકી કરે. એમ જ ચાલતું આવ્યું છે ને! સારું સારું."

ત્યાં વળી બીજું કોક ધુળિયાને જુદા જ સૂરમાં પૂછતું હોય "કેમ ધુળિયા! ડોસા તો ઘરમાંથી નીકળતા જ નથી કાંઈ. ઘેર જ પડયા પાથર્યા રહે છે શું? તબિયત તો આમ ઠીક છે ને?"

આવી આવી વાતો કરનારા દુકાને આવે ને જાય. ને અનેક વાતો ઉડાડતા જાય.

જમાનાના ખાધેલ ડોસા-ધૂળજીના, એની આગળ તો કોઈ કાંઈ બોલી ન શકે. આમે પંચના પટેલ એટલે કોઈની દેન નહિ કે કૈં બોલે. માત્ર ધુળિયાને સંભળાવી, એની પાસેથી બે વાતો જાણી, બે બીડી ખરીદી ચાલતા થાય-ને નવી વાતો મોકતા જાય. એક દિવસ દુકાને બેઠા-બેઠા ડોસા ધુળિયાને ધમકાવતા હતા, "ક્યોં વેપલો, તમે. ન શેતી થઈ ન બીડીઓ ગણતાં આવડી. મેં દુકાન કેવી જમાવેલી હાય છે કાંઈ રજ પણ તારાથી એમાંનું?" ત્યાંથી પસાર થતા કોક માણસે સાંભળ્યું ને ઘડી ઊભા રહી એણે ટકોર કરી,

"કાકા, હવે ધુળિયાને આમ ટોકો એ રૂડું ન લાગે. બિચારો દન આખો દુકાને બેઠો રહે છે, ને હવે ઘરમાં વહુ લાવ્યા પછી તમારાથી આમ ન બોલાય. કોક એ વાત જાણે તો કેવું લાગે! ને તેમાં ય આવનારી તો—"

"કોની વહુ?" ડોસા વચમાં જ તાડૂકી ઊઠયા, "આની? આને તે કોણ દેખવાનું હતું?" ધુળિયા ભણી જોઈ ડોસા બોલ્યા.

"એ તો છિસ્તો કાકા- બધું તમારા મોકાને જ છે." કહી ડોસાનો તાપ વધે ત્યાર પહેલાં બોલનાર પસાર થઈ ગયો. "પેટનું મોઢુંક છે તે એમના પેટમાં બળે" બબડતો.

વાત એમ હતી કે, ધુળિયો નાનપણથી એકલો-માબાપ ગુજરી ગયેલાં. ડોસાના નાના ભાઈનો આટલો વસ્તાર. ને કાકાને એમના ખેલ સિવાય બીજો વસ્તાર નહિ, એટલે ડોસીના આગ્રહથી કાકાએ ધુળિયાને ખોળે લીધેલો- તે મોટો ય કર્યો. પણ ડોસાએ પોતાની કરચકીમાં ને લીલામાં ધુળિયાને ધૂળ જેવો કરી નાખ્યો. ગામ આખું કાકાને ધુળિયાના ભા જ ગણે. ડોસાડોસી આમ તો એને રાખે ય રૂડી રીતે. ડોસીની આજીજીથી ડોસાએ મોડું મોડુ એને બેરું ય કરાવ્યું. ડોસીને એમ કે વેલો કયાંક વધે. પણ થયું ભારી. ડોસાની ટેવ જાય નહીં- ડોસી ય પાછળથી તો પસ્તાણી, પણ-

"મેં હઠ કરી પણ આ ધુળિયામાં તો કાંઈ રા ઃ જ નથી." ડોસી કહેતી ત્યાં ડોસો મૂછમાં હસતો-પોતાની જવાની-વહી ગયેલી જવાની પર નજર ફેરવી આવી બોલતો, "તે મારામાં તો છે ને! તું ક્યાં અજાણી છે."

"પણ ગામમાં!" ડોસી નિસાસો નાખતી.

"ગામમાં શું? જખ મારે છે ગામ ને ગામનું પંચ. પણ તું ચિંતા ન કર-કોથળી દાટવી'તી તે અમસ્તાની કૈં!"

સમય જતાં લોક પણ છડેચોક બોલવા માંડ્યું— "ડોસા જ જવાની માણી રહ્યા છે પાછી-બહાર આંટો ફેરો ય નહિ."

ધુળિયાને પરણી આવેલી તે, મૂઈ એ પણ એવું કાંઈ લઈને આવેલી કે ગામ આખાની આંખમાં કૈં ખૂંચેલું- બાકી દાકરડાની નાત!"

"તે એમને એમ ડોસાએ કોથળી દાટવી હશે કાંઈ! આખી જિંદગી પંચની પાઘડી પહેરી છે ને વાણીઆંની સામે થઈ દુકાન માંડી છે, ડોસો કાચો પોચો માલ થોડે જ લાવવાનો હતો." આમ વાતો થતી.

પછી તો ડોસાને ઘેરે ય અવરજવર વધી ગઈ. જે કોઈ ફળિયામાંથી જતુંઆવતું હોય, એ ડોસા પાસે બેસે. એવામાં ધુળિયાની વહુ ઘરમાં ધૂમતી, કામ કરતી, ક્યાંક દેખાઈ જાય.

"ધુળિયાની વહુને કાકા!" મળવા આવનાર અચૂક પૂછે. ડોસા સમજે બધું, પણ બોલે શું! અવસ્થા ને આ ઘ પોતાનાં કામાં મૂંગા જ મરે ને!

ને પછી તો વાડામાં કોકનું લગન હોય, ગામની વહુ-ઓ ભેગી ધૂળિયાની વહુ ફરતી હોય, પણ બીજાં બૈરાંને ટાળી ધૂળિયાનાં વહુને એકને જ જોઈ કોક કોક જરૂર પૂછે, "કોની વહુ આ ભીઆ?" અરે બૈરાં ય માંય માંય પૂછે, જવાબ દે બધું જાણવાં છતાં-

"ન જાણતાં હોય જાણે-ધૂળિયાની, ડોસા લઈ આવ્યા હતા એ. એવી આ વહુ તો ગામમાં આવી છે કે, આવશે. તમે લાવોને મલક ડોળીને બીજી ઘણી ય, પણ ડોસાની પરખ બીજા કોઈમાં ઊતરીજ નથી ને!"

"અમથો જનમ આખાથી પંચની પાઘડી ધારી રહ્યો છે?" આમ બોલી સૌ વિનોદ માણી લેતાં.

આવું આવું સાંભળતાં ધૂળિયો માંહીને માંહી સમસમી રહેતો. ભાગી જાય તો ય ડોસો મલકમાંથી શોધી કાઢે. દુકાને બંધાણો, ને જાણે ઢોર ખૂટે બંધાણું—જ્યારે જૂઓ ત્યારે એ દુકાને ને ડોસા ઘેર. આમને આમ ઘરાકી ય સાવ ઘટતી ચાલી.

એવામાં એક દિવસ ડોસીને કોકે પરગામ જતાં જોયાં ને પૂછ્યું,

"કાં લગી મા? સંગાથ નથી કોઈ શું?"

"ને ભાઈ, મારા ભાઈની દીકરીનું આણું છે, ઘણું, લાવ જીવ, એક આંટો મારી આવું- ટાણું કૈં ફરી ફરી થોડું જ આવે છે!"

"ને ડોસાને રોટલા કોણ ઘડશે?"

"છે ને વહુ ઘરમાં. આખું ઘર ઉપાડી લીધું છે." ડોસી-એ ભોળા ભાવે કહી દીધું ને ચાલતાં થયાં. ને ડોસીની એ વાત ગામમાં આવી નવનવાં રૂપ ધરીને 'ડોસી કંટાળી-ને ચાલી ગઈ લાગે છે." આમ વાતનો રેંટ ચાલ્યો તે ચાલ્યો.

ઉનાળાના દન છે. ગામમાં લગનગાળો ચાલે છે. હજી આખો ઠીકી ખાટલા ઢળાયા છે. દુકાનેથી થાકીને આવેલો ધૂળિયો જરા આડો પડ્યો છે. ત્યાં કોકે પૂછ્યું, "કેમ ધૂળજી, એકલા જ પડ્યા છો કે? ક્યાં ગયાં બધાં!"

"મા તો મામાને ત્યાં આણામાં ગઈ છે." ધૂળિયાએ જવાબ આપ્યો.

"ને ડોસા તો, આટલે વરસે સાસરી માણવા ગયા છે કે શું?"

"ના રે, એ સૂતા અંદર ઘરમાં, હમણાંના બહાર નથી સૂતા—શરીર ઝલાઈ જાય છે." ધૂળિયાએ વળી જવાબ આપ્યો.

"હોય હોય બાપ, એ તો અવસ્થાનું શરીર છે ને!" ને દૂરથી કોક બોલ્યું, "ધૂળિયો આંગણું સાચવે છે ને ડોસો ઘર."

"ને વહુ દેખાણી નહિ કૈં?" પેલાએ પૂછે જ રાખ્યું.

"તે તમને વધાવવા બારણામાં ઊભી રહે એમ?" કોકે જવાબ વાળ્યો, ને આજુબાજુ હતા એટલા હસી પડ્યાં.

ધૂળિયાના કાનના કીડા સળવળી ઊઠ્યા. થયું, લાવને કૂતરાં ને ઢોર હાંકવાની લાકડી વીંઝું બોલનારાના કપાળમાં. પણ ઘરમાં ડોસાએ ખૂંખારો ખાધો ત્યાં એ શાન્ત થઈ ગયો.

"કોણ બોલ્યું, ક્યાં એ ધૂળિયા?" ડોસાએ પૂછ્યું.

"એ તો લીલાશેઠ હતા, ભા." કહી ધૂળિયો મૂંગો થઈ ગયો. ત્યાં ડોસો અંદરથી જ બોલ્યો, "તે એનો કાળ ભમતો લાગે છે." ડોસાના આ વેણથી ધૂળિયો ય ધ્રૂજી ઊઠ્યો. લીલાશેઠ તો દબાતે પગલે પસાર થઈ ગયો.

ધૂળિયો દન આખો દુકાને બેસતો, પણ દુકાને કશી ઘરાકી ન મળે. હમણાં હમણાંની આજુબાજુમાં બે પાંચ બીજી દુકાનો ય થયેલી, એટલે ધૂળિયાની દુકાન સૂની જેવી લાગતી. ડોસાએ ધૂળિયાને વરાવવામાં કોથળી હલવેલી, ને ખેતરાં તથા દુકાન પર પોતાની ચોકી નહિ એટલે હવે પોતે ય ઠગવાઈ ગયેલા. સાથે અમલ વધતો જતો હતો. કમાણી જે કૈં થતી-ખેતીમાંથી, એ બધી ડોસો અમલ કરવામાં ખરચી નાખતો.

ગામના ધીરધાર વાણીઆ પાસેથી ડોસાએ

થોડાક રૂપિયા લીધેલા, એ હજી ઝૂલતા હતા. પહેલાં તો ડોસા વ્યાજના દોકડા ફેંકી આવતા—

"લો શેઠ તમારે આની જ જરૂર છે નો! વ્યાજની જ." ડોસાની ધાકથી કોઈ કશું બોલી શકતું નહિ. "ને મૂડીમાંથી ય થોડુંક આવતે વરસે આપી જઈશ, હોં." કહી ડોસા પાછા આવતા.

પણ વરસ કાઠાં આવતાં ગયાં. અરધ ભાગે ખેડનાર પણ, ડોસાની અવસ્થા ને અમલની વાત જાણી, ધૂળિયાને છેતરી જતા. ડોસા લીલાશેઠને મૂડીમાંથી કશું આપી શક્યા નહિ એ તો ઠીક, પણ હમણાં હમણાંનું તો વ્યાજે સરખું ભરાતું નહિ. એટલે, લીલાશેઠ અવારનવાર દુકાને આવી ધૂળિયાને કંઈ કંઈ સંભળાવી જતા.

"ધૂળિયા! આ ફેરાનું તો વ્યાજે!" એક વાર શેઠ તડૂકીને બોલ્યા. "પણ શેઠ! શું કરું—જાણો જ છો ને! ખરચ પર ખરચ આવી ગયા. આવતે મહિને બે મહિનાનું સામટું ભરી જઈશ. સામો લગનગાળો આવે છે. એટલે દુકાને પણ બે પૈસા રળી આવશે."

બીજે મહિને ધૂળિયાની વહુના દાગીના શેઠની તિજોરીમાં ગયા. શેઠને ઉઘરાણી ય ન કરવી પડી. વ્યાજ સાટે ધૂળિયાની વહુ શેઠનું કામ કરતી થઈ ગઈ. છતાં વાણીઆનો જીવ કંઈ ઠેકાણે રહે! મૂડીમાં જીવ મૂંઝાય, શેઠ નીત દુકાને તકાજા કરે.

ધૂળિયો ઘેર જઈ લીલાશેઠના તકાજાની વાત કરે. પણ એક દિવસ તો એણે કકળીને ડોસાને કંઈ કહ્યું, એટલે ડોસો તડૂક્યો,

"તે લાવજે, લે પેલું ધારિયું" ડોસા બોલ્યા. એમને વારી માંડ શાન્ત કર્યા ધૂળિયાએ ને એના ડોસાએ. બાઈ આટલે વરસે પોતાનો હાથ ઝાલી લાવેલ ધણીના મોં સામું જોઈ અકળાઈ ઊઠી.

"જેમ તેમ તો ય મારો ગુરુપનાથ તો એણે ઝાલ્યો તો—ને તેથી આજ એને માથે પીટ પડે છે." વિચારી ઘરની બહાર નીકળીને પહોંચી લીલાશેઠની દુકાને. સંધ્યાકાળનો સમય છે. ત્યાં જઈ વાત કરતી હતી ત્યાં ઘેર ડોસાને ખબર પડી, એટલે એ ય ધારિયાને ટેકે ટેકે ઘેરથી ચાલતો થયો લીલાશેઠની દુકાન ભણી.

લીલાશેઠ, બૈરું એકલું છે એમ ધારી, તડૂકી તડૂકી બોલતો હતો, "તે ભા, તમારે જેવનાઈ માણવી ને અમારે અમારાં બાળબચ્ચાં ભૂખ ભેગાં કરવાં, એમ જ ને!"

"અરે લીલાકાકા, આવું તે શું બોલો છો? ખમા તમારાં બચ્ચાંને. આ તો નાનમ પડી ગઈ જરા. આ ફેરાનો બધો વકરો હું પંડે તમને પહોંચાડી જઈશ"

"એ તો પેલો ડોસો અમલ કસુંબામાં ઘોળી પીશે. ડોસો અમને વાણીઆને જાણે મનખમાં જ નથી લેખતો. ખાટલે પડ્યો પડ્યો ય કાંઈ સીધો થોડો જ રહેવાનો છે?"

"પણ કાકા, હવે તો ડોસા ય લથડ્યા છે."

"તે લથડે જ ને. અહીંનું અહીં જ છે, બાપા." લીલાશેઠ આમ બોલ્યો ન બોલ્યો ત્યાં કોકે પાછળથી ત્રાડ દીધી,

"મારા વાલા વાણીઆ તે કંઈ ફાટયા છે-મલકના માલ ચોરી ચોરીને" ડોસો લથડતો લથડતો દુકાન આગળ આવી પહોંચ્યો. વાણીઆએ ડોસાની અવસ્થાભાળી જરા જોરથી બોલવા માંડ્યું. ત્યાં, "તે તું ટેંટું લ્યાં" કહેતાં ડોસા કૂદ્યા ને ફેંક્યું પેલું હાથમાંનું ધારિયું.

"હેં હેં." કરતી ધૂળિયાની વહુ આડી પડી તે ધારદાર ધારિયું એના ગળાને ચૂમી રહ્યું.

વાત કરતામાં હો હો થઈ પડી. ડોસો દુકાન આગળ બેસી પડ્યો. ડોસાનો ઘા ફાંદી ખાલી ગયો નહોતો. ઘણે વરસે ફેંકાયેલા ધારિયાએ અનું કામ કરી દીધું હતું. દુકાનમાં ધારિયું ને ડોસાની વહુ પડ્યાં હતાં-લીલાશેઠની આગળ.

"ગઈ બિચારી અલ્યા આ વહુને તો કોક ઉપાડો." કોક બોલ્યું ને ટોળે વળેલાં સૌ બોલી ઊઠ્યા—"કોની વહુ?" જવાબમાં બધાંએ દુકાનમાં ડોકાવી જોયું. જોઈને નીકળનાર સૌને કોક પૂછતું- "કોની વહુ? કોની વહુ?" ઉત્તર મળી ગયો હતો છતાં ય ડોસાની આંખ ઘડીક ચમકીને ઠરી ગઈ.

☆

અભિનય

પ્રાચીન ભારતમાં અને ગ્રીસમાં

રામપ્રસાદ બક્ષી

આપણી અત્યારની રંગભૂમિનો, આપણી જૂની નાટકમંડળીઓનાં તેમ જ આપણાં આજનાં નવાં નાટકોનો સાંપ્રત વિકાસ પાશ્ચાત્ય રંગભૂમિની અને નાટકની પ્રેરણા ઝીલીને થયો છે, એ તો સૌ માને છે. પણ આપણાં સંસ્કૃત નાટકો ઉપર અને આપણી એ પ્રાચીન રંગભૂમિ ઉપર ગ્રીકનો પ્રભાવ પડયો હોય એ મત, પાશ્ચાત્ય વિદ્વાનોમાંથી કોઈ કોઈને કોઈ વાર સ્વીકાર્ય બન્યો હોય તો પણ એમને કે આપણને કોઈને હવે સ્વીકાર્ય નથી.

ખરી હકીકત એ છે કે એ જૂના જમાનામાં એટલે કે ઈ. સ. પૂર્વેની અનેક શતાબ્દીઓ દરમ્યાન પ્રાચીન ભારતીય રંગભૂમિનો અને નાટ્યકલાનો જે વિકાસ થયો હતો, તેવો ગ્રીસની રંગભૂમિનો અને નાટ્યકલાનો થયો જણાતો નથી. એ ક્ષેત્રમાં ભારતની કલાસમૃદ્ધિ ગ્રીસથી ઘણી આગળ વધી ચૂકી હતી. ગ્રીસ પાસે એ બાબતમાં ભારતને કંઈ આપવાનું નહોતું. ભારત ગ્રીસ પાસેથી કંઈ લે કે શીખે એવું નાટ્યકલાના ક્ષેત્રમાં ગ્રીસ પાસે કંઈ નહોતું. ઈસવી સન પૂર્વે ગ્રીસમાં અને ભારતમાં રંગભૂમિ કેવી હતી અને નાટકો શી રીતે ભજવાતાં હતાં, એ જોઈએ તો ભારત ગ્રીસનું જરા પણ ઋણી નહોતું એ વિશે લેશ માત્ર શંકા રહેતી નથી.

ગ્રીસ ની કોમેડીનું વસ્તુ તત્કાલીન સામાજિક કે રાજકીય પરિસ્થિતિમાંથી લેવામાં આવેલું જણાય છે, અને એ વસ્તુમાં હાસ્યરસની કે કલાની ઝાઝી સૂક્ષ્મતા પરખાતી નથી. ટ્રેજેડીનો વિકાસ માનવના હૃદયને સ્પર્શે અને ચેતનાને પ્રબુધ્ધ કરે એવો થયો હતો એ ખરું, પણ ભારતમાં એ પ્રકારની ટ્રેજેડી રચાતી કે ભજવાતી નહિ, એથી એ ક્ષેત્રમાં તો પ્રભાવની લેવડદેવડનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

પણ આપણે જોવાનું છે એ કે, ગ્રીસની ટ્રેજેડીઓ શી રીતે ભજવાતી હતી. આ ટ્રેજેડીઓ એથેન્સની વિશાળ રંગભૂમિ ઉપર અમુક વાર્ષિક ઉત્સવોને અવસરે રજૂ કરવામાં આવતી. વસન્ત ઋતુનો ઉત્સવ મુખ્ય ગણાતો અને એ પ્રસંગે એથેન્સની સમગ્ર જનતા તેમ જ આસપાસથી આવેલા લોકોની મોટી સંખ્યા, ખુલ્લી રંગભૂમિના ચોગાનમાં એ નાટકો જોવાને એકઠી થતી. પ્રેક્ષકોની સંખ્યા પંદરથી વીસ હજાર જેટલી થતી. એ પ્રસંગ નાટ્યસ્પર્ધાનો ગણાતો. પ્રત્યેક નાટ્યકાર એક સાથે ત્રણ ત્રણ ટ્રેજેડી રજૂ કરતો. અને એ રીતે રજૂ થયેલી અને ભજવાયેલી અનેક ટ્રેજેડીમાં જે ઉત્તમ ઠરે તેને પારિતોષિક અપાતું.

આ નાટકોના પ્રયોગો વિશાળ ખુલ્લા ચોગાનમાં થતા, તેથી નટોની વેશભૂષા એવી યોજવામાં આવતી કે પંદર હજાર પ્રેક્ષકોના એ સમુદાયમાં દૂર દૂર બેઠેલો પ્રેક્ષક પણ એ જોઈ શકે. નટોને અભિનય પણ આમ અતિ દૂર બેઠેલો પ્રેક્ષક જોઈ શકે એ રીતે કરવો પડતો. વળી પ્રત્યેક નાટકમાં પ્રત્યેક નટને એની ભૂમિકાની લાક્ષણિક મુખમુદ્રાને વ્યક્ત કરે એવું માસ્ક—મહોરું પહેરાવવામાં આવતું. અને મુખમુદ્રાની એ લાક્ષણિકતા દૂર દૂરથી પારખી શકાય એવી સ્થૂળ અને અતિશયયુક્ત રીતે મહોરા ઉપર આલેખવી પડતી. નટનો અવાજ એટલા મોટા પ્રેક્ષક સમુદાયમાં છેક સામા છેડા સુધી પહોંચે અને સંભળાઈ શકે એ માટે એ મહોરાના મુખવિવરનો લાઉડસ્પીકર—ધ્વનિવર્ધક તરીકે ઉપયોગ કરવો પડતો.

આવા સંજોગોમાં નટને દૃષ્ટિ અને મુખનો સૂક્ષ્મ અભિનય કરવાનો અવકાશ શો રહે એ આપણે વિચારવું રહે છે. રંગભૂમિ હતી—પ્રયોગ માટે થિયેટર તો હતું, પણ પ્રેક્ષકોને ખુલ્લા ચોગાનમાં બેસાડવામાં આવતા હોય, પ્રેક્ષકોની સંખ્યા પંદર વીસ હજારની હોય, નટે મહોરું પહેરીને ચહેરો ઢાંકી દેતા હોય, એ મહોરા ઉપર ભૂમિકા અનુસાર કાયમની એક જ મુખમુદ્રા હોય, નટે મોટે અવાજે બોલવાનું હોય અને મહોરાનો ધ્વનિવર્ધક સાધન તરીકે પણ ઉપયોગ કરવાનો હોય એ સંજોગોમાં સ્વરની નાજુક ભાવ વ્યક્ત કરતી કાકુઓ શી રીતે થઈ શકે? સ્વરની સૂક્ષ્મ આરોહ-અવરોહાત્મક ભંગીઓ ક્યાંથી ઉપજાવી શકાય? નટનો ભૂમિકાના મનોભાવને વ્યક્ત કરતો ચક્ષુનો, ભમ્મરનો, મુખનો સૂક્ષ્મ અભિનય શી રીતે શક્ય બને?

આ પ્રમાણે પ્રાચીન સમયમાં એથેન્સમાં ભજવાતાં નાટકોમાં સંજોગો એવા હતા કે મૌખિક અને વાચિક અભિનયનો અવકાશ જ ન રહે, એના શાસ્ત્રનો વિકાસ ન થઈ શકે, અને અભિનય અત્યન્ત સ્થૂળ પ્રકારે માત્ર હાથના લટકાથી, પગના પેતરાથી કે માથાના હલન-ચલનથી કરવો રહે.

એક અંગ્રેજ વિદ્વાને ગ્રીક ટ્રેજેડીના અભિનય વિશે કહ્યું છે તેમ "it was More a Matter of listening than of looking" એ કાર્ય જોવા કરતાં સાંભળવાનું વિશેષ હતું.

એ ઉપરાંત નાટકની રચનામાં પણ કોરસનું—નાટકના કાર્યથી અને એ કાર્ય કરનારાં પાત્રોથી અલગ એવું-આગન્તુક તત્ત્વ રહેતું. આ કોરસ મુખ્ય કાર્યથી અલગ રહેવા છતાં એ કાર્યની વિવેચના કરતું, રંગભૂમિ અને પ્રેક્ષકવૃન્દ વચ્ચે સેતુ બનતું, કોઈક વાર નાટકના કાર્યમાં ભાગ લેતું દેખાઈને એને ઝોક આપતું, પણ એકંદરે જોતાં આપણી કલાદૃષ્ટિને આ કોરસ, નાટ્યપ્રયોગમાં વસ્તુની અને કાર્યની કલાત્મક એકતામાં અસંગત એવું આગન્તુક તત્ત્વ જણાય તો નવાઈ નહિ.

આવી હતી ગ્રીસની—એથેન્સની રંગભૂમિ, આવી હતી એ રંગભૂમિ ઉપર નાટ્યપ્રયોગની વ્યવસ્થા અને આવી તથા આટલી જ હતી અભિનયની શક્યતા.

એમાં પ્રાચીન ભારતભૂમિ માટે લેવા જેવું કાંઈ જ નહોતું. ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં ભારતની નાટ્યકલાનો જે વિકાસ થયેલો જણાય છે, તે ગ્રીકના નાટ્ય-પ્રયોગોથી ખૂબ આગળ વધેલો હતો. ભરત નાટ્યશાસ્ત્રમાં જણાવેલ ભાવદૃષ્ટિઓ અને રસદૃષ્ટિઓ, દૃષ્ટિઓના વિવિધ ભાવસૂચક અનેક પ્રકારો, નેત્રના, પાંપણના તથા ભ્રમરના અનેક સૂક્ષ્મ અભિનયો, મુખની કપોલની અને ચિબુકની પણ ભાવાનુસારી આકાર ભંગીઓ; આ પ્રકારે વિકસિત થયેલી અને સૂક્ષ્મકોટિએ પહોંચેલી ભારતની અભિનય કલા માટે એથેન્સની રંગ-ભૂમિ ઉપર અવકાશ જ નહોતો, કારણકે ગ્રીક નટનાં નેત્ર, ભ્રમર, પાંપણ, મુખ, કપોલ અને ચિબુક એ ઉપાંગો તો મહોરાની પાછળ અદૃશ્ય રહેતાં. નાટ્યપ્રયોગની કલાએ ભારતમાં કેટલો વિકાસ કર્યો હતો, એનાં પ્રમાણ નાટ્ય શાસ્ત્રમાં રહેલાં છે. જો પ્રયોગકલા આટલી વિકસિત હતી, એનું આવું શાસ્ત્ર પણ રચાયું હતું, તો તે પહેલાં અનેક નાટકોના અનેક પ્રયોગો પણ થયા જ હોવા જોઈએ. પ્રથમ પ્રયોગો થાય અને પછી એનાં શાસ્ત્ર રચાય એ સહજ વિકાસક્રમ છે. આથી ભરતનાટ્યશાસ્ત્રની રચનાની પૂર્વે, એમાં વર્ણન પામેલી અભિનયકલાના વિકાસની પૂર્વે, અનેક નાટકોના સુંદર કલામય પ્રયોગો થઈ ચૂક્યા હશે એવું અનુમાન થઈ શકે છે. પણ એ પ્રાચીન નાટ્યપ્રયોગોનો કંઈ વૃત્તાન્ત મળતો નથી, એ નાટકોનાં નામો પણ મળતાં નથી, એ આપણું મન્દ ભાગ્ય છે.

પરંતુ પ્રયોગોનો ઈતિહાસ જાણવામાં આવ્યો નથી અને નાટકોની નામાવલી કે હસ્તલિખિત પ્રતો લભ્ય નથી તેમ છતાં નાટકો અનેક હતાં, એના પ્રયોગો અનેક થયા હતા, એ પ્રયોગોમાં નાટ્યકલા અને અભિનયકલા ઉચ્ચ કક્ષાએ પહોંચી હતી એનું પ્રમાણભૂત સાક્ષ્ય આપતો ભરતપ્રણીત નાટ્યશાસ્ત્રનો ગ્રંથ મોજૂદ છે. અને ચતુર્વિધ અભિનયની, એના અંગ-ઉપાંગ અનુસાર થયેલા વિભાગોની અને પ્રત્યેક અંગ-ઉપાંગોના સૂક્ષ્મતમ કોટિએ પહોંચેલા અભિનયની જે વિગતવાર માહિતી એ ગ્રન્થમાં નોંધાયેલી છે તે જોતાં આપણો એ વિકાસ સ્વતંત્ર હતો એમાં શંકા રહેતી નથી. અને મુખ-નેત્ર- ભ્રૂના સૂક્ષ્મ તો શું પણ સ્થૂલ અભિનયને પણ અશક્ય બનાવતી એથેન્સની રંગભૂમિની મર્યાદાઓ જોતાં, અભિનયના ક્ષેત્રમાં ભારતને ગ્રીક પાસેથી કંઈ જ લેવાનું હતું નહિ એમાં પણ જરાય શંકા રહેતી નથી.

મ્હેકતી ગુલછડી છે

ન આ ઊર્મિઓ સિન્ધુ કેરી, પરંતુ,
તમારાં સ્મરણની જ ભરતી ચઢી છે.
નથી આ હિમાલયે, પરંતુ તમારાં
ચરણમાં અચલ મારી નિષ્ઠા ખડી છે.

ઉઘાડા પગો, વાટ વસમી, અરણ્યે
અજાણ્યો અને અંધ જેવો ફરું છું.
ભલે શોધમાં આયખું જાય ખૂટી,
ફકીરોને ક્યાં જિંદગીની પડી છે?

નથી સૂર કાઢ્યા નિરાશા તણા, કે
નથી અશ્રુ સાર્યાં, હસ્યો છું હમેશાં,
છતાં આપને તો ખબર છે, વિરહમાં
મને કેટલી દુર્દશા સાંપડી છે.

વિરોધી બળો ખેંચતાં સામ સામાં
પડું આખડું તો હસે છે જમાનો,
ન જાણે બીજાં, ચાલનારા જ જાણે,
ગલી પ્રીતની કેટલી સાંકડી છે.

છળું છું જગતની ઉપેક્ષા થકી, ને
જુદાઈ તણી આગમાં હું બળું છું.
છતાં દેહ ધારી રહ્યો, કેમકે, એ
પરંતત્ત્વની યાદ હૈયે ચડી છે.

પ્રકાશો થઈ દિવ્ય ભાનુ હૃદયમાં
મહા ભવ્ય આનંદના પૂર રેલો,
ઉરે એક છે શેષ તારી લગન
જ્યારથી ચેતના-જાળ દિલને અડી છે.

તમારી ધરામાં તમે બીજ વાવ્યાં,
તમે મેઘ રૂપે કર્યું પ્રાણ સિંચન,
તમારી નિકુંજે, તમારે જ કાજે
"જટિલ" પ્રીતની મ્હેકતી ગુલછડી છે.

—જટિલ

ઉર અજાણે

કોણ જાણે
બપોરી ટાણે
ઉર અજાણે ઝંખતું ઊભું શુંય વેરાને.

ટેકરી ઢાળે
ધીકતો સૂરજ,
ઘાસ બજરિયાં એક ધારો બાળે;
એક ખૂણે આવળ એક નિશ્ચલ.
મારી સમ રાહ જોતી ઊભી અવિકલ,
થાતું અચરજ:

દૂરનાં મૃગજળ,
ઉછળી રહ્યાં આજ મારે ઉર,
આવળ પાસના કાંકરિયાળા કેડા ઉપર
ચાલી રહ્યાં ચરણ સુકોમળ,
નજર ઊંચી કરતાં જોતો એક આસ્માની પાલવ,
ઉપર ઘુંઘટ ઉતર્યાં, મુખનાં નયન,
સૂર્યની પ્રખરતા ને ચંદ્રની સ્નેહલતાથી શીતલ.



એકાએક ફૂંકાયો પવન,
આંતરબાહ્ય પેટી ઊઠયા દવ;
મૃગજળો અદશ્ય થયાં.
ટેકરી, ઘાસ, આવળ ને પત્થર
જુગ જુગોનાં
સ્તબ્ધ ઊભાં રહ્યાં.

માત્ર સ્મૃતિમાં રહી ગયાં
આસ્માની પાલવથી ઢાંક્યાં ઘન
ત્વરિત ઉરનાં શ્વસન,
આજ બપોરી ટાણે,
ઉર અજાણે.

—સ્વપ્નસ્થ

ચાંદ

મન...ખાલી...ખાલી...
આ મર્મરતા પરણો
આ ઝરમરતા ચંચલતાથી સ્વપ્ન મુલાયમ ચરણો :
ઢળી રહી આ સુરા, કરે તો સિર્ફ સુરાહી ખાલી.
મન...ખાલી...ખાલી...

સજ્જડ બીડાયાં દ્વાર
નાની એવી તિરાડ કરતી સઘન મિલન નિઃસાર,
મરાલના સંવનન મધુરવા, માનસ શૂન્ય મરાલી.
મન...ખાલી...ખાલી...

સરે કેટલાં ગ્રહગણ મંડળ
તારક વિશ્વો, ધરા ધરાના, દિશા દિશાનાં મંડળ,
અનંત આ આકાશ—હૃદયનું કેવળ રિક્ત કમંડળ:
વન આખું ય રણું જે હલકે
વાંસ નણી તો ઉંધા-ધરની સૂર વિહોણી, ફાલી.
મન...ખાલી...ખાલી...

અહીં તહીં ચોમેર સુધારસ વરસે
ખબર નહીં અમરત વર્ષામાં કાં તડપે, કંઈ તરસે!
પાંચ પાંચ પાલવમાં ત્રફડે દિગંબરા પાંચાલી!!
મન...ખાલી...ખાલી...

શાયર

રાત્રિના અંધકારને પીતો ફરે છે ચાંદ.
પોતાના દિલના ડાઘને કયારે જુએ છે ચાંદ.

ચોરી કરી છે સૂર્યનાં કિરણોની એટલે
રાત્રિની ઓથ લઈને છુપાતો ફરે છે ચાંદ.

મૌજાંઓ એને ભેટવા દોડે છે પ્રેમથી
ભરદરિયે જે ઘડીએ નહાવા પડે છે ચાંદ.

આ કોના ઇંતેઝારમાં જાગે છે ચાંદની
એ કોણ છે કે જેની પ્રતિક્ષા કરે છે ચાંદ.

વરસે છે ઠંડી ચાંદની બળતી ધરા ઉપર
'આદિલ' બરફની જેમ નભે ઓગળે છે ચાંદ.

'આદિલ' મન્સૂરી



ઝરણું

જીવનના સાતત્યની કથા.

કુન્દનિકા કાપડીઆ

એક ઝરણું છે.

ક્યાં છે અને શા માટે છે-એ જાણવાની કાંઈ જરૂર નથી. જેમ હું છું ને તમે છો, લોપા છે,

તેમ એક ઝરણું છે.

એક વહેતું, ઘુઘવતું ઝરણું.

બાપુ સાથે એક વાર જંગલમાં ગયો ત્યારે એ મને મળી આવેલું. બાપુ ફોરેસ્ટ ઓફિસર સાથે વાતો કરતા ઊભા હતા ને મારે કાને એક અવાજ પડ્યો-એક પાતળો અવાજ, જે મારા કાનમાં પ્રવેશી પહોળો ને પહોળો થતો ગયો ને છેવટ છેક પગથી માથા સુધી પ્રસરી ગયો. મેં કહ્યું:—'બાપુ, હું હમણાં આવ્યો.'

ને હું દોડતો અવાજની દિશામાં ગયો. ત્યાં જઈને જોયું તો એક ઝરણું. ઉગમણેથી વહી આવતું, આથમણે વહી જતું. એક બહુ જ નમણા અવાજવાળું ઝરણું. મારું હૃદય ધડ ધડ થઈ ઊઠ્યું. મનમાં થયું- આ મારી શોધ છે, મારી સંપત્તિ છે. એને જોતાં વેંત જાણે એવા પ્રેમમાં પડી ગયો. ક્યાંય સુધી એને કાંઠે ઊભા રહ્યા પછી બાપુ પાસે આવ્યો, ત્યારે બાપુ મારી સામે હળવું હસ્યા, પણ મેં એમને કશું કહ્યું નહિ. મને થયું-કોઈને નહિ કહું, કોઈને નહિ બતાવું. એનો અવાજ હું એકલો જ સાંભળીશ, એના વહેણને હું એકલો જ જોઈશ.

પણ એક દિવસ મેં લોપાને કહી જ દીધું. એ મારા પડોશમાં રહેતી હતી ને મારાથી નાની હતી. હું બાર વર્ષનો ને એ આઠ વર્ષની. એ છોકરી જરા મૂર્ખ હતી ને હંમેશાં રંગની વાત કરતી. અચાનક એક દિવસ મેં એને કહી દીધું-"લોપા, મેં એક સરસ ઝરણું જોયું છે."


એ તરત બોલી પડી: "કેવા રંગનું છે?"

"તારા મોં જેવા..." મેં નારાજ થઈને કહ્યું. મૂરખ નહિ તો! ઝરણાને શું રંગ હોતો હશે?

પણ બીજે દિવસે સવારે અમે સાથે ત્યાં ગયાં ને એણે મને બતાવ્યું, ત્યારે મેં જોયું કે ઝરણાને સાચે જ રંગ હતો...સોનેરી ઝળકતો રંગ. લોપા એને જોઈને ખુશ થઈને ઊભી રહી, ને ઘડીક વારમાં એનો રંગ સોનામિશ્રિત કેસરિયો થઈ ગયો. લોપા જરા ગંભીર થઈને બોલી: "હમણાં આવો રંગ છે. પણ બપોરે પાછો રૂપેરી થઈ જશે. આ તો રંગ બદલનારું ઝરણું છે."

પછી તો હું ને લોપા ઘણીવાર છાનામાનાં ત્યાં ચાલ્યાં જતાં. ને એનો ઘુઘવાટ સાંભળતાં. ઉત્સુકતાથી ધસી આવતું પાણી નીચે પડતાં નિર્ભ્રાન્ત થઈને સહસ્રો શિકરો વિખેરતું જતું, પણ શિયાળામાં તેની ધાર ધીમી થઈ જતી. થથરતી સવારોએ તે હૂંફાળાં ગીત ગાતું ને દૂર દેશથી ઊડી આવેલાં પંખીઓને બોલાવતું. એનાં પાણી સફેદ થઈ જતાં ને ચળકતાં સૂર્યકિરણોના પાતળા તાર પર જાણે ઝૂલતાં. હજુ કાલે જ જન્મ થયો હોય એમ એ વિસ્મિત થઈને દુનિયાને જોતું, એક એક વળાંક પાસે રોકાતું, એક એક પથ્થર સાથે વાતો કરતું, નાના નાના દરેક કાંકરાને વીંટળાઈ વળીને પોતાના મંજુલ ધ્વનિની ખાતરી કરી લેતું.

પછી ઉનાળો આવતો ને એની ધાર બહુ જ પાતળી થઈ જતી. એના પથ્થરો નિરાવરણ થઈ જતા ને રાતે



જીવન શું છે? ચિત્રકાર : રશ્મિ ક્ષત્રી

એમના પર ચાંદનીની મહેક વરસી પડતી. વહેતાં વહેતાં કોઈક નાના ખાડામાં એ સ્થિર થઈ જતું ને ધરતીની આંખ બની નીલ આકાશને નિહાળ્યા કરતું.

પછી ચોમાસું આવતું. એનો ધુઘવાટ વાદળની ગર્જનાના અવાજને વીંધીને અમારી પાસે પહોંચી જતો. તે વખતે લાગતું, જાણે એ બોલાવ્યા કરે છે: આવ, આવ...મેલા મેલા પાણીની પછડાટોથી પથરાઓ ડોલી જતા ને કોઈ વિરહિણી ચિરકાળથી જાણે કહે છે: આવ, આવ, આવ! પથારીમાં સૂતાં સૂતાં મન પૂછ્યા કરતું-ક્યાં? ક્યાં રે ?

લોપા ઘણી વાર સાવ મૂરખ જેવી થઈને પૂછતી: "ઝરણું શું કરે છે?" હું કહેતો, "વહી જાય છે."

"તો એ ખાલી કેમ નથી થઈ જતું?"

હું ગુસ્સે થતો, કારણ કે મને જવાબ જડતો નહિ. કોઈક વાર એ પૂછતી-'ઠીક દીપ, આ ઝરણું કઈ ખાલી જગ્યાને ભરવા માટે રોજ દોડી જાય છે?"

"મારા હૃદયની......" હું બબડતો. પણ હૃદય એટલે શું તે લોપા સમજે તેમ નહોતી.

ઝરણું કાંઈ અમારી સંપત્તિ નહોતી, તો યે અમે એનું નામ સંતાડ્યા કરતાં. સાંજે હું ઘેર મોડો આવું ને મા પૂછે—"ક્યાં ગયો હતો?" તો હું કહેતો-દાઉદને ઘેર... અથવા કહેતો-મગનના આંબાવાડિયામાં, ક્યારેક કહેતો-નદીપાર સ્મશાન છે, ત્યાં. પણ ઝરણા પર, એમ તો હું કદી કહેતો નહિ, જાણે એ મારી અણદીઠી પ્રિયાનું નામ હોય, જેને લોક આંખોએ હજુ જોઈ નથી, જેનો ઘૂંઘટ હજુ ખૂલ્યો નથી, જેનાં નેણનાં પોપચાં હજુ ઊંચકાયાં નથી.

એનો અવાજ મને આખો દિવસ સંભળાયા કરતો, ઘણી વાર કોમળ ઝંકાર જેવો, ઘણી વાર ગરજતા વાદળ જેવો. ક્યારેક સાવ નાનો, કૃશ, અસહાય; ક્યારેક પહોળો, ઊંચો, પ્રચંડ, ઘણી વાર એ અવાજ મને ગરમીમાં પીગળી ગયેલો લાગતો ને ક્યારેક એની ઠંડી છાલક મારા કાનને ભીંજવી દેતી. ચોમાસું વીતી જાય પછી એનું પાણી સ્વચ્છ થઈ જાય ને એ l જાંબલી સાંજની છાયા પડે ત્યારે એમ લાગતું, જાણે અવાજ એમાં ડૂબી ગયો છે, સૂઈ ગયો છે, આકાશમાં, ઊંચા ઝાડની ઊંચેરી ડાળીઓ પર, કાંઠે ઊગેલાં જંગલી ફૂલોની પીળી મખમલી પાંદડી પર સચવાયેલા જલબુંદમાં એ અવાજ જાણે સૂઈ જતો; ને પછી સહસા જાગી ઊઠતો, પાણી પર તરવા લાગતો. નૌકા બનીને વહેતો. એક પછી એક, અવાજની નૌકાઓ ઝરણાની ધાર પરથી પસાર થઈ જતી. રાતે ઘણી વાર એમ લાગતું, જાણે ઝરણું ડૂબી ગયું છે ને એના અવાજમાં અંધારું ઓગળી ગયું છે. આખું અંધારું પાણી બની જતું ને એના નિદ્રિત આકાશમાં અવાજના તારા ટમટમતા.

એનો રંગ પણ લોપાએ કહેલું તેમ બદલાયા કરતો. શિયાળામાં એ સફેદ બની જતું ને એની ધારે નીલી ઝાંય ડોકાતી. ઉનાળામાં કાંઠે ખીલેલાં પીળાં, વાસંતી, કેસરિયા ને શ્યામ ગુલાબી ફૂલોના રંગ એમાં નહાવા પડતા ને પાણી સાત રંગે હસતું. ચોમાસામાં તે ધરતીનો રંગ ધારણ કરતું, પણ શરદઋતુ આવે ત્યારે ક્યારેક તે પોતાના અવાજને ભૂખરા રંગની બિછાતમાં પોઢાડી દેતું. લોપા કહેતી: આજે ઝરણાનો અવાજ ખોવાઈ ગયો છે. પણ મને તો તો યે એ સંભળાતો જ. ને મને હંમેશ થતું- ઝરણું ચિરકાળથી આવે છે ને ચિરકાળ રહેશે. હું નહોતો ત્યારે ય એનો અવાજ હતો, હું નહિ હોઉં ત્યારે ય એ હશે...ધરતીમાંથી પ્રગટી આકાશ સુધી પહોંચતો અવાજ. ક્યારેક, જે પથ્થરના સંઘાતથી એનો જન્મ થયો. તે પથ્થરના જ ગર્ભમાં ડૂબી જતો અવાજ...

ઘણી વાર સવારે ઊઠતાંવેંત એની યાદ આવતી. એની ધવલ ધાર ગાયા કરતી: આવ, આવ, આવ!ને મામે હું કહેતો- "બાવળની તાજી ડાળ કાપી લાવું મા; તારે માટે?" ને એનો જવાબ સાંભળવા રોકાયા વિના ઝટપટ હું ખુલ્લાં બારણામાંથી બહાર દોટ મૂકતો. એક છાની કેડી પરથી ઝરણા પર પહોંચી જતો. મનમાં ડર લાગતો-મોડો પડીશ ને એ ક્યાંક ત્યાંથી ચાલ્યું તો નહિ જાય ને

પણ હું ત્યાં પહોંચતો ત્યારે જાસુદી રંગનું હાસ્ય હસતું એ ત્યાં જ દેખાતું. પણ મને થતું, ચોક્કસ, જે ધારે મને આખી રાત ઊંઘમાં બોલાવ્યો એ ધાર તો વહી ગઈ છે. આ તો તેના પછીની કેટલાંય સોમી ધાર છે. ને ત્યાં તો તે કહેતું: આવ, આવ, આવ!

હું ભાન ભૂલ્યો થઈને સાંભળી રહેતો. તો શું આ સોમી હજારમી ધાર પણ પહેલી ધારના જેવી જ છે? એ વહી જાય

છે કે, અહીં જ રહે છે? પહેલી ધાર અને સો દિવસ પછી આવનારી ધાર વચ્ચે શો સંબંધ છે? એ બન્નેને જોડનારી વચ્ચેની જલધારાઓ એકનો કયો સંદેશ બીજાને આપે છે?

"મારા જીવનનો પહેલો દિવસ ને આજનો દિવસ... એ બેની વચ્ચે આથમી ગયેલા હજારો દિવસોએ આ બે છેડાને કઈ ધાર વડે જોડયા છે?

ઝરણાને જોઈને આ આનંદ કેમ ઉભરાય છે? ચિરઅનિમય હે જીવનદેવતા, તું, જે સમગ્ર વિશ્વજીવનના સાતત્યનું સાક્ષી છે, તું શું મને સદા વહેતા રહેવાનો માર્ગ બતાવશે? પહાડના છિદ્રોમાંથી નિરંતર ટપકયા કરતો તારો આ આનંદ કઈ ગંગોત્રીમાંથી જન્મ્યો છે એ શું તું મને બતાવશે?

પેલે કાંઠે લોપા, ને આ કાંઠે હું, વચ્ચે પાંચ ફૈટ પહોળું ઝરણું.

લોપાને ય હું નામ ન દેતો. માત્ર એટલું જ કહેતો: "ત્યાં જઈશું?"

કયાં?–એમ એ પૂછે, પણ મારી આંખ સામે જોતાં એની આંખ નમી પડે. જાણે મારી આંખ પોતે જ એક ઝરણું હોય અને ચિરકાળથી એ એને કહેતું હોય–આવ, આવ, આવ!

એક વાર લોપાએ પૂછેલું: "દીપ, આ કોને બોલાવે છે?"

મેં કહ્યું: 'મને'

એણે હાસ્થી કહ્યું: 'મને નહિ?

હું મસ્તીમાં હતો. મેં કહ્યું: "હું પોતે જ સૃષ્ટિ છું, હું પોતે જ સમસ્ત દેશ છું ને સમસ્ત કાળ છું. એ મને બોલાવે છે, એટલે કે સકળ વિશ્વને બોલાવે છે, એના અનાદિ અનંત યુગોને બોલાવે છે, એના અસીમ અજ્ઞાન વિસ્તારોને બોલાવે છે."

લોપા બોલી: "તું તો મૂર્ખ છે, ચોપડીઓના શબ્દો બોલે છે.' મેં કહ્યું: 'તું મહામૂર્ખ છે, ચોપડીના શબ્દો ચોપડીમાં રહેવા દે છે. હું એને એમાંથી ઊંચકી આસપાસની વસ્તુઓને આપી દઉં છું. પછી એ વસ્તુઓ એ શબ્દો વડે મારી સાથે ખાનગી વાતો કરે છે. પણ તને એ વાતો કદી નહિ સંભળાય."

લોપા કહે છે: મારા કાન ખોલી આપ, હું સાંભળીશ. હું કહું છું- ઝરણાનું પાણી કાનમાં ભરી દે, કાન ખૂલી જશે. લોપા ગુસ્સે થઈને હાથ ઉગામે છે, હું દૂર સરીને અંગૂઠો બતાવું છું.

ને ઝરણું કહે છે: આવ, આવ, આવ!

○ ○ ○ ○

અમ મોટાં થવા લાગ્યાં. ફૂંગો વધુને વધુ ફૂલવા લાગ્યો ને આકાશમાં ઊંચે ચડ્યો. પુસ્તકોના ઢગલા મોટા થતા ગયા ને વાતો વિસ્તરતી ગઈ. ને પછી પુનાની મેડિકલ કોલેજમાં ભણવા જવાની ઘડી આવી.

લોપાને કહ્યું: "હું તો પુના જાઉં છું. તું યે ક્યાંક જશે, પણ એક વચન આપ. આપણે જ્યાં હોઈએ ત્યાંથી, પંદર વર્ષ પછી અહીં મળીશું. આ ઝરણાને કાંઠે મળીશું. જ્યાં હોઈએ, જે સ્થિતિમાં હોઈએ, તેવી સ્થિતિમાં આવીશું. લોપાએ કહ્યું... 'મરી નહિ ગયાં હોઈએ તો...'

મેં કહ્યું: 'તું લગ્ન કરે, ને કદાચ મરી પણ જાય!

એણે કહ્યું: "તું ડૉક્ટર બનવાનો છે. લગ્ન કરું ને જીવતી યે રહું, એવી દવા શોધી આપજે."

મેં કહ્યું, "એવી દવા છે, પણ હું તને એનું નામ નહિ દઉં."

લોપા બોલી- 'તો ભલે, મારે શું? હું મરી જઈશ."

મેં કહ્યું-'એ જે હોય તે, પણ પંદર વર્ષ પછી ઝરણા પર મળવાનું ચોક્કસ...જો, સાંજના સાડાચાર વાગે, હેમંતઋતુના છેલ્લા દિવસે."

લોપાએ મોઢું ફુલાવ્યું. હું એના ઘરમાંથી બહાર નીકળ્યો, એ બારણાં સુધી આવી. કશું બોલ્યા વિના હું ચાલ્યો. આગળ જઈ જરાક અટકી પાછળ ફર્યો, ને બૂમ મારીને મેં કહ્યું, 'લોપા, પેલી દવાનું નામ પ્રેમ.

એણે સાંભળ્યું કે નહિ, ખબર નથી.

કદાચ એણે સાંભળ્યું હોત ને પૂછ્યું હોત- એનો રંગ કેવો છે? તો મેં કહ્યું હોત; ઝરણા જેવો. અથવા કદાચ કહ્યું હોત તારી અંદર ઊગી રહેલા પરોઢ જેવો.

અથવા કદાચ એણે પૂછ્યું જ ન હોત.

આજે હવે પંદર વર્ષ વીતી ગયાં છે. ઝરણાની પહેલી ધાર ને અનંતની ધાર વચ્ચે પંદર વર્ષ.

આજે હેમંતઋતુનો અંતિમ દિન છે. હમણાં સાંજના સાડાચાર થશે, ને હું ઝરણા પર પહોંચીશ.

પંદર વર્ષ પછી હું એને જોઈશ. નાનો હતો, ત્યારે તો સવાર સાંજ ડર લાગતો, રખે ને એ ત્યાં ન હોય! કોઈ એને લઈ ગયું હોય! કોઈ બીજાં એને પ્રેમ કરી બેઠું હોય! પણ આજે જાણું છું કે ત્યાં હશે, હંમેશા હશે, પણ હવે એ આવ, આવ નહિ કહેતું હોય. કહેતું હશે તો મને સંભળાશે નહિ. કેટલા ય દેહોની ચીરફાડ, નસો, હાડકાં, માંસ, રુધિર, દવાઓ, ગંધ, ઓપરેશન, ચીત્કાર, દઃખ, પીડા, તરફડાટ, મૃત્યુ-

અંધકાર...અંધકાર...

સૃષ્ટિના આદિ, મધ્ય ને અંતમાં જે છે, તેનો બહુ પરિચય પામ્યો છું એના કરુણ ચીત્કારોમાં એક ખોવાયેલી પ્રિયાનો સાદ હવે શું મને સંભળાશે?

પણ મને વચન યાદ છે, લોપા યાદ છે. લોપા-એક પાતળી ચમકતી જ્યોતિશીખા, ઘરની અંદર અનાયાસ લહેરાઈ આવતી ફરફરતી હવા, ખીલતા પાંદડાની લીલી કુમાશ. હું ઝરણા તરફ વળ્યો. હેમંતઋતુ ને સાંજના સાડાચાર. આકાશની ઊતરતી છાયાઓ વડે આજુબાજુનું વન ગાઢ થઈ ગયું છે, પણ ઘુઘવાટ દૂરથી સંભળાવા લાગ્યો છે. હા, આ એનો જ સ્વર છે. એના પથ્થરિયા ઝાંઝરમાંથી ઝરતો ધ્વનિ. મારું હૃદય વ્યાકુળતાથી ભરાઈ ગયું. પહેલી ધાર ને અનંતની ધાર વચ્ચેનાં વર્ષો ભૂંસાઈ ગયાં. કોણે મારા હૃદયમાં એની આ બંસરી પાછી વગાડી? કોણે આ બધું દોરી દોરીને ભૂંસી નાંખ્યું ને વળી પાછું આલેખ્યું?

હું લગભગ દોડવા લાગ્યો. ઊંચાં વૃક્ષોની ફેલાયેલી ડાળોની વેરાઈ પડેલી છાયા પરથી હું દોડવા લાગ્યો. લોપા મને યાદ હતી, પણ મને ઝરણું જ યાદ હતું. અને પંદર વર્ષ...ડોક્ટરીનાં, ભણવાનાં, કામનાં, કમાવાનાં, માણસોનાં શરીર સાથે વાતો કરવાનાં, વ્યર્થતાથી ખરડાયેલાં, અણઓળખી પીડાઓનાં પંદર વર્ષ.

હું કાંઠે આવીને ઊભો.

'એકાંત કિનારા વચ્ચેથી ઝરણું વહી જતું હતું. પંદર વર્ષ પહેલાં હતું તેવું જ—

પથ્થરોને વીંટળાઈને સ્વર વિખેરતું; ભ્રાંતિની શિકરોને હવામાં ઉડાડી દેતું, એકલું, ભરપૂર, પોતાની જાતમાં પોતે તૃપ્ત, પાંચ ફૂટ પહોળું, અસીમ ઝરણું.

હું ધબ દઈને તેના કાંઠે બેસી પડ્યો. મારા પ્રાણને તેના પ્રાણનો સ્પર્શ થયો. મારી આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. જિંદગીમાં પહેલીવાર મેં ચુપચાપ મારાં આંસુને વહી જવા દીધાં, ઝરણામાં ભળી જવા દીધાં. ઝરણાને ભેટવા મેં બે હાથ પહોળા કર્યા. નીચા વળી તેના પાણીને ચૂમ્યું. ઘણી બધી મિથ્યા વાતો, કૃત્રિમ સુખો ને ક્ષણિક દુઃખોની વચ્ચેથી એક મહા-નિરંતરનો, એક ચિર, અંતહીનનો સાદ ફરી મારા હૃદયમાં ગુંજવા લાગ્યો. ને હાથમાંથી સરી જઈ છેક ક્ષિતિજની ધારે જઈ ઊભેલા મારા પ્રેમે વળી મારી સાવ નજીક આવી, મારા કાન પાસે મોં લાવી કહ્યું : 'આવ, આવ, આવ!'

અચાનક દૂર ખખ... થોડાક માણસોના અવાજ, કોલાહલ, હસવાનો ધ્વનિ, ઉશ્કેરાટનો ગરમ શ્વાસ.

ત્રણ-ચાર-પાંચ જણ એકદમ ધસી આવ્યાં. મેં ઊંચું જોયું. લોપા હતી. સાથે એક જુવાન હતો. ત્રણ બાળકો. લોપા હાંફતી હાંફતી બોલી-'કેટલી ઝડપ કરી, તો યે પંદર મિનિટ મોડી પડી. પણ છેવટ આવી ખરી. મેં શિશિરને અમે પરણ્યાં તે દિવસની આ વાત કરી રાખી હતી. મારી વાત સાંભળી સાંભળીને, મારાં બાળકો યે ઝરણું જોવા ઉત્સુક થઈ ગયાં હતાં, તેણે છોકરાં તરફ ફરીને કહ્યું:-"જુઓ, આ ઝરણું."

અને એણે ઝરણા તરફ જોયા વિના જ, શિશિર તરફ મોં કરી કહ્યું:- "આ મારો નાનપણનો મૂર્ખ સાથીદાર-દીપ' તે ખિલખિલ હસી. શિશિર જરાક મરકયો. ઊંચી, સુરખીથી ભરેલી, છટાભરી લોપા શિશિરનો હાથ પકડી મારી તરફ જોઈને ઉત્સુકતાથી બોલી-ક્યારનો આવ્યો છે?

મેં કહ્યું:- સદાકાળથી અહીં જ છું.

એકલો!

ના.

પડદો

પ્રવિણસિંહ ચાવડા

વાત કરીને દક્ષા ચાલી ગઈ. લક્ષ્મીબેને એની પાછળ બારણું બંધ કર્યું. બહાર ચકરીઓ લેતો પવન બારણું અચાનક ઉઘાડી નાંખી એમને વારંવાર ગભરાવી નાખતો હતો. એટલે દરરોજ સાંજને વખતે એ બારણું બંધ કરી દેતાં હતાં. આગળો બંધ કરીને એની ઉપર હાથ રાખી એ એમ ને એમ બારણાની તડ સામે તાકતાં ઊભાં રહ્યાં. ત્યાં થોડીવાર પછી ખ્યાલ આવ્યો કે, આગળા ઉપર રાખેલા હાથમાં ઝણઝણાટી થઈ રહી છે ને ખાલી ચડી રહી છે, એટલે હાથ ત્યાંથી હટાવીને એમણે પીઠ ફેરવી. સામે ભીંત પર ઘડિયાળ ટિક ટિક કરી રહી હતી. ત્યાં થોડીવાર એમની નજર લોલકની સાથે લટકી રહી, ને પછી એ પગના બે ચાર ઘસરકા કરીને ઓરડા વચ્ચે ટેબલ પાસે આવીને ઊભાં રહી ગયાં.

એના સ્કર્ટના સળમાં આંગળાં રમાડતાં દક્ષાએ કહ્યું હતું, 'છોકરી મેટ્રિકના ક્લાસમાં હતી. એને તો કાઢી મૂકવામાં આવી છે. વાત હવે તો ફેલાઈ ગઈ છે. આજે જ બધું ફૂટ્યું. હજુ શ્યામકાકા નથી આવ્યા ને ? હવે આવશે. સ્કૂલના હેડમાસ્તર રહ્યા, લક્ષ્મી કાકી. એ પોતે... હેં? સ્કૂલવાળા કદાચ કાઢે પણ ખરા."

ને પછી એ "આ કૂંડું બારી આગળ મૂકતાં હો તો, કાકી?" અને "માલુબેનના બાબાને લખોટી રમતાં વાગ્યું છે." એવી એવી બેચાર નકામી વાતો કરીને ચાલી ગઈ. અને એની પાછળ લક્ષ્મીબેન બારણું બંધ કરી, ઘર વચ્ચેના ટેબલ પર ધ્રુજતાં આંગળાંને ટેકવી ઊભાં રહી ગયાં.

હોઠને ત્રણ વાર છૂટો કર્યો, પણ ત્રણે વાર એ પાછો દાંત વચ્ચે ચાલ્યો ગયો. હમણાં બારણું ખખડવાનું હતું. હમણાં પતિ આવવાના હતા. એમના મોં પર હાસ્ય નહિ હોય. રોજની જેમ, ખૂણામાં લાકડી અને ખીંટી પર કોટ ગોઠવીને પોતાની સામે જોવાના હતા. એ રોજનો ક્રમ હતો, મુંબઈની કોલેજમાં ભણતા પુત્રના આકસ્મિક મૃત્યુનો તાર આવ્યો ત્યારથી અત્યાર સુધીનો. પહેલાં ક્રમ કંઈક જુદો હતો. લક્ષ્મીબેન પોતે એમનો કોટ ઉતારતા ને એને ખીંટીએ ભરાવવા જતા ત્યારે એ ખભા પર પતિનો હાથ મુકાયેલો અનુભવતાં. અમુક નિયમિત રીતે જ જમણા ખભા પર થઈને એમની નજર પતિ સામે જતી...પણ પછી એ બધું બદલાઈ ગયું હતું. પછીનો ક્રમ પણ એની રીતે નિયમિત બની ગયો હતો. બારણું ખખડતું. ઉંબરા ઉપર થોડીક ઘસરકો કરીને બૂટ ઊતરી જતા. સોટી અને કોટ એમની જગ્યાએ ગોઠવાઈ જતાં. પછી નજર ઉઠાવે ત્યારે લક્ષ્મીબેન પાણીના પ્યાલા સાથે ઊભાં હોય. પાણી હાથમાં લઈ કહેવા લાગતા, હસતા પણ ખરા-મોં પહોળું કરી કરીને-શું નવા નવા માસ્તરડા ભરાઈ ગયા છે સ્કૂલમાં, લક્ષ્મી-... આજે એક છોકરીને મેં કહ્યું, " તારું માથું તેં રાજકપુરને ભાડે આપ્યું છે?" હેં હેં ...શું લક્ષ્મી ? મેં એમ કહ્યું...ને પછી એ હાથમાં પીવા છેક ચોકડી સુધી પહોંચી જાય ત્યાં સુધી "શું લક્ષ્મી...? સમજી?" એ ચાલું જ રહેતું. પછી જમવાનું. એ દરમિયાન પણ એ વાતો કર્યા કરતા આ રોટલીનો કાનો આબાદ અમારા સુરતી માસ્તરની ટોપી જેવો બન્યો છે. શાક તું ભીંડાનું બનાવ-આજના પેપરમાં "નવી વાનગી"માં વાંચ્યું'તું. પછી સોપારીનો ટુકડો થોડીવાર લક્ષ્મીબેનનાં આંગળાં વચ્ચે ફરીને એમના હાથમાં ચાલી જાય. તે પછી સુવાના ખંડમાં ચાલ્યા જાય.બારણાં ઉપર એક પડદો લટકી રહે. એના હાલતા સળ પર ટિંગાઈને લક્ષ્મીબેનની નજર થોડીવાર હાલી રહે.

ટેબલ આગળ ઊભાં રહેલાં લક્ષ્મીબેનને અચાનક ખ્યાલ આવ્યો કે, અંધારું થઈ ગયું છે. બધું ઝાંખું બની ગયું છે. હાથને એમણે ધીમેથી ટેબલ પરથી ઉઠાવ્યો. સ્વીચ કયાં હતી એ અમણે યાદ કર્યું. હાથને જમણી બાજુ લંબાવીને એમણે આંગળી દબાવી. આખી રૂમમાં અજવાળું થઈ ગયું. દક્ષા વાત કરતી હતી ત્યારે એની આંગળીઓ સ્ટ્રેટના સળમાં રમતી હતી. એણે કહ્યું હતું કે, એમના પતિ શ્યામલાલ એમની સ્કૂલની મેટ્રિકના ક્લાસની એક છોકરી સાથે...

એ મનને સમજાવવા લાગ્યાં કે એ વાત ન માનવી. દક્ષા પાસે જ રહે છે. જઈને કહેવું, 'કેમ અલી, આવાં ગપ્પાં શીખી છે! બહુ નટખટ થઈ ગઈ છે!' એની માને ફરિયાદ કરવી. દક્ષા દાંતમાં આંગળી લઈને હસે, 'ત્યારે એમ છે કાકી, તમને બનાવ્યાં ને?' બસ, એને એક ગાળ આપીને ચાલ્યા આવવું.

પણ મન સ્વીકારવા તૈયાર નહોતું. આ સ્થિતિ સ્વપ્ન છે એમ માનવા પણ મન તૈયાર નહોતું. તે દિવસથી. પુત્રના મૃત્યુનો તાર આવ્યો તે દિવસથી, લક્ષ્મીબેનને ખાસ સ્વપ્ન પણ નહોતાં આવતાં. થોડાક દિવસ મોટરોની હડફેટો, ડ્રાઈવરોના દાઢીવાળા ચહેરા વચ્ચેની કરચલીઓ અને લાલ લાલ રંગ-એવું કંઈક સ્વપ્નમાં દેખાયા કર્યું હતું. પછી એ ઓસરી ગયું હતું. કોઈ કોઈ દિવસ સાંજે એ પતિના આવવાની પ્રતીક્ષા કરતાં હોય ત્યારે એમને લાગતું કે, પોતાને સ્વપ્ન આવે છે. બિલકુલ સાદું સ્વપ્ન-દરરોજ જે કંઈ બનતું હતું એનું સ્વપ્ન. પતિ આવે છે, કોટ ખીંટીએ લટકાવે છે. પાણી માગે છે. બિલકુલ એ જ.

ખુલ્લી બારીમાંથી પવનની એક લહેર આવી, અને હાથના કાંડા પર રહેલી સાડી ફરફરીને હાથ સાથે રમતી રહી. કેરોસીનનો ખુલ્લો દીવો હોત તો એ ધ્રૂજતો હોત એવો એક વિચાર એમને આવ્યો.

. પુત્રના મૃત્યુ પછીનો બીજો ગાળો અને એ પહેલાં પરિણીત જીવનનો એક ગાળો એમ બે ગાળામાં જીવન વહેંચાઈ ગયું હતું. એ પહેલાંની—પરણીને આવ્યાં ત્યારની એક વાત—પણ એ તો ઘણું વર્ષ થયાં, એમને યાદ આવી. ત્યારે પોતે સોળ વર્ષના અને પતિ બાવીસ વર્ષના હતા. કોલેજમાં ભણતા હતા. ત્યારે પણ કોઈએ સાડીનો છેડો હાથમાં લઈને રમાડતાં રમાડતાં એમને કહ્યું હતું-શ્યામુભાઈ કોલેજમાં કોઈ છોકરી જોડે પકડાઈ ગયા છે. મને ખબર ને, હું એ છોકરીના ક્લાસમાં તો છું. એ વખતે પણ પવન બહાર ચકરીઓ લેતો હતો. આમ જ લાઈટ સળગાવીને એ ટેબલ આગળ ઊભાં રહી પતિની રાહ જોઈ રહ્યાં હતાં. મનમાં હતું કે, હમણાં આવશે-બિલકુલ બદલાઈ ગયેલા, મોં પડી ગયું હશે. હાથને વારંવાર અવળો કરીને કપાળ લૂછતા હશે. આવીને કહી દેશે-આમ બન્યું છે. લક્ષ્મી, કહી દે, શું પ્રાયશ્ચિત છે? પણ બન્યું હતું ઊલટું. શ્યામલાલ હસતાં હસતાં જ આવ્યા હતા. એ જ સિનેમા ઢબનું, 'હેલો લક્ષ્મી!' પછી કીસ. એમના મનમાં હતું કે, હમણાં કહેશે. પણ પછી જમવાનું ને તરત-ચાલો સૂઈ જઈએ- એમ કહી એ સુવાના ખંડમાં ચાલ્યા ગયા હતા. પડદો લટકી રહ્યો હતો. તે પછી લક્ષ્મીબેનને જઈને પૂછવું પડયું હતું- એ સાચી વાત?

પછી એ બધું ભૂલાઈ ગયું હતું; પુત્રના જન્મ સાથે. જીવન યંત્રના ઢાંચામાં ઢળાવા લાગ્યું હતું. પુત્રના મૃત્યુ સાથે એમાં સહેજ આંચકો આવ્યો ને પાછું યંત્રે બીજી રીતે પોતાનું કામ શરૂ કરી દીધું હતું.

ત્યાં પાછળ બારણું ખખડયું.

ફરી એક વાર પવન લક્ષ્મીબેનની સાડી સાથે અડપલાં કરી ગયો.

"ખટાક્...ખટાક્...' બીજી વાર અવાજ આવ્યો. એમના હાથ ટેબલ સાથે જડાઈ ગયા. ત્રીજી વાર ખટાક્ સાથે એ પરિચિત સ્વર લ...ક્ષ...મી. ને પાછા એમના પગ ફરશ પર જોરથી ફર્યા. ઘસડાયા. નં ૨ પછી ચોથી વાર બારણાની તડો પર કંઈક ફૂંફોસી રહી, ને પછી હાથ આગળા ઉપર ગયો. દક્ષા ગઈ એ વખતે હાથ ત્યાં રાખ્યો હતો ને હાથ પર ખાલી ચડી ગઈ હતી એ એમને યાદ આવ્યું. ખાલી ચડી જવાની બીકે જ હોય એમ ઝટઝટ એમણે આગળો ખસેડી નાખ્યો. બારણું ઊઘડયું. નજર થોડી વાર માટે સામે રહેલા એ ચહેરામાંથી પોતે ધારેલી રેખાઓ શોધવા મથી રહી ને પછી એમણે પીઠ ફેરવી. પગ પોઠા

ટેબલ આગળ જઈને અટક્યા. ને નજર એમણે પાછળ ફેરવી.

પણ બધું હંમેશની જેમ બન્યું. જોડા ઉંબર આગળ સહેજ ઘસડાઈને બાજુએ ઊતરી ગયા. સોટી ખૂણામાં મુકાઈ ગઈ. ત્યાંથી ખીંટી પાસે પહોંચ્યા ત્યાં સુધીમાં એક પછી એક કોટનાં બટન ખૂલી ગયાં હતાં. કોટ ખીંટીએ લટકાવીને એમણે પાછળ હાથ ઉઠાવ્યો. હાથ થોડી વાર પાછળ રહ્યો ને પછી ડોક પણ ફેરવી-પાણી, લક્ષ્મી!

પાણી આપ્યું. પછી પતિને રોજની સ્વસ્થતાથી હાથમાં પીતા જોઈ રહ્યાં. પગનાં આંગળાં ફરશ પર સળવળી રહ્યાં. પછી એ જ—થાલ, ખાવા કાઢ, લક્ષ્મી! થોડી વાર પછી —આજે એક છોકરાને સ્કૂલમાંથી ડીસમીસ કર્યો. બડો તોફાની હતો. આવારા. ખાવાનું કાઢતાં કાઢતાં લક્ષ્મીબેન સાંભળી રહ્યાં. જોઈ રહ્યાં. આજે પતિ દરરોજ કરતાં પણ વધુ ઉત્સાહથી વાત કરી રહ્યા છે. હસી રહ્યા છે. નાટક ખેલી રહ્યો છે. એક સફળ નાટક. વાતો સાંભળે ગયાં. સાથે સાથે "હું લક્ષ્મી?" ના જવાબમાં 'હં...હં'ના ગોટા વાળી રહ્યાં. હાથનાં આંગળાંને ધ્રૂજતાં અટકાવવા મથી રહ્યાં. સામે રહેલા એ ચહેરામાંથી પેલી રેખાઓ શોધવા મથી રહ્યાં. દક્ષા ખોટી પણ હોય. એણે કોઈની પાસેથી ગપ્પું પણ સાંભળ્યું હોય, પોતે પણ ગપ્પાં મારતી હોય. બડી લુચ્ચી છે.

પણ આવી વાતો ખોટી નથી હોતી. પતિ આબાદ નાટક કરી જાણે છે.

"હં ?હું ? શું કહ્યું ?'

"હવે ચોથી વાર બોલવું પડશે. ભાખરી આપ. શું વિચારતી હતી ?' લક્ષ્મીબેન હસ્યાં. મોંએ આવ્યું એ કંઈ બોલી નાંખ્યું 'પેલા તમારી સ્કૂલના છોકરાને ડીસમીસ કર્યો છે ને, એનું વિચારતી'તી" પતિએ પાણી માગ્યું તે આપ્યું. થોડી વાર પછી એ જ હાસ્ય. આજે મારે ત્રણ વાર બારણું ઠોકવું પડ્યું...હું કામમાં હતી...

...હવે ચોમાસું આવે છે. એટલે દીવા પર પતંગિયાં આવવાનાં. પતિએ ટેબલ પરથી એક ચોપડી ઉઠાવી આ રોજ બનતું. સોપારી? ટુકડો લક્ષ્મીબેનનાં આંગળાં



ગૃહિણી ચિત્રકાર : ઉર્મિલાબેન પરીખ

વચ્ચે જ રમતો હતો- દરરોજની જેમ જ એમનાં આંગળાંમાંથી પતિનાં આંગળાંમાં ને ત્યાંથી એમના દાંત વચ્ચે ચાલ્યો ગયો. રોજની જેમ જ જમણા ખભા પરથી પાછળ જોઈને એમણે પત્ની સામે હસી લીધું. બિલકુલ સ્વાભાવિક અભિનય. લક્ષ્મીબેને વિચાર્યું- દક્ષા ખોટી હતી. બડી નટખટ છે. ગપ્પું માર્યું.

...પૂછ્યું હોત પતિને. વિચાર આવીને ચાલ્યો ગયો. "શ્યામલાલ પડદો સહેજ ખસેડીને સુવા માટે અંદર ચાલ્યા ગયા. પાછળ પડદો લટકી રહ્યો. એના સળ વચ્ચે લક્ષ્મીબેનની નજર અટવાઈ રહી. પડદો હજુ ઝૂલતોહતો ને એના સળ હાલી રહ્યા હતા. દક્ષા કદાચ ખોટી પણ હોય. કે, સાચી ય હોય. બેમાંથી એક હોઈ શકે. હવે સૂઈ જવાનું છે. અંધારું કરી દેવાનું છે. પડદાના સળ હાલી રહ્યા છે. દક્ષા વાત કરતી હતી ત્યારે એના સ્કર્ટના સળપણ આમ જ હાલી રહ્યા હતા.

☆



શિવકુમાર જોષી

સ્થળ:-કૌશિકરામ એડવોકેટનો બેઠકખંડ-આધુનિક સુઘડ સજાવટ-મધ્યમવર્ગનું સુખી કુટુંબ છે, એવી છાપ પડે તેવી.

સમય:- સવારના દસ પછી.

પડદો ઊઘડે છે ત્યારે કૌશિકરામની ૨૨-૨૩ વર્ષની પુત્રી નિગમ, છાપું અથવા તો બીજું કોઈ ચોપાનિયું હાથમાં હોવા છતાં વાંચવાનું બાજુએ રાખીને કશા ઊંડા વિચારમાં પડી હોય તેમ બેઠી છે.

થોડીવાર પછી ડાબા હાથ તરફના કૌશિકરામના શયનખંડમાંથી નિગમના નાનાભાઈ નિરામયની બૂમ સંભળાય છે–

—નિગમ, નિગમ, બહેન જરા અંદર આવ તો.

નિગમ:- (સફાળી ભાનમાં આવતાં) મને બોલાવી નિરુ? શું છે?

નિરામય:- (બારણામાં ડોકાતાં) બહેન જરા જલદી.

નિગમ:- પણ છે શું ?

નિરામય:- આપણે ખોળતાં હતાં તે છેવટે મળી આવ્યું.

નિગમ:- પણ શું ?

નિરામય:-અંદર આવ એટલે બતાવું.

[ઢીલાં પગલે નિગમ નિરામયની પાછળ પાછળ અંદર જાય છે. થોડી ક્ષણો પછી પાછળના પ્રવેશદ્વારમાંથી નિગમની બહેનપણી સુરતા પ્રવેશે છે.]

સુરતા:- નિગમ! નિગમ ઘરમાં છે કે?

[પણ કશો જવાબ મળતો નથી. રોજની ટેવ હોય તેમ તે સ્વાભાવિકપણે પુસ્તકોનાં કબાટમાંથી ખાંખાખોળા કરીને એક બે પુસ્તકો ખેંચી લે છે. ત્યાં કબાટ ઉપર ખુલ્લું પડેલુ એક પુસ્તક એની નજરે પડે છે. તે ઉપાડીને આરામથી એક ખુરસી ઉપર બેસી જાય છે.

સુરતા:- (એમ બેસતાં બેસતાં) જગન્નાથ, મારે માટે એક ગ્લાસ પાણી લાવજે.

[થોડી ક્ષણો પછી ઘરનો જૂનો નોકર જગન્નાથ જમણી તરફથી ડોકાય છે.]

જગન્નાથ:- ઓ! તમે છો સુરબેન! મને બોલાવ્યો?

સુરતા:- હા જગન્નાથ...જરા પાણી લાવતો ભાઈ. કેવો તાપ પડે છે, નહિ?

જગન્નાથ:-તો પછી, કહો તો શરબત લાવું, નહિતર મશીનમાં ઠંડી કોફી પડી છે. નિરુભૈને કેટલી ભાવે, પણ ત્રણ દિવસથી હાથ અડાડ્યો નથી. કોફી લાવું?

સુરતા:- આજે તારો મિજાજ ઘણો ઠેકાણે છે, જગુ! વગર છછેડ્યે સામેથી શરબત અને ઠંડી કોફી લાવવાનું કહે છે! વાત શી છે?...અરે, નિગમ કેમ દેખાતી નથી?

જગન્નાથ:- અહીં આગાડી તો બન્ને ભાઈબેન કારના ગુસપુસ કરતાં'તાં! સાહેબની પાછા ફરવાની રાહ જોતાં ઘરમાંથી બાર ને બારથી ઘરમાં આંટાફેરા—

સુરતા:- સાહેબની રાહ જોતાં'તાં? પણ કૌશિક કાકા તો અત્યારે ચેમ્બરમાં પહોંચી જાય...આજે કોર્ટ બંધ છે કે શું?

જગન્નાથ:-(પાસે આવીને ધીરા અવાજે) બા...બા આજ પાછાં આવે છે. સુરુબેન...છેને તે સાહેબ એમને તેડવા ગયા છે. સૌ સારાં વાનાં થશે હોં...

સુરતા:- તેં ક્યાંથી જાણ્યું?

જગન્નાથ:- નિગમબેન નિરુભૈને 'કેતાં'તાં, આજે પણ એમણે નાસ્તો કરવાની ના પાડીને એટલે.

સુરતા:- એમ ત્યારે નંદનકાકી છેવટે પાછાં આવે છે—

જગન્નાથ:- મારા કરશનભગવાને મારી વાત છેવટે હાંભળી ખરી, નઈતર હું લોકોને શું મોઢું બતાવત (આંખમાં ઝળઝળીયાં આવી જાય છે.) ...તો 'કો', શું લાવું? શરબત કે પછી મશીનની કોફી?

સુરતા:- સૌ પહેલાં સાદું પાણી જ લાવ. (જગન્નાથ જમણી તરફ જવા માંડે છે.)ને નિગમ અંદર હોય તો એને કહેજે કે, હું આવી છું.

[જગન્નાથ જાય છે. સુરતા વારંવાર પુસ્તક વાંચવાનો પ્રયત્ન કરે છે પણ છેવટે ઊભી થઈને દીવાલ ઉપર લટકતી કૌશિકરામ-નંદનબેનની મોટી છબી સામે એક નજરે જોતી ઊભી રહે છે. ત્યાં બાજુના ઓરડામાં કશો અવાજ સંભળાય છે, એટલે એ તરફ આગળ વધે છે.]

સુરતા:- (મોટેથી) નિગમ! (બે પગલાં વધુ આગળ વધે છે.) નિગમ તું ત્યાં છે? (બીજાનાં લગભગ શયનખંડનાં બારણાં સુધી પહોંચી જાય છે.) અરે ઓ નિગમ! હું ક્યારની આવી છું ને આટલે મોટેથી જગુ સાથે વાતો કરું છું પણ તું તો-

[ત્યાં ઝડપથી નિગમ બહાર આવે છે ને સુરતાનો હાથ પકડી લઈને, એને સોફા ખુરશી તરફ તાણીને લઈ જાય છે. નિગમની પાંપણો ઉપર હજી બે ચાર અશ્રુબિન્દુ વળગી રહ્યાં છે. એ એના મનોભાવની ચાડી ખાય છે]

નિગમ:- (ખિડંગાતા અવાજે) તું! આટલી વહેલી?

સુરતા:- બેએક પુસ્તકો લેવાં હતાં. અરે પણ નિગમ, તને થયું છે શું? કેમ આમ?

નિગમ:- (સ્વસ્થ બનવાનો દેખાઈ આવે એવો પ્રયત્ન કરતાં) કંઈ નહિ, કેમ? (હસવાના પ્રયત્નને અંતે દયામણું- ફીકું જ હસી શકે છે.)

સુરતા:- અરે પણ નિગમ, નંદનકાકી સાચેસાચ આજે પાછાં આવે છે? હેં?

નિગમ:- તને કોણે કહ્યું?

સુરતા:- કોણે કહ્યું એ અગત્યનું છે?

નિગમ:- (સુરતાની પ્રશ્નાર્થ દૃષ્ટિને ટાળતાં) હા, હા, કદાચ કદાચ મા આજે પાછી ફરશે.

સુરતા:- એટલે કે?

નિગમ:- એટલે કે, બાપાજી સાથે સંધિ થઈ ગઈ લાગે છે. એથી વિશેષ કશી જિજ્ઞાસા?

સુરતા:- ખરાબ લાગ્યું? મારા ઉપર ખોટું લાગ્યું?

નિગમ:- (રુદનને માંડ માંડ રોકતાં) નારે ગાંડી, ખોટું લાગ્યું છે મને મારાં ભાગ્ય ઉપર. નિરામય પણ એવું જ કશું કહેશે...

સુરતા:- આજે પણ એ દેખાતો નથી! નંદનકાકી ગયાં તે દિવસથી હું જ્યારે આવું છું ત્યારે મને પણ મોં દેખાડતો નથી!

નિગમ:- (સુરતાએ ટેબલ ઉપર ઊંધું મૂકેલું પુસ્તક નજરે પડતાં, યોજનાપૂર્વક વિષય બદલતી હોય તે રીતે) આ શું ઉપાડ્યું વળી?
સુન્દરમનું વસુધા?

સુરતા:- લેવા આવી હતી ઉત્તરરામચરિત, પણ કબાટ ઉપર અધખુલ્લું વસુધા જોયું એટલે થયું કે, લાવ જરા જોઉં.

નિગમ:- હમણાંથી બાપાજી- (ન બોલવાનું બોલાઈ ગયું એવો ખ્યાલ આવતાં અટકી જાય છે.)

સુરતા:- શું બોલવા જતી હતી, નિગમ ?

હમણાંથી બાપાજી?

નિગમ:- કંઈ નહિ.

સુરતા:- મારાથી છુપાવે છે ને ? બસ કે ?

નિગમ:- માબાપ વચ્ચે કશા ય કારણસર મતભેદ જાગે અને સહેવાનું બાળકોને.

સુરતા:- પણ લોકો તો કહે છે કે આ કંઈ સામાન્ય મતભેદ નો'તો.

નિગમ:- કોને ખબર! સામાન્ય કે અસામાન્ય, પણ મારે અને નિરામયનો તો વિચાર કરવો હતો.

સુરતા:- આમાં તને માત્ર નંદનકાકીનો જ વાંક લાગે છે, નિગમ ?

નિગમ:- બાપાજી! એમનો કશો વાંક હોય જ નહિ, સુરુ. સવારે એમના અસીલો, પછી ચેમ્બર ને કોર્ટ, રાતના પણ મોડે સુધી કેસનાં કાગળિયાં તપાસતાં બેઠા હોય.

સુરતા:- તે સિવાય બહારગામના કેસો લડવા પણ એમને અવારનવાર અમદાવાદ વડોદરા જવું પડતું...
કાકીને એ કારણે એકલું લાગ્યા કરતું હશે, નહિ?

નિગમ:- માના ગયા પછી થોડા દિવસ તો એ ચૂપ રહ્યા. પછી જાણે અમારી પ્રશ્નભરી દૃષ્ટિ એમનાથી જીરવાની નહિ હોય.

બિચારા બાપાજી, પછી ગઈકાલે એમણે મને આ વસુધા વાંચવા કહ્યું

(પુસ્તક ખોલીને ચોક્કસ પાનું બતાવતો) આ કાવ્ય "સાંજે ત્યારે" અને...અને... "નથી, નીરખવો શશી."

સુરતા:- તારી પાસે વંચાવતા હતા? પોતે કેમ ન વાંચે?

નિગમ:- પોતાના મનને આવરી રહેલી યાતનામાં અમે ભાગ પડાવી શકીએ, તે માટે કદાચ, અથવા તો—

સુરતા:- અથવા તો?

નિગમ:- અમે ભાઈબહેન માર્ગોમાં ફરતાં હતાં. છેવટે મેં હિંમત એકઠી કરીને બાપાજીને પૂછી લીધું, "એવું તે શું થયું તમારી વચ્ચે, તે આટલે વર્ષે મા ઘર છોડીને ચાલી ગઈ ?"

સુરતા:- કૌશિકકાકાએ શો જવાબ આપ્યો?

નિગમ:- બે દિવસ તો એમણે કશો જ જવાબ ન આપ્યો. પછી જવાબમાં આ કાવ્ય વાંચવા કહ્યું. (ધીરે અવાજે વાંચે છે.) "કરી વ્યર્થ ચંદ્રનું વદન ખાલી જોવું, યદિ ન સંગ આમ છે જ ચંદ્રવદનાઅમારી? પછી શશી થકી ય પૂર્ણ ઉત્સવ ગુપ્ત એ સ્મરીને સ્મરી કશો હૃદય બાળવું? નિરખવો નથી રે શશી." ને એમની આંખમાંથી આંસુ ચાલ્યાં જતાં'તાં, માને બાપાજી બસ એ રીતે જ ચાહતા આવ્યા છે. હું જાણું ને,...એટલે કે, બાપાજીનો આ બાબતમાં કશો પણ ગુનો હોય તો, તે એમનો અતિ ઉદાર સ્નેહ.

સુરતા:- એમની વયની સ્ત્રીઓ તો નંદનકાકીની અદેખાઈ કરતી હશે. આવો સજ્જન, સંસ્કારી અને વ્હાલસોયો પતિ કેટલી સ્ત્રીઓનાં ભાગ્યમાં લખાયો હોય! ને એમની વિદ્વત્તા અને પ્રતિષ્ઠા!

નિગમ:- અને છતાં યે માને આ શું સૂઝ્યું?

આટલે વર્ષે?

સુરતા:- એટલે કે?

નિગમ:- (નિસાસો નાખીને) બાળકોએ પોતાનાં માતા-પિતાની નિંદા ન કરવી જોઈએ.

પણ લોકો જે રીતે અમારી સામે જુવે છે! આ નંદનની છોડી...આ નંદનપત્નિ'નો એકનો એક દીકરો! (જગન્નાથ હાથમાં ટ્રે લઈને પ્રવેશે છે.) કોણ, જગુ? અત્યારે તે કોઈ કોફી પીતું હશે? ચા બનાવી લાવવી'તીને.

જગન્નાથ:- નિરુભાઈને મશીનની ઠંડી કોફી ખૂબ ભાવે છે. બેન પાસે કેટલા લાડ કરીને કોફી કરાવતા'તા! ત્રણ દિવસથી મશીનમાં હતી ને આઈસ્ક્રીમ થઈ ગઈ હતી, ને હું પાછી ઓગાળીને લઈ આવ્યો. નિરુભાઈ ક્યાં ગયા?

સુરતા:- જગન્નાથ, નિરુભાઈને પણ બોલાવી લાવ. આ બાજુના કમરામાં જ છે.

નિગમ:- એ નહિ આવે, સુરુ.

સુરતાઃ ન કેમ આવે? બીજા કોઈનું ભલે ન માને, મારું તો એણે માનવું જ પડશે.

(બોલીને બાજુના ઓરડામાં જાય છે.)

જગન્નાથઃ- સાહેબ હજી પાછા ન આવ્યા?

હેં બેન, બા આવશે તો ખરાં ને?

નિગમઃ- તું અંદર જા જગુ અને નાસ્તામાં કશું હોય તો લઈ આવ, થોડાં બિસ્કિટ કે પછી ચેવડો કે એવું કંઈક. આજે સવારે પણ નિરુએ મોમાં કશું મૂક્યું નથી.

જગન્નાથઃ- ઊલટાનું, બા પાછાં આવે છે એટલે તો એમણે—

નિગમઃ- મહેરબાની કરીને તું અંદર જા જગુ. સમજે વિના સમજે બધું ભરડે રાખે છે. દરેક બાબતમાં તારે અભિપ્રાય આપવો જ જોઈએ? બાએ એવો ચઢાવી મૂક્યો છે!

જગન્નાથઃ- (જતાં જતાં) હાવ હાચી વાત છે, બેન. આ ઘરમાં મા પાછાં ન આવત તો, હું પણ-(બોલતો બોલતો અંદર ચાલ્યો જાય છે)

નિરામયઃ- (સુરતાની સાથે પ્રવેશ કરતાં) બેન, તેં મને બોલાવ્યો?

સુરતાઃ- કેવો મસ્તરામ હતો, ને આ થોડા દિવસમાં સાવ કેવો નિસ્તેજ બની ગયો છે. અરે, પણ મને જોઈને તું એમ ચમકી કેમ ગયો?

નિરામયઃ- ના રે, હું ચમકી શા માટે ઊઠું?- તમને જોઈને?

સુરતાઃ- હજી એ ચમક તારા મુખ ઉપર અંકાઈ જઈને ચાડી ખાય છે. નિગમ, એને થયું છે શું? અરે એય, તારા હાથમાં આ શું છે? (નિરામયને ખ્યાલ આવે છે કે, ભૂલભૂલથી પોતાના હાથમાં એક ફ્રેમવાળી છબી લઈને જ એ ઓરડામાંથી બહાર આવ્યો છે, નિગમનું પણ એ તરફ ધ્યાન જાય છે. એ સહેજ બેબાકળી બની જાય છે.)

નિરામયઃ- અરે, એ તો (વાક્ય અધૂરું રહી જાય છે. ફ્રેમ પીઠ પાછળ છુપાવી રાખવા પ્રયત્ન કરે છે.)

નિગમઃ- એ જ્યાંથી મળી આવી'તી ત્યાં જ મૂકી દે, નિરુ. મેં તને કહ્યું નો'તું?

નિરામયઃ- (ડાબી બાજુ ઓરડા તરફ પગલાં ભરે છે.) અરે હા, મૂકી દઉં છું. પણ તું એમ ગુસ્સો ન કરે તો ન ચાલે?

સુરતાઃ- (છબી અંગે ભાઈબેનનાં વર્તનથી સહેજ નવાઈ અનુભવતાં) અરે, પણ એ છે શું? છબી જ ને? કોની છબી છે? (કૌતુકથી નિરામયના હાથમાંથી છબી આંચકી લે છે.)

નિરામયઃ- (તે પાછી લેવા જતાં) અરે, પણ સુરુબેન!

નિગમઃ- સુરતા, એ ફ્રેમ, એ છબી નિગમને પાછી આપી દે.

સુરતાઃ- પણ તે કારણે તમે બન્ને આટલાં અપસેટ શાથી થઈ ગયાં? (છબી સામે જોતાં) અરે, આ તો નંદનકાકીનો ફોટો છે! કેટલાં, પંદરેક વર્ષ પહેલાંનો હશે? કેવું માન મુકાવે એવું વ્યક્તિત્વ! એ જમાનામાં પણ એ માથું આમ ખુલ્લું રાખીને હરતાં ફરતાં હશે? કેટલી ગુજરાતણોમાં એવી હામ હતી? (પુસ્તકના કબાટ ઉપર છબી ગોઠવીને ધારી ધારીને જોયાં કરે છે.)

નિરામયઃ- એ છબી લાવો સુરતાબેન, જ્યાં હતી ત્યાં પાછી મૂકી દઉં. (છબી લેવા જાય છે ત્યાં નાસ્તાની સામગ્રી સાથે જગન્નાથ પ્રવેશે છે.)

જગન્નાથઃ- આ છબી જડી? સાહેબ કેટલા દિવસથી શોધતાં'તા. મેં'ય આખું ઘર ઉપરતળે કર્યું પણ કેમે કરીને પત્તો જ ન ખાય. હાચું કેજો સુરુબેન, બા પંદર વરહ પેલાં હતાં તેવાં જ આજે પણ રહ્યાં છે ને?...છબી કંઈ અગાડી અતી નિરુ ભૈ? (નાસ્તાની પ્લેટ ટેબલ ઉપર મૂકી પોતાનાં ઝાટકણથી કાળજીપૂર્વક છબી લુછે છે.)

નિરામય:- બહુ જોરથી ન લૂછીશ, જગુ. તું તો પાછો કાચ તોડી નાખીશ.

જગન્નાથ:- આ જગુનો ભો ને હોય નિરુભૈ, બાની આ છબી તો સાહેબ કેટલાં જતનથી સાચવતા તે હું નથી જાણતો? તમે બધાં સૂઈ ગયા હો ને એમની ઓફિસના ટેબલ ઉપરના કાગળોના ઢગલાની વચમાંથી છબી ઉપાડીને સૂવા જતાં પહેલાં સાહેબ એકવાર ધારી ધારીને જોઈ જ લે...

નિગમ:- શું નાખી દેવા જેવી વાત કરે છે હવે, જગુ ? આ છબી તો-

નિરામય:- Keep quiet નિગમ. (જગુની પાસે જઈને) તું ક્યારની વાત કરે છે, જગુ?

જગન્નાથ:- કેમ વળી! દોઢ બે વરસથી એ છબી હાથમાં નથી આવતી...સાહેબ એક વાર કેસ લડવા વડોદરા ગયેલા, તારે એમની પેટીમાં આ છબીને ગોઠવતાં મેં એમને નજરે જોયેલા. બસ તે પછી-

નિરામય:- તું અંદર જા જગુ. બાપાજી આવી પહોંચશે ને પછી કોર્ટમાં જવાની ઉતાવળમાં હશે એટલે—

જગન્નાથ:- આ છબી જોશે એટલે કેટલા રાજી થશે... અરે, પણ આ કાચ તળે તો બે ચાર જીવડાં ચોંટી ગયાં જણાય છે. જરા ખોલીને સાબુના પાણીથી ધોઈ નાખું. (બોલીને ફ્રેમ ખોલવા જાય છે ત્યાં નિગમ ઝડપથી એના હાથમાંથી ફ્રેમ સમેત છબી ઝૂંટવી લે છે.)

નિગમ:- તને કહ્યુંને જગુ, તું અંદર જા. કાચ હું હમણાં સાફ કરું છું. તું પાછો કશું ઊંધું-ચતું કરી બેસીશ.

[જગન્નાથ અને સુરતાને નિગમની આવી ઝડપ અને અકળામણ સમજાતાં નથી. પોતાનો અધિકાર કોઈએ ખૂંચવી લીધો હોય એવું જગન્નાથને લાગે છે. ઘોડી ક્ષણો જ્યાંનો ત્યાં ઊભો રહીને પછી કમને અંદર ચાલ્યો જાય છે. સુરતા હજી આશ્ચર્યમાં ડૂબેલી જ છે, ત્યાં]

નિગમ:- બાપાજી પાછા ફરે તે પહેલાં આ જ્યાં હતી ત્યાં મૂકી આવ, નિરુ. (છબી નિરામયને આપે છે.)

સુરતા:- પણ એનો કાચ તું જાતે સાફ કરવાનું કહેતી હતીને નિગમ!

નિગમ:- પછી થઈ રહેશે. આજે આપણે કેટલે દિવસે મળ્યાં?... કોફી પાછી ગરમ થઈ જશે. લેતો, તું ઊભો કેમ રહ્યો નિરામય? શો વિચાર કરે છે ?

નિરામય:- નિગમ, સુરુબેનથી આ બધું છુપાવાનો કશો અર્થ ખરો? બહારથી કશુંક બેહૂદું સાંભળે તે કરતાં આપણે જ એમને સાચી વાત કાં ન કરીએ? ક્યાં સુધી આપણે આ બધું છુપાવી શકવાનાં હતાં?

નિગમ:- નિરુ !

નિરામય:- તારા કરતાં લેશ પણ ઓછી પજવણી હું અનુભવું છું એમ તું શાથી માને છે?

નિગમ:- કોફી પી લઈને તું જા, સુરુ. નિરુ ખૂબ અપસેટ થઈ ગયો છે.

સુરતા:- (કોફીનો ગ્લાસ ટેબલ ઉપર પાછો મૂકીને ઊભાં થતાં) ભલે.

નિરામય:- (એને રોકતાં) ના સુરુબેન, બેસો. આજે અમારો વારો, કોને ખબર કાલે કદાચ તમારો વારો પણ આવે. આપણે સૌએ ભેગાં બેસીને નિવેડો આણવા જેવી આ ઘટના નથી, નિગમ?

સુરતા:- પણ નિગમની ઈચ્છા વિરુદ્ધ હું બેસું કેવી રીતે?... બાકી, નંદનકાકી ચાલ્યાં ગયાં તે અંગે ચારે બાજુ જાતજાતની વાતો થતી હતી, તે મારાથી ન સહેવાઈ એટલે સાચી વાત જાણવા માટે હું સામેથી ચાલીને આવી હતી. મારી જાતને હું તમારાં સુખદુઃખની સાથી ગણતી હતી.

નિરામય:- બેસો સુરુબેન, નિગમ હવે વાંધો નહિ લે. સાંભળો, આટલી ઉમ્મરે માએ પોતાનો મનોભાવ જાહેર કર્યો.

નિગમ:- ના, નિરુ ના, મા માટે એવું બધું ન બોલીશ.

નિરામય:- (નિગમને ન ગણકારતાં) સુરુબેન, તે દિવસે બન્ને વચ્ચે ખૂબ બોલાચાલી થઈ, છેવટે અસહિષ્ણુ બનીને બાપાજી કશું ન બોલવાનું બોલી ગયા, ને માએ એમને સ્પષ્ટ કહી દીધું કે.(બોલતાં અટકી જાય છે. ગળે ડૂમો ભરાઈ જાય છે.)

સુરતા:- તને વાત કરતા મુશ્કેલી પડતી હોય તો, અત્યારે રહેવા દે નિરુ, ફરી કોઈવાર !...

નિરામય:- (બે ક્ષણમાં જ સ્વસ્થ થતાં)એ જાણ્યા સિવાય હવે તમે બેચેન બની જવાનાં...માએ બાપાજીને કહી સંભળાવ્યુ કે, એમની સાથેનું એનું લગ્નજીવન સાવ નિષ્ફળ નીવડ્યું છે. બાપુજી માટે એનાં અંતરમાં માત્ર સદ્‌ભાવ સિવાય બીજી કોઈ લાગણી નથી. એ તો ચાહે છે—

નિગમ:- બસ, નિરુ બસ.

નિરામય:- (ફ્રેમની પછીત ખોલી નાખતાં)મા ચાહે છે, વર્ષોથી—

નિગમ:- (છબી પોતાની પાસે ખેંચી લેવાનો મિથ્યા પ્રયત્ન કરતાં) મારી હાજરીમાં મારી માનું છિદ્ર, તું એનો પુત્ર થઈને ઉઘાડું પાડીશ, નિરામય ?

નિરામય:- સારી યે ગઈકાલની પેઢીનું એ સત્ય છે, બેન નિગમ ! છિદ્ર જેવો ચીલાચાલુ કઢંગો શબ્દ તું મા માટે વાપરે છે? સાચું કહેજે સુરતાબેન, આપણાં માવતર, એમનાં હૈયામાં સંઘરાયેલી બધી જ વાતો ખુલ્લી કરે તો, દસમાંથી નવ જણનાં જીવનનું આ સત્ય નથી ?

સુરતા:- હું ન સમજી, નિરુ,

નિરામય:- તમે બરાબર સમજો છો, છતાં વધું ચોખવટ માંગો છો? મોટા ભાગનાંઓનું લગ્નજીવન થીગડથાગડ નથી હોતું ? પણ એ કબૂલ કરવાની હિમ્મત વર્ષો પછી મારી સામાં જાગી...એવી મા માટે મને તો માન જ થાય છે. નિગમ ભલે—

નિગમ:- મારી મા માટે મને માન નથી એવું મેં ક્યારે કહ્યું? પણ આજુબાજુનાઓની વેધક દૃષ્ટિ મારાથી જીરવાતી નથી. સાચું કહું છું સુરતા...જોને, તારી જ નજર કેવી આરપાર ઊતરી જાય છે ?

સુરતા:- પણ આવું સાહસ! કૌશિકકાકા જેવો પતિ, છતાં કયા અભાવને પૂરવા માટે?

નિરામય:- મને તો એવા સાહસનો આવો નતીજો આવી રહ્યા છે તે ખૂંચે છે. અમે પુખ્તવયે, પહોંચેલાં બાળકો એને યાદ આવ્યાં, એટલે એ પાછી આવે છે... અરે, પણ એને એ કેમ નહિ સમજાયું હોય કે, પૂરી સહાનુભૂતિ અને માન હોવા છતાં અમે એને પહેલાંની નજરથી નથી જોઈ શકવાનાં. બધી ઊથલપાથલ આ છબીને કારણે થઈ. એની પછી ખોલીને મા કદાચ ઘણી યે વાર બક્ષીકાકાનું મુખ જોઈ લેતી હશે... એવું કશું કરતાં બાપાજીએ એને તે રાત્રે જોઈ, અને સારી યે ઘટના ઉપરનું ઢાંકણ ક્ષણવારમાં ખુલી ગયું.

સુરતા:- બક્ષીકાકા એટલે ?

નિરામય:- (ફ્રેમ ખોલીને પાછળ છુપાવેલો એક ફોટો કાઢીને સુરતાને બતાવતો) 'આ બક્ષીકાકા, લૉ કૉલેજના રિટાયર્ડ પ્રિન્સીપાલ.

સુરતા:- એકલદોકલ વિધુર છે તે પ્રોફેસર પ્રસન્નકુમાર બક્ષી ? પણ એ તો બહુ ધૂની ગણાય છે. સાવ એકાંતમાં નાનો સરખો બંગલો છે.. ચિત્રો ચીતરતા હોય કે પછી બગીચો સંભાળતા હોય છે.

છેલ્લા ફ્લાવર શોમાં એમનાં કેક્ટસ અને કાળાલીલા ગુલાબને પહેલું ઈનામ મળ્યું હતું... આપણે બધાં જ એ જોવાં ગયાં હતાં, નહિં ?

નિરામય:- એમના એ એકાંત બગીચાની માવજત અને ઉછેરમાં મારી માનો પણ હિસ્સો હતો. એમ કહું તો નવાઈ લાગે, સુરુબેન?

સુરતા:- શું વાત કરો છો ?

નિગમ:- એ ફૂલના શોખે તો બધી તકલીફ ઊભી કરી. એક વાર મા રોયલ નર્સરીમાં થોડાં શાક-પાનના અને ચાલુ ફૂલછોડનાં બીયાં અને થોડી કલમો ખરીદવા ગયેલી, ત્યાં એકચિત્તે જાતજાતનાં ફૂલોનાં રંગરૂપ માણતાં પ્રોફેસર બક્ષીને એમણે જોયા-

સુરતા:- પણ કહે છે કે, કૌશિકકાકા અને પ્રોફેસર બક્ષીની તો જુની ઓળખાણ હતી?

નિરામય:- બન્ને આ જ લૉ કોલેજના વિદ્યાર્થીઓ હતા. બક્ષીકાકાએ ધાર્યું હોત તો, આજે તેઓ મુંબઈની હાઈકોર્ટની બેન્ચમાં વિરાજતા હોત, પણ મૂળથી જ ધૂની.

નિગમ:- આવી બધી વાતો શા માટે નિરુ ? અજાણપણે આપણે આપણી જ માની કેવી કેવી વાતો ખુલ્લી પાડી નાખીએ છીએ એનો તો વિચાર કર.

નિરામય:- ચિત્રોનો સામાન્ય શોખ પછી વધુ ગાઢ થયો. ઝાડપાન અંગેની સમજ વધી. એમ કરતાં કરતાં બન્ને વચ્ચે ઘરોબો વધ્યો.

સુરતા:- પણ કૌશિકકાકાએ એવા સંબંધને પ્રોત્સાહન શા માટે આપ્યું ?

નિગમ:- મેં ય બાપાજીને એ પ્રશ્ન ચાર દિવસ ઉપર પૂછ્યો હતો. પણ એમણે જવાબ ન આપ્યો.

સુરતા:- એમ સાવ આંધળીઆ કરવાનો તો કૌશિકકાકાનો સ્વભાવ નથી. આમ તો દરેક પગલું ગણી ગાંઠીને ભરે અને ભરાવે પણ...અને પ્રોફેસર બક્ષી? જીવનનો આટલો માર્ગ વટાવી લીધા પછી, એમના જેવાને આવું શોભે ?

નિરામય:- માનશો સુરતાબેન, જે ક્ષણે મેં આ જાણ્યું કે મા બક્ષીકાકાને ત્યાં ચાલી ગઈ છે, ત્યારે મારા મન ઉપરનો કાબૂ ચાલ્યો ગયો. તે વખતે મારા હાથમાં રિવોલ્વર કે છરો હોત તો, પરિણામની કશી યે ચિંતા કર્યા સિવાય-

નિગમ:- જારે, ગાંડા ! એવી માના બાળકથી એવું વિચારાય પણ ખરું ?

સુરતા:- કૌશિકકાકાની જગ્યાએ મારા બાપુ હોય તો, એ પણ પહેલું પગલું તો આવું જ વિચારે. પુરુષને પોતાનું સ્વમાન હણાય, પત્નીની નિષ્ઠા સરી પડી છે એમ લાગે તો પુરુષ જેવો પુરુષ-

નિરામય:- ઊલટું બાપાજીએ જ મને વાર્યો. શાંત પાડ્યો.

સુરતા:- શું વાત કરે છે? જમદગ્નિ અને પરશુરામની તો આપણે માત્ર વાતોજ કરવાનાં, તે વખતે કાયદાની આવી ગૂંચો નો'તી, અને કૌશિકકાકા જેવા, કાયદાને સમજનારા અને પાલન કરનારા નાગરિકો પણ કેટલા ?

નિગમ:- ના, હું મારા બાપાજીને એવી રીતે નથી જોતી. પુરુષના હૈયામાં પોતાની પત્ની માટે અણખૂટ વ્હાલ હોય તો જ એ આમ ઉદાર બની શકે,

સ્વસ્થ રહી શકે. મારી મા માટે બાપાજીને કેવી લાગણી હતી, તે હું જ જાણું છું. એને બળે જ મા આજે પાછી આ ઘરમાં પગ નથી મૂકતી, એમ શાથી માન્યું.

સુરતા:- આ જમાનો જ Forgive અને Forgetting નો છે. આપણે આ વાત ભૂલી જઈએ. એને દેફનાવી દઈએ. અને નંદનકાકી આવે ત્યારે હસતે મુખે આપણે એમને આવકારીએ. જન્મથી માંડીને આજ સુધી

તમારી અસંખ્ય ત્રુટિઓ એ માએ માફ નહિ કરી હોય? ઉદાર મનથી એ માને આ ઘરમાં એની પ્રતિષ્ઠા પાછી આપજે, બહુ તો પ્રો. બક્ષી સાથેનો સંબંધ બીલકુલ બંધ કરાવી દેવાનો.

નિરામય:- અહીં પાછા ફરવા માટે બાપાજીએ એવી કોઈ શરત રજૂ કરી હોય, એમ હું માનતો નથી... મા એવી કોઈ શરણાગતિ સ્વીકારે એ પણ માન્યામાં નથી આવતું. એટલા સરખા ઝઘડાને કારણે મા ચાલી શું ગઈ? અને આટલા દિવસમાં વળી પાછી પણ આવે છે! તારી સમજમાં કશું ઊતરે છે, નિગમ?

સુરતા:- જગુ પેલી છબીની વાત કરતો હતો, તે વળી કઈ?

નિગમ:- કેમ! બાના આ ફોટાની ત્રણ કોપી કઢાવેલી. એક અમારે મોસાળ છે, બીજી આ અને ત્રીજી બાપાજી પાસે હશે.

નિરામય:- હશે નહિ, હતી જ. બન્નેની ફ્રેમ પણ આવી એક સરખી જ હતી. ટેબલ ઉપર ગોઠવી શકાય તેવી. પણ આ છબીનું શું કરવું, નિગમ? બક્ષીકાકાના ફોટાની વાત કરું છું.

નિગમ:- એનો વિચાર મા અને બાપાજીએ કર્યો જ હશે ને?

સુરતા:- તને થતું હશે કે, એના ટુકડે ટુકડા કરી નાખું, નહિ?

નિરામય:- ના, હવે એમના માટે મારા મનમાં એવું કશું વેર રહ્યું નથી. એવો બાલિશ પ્રયત્ન હું કરું, એમ તમે શાથી માનો છો? (ત્યાં બહારની બાજુએથી કોઈ નજીક આવતું હોય એવો અવાજ સંભળાય છે.)

સુરતા:- કોઈ આવ્યું કે શું?

નિગમ:- (બહારની બાજુએ નજર નાંખીને) અરે હા, મા અને બાપાજી જ. ના, મારાથી એમ તરત તો માની સામે નહિ ઊભા રહેવાય... સુરતાબેન, ઉપર ચાલ, થોડી મિનિટો મારી પાસે બેસ. આ કસોટીની ક્ષણોમાં મારે તારો સહારો જોઈશે. સુરતાને સાથે લઈને જમણી તરફ ચાલવા માંડે છે. (પછી સહેજ પાછા વળીને) અને તું નિરામય?

નિરામય:- (હાથમાંની ફ્રેમ અને છબી સાથે ઝડપથી ડાબી તરફ જતાં) આ ફોટો અને ફ્રેમ જ્યાં હતાં ત્યાં માના સાલ્લાની બેવડમાં મૂકી દઉં. (ડાબી તરફ ચાલ્યો જાય છે.)

(થોડી ક્ષણો પછી કૌશિકરામ અને નંદનબેન પ્રવેશે છે. કૌશિકરામ સ્વસ્થ લાગે છે. નંદનબેન ઢીલાં અને શંકાગ્રસ્ત લાગે છે.)

કૌશિકરામ:- નંદન, આ તારું ઘર.

નંદન:- હજી અહીં મારું સ્થાન છે? તે રાત્રે તો તમે મારું પાર વિનાનું અપમાન કર્યું હતું. કુટુંબને લાંછન લગાડ્યું, પત્ની તરીકેની નિષ્ઠા બધી ઉસેટી નાખી, અને એવું તો કેટલું યે. બાકી હોય તેમ, મેં જ્યારે ઘર છોડવાનો નિર્ણય જાહેર કર્યો ત્યારે તમે આડા પ ન ઊભા.

કૌશિકરામ:- જવા દે એ બધી વાતો, નંદન. ફરીથી તને એવું કશું નહિ સંભળાવું, બસ.

નંદન:- લોકવાયકાની બીક લાગી?

અરે પણ, સીતા તો નિર્દોષ હતી છતાં લોકવાયકા સાંભળીને રામે એનો ત્યાગ કર્યો હતો. પણ તમે તો આજના સમાજની દૃષ્ટિએ દોષિત થઈને આગ્રહપૂર્વક ઘરમાં પાછી આવકારો છો! એમ શાથી?

(કૌશિકરામ કશું બોલવા જતાં અટકી જાય છે.)ના ,ના, એવું બધું નકામું ન બોલશો કે, તને હું ખૂબ ચાહું છું એટલે ઉદારચિત્તે તને આવકારું છું, તારા સિવાય મારું નભે તેમ નથી કે, એવું બીજું કશું બોલશો તો પણ મને ભરોસો નહિ પડે.

કૌશિકરામ:- મેં ક્યાં એવું કશું કહ્યું?

નંદન:- કશું કહેવા તો જતા હતા.

કૌશિકરામ:- એકપત્ની વ્રતધારી રામે લોકારાધનનું પણ વ્રત લીધું હોઈને, લોક-વાયકા સાંભળી નિર્દોષ સીતાનો ત્યાગ કર્યો હતો. જ્યારે હું તો-

નંદન:- બોલો બોલો, અટકી કેમ ગયા?

કૌશિકરામ:- તારી પાસે તારા ફોટાની એક નકલી હતી, તેના આવરણ નીચે તેં જેમ—

નંદન:- એ વાત તમારે વારંવાર યાદ કર્યા કરવાની છે?

કૌશિકરામ:- તારા પ્રશ્નનો સાચો જવાબ ન આપું?

નંદન:- મને સાચો જવાબ જ ખપશે.

કૌશિકરામ:- નંદને, તું જેમ સીતા ન બની શકી, તેમ હું પણ વળી ક્યારે રામ બની શક્યો હતો?

નંદન:- શી વાત કરો છો?

કૌશિકરામ:- છતાં રામ તારી જેમ હિમ્મતપૂર્વક સત્ય કબૂલ કરવાની શકિત મારામાં ક્યારેય ન આવત. તારી જેમ મારી પાસે પણ એવી જ ફ્રેમ વાળી છબી હતી- ઓહ!

નંદન:- એટલે તમે મને પાછી બોલાવી લાવ્યા?

કૌશિકરામ:- આપણી અયોધ્યા અકબંધ રહે તે માટે નંદન...તે માટે તને આટલો આગ્રહ કરીને પાછી લઈ આવ્યો છું. તે સિવાય બીજું કશું મને પોષાય તેમ નો'નું......ને નંદન, પેલી છબી, હતી તેમ જ તારા કબાટમાં અકબંધ છે, હોં. (બાજુના ઓરડામાંથી છબી પડવાનો અને કાચ તૂટવાનો અવાજ સંભળાય છે, ત્યાં પડદો)

☆☆☆

દેવોના દેવ જ્યુસની પત્નીનો પ્રસવકાળ નજીક હતો, એટલે એ પ્રસૂતિ માટે યોગ્ય જગ્યાની શોધમાં હતી. ક્રીટથી માંડીને રૈનિયા સુધીના જેટલા પણ હરીભરી કુંજોવાળા પર્વત હતા, ઘઉંના ખેતરોવાળા દ્વીપ હતા, બધાની પાસે એ આશ્રય માગવા ગઈ. પરંતુ બધાએ કહ્યું, 'દેવી, તમારું બાળક મહાબળવાન હશે. એના સ્પર્શ માત્રથી ક્યાંક અમે રસાતાળ ન ચાલ્યા જઈએ!' કોઈએ આશ્રય ન આપ્યો. આખરે નિરાશ લિટોની નજર ડિલો દ્વીપ પર પડી. દ્વીપ શાનો-એક મોટો કાળો ખડક હતો. લિટોના મુખ પર વેદનાની રેખાઓ જોઈ એણે કહ્યું, 'દેવી, મારી પાસે તો પાણી યે નથી, ફળે નથી. છતાં તમારું સ્વાગત કરું છું.' લિટોએ ત્યાં મહાપરાક્રમી એપોલોનને જન્મ આપ્યો અને ડિલોને કહ્યું, 'ડિલો, તું ખરેખર દેવાત્મા છે. મને આશ્રય આપીને તેં સિધ્ધ કર્યું છે કે ઉદારતા બાહ્ય સાધનોની સમૃધ્ધિથી નથી આવતી; એ તો આત્માનો વૈભવ છે.' પછી એણે નવજાત એપોલોનના હોઠનો સ્પર્શ ખડકને કરાવ્યો. એ જ પળે ખડક પર ફળોથી લચી પડતાં વૃક્ષો અને લતાઓ ફૂટી નીકળી; જાણે શિશુ શરીરના સ્પર્શથી એને રોમાંચ ન થયો હોય!

ગીતના ભમરા



સાંજનો સોનલ તડકો થૈને
 પ્રગટ્યો હું તો
 અટક્યો તારા શ્યામલ કેશે!
 તને આ વાત કહો કોણ કહેશે?

લયમાં એવું ચાલતી જાણે પથ સામેથી ચાલે,
વ્યોમધરા એક ધબકે તારી ચાલના તાલે તાલે!
ઝૂકતી ઉપર ડાળ તરુની ઊલટ એવા વ્હાલે!
હળવું હળવું શ્વાસમાં તારા

 ધૂપ ને અડું સમીર વેશે!
 તને આ વાત કહો કોણ કહેશે ?

ઉરની ઊઘડી આંખ જુએ શું, પાલવમાં છે ઝાંકી,
કચ-કંચૂકી, બીજ શી, લસે ચંદ્રની બીજ તે વાંકી!
ભરતી ભીતર ચડતી મારે વમળની શી આંધી!
આરતી અજાણ રાતના હજાર તારલા રૂપે

 ગીત મારું તારાં નેપુરે ઝૂમી રહેશે.
 તને આ વાત કહો કોણ કહેશે?

—યોસેફ મૅકવાન

કહોને, હું તો કેમ કરીને ઝીલી લઉં ગુંજાર?
 અધરાને મધરાને ગુંજી રહે ગીતના ભમરા.
કજળી રાતે ક્યાં રે કરવા સાજેરા શણગાર?
 અધરાને મધરાને ગુંજી રહે ગીતના ભમરા!

શમણાંને સરવરિયે ખીલ્યું કમળફૂલનું રૂપ:
એકમેકની ગુપન જોડી થાય કશી ગુપચુપ.
ઝીણું રે ઝંકારે સોળે દલદલનો દરબાર:
 અધરાને મધરાને ગુંજી રહે ગીતના ભમરા!

વહી ચાલી આ લહર વાયુની ઝીણી ગુંજારવ:
નીંદરને લોચનિયે છલકે ગુંજનનો આસવ.
કૂણા કૂણા ઉજાગરે આ ભોરે છે અવતાર:
 અધરાને મધરાને ગુંજી રહે ગીતના ભમરા!

લાજાળુ નાર



હાં રે અમે લાજાળુ નાર,
અમે કોયલ શાં કૂજીએ ન વંન.

હજરેથી બાગ કેર બારી ઊઘાડીને
દાખવીએ ચંપાનું ફૂલ.
વાસંતી સૂરજની આશ ધરી કંપનું
સોનપીળું એનું દુકૂલ.
બંધ હોઠ એમ અમે દઈએ ઈંજન
અમે કોયલ શાં કૂજીએ ન વંન.

આભલાંમાં ઝૂકે આકાશ એને હજારેથી
ઉંચા પે ટાંકી લેવાય.
આંખોમાં કોણ ઝૂકે, પરખે નાગર, એને
ઝાઝા શેં ભેદ કહેવાય!
પાલવમાં છાનું અમે સાચવીએ મંન.
અમે કોયલ શાં કૂજીએ ન વંન.


—દિલિપ ઝવેરી

આંખમાં

બાગમાં વ્હેલી સવારે
આંખ મીંચી ચાલતાં
વાયુની ઠોકર વાગતાં,
ભરનીંદરમાં
કોઈ વસંતી સ્વપ્નમાં ખોવાયલી
નાજુક કળીની
આંખ ઉઘડી
ને અચાનક
પાનખર આવી ચડી,

'આદિલ' મન્સૂરી

વિવેચન



બાબુ દાવલપુરા

આધુનિક ગુજરાતી સાહિત્યનાં કવિતા, નાટક, નવલિકા, નવલકથા આદિ વિવિધ સ્વરૂપો ઉપર પશ્ચિમના સાહિત્યની ઘણી વ્યાપક અને સ્થાયી અસરો પડેલી છે. વિવેચનાત્મક સાહિત્ય પણ એમાં અપવાદ નથી. વિવેચનાના સિદ્ધાંતો અને ગ્રંથપરીક્ષાના ધોરણો પરત્વે આપણે ભારતીય વિવેચન પરંપરાનો આધાર લઈએ છીએ તે કરતાં વિશેષ તો આપણે પાશ્ચાત્ય વિવેચનાનાં ધોરણો તથા સિદ્ધાંતોને અનુસરીએ છીએ. એટલે સ્વાભાવિક છે કે, પાશ્ચાત્ય વિવેચન સાહિત્યના કેટલાક પ્રશ્નો તથા એની ચર્ચાવિચારણાના પડઘા અહીં સુધી પડે.

Subjective કવિતા ઊંચી કે Objective ? કયું સાહિત્ય સારું- Classical કે Romantic ? આવી રસિક ચર્ચાઓ કેટલીક વાર ઉપયોગી પણ નીવડેલી છે. તેમ છતાં પશ્ચિમના સાહિત્યની ઐતિહાસિક પરિસ્થિતિ તથા સામાજિક સંદર્ભમાં જે પ્રશ્ન મહત્વનો હોય તે આપણી ઐતિહાસિક તથા સામાજિક પશ્ચાદભૂ ભિન્ન હોવાને કારણે અપ્રસ્તુત પણ હોવાનો સંભવ છે. અને એવા પ્રશ્નની ચર્ચા કૃત્રિમ બનવાનો પણ એટલો જ સંભવ છે. Classical અને Romanticના વર્ગીકરણને આધારે કાલિદાસના શાકુંતલની ચર્ચા થાય તો, એ કૃત્રિમ અને અર્થહીન બને એ સમજી શકાય તેવું છે. Constructive અને Destructive-મંડનાત્મક અને ખંડનાત્મક- વિવેચનના વર્ગીકરણને માટે પણ એવું જ કહી શકાય.

વિવેચનને મંડનાત્મક, ખંડનાત્મક, ગુણદર્શી અને દોષદર્શી જેવાં લેબલ ન લગાડીએ તો ન ચાલે? આવાં આવાં રૂઢ અને 'સંજવણિયાં' વર્ગીકરણને જ્યારે સર્જાતું સાહિત્ય અને વિવેચન ન ગાંઠે ત્યારે પરંપરાગત વિવેચન મૂંઝવણ અનુભવે છે અને નવી ઘાટીના સર્જન-વિવેચનને 'પ્રયોગખોર' અથવા 'ખંડનાત્મક' તરીકે બિરદાવે છે. પણ 'મંડનાત્મક વિવેચન' કોને કહેવું? ખંડનાત્મક" વિવેચન એટલે શું? કોઈ સાહિત્યકાર અથવા કૃતિ વિષે પુરોગામી વિવેચકોએ જે કહ્યું હોય તેનું સમર્થન કરવાને બદલે જુદા દૃષ્ટિકોણથી કૃતિને તપાસે અને ભિન્ન અભિપ્રાય વ્યક્ત કરે, પ્રચલિત અભિપ્રાયોનું ઉચિત ઉદાહરણો અને દલીલોથી ખંડન કરે, ત્યારે એ વિવેચકને ખંડનાત્મક કહેવો એ બરાબર નથી. વિવેચકે હમેશાં સાહિત્યકાર કે કૃતિના ગુણપક્ષનું મંડન જ કરવાનું હોય, સ્થિતસ્ય સમર્થનમ્ કરવાનું હોય એવું બનતું નથી. પોતે બીજા વિવેચકો સાથે અમુક કૃતિની ઉચ્ચાવચતા પરત્વે સંમત ન થઈ શકતો હોય તો પ્રમાણિક અને પ્રતીતિકર રીતે પોતાનાં મંતવ્યો રજૂ કરી શકે, એ મંતવ્યોની પણ મુક્ત અને નિખાલસ વાતાવરણમાં ચર્ચા થાય તો જ આપણે સત્યની વધુ નજીક જઈ શકીએ. એવું પણ કોઈક વાર કેમ ન બને કે, બહુજન સ્વીકૃત પ્રચલિત અભિપ્રાય ખોટો હોય, બધાથી જુદો પડતો કેવળ એક જ વ્યક્તિનો અભિપ્રાય કદાચ સાચો હોય?

એટલે મૂળભૂત પ્રશ્ન આ છે: વિવેચકે એના વિવેચનમાં કઈ વસ્તુનું મંડન અથવા ખંડન કરવાનું છે? સત્યનું મંડન કરવું અને અસત્યનું ખંડન કરવું, સૌન્દર્યની પ્રતિષ્ઠા કરવી અને અસુંદરની પ્રતિષ્ઠા ન થવા દેવી (થઈ હોય તો એનું ખંડન કરવું) એ વિવેચકની ફરજ છે. સાહિત્યના ઉદ્યાનમાં ફૂલછોડની સાથે નકામું ઘાસ પણ ઘણું ઊગી નીકળતું હોય છે. એને નિંદી

કાઢીને ફેંકીદઈને સંપૂર્ણ રીતે ખીલવાની અનુકૂળતા કરી આપવી એ કામ પણ સાહિત્યવાટિકાના બાગવાનોએ કરવાનું હોય છે. આ કાર્ય વસ્તુતઃ ખંડનાત્મક નહિ પણ મંડનાત્મક છે. ગુજરાતી વિવેચન શૈશવ અવસ્થામાં હતું ત્યારે નવલરામે કહેલું: "જે સમયે કોઈ લખતું નહોતું ત્યારે જેવી રહેમિયત રાખતા હતા તેવી હવે રાખવાની જરૂર નથી. એવી રહેમિયત રાખવાથી સારું ને નઠારું લખાણ અંધેરી નગરીની પેઠે એક જ ભાવે વેચાય છે." આજના અનુસ્વરાજ્ય યુગમાં જ્યારે વાંચકો અને લેખકોની સંખ્યા ખૂબ ઝડપથી વધી રહી છે, વાર્તા-નવલકથા જેવા લોકપ્રિય સાહિત્યપ્રકારોમાં વાંચકોની માંગ વધુ હોવાથી લેખન-પ્રકાશનમાં બજારુ વૃત્તિ પણ પ્રબળ બની રહી છે અને સરકાર તરફથી સાહિત્યને એક મહત્ત્વની સંસ્કારપ્રવૃત્તિ ગણીને એક અથવા બીજી રીતે પ્રોત્સાહન મળવા માંડ્યું છે, ત્યારે નિષ્પક્ષ વિવેચકોએ સાવધાનીપૂર્વક સાહિત્યને નામે સાહિત્યિક-અસાહિત્યિક પદાર્થોની ભેળસેળ થતી અટકાવવી જોઈએ. ભેળસેળની એ વૃત્તિ-પ્રવૃત્તિને મૂળમાંથી જ નિર્દય રીતે ડામવી જોઈશે. નવલરામ-નરસિંહરાવના અનુગામીએ 'ખંડનાત્મક' તથા દોષદર્શી ગણાઈ જવાનું જોખમ સ્વીકારીને પણ કાણાને કાણો કહેવા જેટલી તૈયારી રાખવી પડશે. કૃતિમાં નર્યા દોષ દેખાતા હોય તો, તે બતાવવા જેટલી સત્યનિષ્ઠા અને નીડરતા વિવેચકમાં હોવી જોઈએ. અમુક કૃતિમાં કેવળ ગુણ જ દેખાતા હોય, તો તે બતાવીને સંતોષ માનવો જોઈએ. ગુણદર્શી વિવેચન તે જ મંડનાત્મક અને અને દોષદર્શી વિવેચન તે ખંડનાત્મક વિવેચન, એ માન્યતા ભ્રામક છે. સ્વ. નવલરામ પંડ્યાએ "રામારત્નનિરૂપણ"નું અવલોકન કરતાં કહેલું તે, આ સંદર્ભમાં યાદ કરવા જેવું છે: 'બારે ચાખ્યા ભલા" કહેવાને બદલે ગ્રંથ સારો હોય તો ખખડાવીને કહેવું કે સારો છે. અને નઠારો હોય તો શરમ રાખ્યા વિના બેલાશક પોલ ચાબખા લગાવવા."

'મન મરી અનિર્ણીત શૈલી'ની વિવેચનપદ્ધતિ ગુજરાતી વિવેચનક્ષેત્રે જાણીતી છે. અભિપ્રાય દર્શાવતાં વિવેચક બંધાઈ ન જાય અને વાચક મનપસંદ અર્થ તારવી શકે એવી સગવડ સંદિગ્ધતા એમાં હોય છે. સાપ મરે નહિ અને લાકડી ભાંગે નહિ એ રીતે કુશળતાપૂર્વક વિવેચન કરનારા 'ગુણદર્શી' વિવેચકોનાં સંદિગ્ધ કોટિનાં આવાં વિવેચનોને પરિણામે પ્રતિષ્ઠિત સાહિત્યકારની સ્પષ્ટ દેખાઈ આવે તેવી મર્યાદાઓ સર્જકની ગુણસમૃદ્ધિનો સ્વાંગ ધારણ કરતી હોય છે, શક્તિશાળી સર્જકની નબળી કૃતિ પણ પ્રશંસાને પાત્ર બનતી હોય છે. 'સ્વપ્ન દ્રષ્ટા', 'વિશ્વગીતા' આદિ અનેક કૃતિઓનાં વિવેચન વાંચવાથી આ વસ્તુ સ્પષ્ટ થશે. વિવેચક પ્રસ્તાવના લખી આપે સાહિત્યકૃતિના પ્રવેશક રૂપે અથવા પુરોવચનના રૂપમાં, ત્યારે પણ એના અભિપ્રાયોમાં કેટલીક વાર અસ્પષ્ટતા હોય છે અથવા કૃતિના ગુણદોષ પરત્વે સૂચક મૌન સેવાતું હોય છે. ચુનીલાલ મડિયા કૃત 'રામલો રોબીનહુડ' તથા મગનલાલ પરીખ કૃત 'ભટ્ટની ભેંસા'ના આરંભે મુકાયેલાં અનુક્રમે શ્રી. ઉમાશંકર જોશી તથા શ્રી. અનંતરાય રાવળનાં પુરોવચન જોવાથી આ મુદ્દો સહેલાઈથી સમજી શકાશે.

પ્રશિષ્ટ કૃતિઓનાં વિવેચનમાં પણ લગભગ આવી જ સ્થિતિ પ્રવર્તે છે. સાહિત્યકૃતિમાં કલાપાસું નબળું હોય ત્યારે એનું સ્પષ્ટ રીતે વિવેચન કરવાને બદલે, એમાં રજૂ થયેલી ભાવનાઓની સુંદરતા તથા આદર્શોની ઉચ્ચતા તરફ ધ્યાન કેન્દ્રિત કરી એનો મહિમા ગવાય છે. કૃતિ પર ધીમેધીમે પ્રશસ્તિના થર જામતાં એકાદબે દાયકામાં, એ 'પ્રશિષ્ટ' ગણાવા લાગે છે. 'ઝેર તો પીધાં છે જાણીજાણી' જેવા સદ્ભાગી ગ્રંથો તો લેખક કૃતિના અંત સુધી પહોંચે તે પહેલાં જ સખી વિવેચકોના અભિપ્રાયોનું પીઠબળ મળતાં 'પ્રશિષ્ટ' હોવાનો ભ્રમ ઊભો કરે છે. એમાંથી ક્રમક્રમે સાહિત્યવિવેચનનાં ખોટાં મૂલ્યો જન્મે છે અને સમયસર ડામવામાં ન આવે તો પ્રચલિત બને છે, પ્રતિષ્ઠા પામે છે. 'સરસ્વતીચંદ્ર' તથા 'જયા-જયંત' જેવી પ્રશિષ્ટ કૃતિઓ વિષેનાં વિવેચનોમાં આવું અનિવાર્ય રીતે બન્યું છે.

પ્રશિષ્ટ કૃતિઓના વિવેચનમાં આ પ્રમાણે દરમ્યાન વધેલાં સાહિત્યેતર મિશ્રણો અને ભ્રામક ગુણોની ફેરતપાસ નવી પેઢીના કેટલાક તરુણ વિવેચકોએ આદરી છે. એમને અનુલક્ષીને પ્રિયકાન્ત પરીખ કહે છે, "એવી

અવાજે વખણાયેલી પ્રશિષ્ટ કૃતિના ગુણપક્ષ તરફ આંખ-મીંચામણાં કરી, માત્ર દોષદર્શન કરાવાય, ત્યારે એવા વિવેચકોનો આશય મુખ્યત્વે બીજાઓ કરતાં પોતે કંઈ વધુ જ્ઞાનસમૃદ્ધ છે, પોતાનો દૃષ્ટિકોણ અભિનીત છે એવાં પ્રદર્શનનો પણ હોય છે, અને નોખા તરી આવવા માટે તેમના અંતઃકરણમાં સળવળતી ઈપસા—લિપ્સા તેમને આવા પ્રયત્નો તરફ દોરે પ્રેરે છે.'

"સરસ્વતીચંદ્ર,' 'ગુજરાતનો નાથ' વગેરે નવલકથાઓ જે લોકસિદ્ધિને વરી ચૂકી છે, જેના પર કંઈ કેટલાંય વિવેચનો લખાઈ ચૂકયાં છે તે નવલકથાઓનું આજે થતું વિવેચન માત્ર દોષદર્શન, ખંડનાત્મક માનસનું દ્યોતક નથી?" (જુઓ 'ખંડનાત્મક વિવેચન'; 'જીવનમાધુરી'-માર્ચ ૧૯૬૪) 'સરસ્વતીચંદ્ર' 'ગુજરાતનો નાથ' વગેરે નવલકથાઓ પર કંઈ કેટલાંય વિવેચનો લખાઈ ચૂકયાં છે તે સાચું, પણ એનો અર્થ શું એમ થઈ શકે ખરો કે એ તેમ જ અન્ય પ્રશિષ્ટ કૃતિઓ વિષે આજ સુધીમાં જે કાંઈ કહેવાયું છે તે જ એકમાત્ર અવિચળ સત્ય છે અથવા છેવટનું છે? પુરોગામી વિવેચકોએ પ્રશિષ્ટ કૃતિઓ વિશે દર્શાવેલા અભિપ્રાયોને, સ્થાપેલાં મૂલ્યોને બ્રહ્મવાકય માની લઈ તેનાં શુકપાઠી રટણો કરવાં એ મંડનાત્મક માનસનું લક્ષણ હશે?

ખરી રીતે તો 'સરસ્વતીચંદ્ર,' 'ગુજરાતનો નાથ,' 'રાઈનો પર્વત' આદિ લોકસિદ્ધિને વરી ચૂકેલી કૃતિઓનું વિવેચન અનેક દૃષ્ટિકોણથી પ્રત્યેક જમાનામાં થતું રહે, પ્રામાણિક મતભેદો પણ વ્યકત થતા રહે, અને એમ પ્રશિષ્ટ કૃતિઓનાં અગાઉ થયેલાં મૂલ્યાંકનનું પણ ફરીથી મૂલ્યાંકન થયા કરે એ પરિસ્થિતિ જ ઈષ્ટ લેખાવી જોઈએ. કાળની કસોટીમાંથી પાર ઊતરી પ્રશિષ્ટ બનવા માટે નીવડેલી સાહિત્યકૃતિએ વિવિધ દૃષ્ટિકોણથી ભિન્નભિન્ન સમયે અધિકારી ભાવકો દ્વારા થયેલાં વિવેચનો જીરવવા માટે તૈયાર રહેવું જોઈએ. એટલી વિવેચનક્ષમતા ન ધરાવતી હોય તેવી કોઈપણ સાહિત્યકૃતિને પ્રશિષ્ટ ગણાવાનો અધિકાર નથી.

કલાકૃતિના હાર્દ સુધી પહોંચવાનો એક જ રાજમાર્ગ વિવેચનમાં હોતો નથી. અનેક માર્ગે કૃતિનું રહસ્ય પામી શકાય, અનેક દૃષ્ટિબિંદુથી એને જોઈ શકાય. આમ થાય તો જ પુરોગામી વિવેચકોના ધ્યાન બહાર રહી ગયેલી પ્રશિષ્ટ કૃતિઓની અપ્રગટ ખૂબીઓ અથવા ક્ષતિઓ પર નવો પ્રકાશ પડી શકે. સાહિત્યના સનિષ્ઠ અને સહૃદય અધ્યયનને અંતે જે સાચું લાગે તે, અભ્યાસીઓએ નીડર અને નિખાલસ રીતે પૂરતા આધારો સહિત રજૂ કરવું જોઈએ. આવાં વિવેચન કરતા વિવેચકો પ્રચલિત અભિપ્રાયો ન સ્વીકારતાં પોતાનાં સ્વતંત્ર મંતવ્યો દર્શાવે ત્યારે તેઓ હમેશાં, 'બીજાથી નોખા તરી આવવા માટે' અથવા તો 'પોતાની જ્ઞાનસમૃદ્ધિના પ્રદર્શન અર્થે જ' આ પ્રકારનું વિવેચન કરે છે એમ માની લેવું વ્યાજબી નથી. અલબત, વિવેચન નોખા તરી આવવા માટેનું કે જ્ઞાનસમૃદ્ધિના પ્રદર્શનનું સાધન નથી જ ન હોવું જોઈએ.

પ્રશિષ્ટ અથવા સાહિત્યજગતમાં પ્રતિષ્ઠિત કૃતિઓનું નવા વિવેચકો વિવેચન કરે ત્યારે એક વાત લક્ષમાં રાખવી જોઈએ કે આ કોટિની વિવેચન પ્રવૃત્તિ વસ્તુતઃ પૂરક વિવેચન છે. કૃતિના ગુણપક્ષ વિષે પુરોગામી અને સમકાલીન વિવેચકોએ કહેવા જેવું (અને ન કહેવા જેવું પણ) ઘણુંબધું કહી નાખ્યું હોય ત્યારે એના ચર્વિતચર્વણની જરૂર રહેતી નથી. 'જયા-જયંત'ની ગુણસમૃદ્ધિ અશેષ રીતે બતાવાઈ ચૂકી હોય અને એમાં નવું કશું ઉમેરવા જેવું જણાતું ન હોય, બલકે કલાદૃષ્ટિએ જોતાં આજસુધી અંધારામાં રહેલી ક્ષતિઓ પ્રકાશમાં લાવવા જેવી છે એમ લાગતું હોય તો, એ સંજોગોમાં જશવંત શેખડીવાળા એ ક્ષતિઓ તરફ ધ્યાન ખેંચવા બે મુદ્દા રજૂ કરે, અથવા સુરેશ જોષી 'સરસ્વતીચંદ્ર'માં દેખાતી ક્ષતિઓ તરફ અંગુલિનિર્દેશ કરે એમાં કશું ખોટું નથી. આ પ્રકારના વિવેચનનો આશય વસ્તુતઃ ઢાલની બીજી બાજુ બતાવવાનો હોય છે. એકી અવાજે વખણાયેલી પ્રશિષ્ટ કૃતિઓના ગુણપક્ષ તરફ આંખમીંચામણાં કરી માત્ર દોષદર્શન કરાવવા માટે જ આવું વિવેચન થાય છે, એમ માનવું ભૂલભરેલું છે. સાચી વાત તો એ છે કે પ્રશિષ્ટ ગણાતી કૃતિઓના સમગ્રદર્શી અને યથાર્થ મૂલ્યાંકન માટે આ જાતની પૂરક વિવેચન પ્રવૃત્તિ આવશ્યક છે. એને 'ખંડનાત્મક' કહી ઉતારી પાડવાથી કોઈ ઉપયોગી હેતુ સરશે નહિ.

•

ગુજરાતી વાચકો-વિવેચકો અને સર્જકોનું દેશવિદેશના સાહિત્યનું વાચન અને પરિશીલન આજે દિન-પ્રતિદિન વધતું જાય છે. અંધ અનુકરણ કરવાને બદલે, વિશ્વસાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં વિહાર કરતાં, એમાં જે સાચું અને સારું લાગે તે જો આત્મસાત્ કરી શકીએ તો આપણી દૃષ્ટિ વિશાળ બને, સાહિત્યરુચિ કેળવાય. સાહિત્યના વાચન વિવેચનને વધુ વ્યાપક અને તેજસ્વી બનાવવાનો આ એક ઉત્તમ માર્ગ છે. ગુજરાતી વાચકો મરજાદી બન્યા વિના વિશ્વસાહિત્યની પ્રશિષ્ટ તેમજ પ્રયોગાત્મક કૃતિઓ વાંચે, ગુજરાતી વિવેચકો પણ ગુજરાતી સાહિત્યની સાથેસાથે જગતસાહિત્યની આવી કૃતિઓનું વિવેચન કરે, એ વલણ આવકારવા જેવું છે.

પણ આનું એક અનિવાર્ય પરિણામ એ પણ આવવાનું કે સાહિત્યનાં સર્જન અને ચિંતનમાં પરંપરાની સ્થિરતા અથવા ગતાનુગતિકતા સ્થાને પ્રયોગપ્રિયતા અને ગતિશીલતા પ્રવેશે. સાહિત્યકૃતિઓના રચનાતંત્ર વિષેના, ગ્રંથસમીક્ષાનાં ધોરણ વિષેના, સાહિત્યના સામાજિક સંદર્ભ વિષેના અને સાહિત્યસર્જનના હેતુ વિષેના આપણા પ્રચલિત ખ્યાલોમાં પણ આ કારણે પરિવર્તન આવ્યા વિના રહે નહિ. અને એવું પરિવર્તન આવવા માંડે ત્યારે રૂઢ માન્યતાઓ અને પરંપરાઓને આઘાત પહોંચતાં ઉહાપોહ પણ થાય તે સ્વાભાવિક છે.


ગુજરાતી સાહિત્યમાં વિવિધ ક્ષેત્રે અત્યારે જે અવનવા પ્રયોગો થઈ રહ્યાં છે અને તેના પ્રત્યાઘાત રૂપે જે ઉકળાટ અને ઉચાટ વ્યક્ત થાય છે તેના મૂળમાં આવી પરિસ્થિતિ રહેલી છે. અને એ અનિવાર્ય છે. એટલે પ્રણાલિકાગત સાહિત્ય વિવેચનથી ટેવાયેલા વાચકો અને વિવેચકોએ 'આ નવોદિતોએ તો પ્રયોગશીલતાને નામે સત્યાનાશ વાળી નાખ્યું' એમ માની અતિશય ચિંતાતુર થવા કરતાં થોડી વધારે ધીરજ અને સહાનુભૂતિ રાખી પ્રયોગોના પરિણામ સુધી રાહ જોવી જોઈએ. નવોદિતોએ પણ વડીલોની વાતમાં સત્ય (અથવા અર્ધસત્ય હોય તો અતિશયોક્તિ બાદ કરીને અવશેષ રૂપે રહેલું સત્ય) સમજવા અને સ્વીકારવા જેટલી નમ્રતા અને નિખાલસતા બતાવવી જોઈએ. પ્રિયકાન્ત પરીખ એમ કહે કે "છેલ્લા દાયકાનાં સર્જનના વિવેચન (ખાસ કરીને વાર્તા, નવલકથા, કવિતા અને ખુદ વિવેચન પરના વિવેચન) પર દૃષ્ટિપાત કરીશું તો માલૂમ પડશે કે પ્રયોગોની પરંપરાએ માઝા મૂકી છે. જેમ વાર્તા અને કવિતા નવી કેડી પર વિચરવાના પ્રયત્નો કરે છે તેમ વિવેચને પણ નવી ઘાટી ઉપસાવી છે. અને એ નવી ઘાટી પર વિચરતું, વિકસતું અને વિહરતું વિવેચન મુખ્યત્વે ખંડનાત્મક જ લાગે છે. જેટલો વિસ્તાર વધ્યો છે એટલું ઊંડાણ ઘટ્યું છે. જેટલા પ્રયોગો પાંગર્યા છે, એટલું જ સત્ત્વ-સત્ય ઓસર્યું છે." ત્યારે નમ્રતાપૂર્વક એમને એટલું જ પૂછવાનું કે, નવી ઘાટી પર વિકસી રહેલું વિવેચન મુખ્યત્વે ખંડનાત્મક જ લાગે છે એવું તારણ કયાં વિવેચનાત્મક લખાણોના આધારે કાઢવામાં આવ્યું છે? પૂરતાં ઉદાહરણો અને વિગતો સહિત પોતાનાં મંતવ્યોની પ્રતીતિકર રજૂઆત કરવાને બદલે આધારરહિત અને ઉભડક અભિપ્રાયો દર્શાવવા એ 'મંડનાત્મક" વિવેચનપદ્ધતિનું લક્ષણ છે?

જેમ વિજ્ઞાન તથા સંશોધનનાં વિવિધ ક્ષેત્રોમાં થતા બધા જ પ્રયોગો સફળ નીવડતા નથી, તેમ સાહિત્યના સર્જનવિવેચનમાં થાય તે બધા પ્રયોગો હમેશાં ફળદાયી જ નીવડે એવું બનતું નથી. સાચી દિશામાં પ્રગતિ કરવી હોય તો ખોટી દિશામાં થયેલા નિષ્ફળ પ્રયોગોનું મહત્ત્વ સમજવું જોઈએ. ઘણા નિષ્ફળ પ્રયોગોને અંતે એક સફળ પ્રયોગ પણ મોટી સિદ્ધિને વરે, થોડુંઘણું પણ કશુંક નવું સિદ્ધ કરી શકે તો નિષ્ફળ ગયેલા પ્રયોગો અંગે અફસોસ શા માટે? એમાંના થોડા પ્રયોગો પણ આપણને સાચી દિશામાં, છીએ ત્યાંથી બે ડગલાં આગળ લઈ જતા હોય તો, એજ હેતુથી થયેલા સેંકડો નિષ્ફળ પ્રયોગોનું મૂલ્ય ઓછું ન આંકવું જોઈએ. પ્રયોગો માઝા મૂકે તેથી સાહિત્યજગતના ક્ષેમકુશળ અંગે સાહિત્યવિદોએ વધુ પડતી ચિંતા સેવવાની જરૂર નથી. અને પરંપરાગત વિવેચનમાં જ વધારે ઊંડાણ, સત્ત્વ અને સત્ય છે, નવી ઘાટીના વિવેચનમાં એ ઘટતાં જાય છે એવું માનવાની ઉતાવળ પણ કરવા જેવી નથી. એ બાબતમાં ન્યાય તોળવાનું કાર્ય ભવિષ્યના વિવેચકો અને સાહિત્યના ઈતિહાસકારો માટે અનામત રાખીએ અને નવજાત સર્જન-વિવેચનની કુંડળીઓ કાઢવાનું થોડા સમય પૂરતું મુલતવી રાખીએ, એ વધુ યોગ્ય નથી?

☆

સ્પષ્ટપણે મને કંઈ જ યાદ
રહેતું નથી, મારી સ્મૃતિ
ખૂબ તેજ હોવા છતાં!

પવનના ઝપાટામાં અજાણી
ટીબારસુંના અવાજ મને
સંભળાય છે. દબાતે પગલે વહી જતી
આખી રાતના કાનમાં અજાણ્યાં
મરણનો અવાજ, બાજુના
ઓરડામાં બાજ પરહેલા યુગલની
ઝીણી ગુફતેગોના અસ્પષ્ટ ધ્વનિ,
કેલેન્ડરનાં પાનાંનો ફફડાટ,
...ર ફ...રના ટાવરમાં પડતા
ટકોરાના અવાજ, શેરીને નાકે,
...રિટ લાઈટના માંદલા ઉજાસમાં,
ટોળે વળીને રાત ટૂંકાવવા
મથતાં, કામધંધા વિનાના,
રખડેલ, બેવકૂફ છોકરાઓનો
ઘોંઘાટ, ક્યાંક રડી ઊઠેલા છોકરાને
ધોલ મારીને છાના રાખવાનો
પ્રયાસ કરતો એમની માનો
અવાજ, મોડી રાતે અગાસીમાં
આવીને ગોદડાં પાથરવાના અને



મીઠું ઘર

ચિત્રકાર : રશ્મિ ક્ષત્રી

કનુ અડાસી



ચાદર ઝાપટવાના અવાજ, પતરાંની આડે છુપાયેલાં કબૂતરોની પાંખો ફફડવાનો અવાજ, ફતેપુરામાં જામતી રાતની ચાદર બિછાવીને ગાંગરડ્યા કરતા કવાલોનો બુલંદ અવાજ, ડુંગર પર ટિંગાતાં શર્ટના ફફડાટ, બાથરૂમમાં અધખુલા રહી ગયેલાં નળમાંથી ટપકતા પાણીનો અવાજ, મેઈન રોડ પરથી પસાર થતી મોટરોના અવાજ....અવાજ... અવાજ... ઘોંઘાટ.

મારી રાતો ખૂબ લાંબી હોય છે.

પથારીમાં પડ્યો પડ્યો હું પડખાં ઘસું છું.

સુંવાળી, ચીકણી, લપસણી યાદોમાં લપસી પડવાની-ગરકી જવાની મને ટેવ નથી... છતાં યાદ આવે છે.

દિવસભર જોયેલા ચહેરાઓની યાદ...

પવનથી પડી ગયેલી ફોટોફ્રેમના કાચના અનેક ટુકડાઓ જેવી અવ્યવસ્થિત યાદ...

o o o

ઘરનાં પૂર્વ તરફનાં બારીબારણાં હું જવલ્લે જ ખોલું છું. બારણાં અને બારસાખની વચ્ચેની ફાટમાં કરોળિયાએ જાળ બાંધી છે. લોજના ભાડાના પલંગ પર હાથ પગ લંબાવી સૂતેલા જાડા આળસુ મુસાફરની જેમ કરોળિયો જાળની નકશી પર પગ લંબાવી ઝૂલી રહ્યો છે. શિકારના સપડાવાની રાહ જોઈને, અથવા પોતે જ પોતાની જાળમાં ફસાઈને.

o o o

પથારીની ચોપાસ ગૅમેક્ષીન પાઉડર છાંટ્યો છે.

ભીંત પર કીડીઓની લંગાર ચાલી જાય છે.

o o o

રસોડાના નળ નીચે ચ્હાનાં વાસણો પડ્યાં છે- કેરોસીનની મેંશ લાગવાથી કાળાં પડી ગયેલાં.

ખાળ આગળ કેરીનાં છોતરાં પડ્યાં છે.

ખાલી કરેલા દૂધના પ્યાલામાં પાણી રેડીને ખાળ પાસે મૂકી રાખ્યો છે.

બિલાડી આવીને પ્યાલાની કિનારી પર ચોંટેલી મલાઈ ચાટવા મથે છે.

પવનના સપાટામાં પડોશનાં પતરાં ખખડ્યાં કરે છે.

o o o

ગળે શોસ પડે છે.

ખૂબ તરસ લાગી છે છતાં પથારીમાંથી ઊઠીને પાણી પીવું ગમતું નથી.

કોઈક હોય, જેને કહી શકું- 'પાણી આપીશ?'

અસ્તવ્યસ્ત પડેલાં છાપાં, મેગેઝીનો, જૂતાં અને સિગરેટની રાખ પર નજર ફેંકી લઉં છું.

વાતાવરણ તૂટેલી ફોટોફ્રેમના કાચના વેરાયેલા ટુકડાઓ જેવું લાગે છે. વસ્તુઓ અને જિંદગી બધું જ આકાર વિનાના આકાર જેવું અથવા આકારોમાં ગૂંચવાઈ ગયેલા આકાર જેવું!

સિગરેટની મને ટેવ નથી.

બસ, વિચાર આવે છે ને ફૂંકી લઉં છું.

ક્યારેય આખી સિગરેટ ફૂંકી નથી. સિગરેટ અર્ધી જલી જાય ત્યાર પછી એને સળગતી જ ફેંકી દેવાની મને ટેવ છે.

રસોડાનો નળ ટીપે ટીપે ટપક્યા કરતો હોય છે. પાણીનો રેલો ખાળ સુધી લંબાય છે. એમાં ફેંકી દીધેલી સળગતી સિગરેટ ધીમે ધીમે ઓલવાઈ જાય છે. એ જોવામાં મને આનંદ આવે છે.

ધીમે ધીમે ઠરી જતો અગ્નિને જોવામાં લિજ્જત હોય છે.

o o o

ટેવ નથી છતાં ઘણા વખતથી સિગરેટ ચાલુ છે. સવારની ર:ા પછી, બપોરે જમ્યા પછી, ચારેક વાગે કામનો બોજો વધી જાય ત્યારે, સાંજે હોટલોમાં ખાધા પછી, ઢળતી સાંજે સુરસાગર પાસે ઊભા રહીને જતા આવતા ચહેરાઓ જોતો હોઉં છું ત્યારે, મોડી રાત સુધી ઊંઘ નથી આવતી હોં'તી ત્યારે, નાનપણમાં નિશાળ કે કોલેજમાં સાથે ભણતી છોકરીઓ પરણી જઈ બાળકની મા બની એવા સમાચાર મળે છે ત્યારે-સિગરેટ પીઉં છું.

પોતાને જ નુકશાન કરતાં થોડાં વ્યસનો હોય, કોઈ પણ હોટલમાં ખાઈને, વેઈટરને હોટલના બીલ જેટલી જ ટીપ આપતાં વિચાર ન કરવો પડે એટલા પૈસા હોય, છાપાંના વધારા વાંચીને ઉશ્કેરાટ ન અનુભવીએ તેવું ઠંડું હૈયું હોય, "તમે હમણાંના જરા સુસ્ત લાગો છો." એવું પડોશીની છોકરીઓ સહેજ પણ અચકાયા વિના કહી શકે એવો આપણો પોતાનો જ સરસ સ્વભાવ અને વખત કાપવા નવરા મિત્રો હોય તો જિંદગી કોઈ પણ કાળે સહ્ય બને છે.

o o o

એક ડૉક્ટર મિત્ર કહે છે- "સિગરેટથી કેન્સર થાય છે."

થાયરોઈડ કેન્સરથી રિબાઈ રિબાઈને મરી ગયેલા એક જફ આદમીનો ચહેરો મને ઉજ્જ્ય યાદ છે.

પ્રતીક્ષા : સપ્ટેંબર, ૧૯૬૪

સિગરેટ છોડવી ખૂબ સહેલી છે. મેં પચીસેક વાર સિગરેટ છોડી દીધી છે.

આવે વખતે કોઈ સિગરેટ ધરે ત્યારે મનમાં આનાકાની થાય છે. કેન્સર યાદ આવે છે. ડોક્ટર મિત્ર અને પેલો જેફ આદમી યાદ આવે છે.

મોત એ એક નિશ્ચિત હકીકત છે—જન્મ સાથે જ જડાયેલી! પછી એને ગમે તે બહાનું આપીએ.

આસાનીથી જીવવાનું જ જ્યાં શક્ય નથી, ત્યાં આસાનીથી મરવાનો મોહ શા માટે?

કુંવારાપણાના, બેકારીના, અનિશ્ચિતતાના અને એકલતાના નિરાશ દિવસોમાં મારી સાથે સુરસાગરની પાળ પર બેસીને ઉપરાછાપરી સિગરેટો ફૂંકી નાખનારા દોસ્તોએ, ઠરીઠામ થઈ પરણી ગયા પછી સિગરેટ છોડી દીધી છે.

કોઈક વાર મળી જઈએ તો કહે છે, "મળવાનું નથી બની શકતું, યાર! સંસારનાં લફરાંમાં એવા અટવાઈ ગયા છીએ કે છૂટાતું જ નથી." ને પછી જાણે ગાળ દેતા હોય એમ ઉમેરે છે. "તારે લહેર છે!"

હું સમજતો થયો છું—દોસ્તો મને છોડી ગયા છે.

હું સિગરેટને વળગી રહ્યો છું.

કોઈ એક લોજમાં માસિક ધોરણે જમવાની-નિયમિત જમવાની, આદત પાડવાનું મને માફક નથી આવતું.

જ્યારે ભૂખ લાગે ત્યારે, જ્યાં હોઉં ત્યાં, નજીકની રેસ્ટોરામાં જમી લઉં છું.

જુદી જુદી લોજો-વીશીઓમાં જમતી વખતે "ઘર જેવો ખોરાક" એવાં પાટિયાં વાંચ્યા પછી, ખાધેલું પચાવવા, સુરસાગરની સામે લારેલપ્પા હોટલમાં સોડા પી લઉં છું.

મરી અને મીઠું નાંખેલી સોડાને આ લોકો "કાશ્મીરી સોડા" કહે છે.

હમણાં હમણાં વડોદરામાં આ સોડા માટે "મેનીઆ" ચાલ્યા જેવું લાગે છે.

સાંજે ફૂટપાથ પાસે કાર થોભાવીને ગાડીવાળાઓ સોડા પીતા નજરે પડે છે.



પગરીક્ષા ખેંચનારાઓ પણ અહીંથી પસાર થતાં વીસ નવા પૈસાની સોડા પીને ઓડકાર ખાતાં ખાતાં, હેન્ડલ પર ઘૂઘરા ખખડાવતા દોડી જતા નજરે પડે છે.

ગલ્લા પર બેસતો જાડો સીંધી ભલો અને માયાળુ છે. બીલ ચૂકવવા આવનાર દરેક ઘરાક સામે જોઈને એ હસી લેતો હોય છે.

ને દસ દસ નવા પૈસાના સિક્કાઓની થપ્પીના ભારે નમી જતાં ગલ્લાનાં ખાનાં સામે જોતાં એના મોં પર પરમ સંતોષ છવાઈ જાય છે.

o o o

લારેલપ્પા હોટલની બાજુમાં પંજાબીની હોટલમાંથી તળાતી આમ્લેટની વાસ આવે છે. મને એ વાસ ગમે છે.

નવરી મરઘી ઉકરડા ચણતી હોય છે. ગંદકીમાંથી આખો વખત જીવડાં વીણી ખાતી હોય છે. એવી મરઘીનાં ઈંડાંમાંથી બનતી આમ્લેટ ખાવા મારું વેજીટેરીઅન મન ના પાડે છે.

તળાતી આમ્લેટની વાસ મઝાની લાગે છે. એ વાસ લેવા માટે જ પંજાબી હોટલના એકઝીટ ડોર પાસેના પાન-બીડીના થડા પરથી એક કેપ્સ્ટન ખરીદું છું. ને એને સળગાવવામાં ખાસ્સી વાર લગાડું છું.

o o o

રોશની ઝગમગી ઊઠે છે.

કલામંદિર ટોકીઝના બોર્ડના લાલ અક્ષરોની લાલ રોશનીથી થોડે દૂર ફેસ્ટોફીનની જાહેરાતની લાલ રોશની જણાય છે.

બસ સ્ટેન્ડ પર ચોંટેલાં ક્રૂઝ-સાઈઝનાં બોર્ડ પર પરગોલેક્સની જાહેરાતો દેખાય છે. એક દોસ્તે કહેલું તે યાદ આવે છે—"તમારા વડોદરામાં લોકો કબજિયાતથી પીડાના લાગે છે."

સુરસાગરની પાળ પરના ફૂટપાથ પાસે ટેક્સી-સ્ટેન્ડ છે. દસને બદલે પંદર ટેક્સીઓ ત્યાં ઊભી હોય છે. ને ટ્રાફીક પોલીસ વખત ગુજારવા બગાસાં ખાતા ડ્રાઈવરો સાથે વાતો કરતો હોય છે.

પાળ પર બેઠેલા અનેક આ ગીઓના ચહેરા જોતો હું આગળ વધું છું.

o o o

ડાબી બાજુને છેડે મુનરડી પાસે અંધારું હોય છે. ત્યાં ઊભો રહીને એક સીંધી છોકરો લગન પછી જોવાના ફોટાનું આલ્બમ બતાવતો હોય છે.

દસ નવા પૈસામાં એ આલ્બમ મેં અનેક વાર જોયું છે. હમણાંનો એ છોકરો દેખાતો નથી.

o o o

સાંજે પવન જોરથી ફૂંકાય છે.

સુરસાગરનાં પાણી પરથી વ ી આવતો પવન આહ્લાદક અસર કરે છે.

મ્યુઝીક કોલેજ તરફ હું ચાલવા માંડું છું.

શિખાઉ ગળામાં ઘૂંટાતા સાનીધપમગરેસા સાની સાનીધપ મીઠાં લાગે છે.

ક્યારેક ઘુઘરા ખખડતા સંભળાય છે. લાકડાની બાજઠો પર ઘુઘરાળા પગના ઠેકાથી વાતાવરણમાં મસ્તી ધમધમી ઊઠે છે.

બરફના ખોખાની આડશે ઊભો રહી હું જતા આવતા ચહેરાઓ જોઉં છું.

કુલફી ખાતાં જુવાન જોડીઓ જોઉં છું. સપ્રમાણ કાયાવાળી, તંગ સલવાર કમીઝ પહેરેલી, ચમકતા ચંપલોવાળી, લીપસ્ટિક રંગ્યા હોઠોવાળી ગૌમગાજનની છોકરીઓ જોઉં છું.

ગડી વાળેલા કાગળ જેવી આજ, સવના અંધકારના પરબીડિયામાં પુરાય છે.

જોરથી ફૂંકાતાં પવનને લીધે બરફ પરનો લાકડાનો વ્હેર મારી આંખોમાં પડે છે.

આંખો ચોળી જગ્યા બદલું છું.

જતી આવતી મેદની તરફ પીઠ ફેરવી સુરસાગરનાં પાણીમાં નજર કરું છું. ધીરાં નાજુક મોજાંઓમાં રોશની સળવળે છે.

ટાવરમાં નવના ટકોરા પડે છે.

ન્યાયમંદિરની ફૂટપાથ પરથી બૂટપોલીશવાળા ઊઠવા માંડે છે. "અસલ મરઘીનાં ઈંડાં" એવાં પાટિયાં ટેકવીને, ગેસનાં ફાનસોનાં અજવાળામાં ઈંડાં ગોઠવીને બેઠેલા મુસલમાન વેપારીની દાઢી સામે હું જોયાં કરું છું.

રસ્તા મોટા લાગવા માંડે છે. ગિર ી ટી ગઈ છે.

ફીકી રોશની હેઠળથી પસાર થતો પ્રત્યેક એકલદોકલ ચહેરો મને ગમગીન લાગે છે. થાકેલો લાગે છે. પરેશાન લાગે છે.

છેલ્લી સિગરેટ સળગાવી દિવાસળી બૂટ નીચે દબાવી દઉં છું.

ખૂબ નજીકથી સિંધી જેવી લાગતી એક છોકરી પસાર થાય છે. લાલભડક રંગે રંગાયેલા હોઠથી એ કંઈક ચાળો કરે છે. ચોરી કરતાં પકડાઈ ગયો હોઉં એ રીતે એના દુપટ્ટા નીચે બાંધેલા બનાવટી ગો કાર પરથી નજર ખસેડી લઉં છું. ને એક ઊંડો દમ લઈને અધી થઈ ગયેલી સિગરેટ સુરસાગરના પાણીમાં ફેંકી દઉં છું.

હવે પસાર થઈ ગયેલી છોકરીની પીઠ તરફ તાકી રહું છું.

લારેલપ્પા હોટેલ પાસે ઊભી રહેલી પગરિક્ષામાં એ બેસી જાય છે. એ છોકરી મને પ્રામાણિક લાગે છે

ધીમે ધીમે ઘર તરફ ચાલવા માંડું છું.

ન્યાયમંદિરની પૂર્વ તરફની ફૂટપાથ પર બેઠેલી વેણીવાળીઓ પાસે વેણી ખરીદવા નીચે નમેલાં નિરંજન અને મીનાભાભી પર મારી નજર પડે છે. જોયું ન જોયું કરી ચાલવા માંડું છું ત્યાં નિરંજનની બૂમ સંભળાય છે.

"માથું નીચું રાખીને ક્યાં જાય છે?"

પ્રતીક્ષા : સપ્ટેંબર, ૧૯૬૪

હું જવાબ આપું તે પહેલાં જ મીનાભાભી કહે છે- "તમારે વળી કોણ રાહ જોનારું છે, તે ઘરે જવાની ઉતાવળ કરો છો?"

આ લોકો સાથેની વાતચીતમાં મારે બોલવાનું હોતું જ નથી, માત્ર સાંભળવાનું જ હોય છે.

"સીમા માટે છોકરો શોધવાની ચિંતામાં છીએ." નિરંજન કહે છે. સીમા એની સાળી છે. કાળી, ના શ્યામ... ઊંચી, સાગરપેટાં ઊંડાણોભરી મસ્તીખોર આંખોવાળી, નમણી, ઓગનત્રીસ વર્ષની સીમા માટે, અમારી ઓફીસમાં કામ કરતાં, જડ, નીરસ, નિર્ગુણ ભુપેન માટે એ મારો અભિપ્રાય પૂછે છે.

હું મીનાભાભી સામે જોઈ રહું છું.

નિરંજનને એક લપ્પડ લગાવી દેવાનું મને મન થાય છે.

o o o

લાંબી સડક પર નજર કરું છું.

"લાં...બી સડક...જેનો કોઈ અંત નથી." વિચારું છું

o o o

મારી આંખો તેજ છે. કાન સરવા છે.

અંધારામાં અડપલાં કરતાં પ્રેમીઓનું ન જોવાનું ઘણું ય જોવાઈ જાય છે. ને પહેલા પ્રેમમાં પ્રેમને નામે કરાતી બેવકૂફ વાતો ગમે તેટલા ધીમા અવાજે કરવામાં આવી હોય તો ય સાંભળી જઉં છું.

o o o

મારા ઘરની પૂર્વ તરફની બારીમાંથી મને બાજુની ખડકીનાં મકાનો દેખાય છે.

એક ઘરની બારી પાસે પલંગ પડ્યો છે.

મોડી રાત સુધી, એ ઘરમાં ઝઘડતાં પતિ પત્નીના દબાવવા છતાં બહાર પડી જતા અવાજ સંભળાય છે. ને પછી જામતી રાતના અંધકારમાં એમનો કજિયો ઓગળી જાય છે.

o o o

રાતની એકલતા અને થકાવટમાં સિગરેટ મારી સાથીદાર બને છે. એકલતાની વેદનામાં હું જલું છું. સિગરેટ મારી સાથે જલે છે.

હું ઊઠું છું ત્યારે નાઈટ-લેમ્પના ઝાંખા ઉજાસમાં મારી છાયા પણ ઊઠે છે. મારી સાથે હરફેર છે ને મારે પડખે સૂઈ જાય છે.

o o o

ખડકીના બારણાં પાસે ક્યારેક ઓટોરિક્ષા કે ટેક્સીનો ઘરઘરાટ થોભે છે.

મને થાય છે ...કોઈક આવ્યું.

કોઈક... જેની મને પિછાન નથી, કલ્પના જ છે. એના નક્કર અસ્તિત્વની મને જાણ નથી.

કોણ હશે એ કોઈ!

મારી એકલતાના જખ્મો ધોઈ દેતું કોઈ...

કોઈક... રાહ જોતું હશે, એની ખુમારીથી પગલાં ઘર તરફ જ પડે...

પ્રતીક્ષામાં સમય ગુજરે છે.

રાત ઓગળતી જાય છે–

મારી જિંદગીની સાથે સાથે.

o o o

ઝબકીને જાગી જઉં છું ત્યારે દિવસભર જોયેલા ચહેરાઓ યાદ આવે છે.

ને લાં...બી સડક નજરે પડે છે.

લાં...બી સડક, જેનો છેડો મને દેખાતો નથી.

ચાલનાર થાકી જાય છે, સડક ક્યારેય થાકતી નથી.

શેલડીનો સાંઠો

હું તો છું તૂરી તૂરી બાવળની કાંબ,
તું તો મીઠો છો શેલડીનો સાંઠો !
તારી મીઠાશ મહીં ડૂબડૂબ આખું યે
વ્રજ અને જમનાનો કાંઠો !

સહુને યે એક કોર વાળી મૂકીને
રહ્યો વરસી તું મારા પર હેત !
એથી તો સખીઉં સૌ ટોળે વળીને
મને એકલીને કરતી ફજેત !

હૈયું લૂંટીને મારો ઝાલ્યો તેં હાથ:
એમાં ડંખે મને ન એનો કાંટો!
હું તો છું તૂરી તૂરી બાવળની કાંબ,
તું તો મીઠો છો શેલડીનો સાંઠો !

વન રે વગડાની હું તો મહિયારી છોરી,
તું નંદ ને જશોદાનો લાલ !
ઝીણી ઝીણી હુંમાં કૈં અવગુણની શૂળ,
તુંમાં ગુણની કૈં ગાંઠયું વિશાલ !


તુંમાં તૂરાશ તણો લેશે ન અંશ,
હુંમાં નહિ રે મીઠાશ તણો છાંટો !
હું તો છું તૂરી તૂરી બાવળની કાંબ.
તું તો મીઠો છો શેલડીનો સાંઠો !

એક રે ધરાની મહીં પોષાયાં બેય,
તોય નિરાળા બેય તણા ગુણ !
એવા બે ગુણ થયા ગંઠાઈ એક:
પેલાં જનમો જનમ તણું ઋણ !

તારો ને મારો આ ન્યાળવાનો મેળ
રોજ સૂરજને થાય આવે આંટો !
હું તો છું તૂરી તૂરી બાવળની કાંબ,
તું તો મીઠો છો શેલડીનો સાંઠો !

—દેવજી રા. મોઢા.

આ શું !
શિલ્પી : આર્તે એગુસ્કા





બેવડી લાચારી
ફોટો : જે. જે. પાંચાલ

અજવાળી રાત

આ રઢિયાળી શી રાત!
જાણે વૃંદાવનની કુંજે, વેરે વાંસળી વાત,
—આ રઢિયાળી-

રાધા જાણે બની ચાંદની, રાસ રમે ધરતીમાં,
ને મોહન આ ચંદ્ર, કિરણના સૂર છેડતા ધીમા,
પરમાત્માના પરમપ્રેમના પલપલ છલે પ્રપાત,
—આ રઢિયાળી-

નભ ધરતીના હૈયા વચ્ચે વહે વહાલના વાયુ,
પ્રકૃતિ કેરા રોમરોમમાં, વહેતું વધતું આયુ,
મહુંએ ઉરબીન રણકતું સૂરે સાતે સાત-
—આ રઢિયાળી-

દૂધ સમું રૂપેરી જાણે, અમરત સરવર ભરિયું,
ને મારી સૌ ઊર્મિ એમાં નહાતી જાણે પરીયું,
સર્જકનું સંસાર માહીં કોઈ સ્વપ્ન સર્યું સાક્ષાત
—આ રઢિયાળી-

—મીન પિયાસી.





સોળમી એપ્રિલ

હું ફેરવું પાસાં,
અને
અન્ધાર મારા શ્વાસ વાટે ફેલતો અન્તર મહીં.
રેડિયમ ક્લોકના કેં અંક એ-
માર્જાર કેરી આંખ-શાં ભાળી રહ્યું.
ઓરડે નૂરેલ બારી-કાચથી
દેખાય.....દૂર.....ઝાંખો કો સિતારો!
અચાનક, ત્યાં જ,
જ્યારે આપણે છૂટાં પડ્યાં'તાં-
તે,
૧૬મી એપ્રિલનો મધ્યાહ્ન
આખા ઓરડે અન્ધારને ઓઢી રહે!!
હું ફેરવું પાસાં,
અને અન્ધાર.................

'પ્રભાતિ'

કવિતા વિલાસ

જશવંત શેખડીવાળા

દલપતરામ કૃત "કવિતાવિલાસ" અથવા "ફાર્બસ વિલાસ" (અહીં રજૂ થયેલાં તમામ અવતરણો, એમાંની જોડણી, પૃષ્ઠાંક, વગેરે 'કવિતાવિલાસ'ની પ્રથમ આવૃત્તિ (૧૮૭૭) અનુસાર છે.) એક વિલક્ષણ કૃતિ છે. એ સાદ્યંત સંવાદાત્મક રૂપમાં રજૂ થઈ છે, છતાં એમાં સંવાદનું મહત્ત્વ નથી. એમાં અનેક પાત્રો આવે છે, જે જરૂર જણાતાં ગદ્યમાં વાતચીત કરે છે, પણ ખરેખર રાચતાં હોય છે પદ્ય રચવામાં. એમની વાતોમાંથી કે પદ્યમાંથી કોઇ એક સળંગ સુસંબદ્ધ કથાનક ઘડાતું કે વિકસતું હોય એમે ય લાગતું નથી. આકાર અને અંતસ્તત્વ પરથી એને નાટક, ગદ્યપદ્યમય વાર્તા, કાવ્યસંગ્રહ યા આખ્યાન કહેવામાં મુશ્કેલી ઊભી થાય તેમ છે.

તો પછી આ કૃતિને ગદ્ય કે પદ્યના કયા પ્રકારમાં સમાવવી? કવિને પોતાને તેમ જ સુંદરમ્ જેવા આધુનિક વિવેચકને પણ એ અંગે મૂંઝવણ અનુભવવી પડી છે. કવિએ એનું નામ "કવિતા વિલાસ" રાખ્યું છે. પરંતુ એની 'પ્રસ્તાવના'માં તેઓ એને "પ્રકરણ" કહે છે. એનું વિભાજન તેઓ "અંક" યા "આંકમાં" કરે છે. ('આ કવિતાવિલાસના નવ અંક સન ૧૮૬૭ના બુદ્ધિપ્રકાશમાં છપાયા હતા.' "ક. વિ." ની "પ્રસ્તાવના" પૃ. ૩) પાત્રોના પ્રવેશ-નિષ્ક્રમણનું એમાં સંક્ષેપમાં વર્ણન થતું હોય છે. જો કે, આવાં વર્ણન તેમ જ અન્ય પ્રવૃત્તિસૂચક વાક્યો, નાટકમાં જેવા મળે છે તેમ, કૌંસમાં મુકાયાં નથી. આમ છતાં તે આધુનિક નાટકમાં કૌંસમાં મુકાતી એવી સૂચનાઓને તત્ત્વતઃ મળતાં આવે છે. તેથી આ કૃતિને નાટક નહિ તો, નાટક જેવી જરૂર કહી શકાય. સુંદરમ્ જેવા વિવેચક પણ એને પદ્યકૃતિ ગણી, "પ્રબંધ" તરીકે ઓળખાવી, "અર્વાચીન કવિતા'માં સ્થાન આપે છે, પરંતુ એમાંના ગદ્યસંવાદોને લક્ષમાં લઈ વધુમાં ઉમેરે છે કે, "એ સંવાદો પણ આપણા નાટકના પુરોગામીઓ જેવા તથા તે વખતના ગદ્યના નમૂના જેવા છે.' (અર્વાચીન કવિતા" બી. આ., પૃ. ૧૭); કવિએ આમ નાટક યા "સંવાદોનો" આભાસ ઊભો કરી, આ કૃતિમાં વિવિધ વિષયો પરના પદ્યો-કાવ્યો રજૂ કરવાનો ઉપક્રમ રાખ્યો જણાય છે. એમાંનાં પદ્યોના સ્વરૂપનો તથા તેમના અતિરેકનો પ્રભાવ એ પછી લખાયેલા "મિથ્યાભિમાન"ની પદ્યો પર કેટલેક અંશે પડ્યો છે.

ઈ. સ. ૧૮૫૨માં ફાર્બસ સાહેબે ઈડરમાં "કવિઓનો મેળો" ભરેલો. અનેક કવિઓએ ત્યાં ભેગા મળી સાહેબને જાતજાતના વિષયો પર ગંભીર અગંભીર અને રમૂજી કહેવાય તેવાં કાવ્યો સંભળાવેલાં. એ મેળાનું ઘણે અંશે કલ્પિત એવું "વર્ણન" આ કૃતિમાં થયું છે. "મેળાનો" યથાતથ અહેવાલ એમાં આપવામાં આવ્યો નથી, એની સ્પષ્ટતા કવિએ 'પ્રસ્તાવના'માં કરી છે. 'એ મેળામાં બનેલી તેવી જ વાત લખી નથી, પણ તેમાં વધારો ઘટાડો કર્યા છે. માટે આ વાત કલ્પનામિશ્રિત છે, એમ જાણવું.' પરિણામે એમાં આવતાં કેટલાંક કવિનામો સાચી વ્યક્તિઓના સૂચક છે, જ્યારે કેટલાંક નામ કેવળ કલ્પિત વ્યક્તિઓનાં છે, કલ્પિત કે સાચાં, તમામ પાત્રોને મુખે રજૂ થતી બધી કવિતાઓ દલપતરામે જ રચી છે. તેથી દરેક કવિતાને અંતે દલપતરામનું જ નામ નજરે પડે છે. પોતાની કવિતા કહી એમને રજૂ કરે લાલો બારોટ યા પાનોભાઈ ગઢવી, અને એ કવિતાને અંતે આવે દલપતરામ! આ દેખીતી વિચિત્રતા ટાળવા માટે કવિએ યુક્તિપૂર્વક આવો ખુલાસો કર્યો છે: 'સૌ કવિઓએ એવો ઠરાવ કર્યો કે, આ સભાનું માન સાહેબના કવિને (એટલે કે દલપતરામને) આપવા સારું અંતની કવિતામાં રચનારને ઠેકાણે તેનું નામ લાવવું.' ('ક. વિ.' પ્રસ્તાવના, પૃ.૨) બાકી, દલપતરામને નામે પ્રસિદ્ધ થયેલી ઘણી કવિતાઓ-દા.ત. "અંજનશલાકા," "એક શરણાઈવાળો," "ઊંટ કહે આ સમામાં," "કેડી નમેલી ડોશી દેખીને' આ કવિતા વિલાસમાં

તો લાલો બારોટ, રણછોડદાસ ગઢવી, પાનોભાઈ ગઢવી, ઉત્તમરામ વિસનગરા જેવી વ્યક્તિઓને મુખે રજૂ થઈ છે!

ફાર્બસનો યશ વધારવાને નિમિત્તે, તેમ જ એમને આનંદ આપવાને માટે લખાયેલી હોવાથી, આ કૃતિ સાદ્યંત એક પ્રકારની પ્રસન્નતાનો, અગંભીરતાનો અનુભવ કરાવે છે. મનને ક્લેશ કરે યા ગંભીર બનાવી દે એવી પંક્તિઓ એમાં વિશેષ જોવા મળતી નથી. નર્મ-મર્મ, કટાક્ષ, વ્યંગ-વિનોદ, શ્લેષ, શબ્દચાતુરી, ઠઠ્ઠોમશ્કરી વગેરેથી ઉદ્ભવતું ઉજળાપણું અને હાસ્ય ઓછેવત્તે અંશે આખી કૃતિ પર વ્યાપી રહ્યાં છે. ફાર્બસ એક મોટા શમિયાણામાં સભા ભરી બેઠા છે. દલપતરામ એમની નજીક બેઠા છે. અને એક પછી એક કવિ, બારોટ, ગઢવી વગેરે આવતા જાય છે. દલપતરામ ફાર્બસને એમનો પરિચય કરાવે છે. પછી સાહેબ એમને આવકાર આપી, કવિતા સંભળાવવાની વિનંતી કરે છે. સાહેબની વિનંતી માન્ય રાખી તે કવિ એમને કવિતા સંભળાવે છે. મોટા ભાગની કવિતાઓ હળવી અને હાસ્યયુક્ત છે. એમાં "વાગતી ઘડીઆળ,' 'વિલાયતી ગાડી', 'મુંબઈ', 'ગુર્જરદેશ'થી માંડી "દેશીઓનું દુઃખ મટવાનું મૂળ શું છે?", 'ગુજરાતમાં સુધારાવાળાએ શાં શાં કામ કર્યાં?' અને 'સારીનરસી સ્ત્રી', "પ્રીતિની રીતિ' તથા "ઈશ્વરની માયા' સુધીના વિષયોનો સમાવેશ થઈ જાય છે. પ્રસંગોપાત્ત અન્ય સભાજનો વચમાં આ કવિતાઓ પર હળવાં ટીકા-ટિપ્પણ પણ કરતા રહે છે. કવિતા સંભળાવ્યા પછી કવિ, સાહેબ પાસેથી કંઈક ભેટસોગાદ પ્રાપ્ત કરી કાં તો વિદાય થઈ જાય છે, યા અન્ય સભાજનોની વચમાં જઈ બેસી જાય છે. એ સાથે એક 'આંક' પૂરો થાય છે. બીજા કવિના આગમન સાથે બીજો 'આંક' આરંભાય છે. બધા મળી આવા બાર 'આંક' 'કવિતા વિલાસ'માં રજૂ થયા છે. નાટકના 'પ્રવેશ'ને મળતું એમનું સ્વરૂપ છે. પણ ઘણમાં તો કશી કથા-ક્રિયા વિનાનાં સંવાદ અને કાવ્યો માત્ર છે. એમાંના આંક ૨, ૩, ૬, ૧૦, ૧૧, ૧૨ એમાં નિરૂપાયેલાં રમૂજી પ્રસંગપાત્ર સંવાદકાવ્યને કારણે તેમ જ થોડી ક્રિયા (action)ને કારણે, વિશેષ રસિક થઈ શકયા છે. એ 'આંક' સ્વતંત્ર રૂપમાં 'સંવાદ' તરીકે ભજવી શકાય એવા છે.

દલપતરામના મર્માળા તેમ જ બાલિશ-બેઉ પ્રકારનાં હાસ્યનાં થોડાંક લાક્ષણિક ઉદાહરણ જોવા જેવાં છે. ગોવિંદરામ નામના એક શાસ્ત્રી એમના અંગ્રેજી ભણતા શિષ્ય પરભાને ઘેર મૂકી ફારબસને કવિતા સંભળાવવા માટે "કવિમેળા'માં આવ્યા છે. પરભાને એમણે એના જજમાનના સંઘ સાથે પ્રભાસ (પાટણ) જવા કહેલું. પણ એ પરભો તો શાસ્ત્રીની પાછળ પાછળ 'કવિમેળા'માં આવી પહોંચ્યો!

શાસ્ત્રી: અરે, તું અહિં ક્યાંથી!

પરભો:- હું સવારમાં ઉઠીને મારું અંગરેજી લેસન કરવા બેઠો, તેથી વાર થઈ ગઈ, અને સંઘ જતો રહ્યો. પછી આ મેળો જોવા સારૂં પરભાર્યો અહિં આવ્યો.

શાસ્ત્રી:- ઠપકો દે છે, વૈતાળી છંદ:

પરભા પરભાતપોરમાં પરભાયા પર ભાવ લાવિયો.
પરભા પરભાસની તજી, પરભાર્યો અહિં કેમ આવિયો? (પૃ.૪)

શાસ્ત્રીજીએ 'પરભા'ને વિવિધ શબ્દોની જાળમાં કેવી યુક્તિથી ગૂંથવી માર્યો છે! દલપતરામના બાલિશ હાસ્યનો આ એક સારો નમૂનો છે. 'આંક ૨'માં આવતો લાલો બારોટ ઉપર્યુક્ત ગુરુચેલાથી ચડે એવો છે. કવિમેળામાં ભાગ લેવા માટે એ છેક નડીયાદથી ઈડર આવી પહોંચ્યો છે. ગામના દીવાને કરેલી ગોઠવણ મુજબ એને રાત્રિ કોઈ 'ખવાસ'ને ઘેર ગાળવી પડી છે. એ ખવાસે એનો બરાબર સત્કાર નથી કર્યો, એટલું જ નહિ, એને માંકણોથી ભરેલી 'સજીવન સજ્યા'માં આખી રાત સૂઈ રહેવાની ફરજ પાડી છે. તેથી અકળાયેલો બારોટ ખવાસ વિશે કંટુ વેણ કાઢતો હોય છે. તંબૂ બહાર ઊભેલો ખવાસ બારોટના એ આક્ષેપોનો પ્રતિવાદ કરે છે,

ખવાસ: ખાટલામાં માંકણ હશે તેમાં મારો વાંક શેનો?

લાલો:- હું તારો વાંક કાઢતો નથી, એ તો વિધાતાનો વાંક

તારો વાંક નહિ, તેમાં વાંક તો વિધાતા તણો.
પશુ ઘડતાં પુરૂષ ઘડીઓ તે ઘડીએ;
પછી વાંક પ્રભુતાનો પાપું નહિ પોતે વિખ,
તેમાં શાનો તારો વાંક જાણીએ છબીલીઓ?
જાણીતી સુથાણી નહિ, સુથાણી અજાણી હશે,
બોળ્યો નહિ તને ઊન્હા પાણીને ઓકડીએ.

શીતળાએ સાંજે શીદ કીધો દલપત કહે,
લડવી ઘટે લડાઈ, જો તે સાથે લડીએ. (પૃ. ૮)

આ લાલા બારોટે, એને અમદાવાદની કોઈ ધર્મશાળામાં ભેટેલા પેલા 'અહિંસકવ્રતધારી, સત્યવાદી, પરોપકારી, 'ઢુંઢીઆ ધર્મના બે સાધુ'ઓનું જે વ્યંગપૂર્ણ શબ્દચિત્ર દોર્યું છે તે વાંચતાં તો પ્રખ્યાત અમેરિકન હાસ્યકાર માર્ક ટ્વેઈનની કટાક્ષકલા યાદ આવે છે. લાલાએ તે સાધુઓને અમદાવાદમાં જોવાલાયક સ્થળોનાં નામ બાબત પૂછ્યું, તો 'સાધુએ કહ્યું, કે અમે નામ બતાવીએ તેથી તમે તે જોવા જાઓ. તેથી રસ્તામાં તમારા પગ તળે કીડી મકોડી મરે. તેનું પાપ અમને લાગે, માટે એ તો શું? પણ તમે 'વગડામાં પાણી તરસ્યા ભૂખ્યા થયા હો', ને અમે તમને સામા મળીએ, અને તમે અમને પૂછો કે ક્યાંઈ પાણી પીવાનું છે? તે અમે જાણતા હોઈએ કે રસ્તાની ફલાણી બાજુ ઉપર કૂવો કે વાવ છે, તોપણ અમારાથી તમને કહેવાય નહિ. એવો અમારો ધર્મ કઠણ છે. તમે અમારા બતાવ્યાથી જતાં, રસ્તામાં પગ તળે ઝીણાં જીવજંત મારો, તથા કાચું પાણી પીઓ, તેનું પાપ અમને લાગે. પણ અમારા ધર્મનું એક કવિત અમે તમને શીખવીએ તે શીખો તો તમારા અર્થનું છે.' (પૃ. ૧૦-૧૧). આમ કહી એ ભલા સાધુઓ 'ધર્મનું' અને 'અર્થનું'-'અંજનશલાકા' નામનું—એક એવું કવિત કહી સંભળાવે છે કે જેમાં અમદાવાદનાં તો શું, ત્યાંથી 'સાત ગાઉ' દૂર આવેલાં જોવાલાયક સ્થળોનાં નામ પણ આવી જાય છે! ઉપરથી, સાધુઓનો સંગ કરી પાપ ધોઈ નાખવાની સૂફિયાણી સલાહ પણ તેઓ આપે છે—

થતાં એક મુસાફરને રસ્તામાં એક ભીલ મળી જતાં તેની સાથે 'ટાઢી મીઠી વાત' કરવાનું મન થાય છે. એ પ્રેમપૂર્વક ભીલને બોલાવે છે; તો ભીલ પણ એની ખબર પૂછે છે:

તું કોણ છે? કેનો છૈયો? પિતા તારો મુઆ પછી
માએ નાતરું કર્યું કે? સાચેસાચું માનને. (પૃ. ૧૭)

'અંક-૬'માં આવતો કવિ ધીરજી બહુ વાચાળ વ્યક્તિ છે. અંગ્રેજી જાણતો નથી છતાં એ અંગ્રેજી શબ્દોમાંથી મનફાવતા અર્થો તારવે છે! આથી સભામાં બેઠેલો 'એક સ્કૉલર' અકળાય છે. ધીરજીને બોલતો બંધ કરવા, એની સાન ઠેકાણે લાવવા, એ એને પ્રશ્નો પૂછવા માંડે છે. પણ ધીરજી તો વિતંડાવાદ કરી ઊલટો એને જ મૂંગો બનાવી દે છે.

ધીરજી: વારુ 'મની' એ શબ્દનો શો અર્થ છે?

સ્કૉલર: 'મની' એટલે નાણું.

ધીરજી: વારુ અમે કહીએ છીએ કે મની એટલે બિલાડી. માટે એક શબ્દના અનેક અર્થ થતા હોય તેમાંથી એકાદ અર્થ અમે કહી આપીએ એટલે બસ છે. (પૃ. ૪૧)

'અંક-૧૦'માં ઉત્તમરામ વિસનગરા નામના કવિને સભામાં બેઠેલો એક બારોટ પૂછે છે—

બારો: (કવિને) કાકા સંસ્કૃતમાં કોને કહેવાય?

ઉત્તમરામ: કાગડાને.

બારો: ત્યારે ઘરડા માણસને કાકા કેમ કહેતા હશે?

ઉત્તમરામ: સવૈયા:

જોબનમાં જુવતી જર કારણ, રાખી રહ્યા શિર સંકટ થાકા,
પ્રૌઢપણે દલપત કહે, તનમીર તણા ન તજ્યા જ તડાકા,
એશ વિશેષ મરાલ બરાબર, કેશ થયા પરિપૂરણ પાકા;
તોય કર્યો ન પ્રપંચ નિવારણ, કારણ એ જ કહે સહુ કાકા.
(પૃ. ૬૮)

વખાણે છે; પણ પત્ની તો ઘોડાના જ વખાણ કરે છે; કેમકે કોઈ શુભ દિન હોય અને જો પતિ-પત્ની વિખૂટા પડેલાં હોય તો 'ટાળિ વિજોગ, સંજોગ કરે, ઘરમાં ઘરનાર્યું વસાવવું ઘોડું.' કવિએ અહીં પુરુષને કેવળ સ્થૂલ લાભાલાભની ગણતરીમાં ડૂબેલો બતાવ્યો છે, જ્યારે સ્ત્રીને સૂક્ષ્મ પ્રણય-શૃંગારની કલ્પનામાં રાચતી બનાવી છે.

'કવિતાવિલાસ'માં આવા પ્રકારના માર્મિક હાસ્યની ઊણપ નથી; તો વાગાડંબરથી ભરેલા, સ્થૂલ શબ્દ-ચાતુરીમાં રાચતા, 'ચિત્રબંધો'ની અતિઆયાસ પૂર્વકની કારીગરી રજૂ કરતા, કૃત્રિમ ગ્રામ્ય બાલિશ હાસ્યનો પણ અભાવ નથી. 'હારબસ' નામ કેમ પડ્યું તેનો ઈતિહાસ, 'સ્ટાર ઓફ ઈન્ડિયા' સૂત્રની દેશી વ્યુત્પત્તિની કઢંગી કથા; માનવ-પશુ-પંખી આદિ 'ચામડાનાં પૂતળાં' રચતા ભગવાનનું 'મોચી' તરીકેનું (અદ્યતન કવિઓને ગમી જાય એવું) રૂપક વગેરે કવિકલાના સ્વાભાવિક પરિપાક રૂપે નહિ પણ કોઈ શુષ્ક યાંત્રિક કારીગરીને પરિણામે પરાણે નિપજાવ્યાં હોય, એમ લાગે છે. 'અંક' ૨-૩ જેવા કેટલાક ખંડો રસિક બન્યા છે, પણ બાર 'અંક' ધરાવતી કૃતિમાં સાદ્યંત એકસરખો રસ ટકી શકતો નથી. 'સ્રી-સંભાષણ' (૧૮૫૬) ની જેમ અહીં પણ સળંગ-સૂત્રતા, સતત ગતિશીલતા, વિકાસ અને પરાકાષ્ઠા જેવું કશું અનુભવાતું નથી. પ્રસંગ, પાત્ર, વાણી, વિચાર વગેરેના નિરૂપણમાં એકવિધતા જણાય છે, અને પ્રસ્તાવ પણ અસહ્ય લાગે છે. સંવાદોમાં 'સ્રીસંભાષણ' જેવી સ્વાભાવિકતા નથી, તેમ કાવ્યોમાં જોડકણાં વિશેષ છે. 'અંક' ૨-૩ જેવાં થોડાં દૃશ્ય ભજવી શકાય તેવાં છે, પરંતુ આખી કૃતિ અભિનયક્ષમ નથી. 'કવિતા વિલાસ' ભવિષ્યમાં યાદ રહેશે એમાંના 'ઊંટ કહે' આદિ થોડાંક સરસ કટાક્ષ કાવ્યો માટે, 'આપણા નાટકના પુરોગામી' તરીકે નહિ.

☆

ટોલ્સ્ટોય વિચારવીર હતા, ગાંધીજી કર્મવીર હતા. ટોલ્સ્ટોયને વારસામાં બધું જ મળ્યું હતું, પણ તપશ્ચર્યા નહોતી મળી. ગાંધીજીને તપશ્ચર્યાની દીક્ષા બાળપણથી મળી હતી. ટોલ્સ્ટોય લોકોની વચ્ચે રહી જીવનનો દરેક પ્રકારનો આનંદ માણી શકતા હતા પણ લોક સમુદાય સાથે એકરૂપ નહોતા થઈ શકતા. ટોલ્સ્ટોય માટે જીવન અને સમાજ ભોગભૂમિ હતા. ગાંધીજી માટે કર્મભૂમિ. ગાંધીજીની જીવનસાધના જનસમુદાયની સાથે ચાલી છે. ટોલ્સટોય પોતે પોતાની આત્મકથામાં લખે છે કે, અડધી જિંદગી વીતી ગઈ ત્યાં સુધી એમને આત્મા, ઈશ્વર, પરલોક અને ધર્મનો સાચો ખ્યાલ નહોતો. સાચું જીવન આત્મકેંદ્રિત જ હોઈ શકે છે એની જ્યારે એમને અનુભૂતી થઈ ત્યારે તેઓ ચિંતન કરવા લાગ્યા. ગાંધીજીનું જીવનચિંતન એમની સેવાવૃત્તિમાંથી જાગૃત થયું. સેવા દ્વારા લોકો સાથે ઐક્ય અનુભવવું એ ગાંધીજી માટે સહજ ધર્મ હતો.

પશ્ચિમી દુનિયા માટે સાચા રસ્તાની કલ્પના ટોલ્સટોયે આપી. એ નૈતિક મૂલ્યો અપનાવીને ગાંધીજીએ કચડાયેલા લોકોને આઝાદીનો રસ્તો બતાવ્યો. ટોલ્સ્ટોય અને ગાંધી બન્નેએ મળીને ઈતિહાસ-વિધાતાનું યુગકાર્ય શરૂ કર્યું. હવે વસુંધરાના માનવ પોતાની શક્તિ અને યુક્તિ અનુસાર નક્કી કરશે કે આ યુગના માનવજીવનમાં કેટલા ટકા ગાંધીજી અને કેટલા ટકા ટોલ્સ્ટોયને અપનાવવા છે. આજની માનવતા બન્નેનો પૂર્ણતઃ સ્વીકાર ભાગ્યે જ કરશે. મનુષ્યનો સ્વભાવ જ છે કે સીધો-સાચો રસ્તો અપનાવતાં પહેલાં બધા આડાઅવળા રસ્તા અપનાવી જ જોશે.

☆

કૉરોનરનો ચુકાદો

હિમાંશુ વોરા

ઈસ્પિતાલમાં એક બિહારી સ્ત્રીના મૃત્યુ અંગે થયેલી કોરોનરની તપાસનો અહેવાલ નીચે આપ્યો છે. અહેવાલમાંથી કોરોનરે પૂછેલા પ્રશ્નો બાકાત કર્યા છે.

દાક્તર:- તારીખ વીસમી એપ્રિલે મેં બાઈનો કેસ તપાસવા માટે હાથમાં લીધો. મારી તપાસ પરથી મને ખાતરી થઈ કે, બાઈને ક્ષય હતો. ખરું પૂછો તો તપાસ માટે એણે ઘણા વહેલાં આવવાની જરૂર હતી. કારણ, એનો રોગ સારા પ્રમાણમાં આગળ વધી ગયો હતો. પણ એ વિશે એને પૂછતાં મને ખબર પડી કે, ખાણના મૅનેજરે એને વહેલી રજા આપવાની ના પાડી હતી. હા, એ સ્ત્રી તપાસ માટે ઈસ્પિતાલમાં તેરમી એપ્રિલે આવી હતી એ સાચું છે, પરંતુ મારા પર દર્દીઓનો સખ્ત ધસારો હોવાને કારણે, હું એનો કેસ તરત તપાસ માટે લઈ શક્યો નહોતો. ગમે તેમ પણ, એનો રોગ એટલો આગળ વધી ગયેલો હતો કે, સાત દિવસમાં ભાગ્યે જ કશો ફેર પડ્યો હોત. ખરો સવાલ તપાસ ક્યારે થઈ એ નથી, પણ દર્દીની માવજત કેવી થઈ હતી એ છે...હા જી, એટલે હું એમ કહેવા માગું છું કે દર્દીને જે ઈન્જેક્શનો આપવામાં આવ્યાં હતાં, એ જોઈએ તેવાં નહોતાં. હા, એમાં કોઈક પ્રકારની અશુદ્ધી હતી એવી મને શંકા છે. ના, એ અશુદ્ધિ શી રીતે આવી હશે એ હું કહી શકું તેમ નથી. બસ, આથી વિશેષ મારે કશું કહેવાનું નથી.

કારકુન:- જી, હું અહીં આઠ વર્ષથી કામ કરું છું. મારું કામ દાકતરે આપેલા પ્રિસ્ક્રિપ્શન મુજબ સ્ટોરમાંથી તૈયાર દવાઓ આપવાનું છે. ના જી, આઠ વર્ષની નોકરીમાં મેં ભૂલથી પણ કોઈવાર કોઈને ખોટી દવા નથી આપી. આ સ્ત્રી માટે પણ મેં દાકતરના પ્રિસ્ક્રિપ્શન પ્રમાણે જ ઈન્જેક્શનો આપેલાં. હા, મને ખાતરી છે કે, એમાં મેં કોઈ ભૂલ નહોતી કરી. હેં સાહેબ, ભૂલનો સવાલ નથી? તો પછી શેનો સવાલ છે? ભેગનો? એટલે કે, ઈન્જેક્શનોમાં ભેગ હતો કે નહિ, એમ? એ તો સાહેબ, મને કેમ ખબર પડે? હું તો સ્ટોરમાં જે દવા હોય તે નામ જોઈને આપી દઉં. એમાં ભેગ અથવા અશુદ્ધિ છે કે નહિ એ તો હું કેવી રીતે જાણી શકું?

હા જી, દાકતરે કહ્યું તે મેં સાંભળ્યું. પણ એમણે શા ઉપરથી એવું અનુમાન બાંધ્યું એ હું નથી સમજી શકતો. અને...સાહેબ, કહેવું ખોટું...પણ દાકતરે શા માટે એ બાઈનો કેસ મોડો હાથમાં લીધો હતો એની વધારે તપાસ થાય તો સારું. જી, હું દોષ ઢોળવા માટે નથી કહેતો...હેં? હા સાહેબ, હું સાચું જ કહું છું કે, દવામાં ભેગ હતો કે નહિ એ હું જાણતો નથી. હાં, મેં સોગંદ લીધા છે ને તો ય કહું છું કે-કે હું ખાતરીથી કેમ કહું કે, દવામાં ભેગ હતો. એટલે કે-

હા સાહેબ, મેં પહેલાં કહ્યું કે, દવામાં ભેગ હતો કે નહિ એની મને કેમ ખબર પડે ને...ને હમણાં કહ્યું કે એમાં અશુદ્ધિ હતી, એમ હું ચોક્કસ કેમ કહી શકું એ બે વચ્ચે કશો જ તફાવત નથી. સાહેબ, હું વકીલ નથી, એટલે એમના જેવાં સ્ટેટમેન્ટ કરતા નથી—ના જી, હું બીજી વાત પર નથી ચડતો, પણ

શું? મારે સત્ય જ કહેવું જોઈએ, એમ? નહિ તો આપની સામે જુઠું બોલવા માટે મને સજા થશે? પણ સાહેબ-અહીં કારકુન ગળગળો થઈ ગયો-

સાહેબ, તો પછી સાચું કહું? મારે-મારે દવાના વેપારીઓ સાથે જુદી જુદી જાતની સમજુતી હોય છે, ને એ ગોઠવણ પ્રમાણે એ લોકો મને કમિશન આપે છે. સાહેબ શું કરું, આ મોંઘવારીમાં મારા પગારમાં ઘર ચલાવવાનું બહુ મુશ્કેલ પડે છે. હું જાણું છું કે, આ કાંઈ બચાવ નથી-પણ શું કરું, સ્થિતિ એવી હોય ત્યાં? એટલે સાહેબ, આ બાઈનો કેસ આવ્યો ત્યારે, ગોઠવણ પ્રમાણે મેં એક વેપારી પાસેથી હૉસ્પિટલ માટે જે ઘણો જુનો માલ ખરીદાવેલો તે સ્ટોકમાં ચાલતો હતો, ને એમાંથી જ મેં બાઈને ઈન્જેક્શનો આપ્યાં હતાં-એમાં ભેગ હતો કે

નહોતો, એ હું ખરેખર નથી જાણતો; પણ એ બહુ જ જૂનો, ઘણો વખત પહેલાં તૈયાર કરેલો હતો, એટલે એમાં કાંઈક થોડો ઘણો વાંધો હોય, એનો 'પાવર' ઓછો થઈ ગયો હોય, તો સાહેબ, કોણ જાણે, હા મારે સાચું જ કહેવાનું છે, એટલે મેં આટલું કહી દીધું. બાકી મેં જાણી જોઈને અશુદ્ધ દવા આપી હોય એવું કાંઈ નહોતું, હો સાહેબ!

નર્સ:- હા જી, આ સ્ત્રી હૉસ્પિતાલમાં આવી કે તરત જ, મેં દાક્તર સાહેબનું ધ્યાન એની તરફ દોર્યું હતું, ધ્યાન દોર્યું હતું, એટલે કે, તેરમી એપ્રિલે બપોરે મેં એમને કહ્યું કે, હવે એ સ્ત્રીનો વારો હતો. પણ ડૉક્ટરે મને કહ્યું કે, એનું તો પછી થશે, પહેલાં આપણે મિસ્ટર સુખડીઆનો કેસ લેવાનો છે. મેં કહ્યું કે, બાઈને ક્ષય હોવાનો વહેમ છે, અને એની તબિયત પણ ઘણી નંખાયેલી લાગે છે. જ્યારે મિ. સુખડીઆનો કેસ તાકિદનો હોય એવું નથી લાગતું. અલબત્ત ડૉક્ટરને આવું કહેવાની મારી ફરજ નથી, પણ મને લાગ્યું કે, ડૉક્ટરે પેલી સ્ત્રીને જોઈ નથી, એટલે મારે એમનું ધ્યાન દોરવું જોઈએ. પરંતુ ડૉક્ટરે મને તરત જ ભાન કરાવ્યું કે, એ રીતે એમનું ધ્યાન ન દોરવામાં જ ડહાપણ રહેલું હતું. એમણે મને કહ્યું કે, સિસ્ટર, કોનો કેસ અર્જન્ટ છે ને કોનો નથી, એ મારે નક્કી કરવાનું છે. એ તમારું કામ નથી. પછી એમણે મિ. સુખડીઆનો કેસ હાથમાં લીધો. ના જી, તે પછી વીસમી તારીખે એ સ્ત્રીને તપાસી ત્યાં સુધી, મેં ડૉક્ટરને આ બાબતમાં કશું જ નહોતું કહ્યું. કારણ કે, મને ફરી વખત મારું અપમાન થશે એવી બીક હતી. જી? તે દરમ્યાન એટલે કે, સાત દિવસ સુધી, ડૉક્ટરે એ સ્ત્રી સિવાયના કેસો જ હાથમાં લીધા હતા. ના જી, એનું કારણ હું નથી જાણતી.

હા સાહેબ, એ બધા શ્રીમંત માણસો હોવાની વાત સાચી છે. ના સાહેબ, એમની પાસેથી ડૉક્ટરે પૈસા અથવા ભેટ કંઈ એવું કશું લીધું હતું કે નહિ; એ હું નથી જાણતી. હા જી, એ સહુનો વારો પેલી સ્ત્રી પછી આવતો હતો. જી? ના સાહેબ, તે છતાં એમની તપાસ શા માટે વહેલી કરવામાં આવી, અને મોડી તપાસને પરિણામે સ્ત્રીનો કેસ વધારે બગડી ગયો કે નહિ, એ વિશે હું કાંઈ કહી શકું તેમ નથી.

ખોરાક આપનાર નોકર:- જી હા, મારું કામ દર્દીઓ-ને ખોરાક આપવાનું છે. હા સાહેબ, આ સ્ત્રીને મારે જ ખોરાક આપવાનો હતો. ના જી. ખાવાનું આપવા હું પોતે નથી જતો, પણ મારે ડૉક્ટરની સલાહ મુજબ બધી ચીજો તૈયાર કરીને નર્સને આપવાની હોય છે. હા જી, આ બાઈને ઈંડાં અને દૂધ બન્ને આપવાનું હતું. હા સાહેબ, ડૉક્ટરે કહ્યું હતું એ જ પ્રમાણે હું એ સ્ત્રી માટે ઈંડાં આપતો હતો. હા જી, એ જ પ્રમાણે એટલે કે, એટલી જ સંખ્યામાં. એને હંમેશાં સવાર-સાંજ, બબ્બે ઈંડાં આપવાનાં હતાં. જી, હા. મેં કહ્યું તેમ, હું એ જ પ્રમાણે ઈંડાં એની થાળીમાં મૂકતો-શું કહ્યું આપે? કેટલીક વાર એને દિવસમાં બે જ ઈંડાં મળતાં એમ? ના જી, એ સાવ ખોટી વાત છે. હા જી, જો નર્સે એવું કહ્યું હોય તો, નર્સ જૂઠું બોલે છે. શું સાહેબ? હા જી, મારી પત્ની માંદી છે એ સાચું છે. પણ તે આપે કેમ જાણ્યું? માફ કરજો, મારે એવો સવાલ નહોતો કરવો જોઈતો. આપે કેમ જાણ્યું એ પૂછવાનું મારે માટે યોગ્ય ન કહેવાય, પણ સાહેબ મારી પત્નીની માંદગીને આની સાથે શું સંબંધ છે, તે જાણી શકું? ઠીક સાહેબ, તો આપ પૂછશો એનો જ હું જવાબ આપીશ. શું ?

હું દર્દીઓને પૂરતી સંખ્યામાં ઈંડાં નથી આપતો એમ? ના જી, એ તદ્દન જૂઠી વાત છે. હું શા માટે એમને ઈંડાં ઓછાં આપું? શું?-આ તબક્કે નોકર ધ્રૂજતો હોય એવું લાગ્યું-

જી, ઈશ્વરના સોગંદ ખાઈને હું જૂઠું નહિ કહું. એટલે કે, સાચું જ બોલીશ. એટલે કે, સાહેબ!

મારી પત્નીને પણ ક્ષય થયો છે. ને દાકતરે એણે ઈંડાં ખાવાં જોઈએ, નહિતો એની તબિયત સુધરશે નહિ એમ કહ્યું હતું. પણ સાહેબ, તમે જ કહો, મારા જેવો ટૂંકા પગારનો નોકર રોજ ઈંડાં ક્યાંથી લાવે? ના જી, હું દયા નથી માગતો. પણ સાહેબ, જે હકીકત છે તે કહું છું. બચાવ નહિ પણ સાહેબ મારે બીજું શું કરવું તે તમે કહો! હા જી, બીજા દર્દીને ભોગે ને હૉસ્પિટલને ખર્ચે મારે અવું ન કરવું જોઈએ, પણ સાહેબ, પોતાની પત્ની તો સૌને વહાલી હોય જ ને? હેં? આ સ્ત્રીનાં રોગના ઉપચારની વચ્ચે હું આવ્યો હતો, એમાં પણ સાહેબ, એનો રોગ તો બહુ આગળ વધી જ ગયો'તો-એ કોઈ રીતે બચી શકે તેમ હતી જ નહિ!

કોરોનરનો ચુકાદો:- દર્દીના શરીરમાં કોઈ જાતનો ઝેરી પદાર્થ હોવાનો પુરાવો મળ્યો નથી. માટે દર્દીનું મૃત્યુ કુદરતી મૃત્યુ હતું એમ તપાસમાંથી ફલીત થાય છે.

ખોવાતા શબ્દો?

નટવરલાલ માલવી

ત્રીસેક વરસ–એટલે કે બાર વરસના 'તપ' લેખે અઢીક 'તપ'ની તપશ્ચર્યા, કુટીબંધ માણસો–કાર્યકરો અને પાંચેક લાખ રૂપિયાને ખર્ચે, ગોંડળ નરેશ સ્વ. ભગવત્‌સિંહજી મહારાજની ગુર્જરગિરા પ્રત્યેની અપૂર્વ આસક્તિમાંથી ઉત્પન્ન થયેલો શ્રી. ભગવદ્‌ગોમંડળ મહાકોશ ગુજરાતી ભાષાની મહામૂલી સંપત્તિ છે. એમાં ૩ લાખ શબ્દો છે. એ ત્રણ લાખ શબ્દોમાં હિન્દી, મરાઠી, બંગાળી અને (કદાચ નહિ આપવા જોગ એવા) સંસ્કૃત શબ્દો આપ્યા છે. તેને લગતી ચર્ચા અત્યારે અપ્રસ્તુત ગણી બાજુએ રાખીએ, તો પણ એ કોશમાં એક બાજુ અપાર જ્ઞાન અપાયેલું છે, માહિતીનો ભરપૂર ભંડાર ભર્યો છે, તો બીજી બાજુ સમગ્ર ગુજરાતમાં તો નહિ, પણ ગુજરાતના કોઈ કોઈ પંથકોમાં–બે ચાર, બે ચાર પંથક અગર વિશાળ સમુદાયોમાં અગર વિશિષ્ટ વર્ગ કે સમુદાયમાં વપરાતા ઘણાક શબ્દો ને પ્રયોગો રહી પણ જવા પામ્યા છે.

આવા થોડાક શબ્દો અને તેમને લગતી ચર્ચા અહીં આપું છું. એમાં કેટલાક શબ્દો એવા પણ હશે, જે કોશમાં મળે, પરંતુ એનો અમુક વિશિષ્ટ અર્થ આપવાનો રહી ગયો હોય, જેથી તેને ન અપાયેલા શબ્દ તરીકે લેખવાનું થાય. કેટલેક ઠેકાણે એકાદ શબ્દના સાઠ, સિત્તેર કે એંસી જેટલા અર્થો અપાયા છે, તે જોતાં કોશ સ્રષ્ટાઓએ કેવો ભગીરથ પ્રયાસ કર્યો છે તેનો ખ્યાલ આવે છે. આમ છતાં ભાષા એ સજીવ વસ્તુ છે, તેમાં નવા નવા શબ્દો બન્યે જાય છે, અગર તો જૂના ચલણી શબ્દોને નવા અર્થ વળગતા જાય છે એ એક વાત; સમગ્ર ગુજરાતમાં પંથકે પંથકે લાંબો વખત ગાળીને તે તે પંથકના બધા જ શબ્દો ભેગા કરી લેવાનું કામ કેટલું દોહ્યલું–અશક્ય સરખું છે એ બીજી વાત; અને કોશ નામે અધૂરી જ રહેવા સરજાયેલી, સદા અધૂરી જ રહેતી પ્રવૃત્તિ એ ત્રીજી વાત–આ ત્રણ મુખ્ય મુદ્દાને ધ્યાનમાં લેતાં અમુક શબ્દો કોશમાં ન આવ્યા હોય એને મોટો દોષ લેખવાનું યોગ્ય નથી. તે છતાં બાકી રહી ગયેલા શબ્દોનું સંગ્રહણ ચાલુ તો રહેવું જ જોઈએ. એ વાતનો સ્વીકાર પણ થવો જોઈએ. મને આવડે છે તેવી રીતે એ કામ હું છેલ્લાં છ સાત વરસથી ચલાવું છું, અને તેને યથાશક્તિ પ્રસિદ્ધિમાં મૂકું છું–હેતુ એ જ કે, આ કદી પૂરું ન થનારું કાર્ય, સનાતન કાર્ય ચાલુ રાખનારા કોઈને કોઈ ગુર્જર બંધુઓ નીકળવાના જ છે, અને આપણો અખૂટ શબ્દ ભંડાર વ્યવસ્થિત રીતે પ્રજા સમક્ષ ધરવાનું કાર્ય થતું જ રહેવાનું છે.

શરૂઆત, શબ્દ જૂનો ને ચલણી, પણ અર્થ નવો તાજેતરમાં સંકળાયેલો, એવા શબ્દથી કરું છું.

માંયલો: આ શબ્દ બોલીમાં ઘણો જૂનો લેખી શકાય અને બે એક દશકાથી સાહિત્યમાં આવ્યો ગણાય. આગળ એ વપરાયો હોય, તો તે વાત કોઈ ચોપડીમાં મને ખ્યાલ આવ્યો છે.

માંય । એ મહીંનો–અંદરનો, માંહેલો–માંહેનો, એ શબ્દનું જ રૂપ છે. ને છે તો વિશેષણ, પણ હવે 'આત્મા'ના અર્થમાં નામ રૂપે વપરાતું થઈ ગયું છે. એ શબ્દ કવિતામાં જ નથી રહ્યો, ગદ્યમાં પણ આવતો થયો છે.

'માંયલો' એટલે આત્મા, એનો એ અર્થ હવે કોશે સ્વીકારી લેવો પડશે. કોશમાં એ અર્થ અપાયો નથી. સૌરાષ્ટ્ર, જેને આ ઉપયોગનું ઉદ્‌ભવસ્થાન લેખી શકાય, ત્યાં રચાયેલા કોશમાં એ નથી અપાયો, એટલે પણ

એનો સાહિત્યિક વપરાશ અતિ તાજો, આધુનિક છે એમ લેખવાને મન થાય છે.

પણ આત્મા, જીવ, પ્રાણ કે એવા કોઈ નામ, રૂપ કે શબ્દ વિના જ 'માંયલો'– નર જાતિનું વિકારી વિશેષણ જ–એકલું વપરાતું થયું છે. લોકોને—કવિઓને, વકતાઓને એ ગમી ગયું છે, રૂપાળું પણ લાગે છે, એટલે હવે એને વ્યાકરણમાં 'નામ' તરીકે સ્થાન આપી કોશમાં લેવાની જરૂર ઊભી થઈ ગણાય. (માંયલીકોર એટલો એક જ શબ્દ મહાકોશમાં છે.)

બીજો શબ્દ પણ એવા જ પ્રકારનો લઉં છું.

વિરાટ : આ શબ્દ મશહૂર છે, સંસ્કૃતમાંથી આવેલો છે; અને મહાકોશમાં ઓગણીસ અર્થ આપેલા છે.

પણ લગભગ બે દાયકાથી આ શબ્દનો એક નવો જ ઉપયોગ શરૂ થયો છે, હવે પછીના કોશમાં તે નવે રૂપે તેનો ઉલ્લેખ જરૂરી બને છે.

આ ઉપયોગ મારી જાણ સમજ મુજબ શ્રી ગુણવંતરાય આચાર્યે શરૂ કરેલો છે. વિરાટ શબ્દ વિશેષણ રૂપે જ ગુજરાતીમાં વપરાતો આવ્યો છે-મહાન, વિશાળ, અતિકાય એવા અર્થમાં; એને 'નામ' રૂપે, અને 'બહુજન સમાજ', 'સમગ્ર સમાજ', 'તમામ પ્રજા' એવા અર્થમાં વાપરવાનું શ્રી ગુણવંતરાય આચાર્યે શરૂ કર્યું, અને તે પછી ઘણા લેખકોએ એ રીતે એ શબ્દ વાપરેલો જોવામાં આવ્યો છે. ખાસ તો "વિરાટ જાગી ગયો." "વિરાટ સળવળી ઊઠયો !" એ સ્વરૂપે કંઈક તો આ શબ્દ 'સમગ્ર પ્રજા' ને બદલે 'સમગ્ર આમ-પ્રજા' ખાસ કરીને પ્રજાના નીચલા થરો, એવા ભાવમાં વપરાતો લાગે છે.

કોશમાં 'વિરાટ' શબ્દના અર્થોમાં પંદરમો અર્થ 'પ્રજાતંત્ર રાજ્ય' એવો આપેલો છે. મને વહેમ છે-વહેમ જ કહી શકું, કે તે શ્રી ગુણવંતરાય આચાર્યે શરૂ કરેલા ઉપયોગના પર્યાય તરીકે હોય. પણ એવા ભાવમાં આ શબ્દ ક્યાંય વપરાયાનું મારા જોવામાં આવ્યું નથી. કંઈક એમ કહી શકાય કે, અંગ્રેજી 'પ્રોલેટેરિયટ' શબ્દ સૂચવવા માટે ગુણવંતરાયે આ જૂના શબ્દનો બહુ સારી રીતે ઉપયોગ કર્યો છે. સામ્યવાદની પરિભાષા માટે આપણે જૂના શબ્દનો સરસ વિનિયોગ કર્યો છે.

હવે ત્રીજો શબ્દ કોશમાં છે જ નહિ તેવો આપું છું.

કમડળિયાં : દામનગર પંથકમાંથી મળેલો આ એક બાળજગતનો શબ્દ છે.

બાળકો જુવારના સાંઠાનો અંદરનો ગર કાઢી એને પોલો બનાવી દે, અને પછી તેને-જેને મલોખું કહે છે, ગોળ વાળી, કટકા પાડી સામસામાં મોઢાં જોડી દઈ, એક જાતનું પોલું કડું બનાવી હવામાં છૂટું મૂકે, એટલે તે જમીન પર દોડવા માંડે. પછી બાળકો તેને પકડવા દોડે. આવાં ઘણાં કડાં બનાવી રમતાં-દોડતાં મૂકે અને તેની પાછળ દોડે.

આ 'ટાયર' જેવી ઘાટિયા બનાવટને કમડળિયાં અને એની રમતને 'કમડળિયાં રમવું' કહે છે.

કદાચ એક જ પંથક કે તાલુકા જેટલો આ શબ્દ હોય એવો સંભવ છે. મને આ શબ્દ આપનાર દામનગર તાલુકાવાસી ભાઈએ કહ્યું કે, 'ઘેળા પાસે ટીંબી ગામમાં આ શબ્દ તેમણે સાંભળ્યો નહોતો. પણ તેનાં ઈતર કારણો પ (મોસમ, પાક) હોઈ શકે.

આ શબ્દ ગોંડળ મહાકોશમાંથી મળ્યો નથી.

કહેનાર ભાઈએ કમડળિયાં શબ્દને કમંડળ—કમંડળિયા સાથે જોડવા પ્રયત્ન કર્યો, પણ તે મને બરાબર લાગ્યું નહિ.

મને આ શબ્દની ઉત્પત્તિ 'કડબ'માંથી થયેલી લાગી. આ સાંઠાને કડબ પણ કહે છે. 'કડબ'માંથી 'કડબળિયાં' અને તેમાંથી 'કમડળિયાં' રૂપ લઈ આ શબ્દ બાળ ભાષામાં 'કમડળિયાં' અવતાર પામ્યો હોય એવી શક્યતા વધારે દેખાય છે. 'લીંબડો'નું લીમડો; 'આંબલી'નું આમલી', ઉંબરો'નું ઉમરો થયું તેમ અહીં 'બ'નો 'મ' થયો હોય.

'કડબ' શબ્દ તેમજ તેના જેવા બીજા શબ્દો પણ કોશમાં તપાસી લીધા, ત્યાં પણ આ શબ્દ તો નજરે પડયો નથી. અલબત્ત 'કડબ' એટલે જુવારનો સાંઠો, અર્થ તો આપેલો છે જ.

હજુ પણ આ રમત ચાલુ જ હશે એમ માનવામાં હરકત નથી, તેથી એ પંથકના રહીશ કોઈ શિક્ષક કે આચાર્ય આ વિષયમાં તપાસ કરીને પ્રકાશ પાડે તો વિશેષ

જાણવા મળે. હું પોતે વેરાવળ પ્રભાસપટ્ટણ ગયો છું, પણ દામનગર પંથકમાં કદી ગયો નથી. ત્યાં પણ ગામડાંમાં જ આ શબ્દ ને 'આ રમત' ચલણી છે, એમ કહેવું બહુ જરૂરી લેખાય નહિ.

ચોથો શબ્દ પણ તદન નવો, ન જ અપાયેલો છે.

ગલ્લર (ઉડાડ્યું) : આ તદન અજાણ્યો શબ્દ મને એક બાળ વાર્તા લખી મોકલનાર ભાઈએ વાપરેલો પ્રાપ્ત થયો છે.

એ મહાકોશમાં નથી.

વાક્યરચના અંગે શબ્દનો અર્થ તો મારી સમજમાં તુરત આવી ગયો. પણ મેં તે ભાઈને પત્ર લખી પુછાવ્યું તો, તેમણે તુરત જવાબ આપ્યો.

"ગલ્લર ઉડાડ્યું"માં "ગલ્લર"નો અર્થ 'ગપ' કે 'જુઠાણું' એવો થાય છે. તેનો અર્થ 'ગપ ઉડાડ્યું' કે 'ગપ્પુ માર્યું' એમ થાય.

'ગલ્લર' શબ્દ અહીં મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં વપરાય છે. તેને તળપદો શબ્દ કહી શકાય. તેથી જ તે શબ્દકોશમાં નથી. અહીં સહુ કોઈ તેનો અર્થ સમજી શકે છે તથા બોલવામાં પણ ઉપયોગ કરે છે.

(અમૃતલાલ રાવળ)
ગુંજા, તા. વિસનગર)

શબ્દ મજાનો છે. સુરતમાં 'ગુલબાન' આવાજ અર્થમાં વપરાય છે—અફવાનો ભાવ તેમાં વધારે છે. 'ગુલબાન ચાલે છે'—એવો પ્રયોગ છે. શ્રી અમૃતલાલે પત્રમાં 'ગપ' માટે નાન્યેતર જાતિ વાપરી છે, તે ધ્યાનમાં લેવા જોગ છે. 'ગપ' શબ્દ ચલણી રીતે નારી જાતિનો છે. ગપ્પું નાન્યેતર જાતિમાં વપરાય તો તે બરાબર છે.

અમદાવાદ તરફ 'ઓરંગો' શબ્દ પણ ચલણી છે. ગુજરાતને તાલુકે તાલુકે કેવા અવનવા પ્રયોગો વપરાય છે, ને કેટલાક કેવા જોરાવર શબ્દો તેમાંથી પ્રાપ્ત થાય છે તેનો નમૂનો આ 'ગલ્લર' શબ્દમાંથી મળે છે.

હવે આ એક શબ્દચર્ચા ઉપલા પ્રકારોથી જુદી જ જાતની પણ ઘણી રસપદ નીવડે તેવી છે.

માંડરીક નારંગી (ભગવદ ગોમંડળ પૃષ્ઠ ૭૨૨૬) અર્થ 'એક' જાતની નારંગી, લાડ 'નારંગી, તેનો આકાર ચપટો અને વજન સાત ઔંસ ગણાય છે. છાલ લીસી અને છૂટી, રંગ ઘાટો અને કેસરિયો હોય છે. આટલું કોશમાં આપેલું છે. હવે આગળ ચાલીએ.

ખરું જોતાં આ નામ માંડરીક નથી, પણ મૅન્ડેરિન છે—ગુજરાતી રૂપ આપીએ તો માંડરિન કે માન્ડારિન જેવું થાય.

એક જાતની "નારંગીને" "મૅન્ડેરિન" કહે છે. એ વિશેષ નામ તરીકે જ વપરાય છે. 'ઓરેંજ'-નારંગીના વિશેષણ તરીકે જ વાપરવાનો પ્રધાન નથી. જાણે નોખું જુદા જ ફળનું નામ હોય, તે રીતે "મૅન્ડેરિન"નો વપરાશ થતો ઘણીવાર સાંભળ્યો છે.

ન્યૂઝીલૅન્ડમાં ગુજરાતીઓ મુખ્યત્વે ફળના જ વેપારમાં છે-શાકફળની દુકાનો જ ચલાવે છે. તેમની વચ્ચે ફરતાં, તેમને ત્યાં રહેતાં, તેમની દુકાનોમાં આ શબ્દ મેં આ રીતે સાંભળ્યો છે.

હવે મૅન્ડેરિન ખરું જોતાં નારંગી છે જ નહિ, એ તો છે, "મોસંબી." આપણે ચલણી લોકભાષામાં નારંગી અને મોસંબીને તદન જુદાં ફળ ગણીએ છીએ. મૂળે અંગ્રેજીમાં નારંગી-orange એ એક જ શબ્દ છે, ને મોસંબી તો આપણે ગુજરાત યા ભારતે બનાવી લીધેલો-આફ્રિકાના મોઝાંબિક પ્રદેશની (નાં મીઠાં લીંબુ) નારંગી માટેનાં મોઝાંબિક વિશેષણમાંથી બનાવી લીધેલો ટૂંકો, સહેલો, લોકગમ્ય શબ્દ છે.

આ શબ્દ (એકલો મૅન્ડેરિન) મહાકોશમાં નથી, હોત તો સારું. પણ ન હોય તો તેથી દોષ કાઢી શકાય નહિ.

પણ માંડરીક શબ્દ આપ્યો છે ને તે વપરાશમાં હોય તો અપાય તે બરાબર, પણ તેની સાથે આ ખરા રૂપનો ઉલ્લેખ જરૂરી ભાસે છે.

આ 'નારંગીનું" વર્ણન આપેલું છે, તે તો બરાબર જ હશે, કેમકે તે ચોકસાઈવાળું દેખાય છે.

હવે મૅન્ડેરિન શબ્દના સને ૧૯૦૬ના ચાર્લ્સ એનન્ડેલના અં. કોશમાં આપેલા અર્થ જુઓ: (૧) ચીનના મૅજિસ્ટ્રેટ અગર સરકારી-મુલ્કી કે લશ્કરી અધિકારીઓ

માટે યુરોપિયનો વાપરે છે તેવો સર્વ સામાન્ય શબ્દ (૨) ચીનની એક અતિ રૂપાળી બતકની જાત. આ બે અર્થ છે, અને મેન્ડેરિન શબ્દ મૂળ તો સંસ્કૃતમાંથી "મંત્રિન" ઉપરથી આવેલો છે, એવો સ્પષ્ટ ઉલ્લેખ છે.

એટલે સને ૧૯૧૦ લગભગ સુધી આ મેન્ડેરિન શબ્દને 'નારંગી કે મોસંબી' જેવો અર્થ વળગ્યો નહોતો.

વળગ્યો છે કદાચ સને ૧૯૨૦ પછી અને મારી પાસે વેબ્સ્ટરની ન્યુ અમેરિકન ડ્ઝં. કૉલેજ ડિક્ર. છે, તેમાં એના અર્થ (૧) ચિનાઈ અમલદાર (૨) ચીનની એક બોલી (૩) એશિયામાં થતું ખાટું ફળ-એવા ત્રણ આપેલા છે.

શબ્દો ક્યાંથી ક્યાં જાય છે? કેવી હિજરત કરે છે? કેવા બહુરૂપી સ્વાંગ ધરે છે!

ક્યાં "મંત્રિન" સંસ્કૃત, અને ક્યાં બતક ને ક્યાં મોસંબી!

હવે એક શબ્દ યુગલ-એટલે સમાનાર્થી શબ્દોનું યુગલ જોઈએ ને ઈતિશ્રી કરીએ.

મૌમ: આ શબ્દ ઘણા વિચિત્ર અર્થમાં વપરાતો જાણ્યો છે, ને તે અર્થ ભગવદ્ મહાકોશમાં આપેલો નથી.

મૌમ શબ્દ અજાણ્યો લેખી શકાય નહિ, ખાસ કરીને 'મીણ'ના અર્થમાં. હિન્દુ ગુજરાતીઓમાં એ બોલવે ઝાઝો વપરાશમાં નહિ, પણ સમજવામાં કોઈને હરકત નહિ. મુસ્લિમ ગુર્જરોમાં તો કદાચ 'મીણ' શબ્દ જ નથી વપરાતો, મૌમ જ વપરાય છે. એ શબ્દ સીધો જ ફારસીમાંથી આવેલો છે. શુદ્ધ તત્સમ છે. ને તેના અર્થ મીણ અને મીણબત્તી બન્ને આપેલા છે, તથા 'મોમ કરદન'-ક્રિયાપદ રૂપે-એટલે ઓગાળવું- (To melt) એવો પણ આપેલો છે- સ્વ. શ્રી. કાંગાના ફારસી કોશમાં. તે કારણે-અરબ્બી, ઉર્દૂ, ફારસીના વધારે સંપર્કને કારણે, મુસ્લિમો ઉપરાંત પારસી બન્ધુઓમાં પણ આ શબ્દનો પ્રચાર વધારે.

અને "મૌમ" એટલે મીણ, અને "મૌમ" એટલે સુંવાળું, પોચું એવા બન્ને અર્થ ભગવદ્ કોશમાં આપેલા છે.

ત્યારે રહી ગયેલો અર્થ?

રહી ગયેલો, પણ ઠીક ઠીક વપરાતા સાંભળેલો અર્થ છે: "પુષ્કળ, ઘણો, ઝાઝો."

વપરાશ આ રીતે થાય છે:

"અરે ભાઈ, મૌમ પૈસો મળી ગયો એને તો!"

"શી ફિકર, છે! મૌમ પૈસો છે!"

આ રીતે પુષ્કળ, ઝાઝું, ઘણું (ને કંઈક તો સહેલાઈથી મળેલું એવા ભાવ સાથે) એવા અર્થના વિશેષણ તરીકે અને "નાણું"ના સંદર્ભમાં જ એ સાંભળ્યો છે. સાહિત્યમાં લખાણોમાં, કોઈ પણ નવલકથાનાં પાત્રોની વાતચીતમાં દીઠો નથી. વિદ્વાન કે ભાષાજ્ઞાની લોકોમાં ય વપરાતો નથી સાંભળ્યો. વેપારી વર્ગમાંજ, મુંબાઈમાં અને ઈતરત્ર પણ સાંભળ્યો છે.

આ શબ્દ ક્યાંથી આવ્યો હશે તે સમજમાં આવ્યું નથી. એનું મોહમ જેવું કે મહોમ જેવું કોઈ રૂપ છે કે કેમ, ને તેમાંથી, "મૌમ" થયું છે કે કેમ, તે તપાસ્યું પણ તેવું રૂપ મળ્યું નથી. તેવું કોઈ રૂપ મળ્યું હોત તો, કદાચ એને "મહા"શબ્દ સાથે જોડી શકાત.

આ શબ્દ સાંભરતાં જ "છંદ" શબ્દ પણ યાદ આવ્યો. આ જ રીતે 'છંદ પૈસો મળ્યો કે મળે' એવો પ્રયોગ અમદાવાદમાં આજથી ત્રીસ ચાલીસ વરસ પૂર્વે વારંવાર સાંભળ્યો છે. હાલ તાજેતરમાં આ વપરાશ સાંભળ્યાનું યાદ નથી આવતું-કદાચ નવી પેઢી નથી જ વાપરતી એમ કહી શકાય. પણ "છંદ" અને "મૌમ" તદ્દન સરખા અર્થમાં વપરાતા સાંભળ્યા એમ ગણું છું.

"છંદ"નો આ અર્થ મહાકોશમાં નહિ હોય એવી શેખી મનમાં પ્રકટેલી, પણ "છંદ" શબ્દના ૪૭ અર્થ મહાકોશમાં આપેલા છે, અને તેમાં ૪૪મો અર્થ "પુષ્કળ, ઝાઝું, ઘણું" રૂપે આપેલો દીઠો. ત્યારે "ભોંઠા પડવાનો આનંદ" માણ્યો. ખરેખર, આ રીતે "ભોંઠો"- ચાટ પણ ઘણી વાર પડ્યો છું. પડું છું. અને તે વેળા અત્યંત આનંદ થાય છે. બીજા પ્રસંગે-જીવનમાં ક્યારેય ક્યાંય-ભોંઠા પડવાથી આનંદ નથી થતો, નથી થયો એમ કહી શકું. પણ શબ્દ સંશોધનમાં એકાદો ઓતાદો શબ્દ પામી જતાં જ્યારે ખુશ-ખુશાલ ભાવે કોશ ખોલું છું ને તે શબ્દ નજરે પડે છે, ત્યારે વધારે ખુશાલી અનુભવું છું.

"છંદ" શબ્દને ફરી સજીવન કરવો હોય-એટલે કે આ અર્થને, તો હરકત નથી.

બીજ ને અંકુર

પી. વશિવના

કુદરત કેવી કાવતરાબાજ છે! કેવા કેવા ખેલ એ શરૂ કરે છે, કેવી રીતે પૂરા કરે છે! ક્યાંના છેડા ક્યાં લઈ જઈને મેળવે છે! ક્યા તંતુને ક્યા તંતુ સાથે જોડે છે! ક્યાં, કેવી રીતે અને ક્યારે એ બીજ વાવે છે, ક્યાં અને ક્યારે એના અંકુર ફૂટે છે! એના વિશાળ ફલક પર ઢંગધડા વગરના અસંખ્ય બનાવો ય કેવું વ્યવસ્થિત રૂપ ધારણ કરે છે! નિરંજન પણ એક દિવસ આ કુદરતના ઝપાટામાં આવી ગયો.

શરૂઆત ક્યારે થઈ એ નક્કી કરવાનું જરા મુશ્કેલ છે. પણ એક દિવસ સવારે નિરંજન રશ્મીને મળવા ગયો ત્યારે એણે નિરંજનને થોડા ફોટા બતાવ્યા. એ ફોટા રશ્મીએ કોલેજ તરફથી યોજાયેલ પર્યટનમાં લીધા હતા. એમાંનો એક ફોટો નિરંજનને ગમી ગયો. એમાં, પાણીમાં પગ બોળી કિનારા પર બેસી પાછળ નજર કરતી મીરા પરીખ બહુ સુંદર રીતે ઝડપાઈ હતી. નિરંજન એ ફોટો જોઈ જ રહ્યો. એનું ભીતર એક આછો નિશ્વાસ નાખી બેઠું!

કોલેજની શરૂઆતના દિવસોમાં જે થોડી વ્યકિતઓનો પ્રભાવ એની પર પડ્યો હતો એમાં આ મીરા પણ એક હતી. એ હતી એનાથી એક વર્ષ આગળ. પછી કોલેજના નવી નવાઈના દિવસો પૂરા થયા અને એના સમગ્ર વાતાવરણથી એ જાણીતો થયો ત્યારે એણે જેમને 'કંઈક' માન્યા હતા એ બધાં સાવ સામાન્ય સાબિત થયાં હતાં. બહુ થોડાં પ્રત્યે પેલો આદર જળવાઈ રહ્યો હતો. એમાં મીરા એક હતી. પણ વાત એટલી જ નહોતી. એ તો ઊતરતી ઊતરતી એના હૈયાના અતલ ઊંડાણમાં આવી બેઠી હતી. એ વાતનો ખ્યાલ નિરંજનને એ જુનિયર બી. એ. માં હતો ત્યારે આવ્યો હતો. એ વખતે મીરા જુનિયર એમ. એ.માં હતી—એક વધુ વર્ષનું છેટું પડી ગયું હતું. આજે એ સિનિયર એમ. એ.માં હતો ને મીરા તક મળતા કોલેજમાં લેકચરર તરીકે જોડાઈ ગઈ હતી.

પણ આ બધા સમય દરમિયાન એક વિચાર-સ્વપ્ન, નિરંજનના મનને ખૂણે વારંવાર ઝબકી જતો હતો. બિચારો નિરંજન! ક્યાં જતાં એનું મન ઠર્યું હતું! એ પ્રમાણે બને એ તો એને ગમે, પણ ઈચ્છવાથી જ એ બને એમ ક્યાં હતું? સ્વપ્ને પણ મીરાના મનમાં એવો વિચાર આવવાની શક્યતાઓ હતી જ ક્યાં? પળભર એમ માનીએ કે, કદાચ એવો વિચાર એને આવે. તો ય પેલું એમની વચ્ચેનું અંતર કેટલું વિશાળ હતું? ઈચ્છવા છતાં ય ન ઓળંગી શકાય એવું!

મીરા વિદુષી હતી. ચર્ચા સભાઓ, લેખન સ્પર્ધાઓ, સંપાદન, ઉત્સવો ને બીજી અનેક પ્રવૃત્તિઓમાં એ મોખરે જળવતી હતી. નાટકો, નૃત્યો ને બીજા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં એ તખ્તો ગજવતી હતી. શહેરના સાહિત્યિક અને સાંસ્કૃતિક મંડળોમાં એનો આદર થતો હતો. તો બીજી બાજુ ભણવામાં ય તેજસ્વી હતી. બી. એ.માં એ ફર્સ્ટ ક્લાસ લાવી ત્યારે જ એમ. એ.માં એનો ફર્સ્ટ ક્લાસ આવવા વિશે કોઈને શંકા નહોતી. અને આ બધાના શિરમોર જેવું હતું એનું સુંદર અને પ્રભાવશાળી વ્યકિતત્વ. આદર કરવો પડે એવો એનો રુઆબ હતો.


અને એનું કુટુંબ-એનું વાતાવરણ, બીજાં સામાન્ય કુટુંબો કરતાં કંઈક જુદું અને સંસ્કારી હતું. શહેરની જાણીતી સંસ્થાઓ અને પ્રતિષ્ઠિત કટુંબો સાથે સંબંધ ધરાવતું હતું. એ કુટુંબની રહેતીકરણી, વેશભૂષા, બોલચાલ અને બીજી દરેક બાબતને પોતાનું આગવાપણું હતું. એમાંથી સુઘડપણું છલકાયા કરતું.

• બીજી બાજુ એ હતો! થર્ડ કલાસ લાવવાની પણ ચિંતા રહેતી! નહોતો નિબંધ લખતા આવડતો, ન છટાભેર બોલી શકતો હતો. વિદ્વત્તાની તો વાત જ ક્યાં આવી? તખ્તો પર આવતાં તો એના પગ ધ્રૂજતા હતા. ખુદ પોતાની જ સંસ્કારીપણા વિશે શંકાશીલ એ પોતાના કટુંબ વિશે તો શું વાત કરે? એ સાવ સામાન્ય અને જાડાં વાતાવરણનો જીવ હતો, એ વાતાવરણમાંથી ગામડિયાપણું તરી આવતું હતું. એના કટુંબની ભાષા, વેશભૂષા, રહેણીકરણી અને બીજી દરેક બાબતમાં જાડાપણું દેખાઈ આવતું. સુઘડતા તો દીવો લઈને શોધે ય ન જડે. કપડાં ને ડૂચા ગમે તેમ આડાઅવળા પડ્યા હોય, ક્યાંક રમકડાં પગમાં આથડતાં હોય, સાવરણી, લાકડાના કકડા ને બીજી વસ્તુઓ ઠેબે ચઢતી હોય, પાણી ઢોળઈને એના રેલા ઊતર્યા હોય, કોઈનું ચપ્પલ રૂમ વચ્ચે જ પડ્યું હોય, દરેકનાં કપડાં પણ ક્યારેક સારાં તો ક્યારેક મેલા દાટ જેવાં અને ઢંગધડા વગરનાં હોય. એ વાતાવરણમાં સ્વચ્છતા, સુઘડતા કે વ્યવસ્થિતપણું મળે એમ નહોતું. એ આખું વાતાવરણ 'જેમ હોય એમ ખરું' અગર તો 'અમારે અઝૂમવું છે, ટાપટીપ કરવા ક્યાં બેસીએ?' એ મંત્ર વ્યક્ત કરતું હતું.

એનું પોતાનું પણ એવું પ્રભાવશાળી વ્યક્તિત્વ નહોતું. કૉલેજની પ્રવૃત્તિઓમાં એ થોડો ઘણો ભાગ લેતો. ક્યારેક સારું કામ કરવા બદલ મિત્રો એના વખાણ કરતા, આદર બતાવતા. બસ, એટલું જ. પણ એ બધાનો કશો અર્થ નહોતો.

આમ એક બાજુ હતું સોનેરી ભાવી અને બીજી બાજુ હતો અંધકાર! દિલ તોડી નાખે એવો અંધકાર! પ્રકાશ અંધકારને આવકારે? કદાચ આવકારે તો, એ મિલનમાંથી અંધકાર સિવાય શું પ્રગટે? એનો કંઈ અર્થ ખરો?

એટલે નિરંજન પેલા વિચારને પંપાળવાને બદલે, એમાં ખોવાઈ જઈને દીવાસ્વપ્ન જોવાને બદલે, એને હૃદયના ઊંડાણમાં ગરકાવ કરી દઈ એની ઉપર અશક્યતાઓના થરને થર પાથરી દેતો હતો.



પ્રણયની શોધ ચિત્રકાર : કનુ દેસાઈ

પણ ગમે તેમ તોય મન છે ને! ક્યારેક એ એના નિકટના પરિચયમાં આવવા જોર કરી ઊઠતું. ક્યારેક એમ થઈ આવતું કે મીરા એના મનની વાત ભલે જાણે. પોતે પણ એના મનની વાત જાણે. કશું નહિ હોય એ વાત સાચી, પણ કદાચ કશુંક હોય તો? નથી જ એમ છાતી ઠોકીને તો કેમ કહી શકાય?

એમાં ગભરાવા જેવું પણ નહોતું. મીરાની નિખાલસતા પર એને વિશ્વાસ હતો, ને બીજી બાજુ પોતાની ખુમારી પર પણ એને અજબ શ્રદ્ધા હતી. આમ છતાં કશું કરવાને બદલે એ શાંત રહેતો.

ક્યારેક એને થઈ આવતું કે છેવટ મીરાનો એકાદ ફોટો તો એની પાસે હોવો જોઈએ. એટલી યાદ તો જળવાઈ રહે. પણ એ હતો જરા બેદરકાર. વળી એના લોહીમાં જરા વૈરાગીપણાનો અંશ પણ હતો. એટલે વિચાર કરીને ફોટો માગી લે તે પહેલાં એનામાં રહેલો પેલો વૈરાગી, 'શું કરવો છે, ફોટો? બંધનો ક્યાં ઓછાં છે તે આ એક વધારવા નીકળ્યો છે? આવો મોહ?

અને એ ય, આ બધું જ નશ્વર છે એમ જાણવા છતાં?' આવા આવા પ્રશ્નો પૂછી એને મોળો પાડી દેતો. પેલો વિચાર, ઢાળ પરથી પાણી સરે એમ, સરી પડતો.

પણ આજે પેલો ફોટો જોતાં, એ વિચાર પાછો પ્રબળ થઈ ઊઠયો. એક ફોટો પાસે હોય તો સારું. કોને ખબર કોણ કયાં જશે? કોણ કયારે કયા છેડે ફેંકાઈ જશે એ કેવી રીતે કહી શકાય? એટલે ફોટો હોય તો એટલી યાદ તો જળવાઈ રહે. કયાંક દૂર દૂર પણ એ મનને કેટલા ઉલ્લાસથી ભરી દે.

ઘેર આવ્યા પછી ય પેલો વિચાર એના મનમાં ભમતો હતો. રશ્મી પાસેથી ફોટો મળી શકે એમ હતું, પણ એ યોગ્ય નહોતું. ફોટો રાખવો હોય તો એને માટે મીરાની પરવાનગી તો લેવી જ જોઈએ. એને કોલેજમાં જવું પડતું હતું, એટલે ત્યાં મીરાને મળાય એમ હતું, પણ એમ કરવાને બદલે એણે પત્ર દ્વારા પરવાનગી માગવાનું નક્કી કર્યું. ને આળસને લીધે પત્ર લખવામાં એકાદ બે દિવસ નીકળી જાય તો, વળી પેલું વૈરાગી મન, 'શા માટે? શું અટકયું છે? જરૂર છે કંઈ?' એવી વાતો કરી એને મોળો પાડી દેશે અને પોતાની બાલિશ વૃત્તિ પર ખુદ પોતાને ય હસવું આવશે એ ખ્યાલ હોવાથી એણે એ જ વખતે મીરાને પત્ર લખી નાખ્યો:

જ્યોતિ નિવાસ,
૩૨, નવરોજી લેન,
મુંબઈ-૭૭.

મીરાબેન,

નિરંજન રાવળના વંદન.

ગાઢ કે નિકટના પરિચયના અભાવે, મારા આ પત્રથી તમને જરૂર આશ્ચર્ય થશે. તમારું આશ્ચર્ય શમે એ ખાતર આડીઅવળી વાતો કર્યા વગર મૂળ વાત પર જ આવું છું.

એક સારી અને સંસ્કારી વ્યકિત પ્રત્યે દરેકને આદર અને લાગણી હોય તો, એ બહુ સ્વાભાવિક ગણાય, મને એમાં કશું અયોગ્ય નથી લાગતું.

આ પત્ર દ્વારા હું તમારા પ્રત્યેની એવી જ લાગણી અને આદર વ્યકત કરું છું અને એમાંથી ઉદ્ભવેલી એક ઈચ્છા પણ જણાવું છું. તમારી મીઠી યાદ જળવાઈ રહે એ માટે તમારો એક ફોટો મારી પાસે હોય તો સારું-મને એ ખૂબ ગમશે. રાખવા માટે પરવાનગી આપશો?

આ રીતે આવી ઈચ્છા વ્યકત કરવાનું મારું આ પગલું તમને ન ગમે-જો કે એવું નહિ બને એટલી મને શ્રદ્ધા છે, તો તમને દુઃખ થાય, ગુસ્સો કે તિરસ્કાર આવે એ પણ શકય છે. તમારી નજરમાં હું ઊતરી જઈશ, એક હલકટ વ્યકિત બની જઈશ. આ પત્રનું પ્રદર્શન કરી તમે મારી મજાક ઉડાવવાનું પણ કદાચ પસંદ કરો. ઘણું ઘણું શકય છે, અને એ બધું સમજવા છતાં આ પત્ર લખ્યો છે. મારે તમને એક વાત કહેવી જોઈએ કે, મારા મનમાં કોઈ દુષ્ટ વિચાર, વિકૃતિ કે હેતુ નથી: છે ફકત આદર અને લાગણી. એની અભિવ્યકિત કદાચ ગાંડપણ હશે, પણ હું મજબૂર છું. મને સમજશો?

મારી આ વાતો ન ગમે તો માફ કરવા જેટલી ઉદારતા દાખવી માફ કરશો? બીજા કોના તરફથી એટલી આશા રાખી શકું?

તમારા નિખાલસ જવાબની આશા તો રાખું ને? આશા તો મારે રાખવી જ જોઈએ.

લી. નિરંજન રાવળના વંદન

પત્ર પોસ્ટ કરીને એ જવાબની રાહ જોવા લાગ્યો. એકાદ અઠવાડિયામાં જવાબ મળવાની એને આશા હતી. કદાચ પંદર દિવસ લાગે, ને વધુમાં વધુ મહિનો. પણ એની ગણતરી ખોટી ઠરી. ખૂબ આતુરતાથી રાહ જોતાં જોતાં મહિનો વીતી ગયો પણ જવાબ ન આવ્યો.

એને ચટપટી થઈ, 'પત્ર નહિ ગમ્યો હોય? કે પછી નિખાલસતાનો અભાવ? ઘમંડ તો નહિ હોય?' ને આવા વિચારો કરતાં કરતાં એ પોતાની જાત પર છેડાઈ પડયો, 'શું કરવા પત્ર લખ્યો?, શું જરૂર હતી? કેવી રીતે માની લીધું કે એ નિખાલસ છે? એ કોણ એવી મોટી કે એના ફોટા માટે ભીખ માંગી? મૂર્ખ નહિ તો!' પછી વળી એણે પોતે જ મનને આશ્વાસન આપ્યું,

'બહુ રોકાયેલી રહે છે એટલે સમય ન પણ મળતો હોય. કંઈક કામ આવી પડ્યું હશે.'

બે મહિના પસાર થઈ ગયા. કશો જવાબ ન આવ્યો, ને હવે આવશે પણ નહિ એવી ખાતરી ય થઈ ગઈ. વળી ઈચ્છા ય કંઈક મોળી પડી ગઈ હતી. એટલે એ પોતાની બાલિશતા પર પેટ ભરીને હસ્યો, 'તું ય નંગ છો, નિરંજન! જેનાથી દૂર જવું છે, એ મોહ તરફ જ દોટ!'

પણ પછી વળી એને વિચાર આવ્યો કે કદાચ પત્ર એને મળ્યો જ ન હોય. એ પણ શક્ય હતું. અરે, એમ જ બન્યું હોવું જોઈએ. બાકી એ પત્ર એને ન ગમ્યો હોત તો જરૂર એણે એની ખબર લઈ નાખતો એક પત્ર લખ્યો હોત. છેવટે કોઈકને કહ્યું પણ હોત. આમ વિચાર કરી એણે બીજો પત્ર નાખ્યો.

પણ એ પત્રોનો ન કશો જવાબ આવ્યો કે ન એને કોઈ પાસેથી કશું સાંભળવા મળ્યું. જાણે એને પત્રો મળ્યા જ ન હોય! અથવા તો વાંચવાને બદલે એ પત્રો ચાવી ગઈ હોય!

પહેલાં રૂબરૂ ગયો હોત તો વાત જુદી હતી, પણ હવે એમ જવું યોગ્ય નહોતું. એમાં ગૌરવ પણ નહોતું. એટલે છેવટે હસીને એણે એ વિચાર જ મનમાંથી કાઢી નાખ્યો. એના અણુ અણુમાં નિરાશા વ્યાપી ગઈ હતી. પણ પેલા વૈરાગીપણાએ એને બહુ કોમળતાથી ઝીલી લીધી હતી, 'તું ય શું નિરંજન! તને આ બંધનોનો આટલો શોખ છે? મુક્ત રીતે અને મુક્ત મને જીવને, ભલા આદમી!'

એ પછી એક દિવસ નિરંજન બજારમાંથી પસાર થતો હતો ત્યારે એક ટેક્સી ફૂટપાથ પર ચઢી ગઈ અને એ એની અડફેટમાં આવી ગયો. એમાં એ બહુ ખરાબ રીતે ઘવાયો. લમણાં સાથે માથાના આગળના ભાગમાં એક લાંબો અને ઊંડો ચીરો પડ્યો હતો. ખભા પર, જમણા પગની સાથળે, અને ગરદન તથા પીઠ પર પણ ઈજાઓ થઈ હતી. ડાબા હાથની હથેળીનાં હાડકાં પણ ભાંગી ગયાં હતાં. બીજી પણ ઘણી હળવી ઈજાઓ થઈ હતી.

પણ એની સારવાર કરનાર ડૉક્ટરે, ફફડતા મને દોડી આવેલાં એનાં માબાપને તથા સંબંધીઓને આશ્વાસન આપ્યું, 'ખાસ બહુ ચિંતા કરવા જેવું નથી. એકાદ મહિનો લાગશે ખરો, પણ કંઈ વાંધો નહિ આવે.'

પણ એ જ ડૉક્ટરે જ્યારે બીજે દિવસે એને તપાસ્યો ત્યારે એમને જરા આશ્ચર્ય થયું. આગલા દિવસ કરતાં હાલત કંઈક વધારે ખરાબ હતી. એમના અંદાજ કરતાં ઊલટું હતું. એમણે એને ફરી વાર તપાસ્યો. ને પછી એને જે સારવાર આપવામાં આવી હતી એની પર એક વાર વિચાર કરી ગયા. બધું બરોબર હતું. છતાં ટ્રીટમેન્ટમાં એમણે થોડો ફેરફાર કર્યો. પણ એમના મનમાં કેસ માટે કશી જ ચિંતા નહોતી.

ત્રીજા દિવસે પણ એમ જ હતું. કશો સુધારો થયો નહોતો.

પણ ચોથા દિવસે ડૉક્ટર ચોંકી ઊઠ્યા. તબિયત-કેસ વધારે બગડ્યો હતો. એ ક્રમ ચાલુ રહે તો પેલો ઘેર જવાને બદલે સ્વર્ગ તરફ જ ચાલ્યો જાય. એમને ચિંતાએ ઘેર્યા. આમ કેમ? સુધરવાને બદલે તબિયત વધારે બગડી હતી એ તો જાણે હકીકત હતી. દવા કશી અસર નહોતી કરી શકી. એ કશું સમજી શક્યા નહિ કે ન કશો નવો નિર્ણય લઈ શક્યા.

એ નામાંકિત ડૉક્ટર હતા ને આવા તો અસંખ્ય કેસો એમના હાથમાંથી પસાર થયા હતા, પણ ક્યારે ય આવું નહોતું બન્યું. બીજો કશો વિચાર કર્યા વગર એમણે શહેરના બીજા જાણીતા ડૉક્ટરોને બોલાવ્યા.

એમની સામે એમણે સંપૂર્ણ હેવાલ રજૂ કર્યો. એ જોઈ લીધા પછી એમણે દર્દીને તપાસ્યો. પછી બીજી વાર તપાસ્યો. કપાળે પરસેવો ઊતરી આવ્યો પણ ત્રણે જણ મળીને ય કશું કારણ ન શોધી શક્યા. પેલા બેને પણ આશ્ચર્ય થયું, 'આમ કેમ બન્યું?'

પછી પરિસ્થિતિ વધુ બગડી. ડૉક્ટરની ઊંઘ ઊડી ગઈ. એનાથી અકારણ ગુસ્સે થઈ એમણે બેચાર જણને તતડાવ્યા, જોવા આવનારાઓને બંધ કરી દીધા ને વ્યગ્ર મને......પછી વળી બીજાં ત્રણેક ઈન્જેક્શનો આપ્યાં, દવામાં થોડો ફેરફાર કર્યો. એમને મનમાં થઈ ગયું હતું



પત્રલેખન ચિત્રકાર : જેક હેમ

કે કેસ ખલાસ થઈ જશે. એ બિચારા તનતોડ પ્રયત્ન કરવા લાગ્યા. પણ પરિણામ ન દેખાયું.

આઠમો દિવસ હતો. ડૉક્ટર હતાશ મને બેઠા હતા. છેલ્લા બે દિવસથી, શું થઈ શકે અને શું કરવું જોઈએ એ એક જ વિચારે એમનો કબજો લઈ લીધો હતો. અચાનક એક કિસ્સો એમને યાદ આવ્યો ને એમની આંખો ચમકી ઊઠી. એક ડૉક્ટર મિત્રે એ એમને જણાવેલો-બરાબર આને મળતો જ. એ કિસ્સામાં પણ બધા પ્રયત્નો નિષ્ફળ ગયા હતા. કારણ એક જ હતું કે દર્દીના મનમાં મરવાની તીવ્ર ઈચ્છા કામ કરતી હતી. જિજીવિષા જ નહોતી. એ કેસ ખલાસ થઈ ગયો હતો.

હર્ષના આવેગમાં ડૉક્ટર ઊછળી પડ્યા, 'નર્સ! પેલા દર્દી પાસે જે કોઈ બેઠું હોય, તેને અહીં બોલાવો.'

ભાગેજોગે એ વખતે ઘણાં જણ ત્યાં હાજર હતા. થોડી વારમાં ડૉક્ટર સામે એના બા, બાપુજી, બહેન ને એક મિત્ર હાજર થઈ ગયાં. ડૉક્ટરે એ બધાંને એક પછી એક કેટલાં ય પ્રશ્નો પૂછી નાખ્યા. એમની ધારણા સાચી પડી.

દર્દી નાનપણથી અતડો અને ઠીક ઠીક સાધુવૃત્તિવાળો યુવાન હતો. સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના વાંચન સિવાય બીજો કોઈ શોખ એને હતો નહિ. વિશાળ વાંચને એનું ઘડતર કંઈક એવી રીતે કર્યું હતું કે ચોમેરના વાતાવરણમાં વ્યાપ્ત સ્વાર્થ, ક્રૂરતા, અવિશ્વાસ અને અમાનુષી લાલસાઓ એનાથી સહન નહોતી થઈ શકતી. એ બધું જોઈ જોઈને એની આળી ચામડીને દાહ થતો. એનું મન ચિત્કાર કર્યા કરતું. પરિણામે એનું માનસ વિરક્ત થઈ ગયું હતું. એની પર ઉદાસીનતાના હુમલા થવાનું સાવ સામાન્ય હતું. એ બહુ ક્ષુબ્ધ મને જીવતો હતો, 'મારાથી આ બધું નથી સહેવાતું. મને ક્યાંક બીજે લઈ ચાલો.'

પછી ડૉક્ટર એની પાસે જઈને બેઠા. એ બોલી શકે એમ નહોતો એટલે લખી લખીને પ્રશ્નો પૂછ્યા. ને એની સાથે એ રીતે થોડી વાર વાત કર્યા પછી ડૉક્ટરના મનમાં કોઈ શંકા ન રહી. મૃત્યુની-કો'ક બીજી દુનિયાની પ્રબળ ઈચ્છા એને જકડીને બેઠી હતી. એનામાં જિજીવિષા પ્રગટે તો જ કંઈક કરવાનું શક્ય હતું.

ડૉક્ટરે પોતાની રીતે પ્રયત્ન શરૂ કર્યો, 'જો, દીકરા અહીં બધું ખરાબ નથી કે બધું ય સારું પણ નથી. ઉભય તત્ત્વો એક સાથે જ રમતા હોય છે. વળી જો બધે ખરાબી જ ખરાબી હોય તો આ દુનિયાનો વ્યવહાર એક દિવસ પણ ન ચાલે. એ અટકીને ઊભી રહે. ને જે કંઈ બની રહ્યું છે એ એક વ્યવસ્થિત ક્રમના અંગ રૂપે જ બની રહ્યું છે. એટલે એનાથી દુ:ખી કે ક્ષુબ્ધ થવાની જરૂર નથી. ને એ બધામાં નવું શું છે? સ્નેહ, મમતા, સ્વાર્થ, ઈર્ષા, લોભ, સર્વોપરિતા અને બીજી કેટલીક વૃત્તિઓ તો માણસના સર્જન સમયથી જ એના લોહીમાં ઓતપ્રોત છે. એના પર તો 'માણસ'નું બંધારણ થયું છે, એટલે એ વૃત્તિઓ રહેવાની પણ અંત સુધી. હા, એનું સ્વરૂપ ભલે સમયે સમયે બદલાયા કરે, પણ એ હોય છે તો કાયમ માટે, અને એ વૃત્તિઓ પર જ આ સચરાચરનું મંડાણ થયું છે. એ ન હોય તો પલપલ ધબકતું આ ચેતનવંતુ જીવન એક પળમાં મૃતપ્રાય દશાને પામે.' નિરંજન પડ્યો પડ્યો સાંભળતો હતો. એની આંખોમાં તરવરતી અર્ધ ચેતના ડૉક્ટરની આ વાતો પ્રત્યે અવિશ્વાસ દાખવતી હતી. એનું મૂંગાપણું બૂમો પાડતું હતું, 'ના, ના, તમારી વાતો ખોટી છે. એ સાવ ખોટી છે, મને એ મંજૂર નથી.' પણ એ આંખોને ગણકાર્યા વગર ડૉક્ટર આગળ વધ્યા, 'હા, માનવીને અધમ કક્ષાએ ઉતારી દે એટલું એનું પ્રમાણ

ન વધવું જોઈએ. એ પ્રમાણને સમતોલ રાખવાનો પ્રયત્ન કરવો એ આપણી ફરજ. ઉત્પત્તિથી આજ સુધીમાં ઘણાએ એ ફરજ બજાવી છે. એનું મર્યાદીતપણું જાળવવું એ આપણું ધ્યેય. એનું પ્રમાણ વધતું હોય ત્યારે આપણી એક જ ફરજ કે મક્કમતાથી એનો સામનો કરવો. એ પરિબળોને પરાસ્ત કરી એમને એમના સ્થાને બેસાડવા. અને એટલા ખાતર તું જીવવાની ઈચ્છા રાખ. એ પરિબળોને જ જીવનના પ્રેરક બનાવ.'

પછી બા, બાપુજી અને મિત્રો આવ્યા. એમણે પણ પ્રયત્ન કર્યો, 'કર્તાહર્તા તો ઈશ્વર છે, એને ગમે એ જ બને. આપણે તો ખંતથી સોંપ્યું કરવું જોઈએ. તું શું કરવા આવા વિચારો કરે છે. આ કરોડો અને અબજો લોકો જેમ જીવે છે એમ મોજથી જીવ.' મા તો બિચારી રડી પડી, 'આમ શું કરતો હોઈશ, ભઈલા? બહુ વિચારો ના કરીએ. એમાંથી વિચારવાયુ થઈ જાય, બેટા! સારી રીતે જીવીએ અને ભગવાનનું નામ લઈએ એટલે પત્યું. બને તો કોકનું ટાંપું કરીએ. આ બેન કેટલું રડતી'તી. તું સમજ, બેટા!'

પણ કશું ન વળ્યું. આટલી બધી જ્ઞાનની વાતો ય કંઈ અસર ન કરી શકી, પાણીની જેમ વહી ગયું બધું. બધાની સામે તાકી રહેતી એની થાકેલી મૂંગી આંખો એક જ જવાબ દેતી હતી, 'સ્વપ્નમાં પણ મેં મૃત્યુને ઝંખ્યું છે, આજ પાછો ફરું? જે પરમ તત્ત્વને ચિંતવ્યું, એના દ્વારે જઈને પાછો ફરું?'

બધા નિરાશ થઈ ગયા... મોડું વહેલું પણ મૃત્યુ. વગર મૃત્યુએ વાતાવરણમાં શોકની ભીનાશ આવી ગઈ.

શા માટે એ તો ભગવાન જાણે, પણ આ થોડા દિવસોમાં ડૉક્ટર નિરંજનને ચાહતા થઈ ગયા હતા. એટલે એમને વિશેષ દુઃખ થતું હતું, 'આવી યુવાની! અને મહોબ્બત મૃત્યુથી!' પણ એ લાચાર હતા. પોતાના રૂમમાં બેસી, કોં'ક દર્દીના સંભવિત મૃત્યુ પર એ, તે દિવસે પહેલી વાર રડ્યા, 'શું કરી શકું હું આને માટે? શું કરું? કંઈક રસ્તો બતાવ, પ્રભુ.' એમણે અનંત આકાશ તરફ નજર કરી. એ સ્મિત વેરતું હતું. એમના હાથ ઊંચકાયા, 'આ તારો જ સંકેત છે, ને આખરે તો તારી જ ઈચ્છા સર્વોપરી છે.' પછી એ ગણગણવા લાગ્યા:

શમો એની ઈચ્છામાં, ઈચ્છાઓ અમ સર્વની,
બનો એની ઈચ્છાં, ઈચ્છાઓ અમ સર્વની.

એ દિવસે બપોરે ડૉક્ટર એની પાસે બેસી એને ગીતામાંથી કેટલાક શ્લોકો વાંચી સંભળાવતા હતા. ઊંડે ઊંડે એમને હતું—કદાચ કોઈક પળે કોઈક શબ્દ કંઈક ચમત્કાર સર્જી દે.

એમાં ઘેરથી આવેલી બેને વિક્ષેપ પાડ્યો. એ નિરંજન પર આવેલો પત્ર લાવી હતી. એણે એ ડૉક્ટરને આપ્યો. નિરંજને વિરક્ત નયને એ બાજુ પર મૂકવા ઈશારો કર્યો, પણ ડૉક્ટરે કવર ફોડી કાગળ ખેંચી કાઢ્યો, ને એ જ વખતે એક બીજું નાનું કવર સરકીને જઈ પડ્યું ડૉક્ટરના ખોળામાં પડેલી ગીતા પર. ડૉક્ટરે પત્ર વાંચવા માંડ્યો:

દીનશા વિલા,
૭૬, માઉન્ટ આબુ.

શ્રી. નિરંજન રાવળ,

કુ. મીરા પરીખના વંદન

ઘણા લાંબા સમય પહેલાં તમારા પત્રો મળ્યા હતા. પહેલી ક્ષણે તો સાચે જ આશ્ચર્ય થયેલું. પણ એનું વાચન રસદાયક બન્યું. તમારી આ નિખાલસતા ખૂબ ખૂબ ગમી એટલું કહું તો બસ નથી?

તમને રૂબરૂમાં જવાબ આપવાનો વિચાર હતો. મનમાં હતું કે કોલેજમાં મળશો ત્યારે કહી દઈશ 'એમાં પરવાનગી શું લેવાની? હું તમને એક સુંદર ફોટો આપીશ!' પણ એ પછી તમને જોયા જ નહિ. આજ આવશો, કાલ આવશો એમ લગભગ દોઢેક મહિનો નીકળી ગયો.

અને પછી પત્ર લખું એ પહેલાં અચાનક બાપુજી માંદગીમાં પટકાયા. મહિનો દોડધામ અને ચિંતાતુર દશામાં ગાળ્યો. થોડો સુધારો જણાતા ડૉક્ટરે હવાફેરની સલાહ આપી એટલે બહાર જવું પડ્યું. આમ પત્ર ન લખી શકાયો અને પાછો ફર્યાં ત્યારે કંઈક કોલેજની

ધમાલ હતી અને કંઈક મનમાં હતું કે તમે મળી જશો. એટલે એ રહી જ ગયું.

એ પછી અમારી સંસ્થાએ અમદાવાદમાં નાટકો રજૂ કરવાનો કાર્યક્રમ ઘડ્યો, તે એમાં ભરાઈ પડી. સાતેક દિવસનો એ પ્રવાસ લંબાઈને મહિના જેટલો લાંબો થઈ ગયો.

આમે દેશમાં ગઈ હતી, એટલે પછી પંદરેક દિવસ માટે કાકાને ત્યાં જવાનું ગોઠવ્યું. ત્યાંથી શાંત મને તમને કાગળ લખું એ પહેલાં હું પટકાણી. એકાદ મહિને કંઈક રાહત મળી. નબળાઈ તો હદ ઉપરાંતની હતી. ડૉક્ટરની ચેતવણી હતી કે પૂરતી સાવચેતી અને આરામનો અભાવ કદાચ ટી. બી.ને નોતરે. એટલે પછી આબુ જવાનું નક્કી કર્યું. આ પત્ર તમને આબુથી લખું છું.

એક પત્ર લખવા જેટલો સમય ન મળ્યો એમ કોઈ કહે તો માની ન શકાય. પણ સાચે જ એમ બન્યું છે. એનાં થોડાં કારણો છે-રૂબરૂ જવાબ આપવાનો લોભ, સંજોગો, અને આવા પત્રનો જવાબ લખવા જે માનસિક શાંતિ અને ઉલ્લાસ-એક મોજીલો મૂડ જોઈએ, એનો અભાવ. આ તો હજુ ઘણો જલદી લખ્યો છે. ઘણી વખત વર્ષો સુધી એવી શાંતિ નથી મળતી—આવા પત્રોના જવાબ નથી આપી શકાતા. એવી શાંતિ છેલ્લા એકાદ અઠવાડિયાથી અનુભવી રહી છું.

હજુ નબળાઈ છે. પણ દૂર દૂર બેઠેલાં આપ્તજનો અને મિત્રોની યાદ મને ઉલ્લાસના વાતાવરણમાં ઝુલાવે છે. સમગ્ર અસ્તિત્વ એક એવું ગુલાબીપણું અનુભવે છે કે જલદી સાજી થઈ જઈશ એમ લાગે છે.

પરવાનગી માગી પણ ફોટો શોધવા ક્યાં જશો? મારી પોતાની પસંદગીની એક કોપી તમને મોકલું છું. તમને એ ગમશે જ.

કુશળતા ચાહું છું.

મીરાના જયમાનવ

પછી ડૉક્ટરે પેલો ફોટો એની સામે ધર્યો. એ પાંપણ ફરકાવ્યા વગર નીરખી રહ્યો. ધીમે ધીમે એની આંખોમાં આંસુનાં વાદળ ઘેરાણાં. પછી એ વરસવા માંડ્યાં. ને વર્ષાની એ આછી ફરફરમાં પેલી ઉદાસીનતા, વિરક્તિ ઓગળતી ગઈ. ડૉક્ટરની અનુભવી આંખોએ જોઈ લીધું કે નિરંજનની આંખોમાં ધીમે ધીમે એક ચમક ઊપસી રહી હતી ને એ ચમક ટકી રહેશે. એ ચમકની સાથે એક આછો આછો ઉલ્લાસ વિલસતો જતો હતો.

એ પછી ત્રીજા દિવસે એને તપાસી ડૉક્ટરે ત્યાં બેઠેલી એની મા તરફ જોઈ સ્મિત કર્યું, 'પ્રભુનો આભાર માન, દીકરી! એ પાછો ફર્યો છે!

☆

માર્શલ યોજનાના જનક જનરલ જ્યોર્જ માર્શલના મૃત્યુના પાંચ છ વર્ષ પહેલાં એક અમેરિકન પત્રના પ્રકાશક એમને મળવા ગયા. પ્રકાશક જનરલને સમજાવવા આવ્યા હતા કે તેઓ બીજા વિશ્વયુધ્ધનાં પોતાનાં સંસ્મરણો લખીને પ્રકાશિત કરે. પણ જનરલે ના પાડી, 'યુદ્ધને લગતી કેટલીક નીતિઓના વિષયમાં મારા વિચારોથી કેટલાક મિત્રોને-ખાસ તો શ્રીમતી રુઝવેલ્ટને, દુઃખ થશે.'

પ્રકાશક એમને સમજાવવાનો પ્રયત્ન કરતો રહ્યો, 'જુઓ, અત્યાર સુધીમાં આઈઝનહોવર, બ્રેડલી, ચર્ચિલ, સ્ટિમ્સન, જેમ્સ બર્ન્સ વગેરેનાં સંસ્મરણો પ્રસિધ્ધ થઈ ચૂક્યાં છે, બીજાઓનાં પણ પ્રસિધ્ધ થવાના છે. એમાં એક કડી ખૂટે છે,' અને માર્શલ સામે જોતાં કહ્યું, 'જનરલ! આપ એ ખૂટતી કડીને જોડી દો એ બહુ જરૂરી છે. તમે બે લાખ શબ્દ લખો કે વીસ હજાર, હું તમને ટેક્સ બાદ કરતા દસ લાખ ડૉલર ચૂકવવા તૈયાર છું.'

જનરલ ઊભા થઈ ગયા અને જવાબ આપ્યો, 'હું તમને કેવી રીતે સમજાવું? તમારા દસ લાખ ડૉલર માટે હું મિત્રોના મનને દુઃખ નથી પહોંચાડી શકતો!

☆

વળું ત્યારે પાછો—

વળું ત્યારે પેઠો, બહુ અનુસરી વાટ વિષમૂ
ડગોમાં માંડીને ડગ, દગ વૃથા ખેંચી દિશમાં
જનારાની, કેવો પથ પણ નમેરો નસીબમાં
વળાંકો લેનારો પલપલ! ન પામ્યો દરશન
અરે એકાદા યે અવયવનું, ઈસ્માચલ તણું
—હતે, એવું યે જો મળ્યું મનત્વ માટે, ગણ્યું ઘણું:

હજી કેરો છોડે નહિ નજર, હું ભૂત પગલે
વળું પાછો-માર્ગે ભટકી પડું ભૂલો ભય મને
અજાણ્યા માર્ગે હું પડી જઉં અટૂલો ભય મને.

ફરી મારા પેલા પરિચિત જગે પ્હોંચવું, ભલે,
ફરી એ ચ્હેરાઓ પરિચિત પથે જાય મલકી
ફરી મીઠાં વેણે સ્વજનની જતી છાબ છલકી;
અરે જૂની પેલી પ્રીત કરગરી જાય વળગી
કહું શી રીતે કે સ્વજન હું હતો તે નથી નથી?

—જયન્ત પાઠક

જિંદગી

ખડેરોમાં વિકલ ભમતી મૌન ભારી ત્રિયામા
જેવી મારી અરવ રસુકે જિન્દગી ચૂપ સૂતી:
ને પોઢેલા વિફલ શમણે શૂળ શય્યા મહીં આ
ઝંખા મારી શ્રમિત ભ્રમણે સાવ ખામોશ સૂતી.

અંધારાના મધુરમ મિષે લાખ આંખો નિહાળી
બ્રહ્માંડોનું હૃદય અવકાશે રહ્યું વ્યાપ્ત મસ્ત:
સીમાડાની સકલ ધબકોને દબાવી, લપાવી
ઝિલ્લી કેરું અસહ હસવું એક જામ્યું અનસ્ત.

ભૂમિ કેરો સદય નિતનો બંધ હેતાળ અંક,
એના સ્પર્શે જરીય ન લહું કાળજે કાંઈ કંપ:
ચક્રો કેરા અગણ વલયે બંધનો ગાઢ ગૂંથી
દ્વારો શોધે અહીં નહીં બધે આગિયાનો અજંપ.

ઘૂઘૂ ઘૂઘૂ ઘુવડગણ આ એકલાં આરડે છે,
સુનેલાં કોણ જાણે! શમનમ મિષે આ ત્રિયામા
રડે છે.

—શાયર

વેરાનમાં બગીચા !

નખ્ચીરગાહો જાયે બાગીચાઓ બની,
વૈરાગીઓ, વનવાસી રંગીલાઓ બની;
હસતે ચહેરે મ્હાલે અલબેલાં જોડલાં
ઝિંદા દરખ્તો સરખા દાગીનાઓ બની.

બુરકો તજી સુલતાના નીકળે જો બારણે
તો જાય સહુ ઉસ્તાદો શરમિંદાઓ બની:
જાગીરદારો હાંકે જ્યારે પરાઈ બહેલો,
શીં હેડમાં પૂરાશે ટેકીલાઓ બની ?

ઇન્સાફને દરવાજે છે શું રહેલું આજે,
જ્યાં પહોંચતાં સંગાથી ખારીલાઓ બની?
હકદારને ન પિછાને નિજ ખોપરીના વાહક
બેઠા છે લોહ કેરા વેરીડાઓ બની:

કશુયે નહી સરજે છે, ખાલી જગા તૂટે છે
ગઈ કાલ કેરા શિશુઓ માટીડાઓ બની.
ખાટે છે કૈંક તેઓ બાઝારમાં, રસ્તામાં
જેઓ ચલાવે ચક્રો સંપીલાઓ બની.

જાગે નહીં નિદ્રાને આધીન ફર્જ ધુરંને
નિજ માતના અતિ પ્યારાં લાડીલાઓ બની:
પામે તરક્કી સાચી સહુ સાથીઓ 'પતીલ'ના,
દુનિયામાં કરમ વસીલે નામીયાઓ બની!

પતીલ

દિલરૂબાના તાર પસ્તાયા



તને સોંપી અમારા દિલનો કારોબાર પસ્તાયા,
પરાયા હાથમાં જઈ દિલરૂબાના તાર પસ્તાયા!

અમારાં શીશ સાથે, કંકણો તૂટી પડ્યાં નીચે,
તમારા હાથ પણ, માર્યા પછી તલવાર, પસ્તાયા!

સ્વરો સોહિણીના વાતાવરણ કંપાવતા ચાલ્યા,
ગમન વેળા તમારા પગતણા ઠમકાર પસ્તાયા !

અગનને ઠારનારા! તું જ ઈંધણ થઈ જશે અહીંયાં
કર્યો જેણે અમારાં દર્દનો ઉપચાર, પસ્તાયા...!

પડ્યાં ઓછાં બધાં બલિદાન તારાં ક્રૂર ખપ્પરમાં,
પડી ભેંકાર રણમાં મેઘ અનરાધાર પસ્તાયા !

ધુએ છે પાપ પોતાનાં હવે એ અશ્રુધારાથી
ગગનમાં આંગ ચાંપી વીજના ચમકાર પસ્તાયા!



ઘણી વેળા અહીં મહેમાન લૂંટારા બની બેઠા,
વધાવી પાનખરને ફૂલથી, ગુલઝાર પસ્તાયા !

સ્મશાને ખાખમાં મુખડું છુપાવી એ ગયા પોઢી,
જલાવી પુષ્પ-કાયા આખરે અંગાર પસ્તાયા !

ઘણું સન્માન પામ્યા એ ફગાવાઈ જવા માટે,
સુહાવી નર્તકીના દેહને શણગાર પસ્તાયા!

"જટિલ"ને ધૂળ ધરતીની હમેશાં શ્રેષ્ઠતર લાગી,
સિતારા ઉમ્રભર નભમાં ભરી દરબાર પસ્તાયા !

—જટિલ

અલ-બેરૂની

ગુલામ હુસયન મુસ્તફા

ઈસુની ૧૧મી સદીમાં થયેલા સુલતાન મહમૂદ ગઝનવીનો દરબાર વિદ્વાનોનો ડાયરો પણ હતો. એ ડાયરાના બે રોશન સિતારા કવિ ફિરદોસી અને મહાવિદ્વાન બેરૂની હતા.

ફિરદોસીએ વીરગાથા "શાહનામા' લખીને કીર્તિ સંપાદન કરી અને અલ-બેરૂનીએ ભૂગોળ, ખગોળ, જ્યોતિષ વૈદક, પદાર્થવિજ્ઞાન, દર્શનશાસ્ત્ર અને અધ્યાત્મવાદ ઉપર પુસ્તકો લખીને જગતમાં નામના મેળવી.

સર જદુનાથ સરકાર લખે છે, 'અલ-બેરૂની એશિયાનો મહાન વિદ્વાન હતો. એ ફિલસૂફ હોવા ઉપરાંત વૈજ્ઞાનિક પણ હતો. એમના જેવા બહુશ્રુત વિદ્વાન બહુ ઓછા દૃષ્ટિએ પડે છે."

બયરૂનીનું મૂળ નામ મુહમ્મદ બિન અહમદ હતું. અને અબૂરયહાન એમનું હુલામણું નામ હતું. પરંતુ બયરૂની નામથી તેઓ ઈતિહાસ પ્રસિદ્ધ છે.

એમનો જન્મ મધ્ય એશિયામાં આવેલા ખ્વારિઝમના જૂના પાટનગર કાશ પાસે આવેલા ખીવામાં ઈ. સ. ૯૭૩ની ૪થી સપ્ટેમ્બર અને મંગળવારને દિવસે બપોર પહેલાં થયો હતો. એમના કુટુંબની માહિતી મળતી નથી. ફારસી ગ્રંથોમાં એટલો ઉલ્લેખ આવે છે કે, તેઓ અનાથ હતા અને એમનો ઉછેર એક દયાળું શ્રીમંત અબુનસર મનસૂર બિનઅલી ઈરાક નામના દરબારીને ત્યાં થયો હતો, જે એમના ઉસ્તાદ પણ હતા.

બયરૂન નામ શા ઉપરથી પડ્યું એ માટે મતભેદ છે. શું બયરૂન એમનું જન્મ સ્થળ હતું? જો હોય તો એ ક્યાં આવ્યું?

"તારિખે હુકમા'ના કર્તા શહરજુરી, જેમણે અલ-બેરૂનીનું જીવનચરિત્ર લખ્યું છે, તેઓ કહે છે, "અબૂરયહાનનો જન્મ બયરૂનમાં થયો હતો, જે સિંધનું એક ખૂબસૂરત શહેર હતું." હાજીખલીફા ચલપીએ પણ એમનું જ અનુકરણ કર્યું છે. અને અબૂલફિદાએ પણ અબુસઈદની સનદ થી લખ્યું છે, "બયરૂન એમનું જન્મસ્થળ હતું. તે ઉપરથી તેઓ બયરૂની નામે ઓળખાયા." ફ્રેન્ચ ઈતિહાસકાર મોંસ્યો રેનોંએ પણ ઉભય લેખકોના આધારે એમને જન્મે સિંધી લખ્યા છે.

બેશક, આજના હૈદ્રાબાદ (સિંધ)ની આસપાસ, ચચ્ચ અને રાજા દાહિરના સમયમાં નેરૂન અથવા નેરૂનકોટ નામનું ગામ હતું એમ ઈતિહાસ કહે છે.

અરબી, ફારસી અને ઉર્દૂ ભાષાની બારાખડીમાં "બે" અને "નૂન" ("બ" તથા "ન") વચ્ચે એક બિન્દુનો જ તફાવત છે. સંભવિત છે કે, ઈતિહાસ લેખકોએ નેરૂનને બદલે બયરૂન વાંચ્યુ હોય!

ખ્યાતનામ અરબ ભૂગોળવેત્તા ઈદ્રીસીએ સિંધપ્રદેશનના મનસૂરા શહેરની ભૌગોલિક સ્થિતિનું વર્ણન કરતાં લખ્યું છે, "સિંધુ નદી બયરૂનમાં થઈને સમુદ્રને મળે છે." પરંતુ બયરૂન નામનું કોઈ સ્થળ સિંધમાં હતું જ નહિ, નહિતર ખુદ અબૂરયહાન બેરૂની પોતાના "હિન્દ" ઉપરના સુપ્રસિદ્ધ પુસ્તકમાં પોતાની જન્મ ભોમકાનો ઉલ્લેખ ન કરત ? બયરૂની હિન્દમાં–ખાસ કરીને મુલ્તાનમાં, વીસ વર્ષ રહ્યો હતો. પરંતુ કદી ય સિંધપ્રાંતની ધરતી ઉપર, ખાસ કરીને નયરૂનકોટમાં એણે કદમ મૂક્યો નથી.

અબ્દુલકરીમ બિનમુહમ્મદ સમઆની (ઈ. સ. ૧૧૧૨) પોતાના સુપ્રસિદ્ધ પુસ્તક "અન્સાબ" (વંશાવળી)માં એનો

ઉલ્લેખ કરતાં લખે છે, "બયરૂન ફારસી ભાષાનો શબ્દ છે. અને એનો અર્થ થાય છે "પરદેશી" (બહારનો). ખ્વારિઝ્મના પ્રદેશમાં આ શબ્દનો ઉપયોગ એવા માણસો માટે થતો કે, જે પાટનગરની બહાર જન્મ્યો હોય. સમઆનીએ એમને ખ્વારિઝમી લખ્યું છે. અને ઘણા ઈતિહાસકારોએ આ વાત કબૂલ કરીને અબૂરયહાન બયરૂનીને ખ્વારિઝ્મના વતની તરીકે જ ઓળખાવ્યો છે. મિસ્ટર રોલીસને પણ એમને ખ્વારિઝમી જ કહ્યા છે. એના કારણમાં તેઓ લખે છે, "ખ્વારિઝ્મનું સૂર્ય પંચાંગ અને ત્યાંની ભૌગોલિક સ્થિતિનું વર્ણન બયરૂનીએ જ તૈયાર કર્યું હતું."

મી. સુચાવ "Al-Berunis India (આ પુસ્તક પાકિસ્તાન સરકારે બે ભાગમાં છાપીને પ્રગટ કર્યું છે.) નામના અનુવાદિત ગ્રંથના દીબાચામાં લખે છે, "મહમૂદ ગઝનવીના રાજ્યકાળમાં ખ્વારિઝ્મનો પ્રાંત મામૂની વંશના રાજાઓના હાથમાં હતો, અને અબૂરયહાન પોતાના વતન ખ્વારિઝ્મના રાજકર્તાના દરબારી હતા અને જ્યારે ગઝનવીએ ખ્વારિઝ્મ કબજે કર્યું ત્યારે "માલેગનીમત"- લૂંટના માલ-સાથે ઘણા દરબારીઓ પણ પકડાયા, જેમાં એક કેદી અબૂરયહાન બયરૂની પણ હતો."

બીજો એક ઉલ્લેખ એવો પણ મળે છે કે, સુલતાન મહમૂદ ગઝનવી ખ્વારિઝ્મ અને બીજાં આસપાસનાં રાજ્યો ઉપર ધાક અને દાબ બેસાડવા ઈચ્છતો હતો. તેથી તેણે પોતાના દરબારને શોભાવવા શાહમામૂનના દરબારના નામાંકિત વિદ્વાનોને ગઝની મોકલવા હુકમ કર્યો. આ વિદ્વાનોમાં અલબયરૂની, ખમાર, અબૂ સુહેલ (ખ્રિસ્તી) અને બૂ અલી સીના મુખ્ય હતા. પરંતુ ઈબ્ને સીનાએ ગઝનવીના દરબારમાં જવાનો ચોખ્ખો ઈન્કાર કર્યો, કારણ કે, હકીમ ઈબ્ને સીનાને ખબર હતી કે, મહમૂદ ઈસ્માઈલી શીઆઓનો કટ્ટર શત્રુ હતો. એ પોતાના રાજ્યમાં ફિર્કા પંથના અનુયાયીઓની કતલ કરતો હતો અથવા એમને કેદખાનામાં પૂરી દેતો હતો. જો કે, બૂ અલી સીના ઈસ્માઈલી નહોતા પરંતુ એ સંપ્રદાયના એક ખાનદાનના સભ્ય હોવાના કારણે એમની ઉપર ઈસ્માઈલી હોવાનો આરોપ સરળતાથી મૂકી શકાતો હતો. આ કારણે ઈબ્ને સીના અને અબૂ સુહેલ ઈસાઈ ત્યાંથી ભાગી છૂટયા અને બયરૂની તથા ખુમાર ગઝની ગયા.

વળી ઈતિહાસ પરથી સિદ્ધ થાય છે કે, બયરૂની મહમૂદના પુત્ર મસઉદ ગઝનવીના સમયમાં મોટી ઉંમરે પ્રથમ વાર હિન્દમાં આવ્યો હતો. એટલે એને ખ્વારિઝમી જ માનવો પડશે. અને બયરૂની નામથી એમને જે ખ્યાતિ મળી છે તેનું કારણ સમઆનીએ દર્શાવ્યું છે.

અબૂલ ફઝલ બયહકી (૯૯૬/૧૦૭૭) જે બયરૂનીનો સમકાલીન હતો, તે પોતાની "તારિખે બયહકી" (આ પુસ્તક કલકત્તાની રોયલ એશિયાટિક સોસાયટી ઓફ બેંગાલ તરફથી પ્રગટ થયું છે.)માં લખે છે, "અબુરયહાન ખ્વારિઝમી અદ્વિતીય વિદ્વાન હતો. અને ફિલોસોફી, ખગોળ, ભૂગોળ તથા જ્યોતિષ વિદ્યામાં પારંગત હતો. એણે સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિનો ઊંડો અભ્યાસ કર્યો હતો."

'તારિખે યમીની'નો લેખક મુહમ્મદ ઉતબી, જે સુલતાન મહમૂદનો પ્રધાન હતો, તે પણ બયરૂનીને ખ્વારિઝમી તરીકે ઓળખાવે છે.

મી. બ્રીગસે "તારિખે ફરિશ્તા"નો અંગ્રેજી તરજૂમો કર્યો છે. તેમાં અબૂરયહાનને બદલે અનુરખિયાન લખ્યું છે. અને આ ભૂલનો ભોગ ફરિશ્તાને બનાવવામાં આવ્યો છે.

અબૂ રયહાન બયરૂની વિદ્યાભ્યાસમાંથી ઉત્તીર્ણ થયા. તે પછી જ્યોતિષ અને પ્રકૃતિ વિજ્ઞાનમાં રસ લેતા એમના મુરબ્બી અબૂનસર મનસૂરે બયરૂનીને અબૂલ વફા બોઝનાની પાસે બગદાદ મોકલ્યા. બોઝનાની સૂર્ય ગ્રહણનો અભ્યાસ કરી રહ્યા હતા. બયરૂનીએ બગદાદમાં બે વર્ષ અભ્યાસ કર્યો અને પુનઃ ખ્વારિઝ્મ આવ્યા અને કાશ ના"ના કસ્બા પાસેના ગામમાં એક વેધશાળા ઊભી કરી. પરંતુ સૂર્ય સામે મીટ માંડીને અભ્યાસ કરવાને કારણે એમની આંખની રોશની ઝાંખી પડી ગઈ હતી.

ઈ. સ. ૯૯૫માં મધ્ય એશિયાના બે પ્રતિસ્પર્ધી સરદારો, જુરજાનિયાના મામૂન અને કાકના અબૂઅબ્દુલ્લાહ ખ્વારિઝ્મ શાહ વચ્ચે યુદ્ધ થયું, જેને પરિણામે બયરૂનીના કાર્યમાં વિક્ષેપ પડ્યો. આ હોનારતના બે વર્ષ પશ્ચાત બયરૂની જૂર જાનના સુલતાન, શમ્સૂલમઆલી કાબૂસ બિન વશમગીર મામૂનના દરબારમાં ગયા. આ હાકેમ કવિ અને વિદ્યાનુરાગી હતો. એટલે એણે

બયરૂનીને સન્માનપૂર્વક આવકાર્યો અને દરબારમાં કોઈ પદવી આપવાની પણ ઈચ્છા વ્યક્ત કરી. બયરૂની થોડોક સમય જુરજનમાં રહ્યા, પરંતુ સુલતાનનો કજિયાળો સ્વભાવ એમને ગમ્યો નહીં. એટલે તેઓ પોતાને વતન-ખ્વારિઝમ પાછા ચાલ્યા ગયા. ઈ. સ. ૧૦૧૫માં કાબૂસનો પૌત્ર મામૂન બિનઅલી ગાદી ઉપર આવ્યો ત્યારે તેણે બયરૂનીને પુનઃ પોતાના દરબારમાં બોલાવીને પ્રધાન બનાવ્યા. પરંતુ લશ્કરમાં બળવો ફાટી નીકળતાં મામૂનને કતલ કરવામાં આવ્યો અને ઈ. સ. ૧૦૧૭માં મહમૂદ ગઝનવીએ એ પ્રદેશને પોતાની હકુમતમાં શામિલ કરી દીધો.

અલબયરૂની એ કાળમાં પ્રકૃતિ, વિજ્ઞાન, ભૂગોળ અને જમીન મોજણી ઉપર સંશોધન કરી રહ્યા હતા. રાજ્યપલટા પછી મહમૂદ ગઝનવી એમને પકડીને પોતાની સાથે લઈ ગયો અને નંદનના કિલ્લામાં એમને નઝરકેદ રાખ્યા. મહમૂદ હિન્દુસ્તાન પરના હુમલાઓમાં પરોવાયો હતો અને એના પુત્ર મસઉદની બયરૂની ઉપર મીઠી નઝર હોવાથી બયરૂનીએ પોતાનું કાર્ય ચાલુ રાખ્યું અને કાબુલ તથા કંદહારની અક્ષાંશરેખા તૈયાર કરી. આ દરમિયાન મહમૂદ ગઝનવી મથુરા અને કનોજ ઉપર હુમલો કરીને ગઝની આવ્યો અને પોતાની સાથે લાવેલો એક કીંમતી પથ્થર, જેનું વજન ૫૫૦ મિશકાલ હતું, તે બયરૂનીને બતાવ્યો. પરંતુ બયરૂનીએ એ પથ્થરમાં કંઈ રસ બતાવ્યો નહિ, એટલે ગઝનવીએ દરબારમાંથી એ પથ્થર દૂર કર્યો. બયરૂનીનો આ અવિવેક મહમૂદ ગઝનવી ગળી ગયો, અને ઉદારતા પૂર્વક એમને ગઝનીમાં વેધશાળા ઊભી કરી પોતાનું કાર્ય ચાલું રાખવાની સંમતિ આપી.

ઈ. સ. ૧૦૩૦માં મહમૂદ ગઝનવીનું અવસાન થતાં એના બે પુત્રો મુહમ્મદ અને મસઉદ વચ્ચે ખટરાગ થયો, પરિણામે રાજ્યગાદી મસઉદના હાથમાં આવી. મસઉદ પણ એના પિતા મહમૂદના જેવો વિદ્યાપ્રેમી હતો. જ્યારે મસઉદ હિન્દમાં આવ્યો ત્યારે પોતાની સાથે બયરૂનીને લાવ્યો. મુલતાનના મહાપંડિત વિશ્વનાથ અને બલભદ્ર સાથે એમનો પત્રવ્યવહાર હતો; એટલે એમણે મુલતાનમાં જ રહેવાનું પસંદ કર્યું. વળી મુલતાનમાં સુપ્રસિધ્ધ સૂર્યમંદિર પણ હતું, અને મુલતાન એવી ધરી ઉપર છે કે, ત્યાંથી સૂર્યનું નિરીક્ષણ સરળતાથી કરી શકાય એમ હતું. મુલતાનમાં જ એમણે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો અને "સૂર્ય સિધ્ધાંત"ના ધોરણ ઉપર અરબી ભાષામાં 'ગુર્રતુઝ-ઝિઝત" (કર્ણતિલક) નામનું અરબી પુસ્તક લખ્યું, જેમાં સૂર્ય અને ચંદ્રની ગતિ આંકડા દ્વારા દર્શાવી છે.

ઈરાનનો ખોરાસાન પ્રાંત બૌધ્ધોનું ધામ હતું. આથી એમના વિચારોની ઈરાનીઓ ઉપર પ્રબળ અસર હતી. એટલે સુધી કે, બદખ (બુખારા)ના બાદશાહ (સંત) ઈબ્રાહીમ અદહમે રાજપાટ ત્યાગીને સન્યસ્ત સ્વીકાર્યું અને એમના જીવન સાથે શ્રી ગૌતમબુધ્ધનું જીવન પણ સંકલિત કર્યું.

બગદાદના અબ્બાસી ખલીફા જાફર મન્સૂર, હારૂન રશીદ અને મામૂન રશીદ વિદ્યાપ્રેમી હતા. એમણે હિન્દુસ્તાનથી બ્રાહ્મણ પંડિતોને બોલાવ્યા ને પોતાના દરબારમાં રાખી એમની પાસે સંસ્કૃતમાંથી વૈદક, જ્યોતિષ અને દર્શન શાસ્ત્રનાં પુસ્તકોનો અરબી ભાષામાં તરજૂમો કરાવ્યો હતો.

ઈ. સ. ૬૨૨માં ઈસ્લામનો ઉદય થયો, તેના ઘણા સમય પૂર્વે અરબ-ઈરાની વેપારી અને વહાણવટીઓની અવર-જવર હિંદ-પાકમાં હતી, એટલું જ નહિ પણ ભરૂચ, થાણા, ચિમુર, અને મલબારમાં એમની વસાહતો પણ હતી. એવી જ રીતે સિંધ, મુલતાન અને કચ્છના જાટ અને મેદ જાતિના લોકો પણ અરબ-ઈરાન પ્રદેશમાં પ્રસરી ગયા હતા.

ઈ. સ. ૭૧૨માં મુહમ્મદ બિનકાસિમે સિંધ જીતી લીધા પછી તો બન્ને પ્રજા ખૂબ જ નિકટના સમાગમમાં આવી હતી.

પરંતુ અલબયરૂનીએ આવીને સાહિત્યિક અને ઐતિહાસિક દૃષ્ટિએ જે કાર્ય કર્યું તે નિઃશંક અદ્વિતીય હતું.

અલબયરૂનીએ ૧૧૪ પુસ્તકો લખ્યાં, જેમાંથી ગણ્યા ગાંઠ્યાં પુસ્તકો પ્રાપ્ય છે. પરંતુ જે પુસ્તકે એમની કીર્તિમાં વધારો કર્યો તે તો "કિતાબુલ હિન્દ" છે. ઈ. સ. ૧૮૮૮માં એડવર્ડ સુચાવે એનો અંગ્રેજી અનુવાદ **"Al-Beruni's India"** નામથી પ્રગટ કર્યો હતો.

આ પુસ્તકમાં બેરૂનીએ ૧૧મી સદીનાં હિન્દુસ્તાનનો ઈતિહાસનું અને એની સામાજિક સ્થિતિનું વિસ્તારથી વર્ણન કર્યું છે. સાતમી સદીમાં ચીની પ્રવાસીઓની હિંદની મુલાકાત પછી ઈ. સ.-૧૫૯૦માં "આઈને અકબરી" પ્રગટ થઈ ત્યાં સુધીનો હિન્દુસ્તાનનો ઈતિહાસ જે અંધારામાં હતો તે બયરૂનીનાં પુસ્તક કિતાબૂલ હિન્દથી પ્રકાશમાં આવ્યો. મોગલ બાદશાહ અકબરના વડા વઝીર અબૂલ ફઝલ પાસે વિપુલ સાધનો હોવા છતાં "આઈને અકબરી"માં બયરૂનીના 'કિતાબૂલ હિન્દ"નો છૂટથી ઉપયોગ કરવામાં આવ્યો છે.

મી. મેક્સ મેરહાફ લખે છે, "ગુરૂ તરીકે ઓળખાતા અલ બયરૂની પ્રથમ મુસલમાન લેખક છે, જેણે "કિતાબૂલ હિન્દ"માં નિરપેક્ષ દષ્ટિથી ઈતિહાસનું અવલોકન કર્યું છે. અને એ સમયની સામાજિક તથા ધાર્મિક સ્થિતિ તેમ જ અંક, યુગ, સંવત, નક્ષત્ર, ઔષધિ પદાર્થ, જ્યોતિષ વગેરે વિષયો ઉપર લખ્યું છે."

મોગલ શહેનશાહ શાહજહાનના સમયનો ફારસી લેખક મોહસીને "ફાની કાશ્મીરી" એ "દબિસ્તાને મઝાહીબ" નામના પુસ્તકમાં જગતના સર્વ - ધર્મ-સંપ્રદાયના પ્રણેતા અને પ્રચારકોનો પરિચય આપ્યો છે. પરંતુ "ફાની કાશ્મીરી" લખાયું તેના ૭૦૦વર્ષ પહેલાં બયરૂનીએ "કિતાબુલ હિંદ"માં જ્યાં હિન્દુ ધર્મની માન્યતાઓનો ઉલ્લેખ કર્યો છે, ત્યાં હિન્દુધર્મનો પ્રભાવ બીજા ધર્મો ઉપર કેવો પડ્યો તેનો ઉલ્લેખ પણ કર્યો છે. તે પુનર્જન્મ વિષે લખે છે, "માની (જન્મ ઈ. ૨૧૫)ને ઈરાનથી દેશ નિકાલ કરવામાં આવ્યો ત્યારે તે હિન્દુસ્તાનમાં આવ્યો અને અહીંના પંડિત બ્રાહ્મણો પાસેથી પુનર્જન્મનું રહસ્ય પામી એને પોતાના સંપ્રદાયમાં દાખલ કર્યું."

અલબયરૂની 'કિતાબૂલ હિન્દ'ના અંતિમ પ્રકરણમાં લખે છે, "હિન્દુધર્મ અતિ વિશાળ છે, એને વિષે સેંકડો પુસ્તકો છે. પરંતુ એ સર્વથી હું અનભિજ્ઞ છું. જે સંસ્કૃત પુસ્તકોના તરજુમા અરબી ફારસીમાં થયા છે, તેમાં ઘણી ઉણપ છે. કાં તો તરજૂમાકારે સમજ્યા વગર તરજૂમા કર્યા છે અથવા તેમાં પોતાનો ઉમેરો કર્યો છે. દા. ત. અબ્દુલ-લ્લાહ બિન મુકફ્ફાએ ફારસી ઉપરથી અરબીમાં કરેલો પંચતંત્રનો તરજુમો "કલીલા વ દમના" કલુષિત છે. પંડિત બેલભદ્રની સહાયથી મેં કપિલનું "સાંખ્ય" અને પતંજલિના "યોગસૂત્ર"નો સંસ્કૃતમાંથી અરબીમાં અનુવાદ કર્યો છે."

પદાર્થવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર (એરથમેટિકલ પ્રોપોર્શન) ઉપર બયરૂનીના બે પુસ્તકો છે, જેમાં "તફહીમ" (સમજૂતિ) નામનું પુસ્તક ખ્વારિઝમની એક સ્ત્રી, રયહાના બિન્તે હસનને અર્પણ કર્યું છે. આ પુસ્તક પ્રશ્નોત્તરીના રૂપમાં છે. બીજા મહાન ગ્રંથનું નામ "કાનૂને મસઉદી" છે. એ પુસ્તક સુલતાન મસઉદ ગઝનવીને અર્પણ કર્યું છે. હૈદ્રાબાદ (દક્કન)ની ઉસ્માનિયા વિશ્વ વિદ્યાલય તરફથી મૂળ પ્રત ઉપરથી અરબી ભાષામાં એ ગ્રંથ પ્રગટ થયો છે. આ પુસ્તક ગણિતશાસ્ત્રનું એનસાઈક્લોપીડિયા છે. મસઉદ ગઝનવી આ પુસ્તક જોઈને એટલો પ્રસન્ન થયો હતો કે, એણે બયરૂનીને એક ઊંટની ભારોભાર ચાંદી આપવાનો હુકમ કર્યો હતો. પરંતુ આ પુરસ્કારનો બયરૂનીએ માનપૂર્વક અસ્વીકાર કર્યો હતો. કારણકે એ સમયના વિદ્વાનોને આવી કશી લાલચ ન હતી. પરંતુ બયરૂનીના જીવનમાં એક પ્રસંગ એવો પણ આવ્યો હતો કે, જ્યારે તે કંગાલ સ્થિતિમાં દર-બ-દર ભટકતો હતો. "આસારૂલ બાકિયા"ની પ્રસ્તાવનામાં લખે છે :

"કદ કાલા ફિમા મઝીએ હકીમ,
ફકુલતા કૌલં અમરે લબીબં.
મનલમ યકૂન મઆ દિરહમા,
લમ તલજુફતા ઉરૂસો ઈલય."

—એક બુદ્ધિશાળીએ કહ્યું છે કે, ઈન્સાનની કિંમત બે વસ્તુથી અંકાય છે- એક દિલ અને બીજી જીભ. પરંતુ મેં એમ પણ સાંભળ્યું છે કે, માણસ પાસે "બે પૈસાનો જીવ" હોય તો જ તેની ઈજ્જત થાય છે.

—અને જેની પાસે બે દિરહમ (સિક્કો) પણ નથી હોતા તેની તરફ તેની બીબી પણ નથી જોતી.

ઈ. સ. ૯૯૯માં બયરૂનીએ "આસારે બાકિયા" નામનું પુસ્તક લખીને જુરજાનના સુલતાનને અર્પણ કર્યું હતું. આ પુસ્તકમાં પુરાતન કાળની પ્રજાઓનો સિલસિલા-

બા રસિક ઈતિહાસ છે સાથે સાથે એમાં ભૂગોળ અને ખગોળની માહિતી પણ આપી છે અલબયરૂની "આસારે બાકિયા"મા લખે છે

"ગભીર વિષયના લેખકે પોતાની શૈલીને રસિક બનાવવી જોઈએ જેથી લેખક અને વાંચકને તાઝગી મળે કારણકે પ્રત્યેક નવી વસ્તુમા ચિત્તાકર્ષકતા હોય છે"

અલબયરૂનીએ "તારિખે ખ્વારિઝમી" પણ લખી છે જેમા એ વિસ્તારમાં મોટા પ્રમાણમા વસતા જરથોસ્તી પ્રજાનો અને એના ધર્મનો ઈતિહાસ પણ છે ગઝનવી દરબારના ઈતિહાસકાર બયહકીએ પોતાની "તારિખે મસઉદી" મા એ પુસ્તકમાથી ઘણા અવતરણો લીધા છે

અલબરૂનીની માતૃભાષા ફારસી હતી, પણ તે સમયની સાહિત્યિક ભાષા અરબી હોવાથી એમના બહુધા પુસ્તકો અરબીમાં છે એ સિવાય તેઓ સુરયાની, હિબ્રુ અને સસ્કૃત ભાષા પણ જાણતા હતા.

ઉમરખય્યામ જેમ બયરૂનીને પણ જ્યોતિષમા શ્રદ્ધા હતી બયરૂની લખે છે કે, "જો અનુમાન ખોટુ પડે તો એમા જીવ જવાનો પણ ભય રહે છે" બયરૂની રગે ઘઉ વર્ણા અને બાંધી દડીના હતા એમના સાંસારિક જીવનની માહિતી ઉપલબ્ધ નથી આ બહુશ્રુત વિદ્વાન ૭૫ વર્ષની આવરદા ભોગવી ઈ સ ૧૦૪૮મા અફઘાનિસ્તાનના ગઝની મુકામે અલ્લાહને પ્યારા થયા પણ જતાં જતા દુનિયાને સદેશો આપતા ગયા કે, વિદ્યાના બુનિયાદી સિદ્ધાંતો દરકે જાણવા જોઈએ, કારણ કે એક ઈલ્મથી બીજા ઈલ્મને માર્ગદર્શન મળે છે જેમ એક ચિરાગથી બીજો ચિરાગ રોશન થાય છે

☆

મનને આટલી વાત સમજાવી દો કે અપૂર્ણતા અને અસુવિધા તો માનવ જીવનમા અનિવાર્ય છે પછી ન અસતોષ સંતાપશે કે ન નિરાશા.

o

જ્યારે તમને મહત્વાકાક્ષાઓ બહુ સતાવવા લાગે, ત્યારે વીતેલા ખરાબ દિવસોને યાદ કરો જે તમારા જીવનમા આવી ગયા હતા.

o

દોષ જરૂર જોતા રહો, પણ બીજાના દોષ નહિ, તમારા દોષ

સિન્ધુનું સ્વપ્ન

કરસનદાસ માણેક

(નાન્દી)

(શાર્દૂલ વિક્રીડિત)

આભે માંડી અમીટ મીટ, ઋતુઓના લાસ્યના તાંડવે
રહેતો જે સમતોલ; બાલિશ બધી આ સૃષ્ટિની ધૃષ્ટતા
ઔદાર્યે ઉરના ઉપેક્ષી ઉરને હિલ્લોલ જે ડોલતો;
થાતી આત્મવિમાનના ડગ ડગે કીટો-કૃમિ સૌ-વડે
જોતો; તોય અપાર ધારી કરુણા ખોતો ન વ સ્વસ્થ્ય;ને
મર્યાદા નવ લોપતો પ્રથમી જે પૃથ્વી અમર્યાદની
ને જાતે વહી આવતાં નિકટ, તે સૌને કરી આત્મસાત્
ૐ કારે રમતો અભંગ-સુર જે; રંગે થજો સંગીતે.

(નાન્દી પછી)

સૂત્રધાર: (પ્રવેશતા વેંત) સુંદર સ્તુતિવચનો ઉચ્ચાર્યા! અને તે પણ કમનીય મધુર કંઠે! અને સહાયતા પણ માગવી જોઈતી હતી, તેની જ માગી! અને માગવી જોઈતી હતી, તે રીતે જ! (નાન્દીની છેલ્લી પંક્તિ ગુંજતો)

ૐ કારે રમતો અભંગ સુર જે,
રંગે થજો સંગીતે!

(ફરીથી) રંગે થજો સંગીતે!

પણ હવે કાર્ય શરૂ કરીએ! ક્યાં ગયાં રંગરાણી? તૈયાર તો છે ને બધું, આર્યે?

રંગરાણી: (પ્રવેશતાં વેંત) બધું જ, આર્યપુત્ર! રૂપધરો તો થનગની રહ્યાં છે; રંગભૂમિ ઉપર આવવા! આપના સંકેતની જ ફક્ત વાટ જોવાઈ રહી છે! અને આમ જુઓ આ પ્રેક્ષકવૃંદ; શરદપૂર્ણિમાની સંધ્યાએ સિંધુ જેમ કોટાનકોટિ તરંગલોચનો વડે પૂર્ણ ચન્દ્રના ઉદયની પ્રતીક્ષા કરી રહ્યો હોય તેમ, અમીટ મીટે અને અધીર હૈયે, આજના નાટકના આરંભની પ્રતીક્ષા કરી રહ્યો છે. અને કેમ ન કરે? પ્રસાનન્દ કુલોત્પન્ન આચાર્ય શ્રી. નૃહરિના વાગીશ્વરી વિલાસાસ્પદ સુપુત્ર શ્રી. શ્યામ શર્મા સમા નાટ્યકાર અને આપ સમા સૂત્રધાર! પણ.....

સૂત્રધાર: પણ શું? બોલતાં બોલતાં અટકી કેમ ગયાં, આર્યે?

રંગરાણી: જવા દો એ વાત, અત્યારે પ્રેક્ષકગણ નાટકના રસપાન માટે અધીર છે તે વખતે......

સૂત્રધાર: પણ તમે તો નાટકને જ અંગે કંઈ કહેવા માગતા હતાં ને, દેવી?

રંગરાણી: તે સિવાય બીજી કોઈ વાતનો મને વિચાર ય આવે, અત્યારે?

સૂત્રધાર: તો પછી કહી નાખો, જે કહેવું હોય તે, રંગરાણી! રસને પ્રવાહે ઉપડવાની તૈયારી કરી રહેલા સહૃદય પ્રેક્ષકોને, આસ્વાદના આનંદને વધારે એવું ભાતું પહેલેથી જ જેટલું બંધાવીએ તેટલું ઓછું છે!

રંગરાણી: ત્યારે કહી નાખું એમ?

સૂત્રધાર: વાટ કોની જુઓ છો?

રંગરાણી: સાંભળો ત્યારે, આ નાટકનું નામ તમે 'સિન્ધુનું સ્વપ્ન' રાખ્યું છે...... તેને બદલે......

સૂત્રધાર: ઊભા રહો! ઊભા રહો, રંગરાણી! નાટકનું નામ મેં નથી પાડ્યું, આર્યે! એના રચનારે પાડ્યું છે......

રંગરાણી: જેણે પાડ્યું હોય તેણે! પણ 'સિન્ધુનું સ્વપ્ન' રાખ્યું છે તેના કરતાં કોઈ બીજું જ રાખ્યું હોત તો સારું... મને એમ થયા કરે છે; વખતો વખત!

સૂત્રધાર: કેમ? નાટકમાં "સિન્ધુ" નથી?

રંગરાણી: છે.

સૂત્રધાર: ત્યારે શું 'સ્વપ્ન' નથી?

રંગરાણી: સ્વપ્ન પણ છે, આર્યપુત્ર!

સૂત્રધાર: તો પછી વાંધો ક્યાં દેખાય છે,—નામમાં? કે પછી નાટકમાં જે છે, તે જ નાટકના નામમાં છે એ જ વાંધો છે?

રંગરાણી: નાટકોનાં નામો માણસોનાં નામો જેવાં હોવાં જોઈએ, આર્યપુત્ર, માણસોનાં સ્વભાવ અને ચારિત્ર્યથી સદંતર જુદાં એવું માનનારાઓમાંની એક હું નથી, આર્યપુત્ર! અને એ આપ બરાબર જાણો છો! મારો વાંધો તો બીજો જ છે, આર્યપુત્ર!

સૂત્રધાર: બોલો!

રંગરાણી: નામની જાહેરાત થઈ ત્યારથી આજસુધીમાં જે જે નાટ્યરસિયાઓને હું મળી છું, તે બધાં ય એમ માની બેઠા છે કે, એમાં સિન્ધુ નામની કોઈ યુવતીની વાત આવતી હશે!

સૂત્રધાર: અને એ યુવતી સુંદર હશે...

રંગરાણી: અને એ કોઈના પ્રેમમાં પડી હશે.

સૂત્રધાર: જે એને ચાહતો નહિ હોય......

રંગરાણી: અને કોઈ બીજો જ એને ચાહતો હશે......

સૂત્રધાર: જેને એ નહિ ચાહતી હોય... (હસી પડે છે) નાટ્યકારોને સુંદર યુવતીઓ વગર ચાલે નહિ, અને સુંદર યુવતીઓને નાટ્યકારો વગર ચાલે નહિ, એવો સાધારણ રીતે લોકોનો મત છે ખરો! પણ તમે એમને......

રંગરાણી: સાચી હકીકતથી વાકેફ કર્યાં કે કેમ—એમ પૂછવા માંગો છો, ને? પણ હું એવી ભોળી નથી હોં, આર્યપુત્ર, કે નાટકને અંગે જે વાત આપોઆપ સમજાવી જોઈએ, તે નાટકની શરૂઆત પહેલાં જ બકી મારું! આ તો સહેજ મને વિચાર આવ્યો કે, નાટકનું નામ કંઈ બીજું રાખ્યું હોત તો, પ્રેક્ષકોના મનમાં આટલો ગૂંચવાડો ઊભો થવા પામ્યો છે, તે ન થાત.

સૂત્રધાર: ગૂંચવાડો તો પ્રેક્ષકોએ જાતે જ ઊભો કર્યો છે, દેવી, 'સિન્ધુ' શબ્દનો ઉચ્ચાર કાને પડતાંની સાથે કલ્પનાની આંખો સામે કોઈ યુવતીની પ્રતિમા આણીને!

રંગરાણી: ગૂંચવાડો ફક્ત "સિન્ધુ" શબ્દે જ ઊભો નથી કર્યો, આર્યપુત્ર!

સૂત્રધાર: સમજી શકાય છે. સ્વપ્ન શબ્દે પણ ઠીક ઠીક ભાગ ભજવ્યો હશે. લોકોને સ્વપ્નમાં સુંદરીઓ જ દેખાય છે, અને સુંદરીઓનાં સ્વપ્નમાં જ એમને રસ છે એ કોણ નથી જાણતું? પણ જો હોય તો! ગૂંચવાડો જે હશે તે બધો આ પળે જ દૂર થઈ જશે...... અયુત નક્ષત્રમંડળો અને તારાગણો વડે દેદીપ્યમાન આકાશ નીચે અનંતકાળથી એકધારી રીતે ઘૂઘવી રહેલા આ સિન્ધુને જોતા રહો! (આ વાક્ય બોલાઈ રહે તે પહેલાં સિન્ધુ...ગર્જનનો નાદ રંગભૂમિ પર આવવો શરૂ થઈ જાય છે) જુઓ, જુઓ દેવી, સદા ચંચલ ઊર્મિઓને અચલ માત્રામાં રાખનારા કોઈ મહાયોગીશા એ સિન્ધુના તટ પર ઊભા ઊભા પેલા સાત ભવ્ય પુરુષોત્તમો સિન્ધુમાં શેષની શય્યા પર પોઢેલા શ્રી વિષ્ણુની સ્તુતિ કરી રહ્યા છે. (સ્તુતિના શબ્દો-અસ્પષ્ટ અને સાથે શંખ-ભેરી-ઝાલર-આદિના અવાજોનહવે પછીના શબ્દો પશ્ચાદ ભૂમિમાંથી આવે છે) ઓળખ્યાને એમને? વંદન કરો એમને, આર્યે! એ છે સપ્તર્ષિઓ... ભૃગુ, વસિષ્ઠ, અંગિરા, મરીચિ, પુલસ્ત્ય, ક્રતુ અને અત્રિ! શેષ શય્યા પર પોઢેલા શ્રી વિષ્ણુ તેમને દર્શન દેશે ત્યારે જ તેઓ જશે-કોઈ ખાસ કામ વગર તેઓ શ્રી વિષ્ણુને પરિશ્રમ ન આપે! સાંભળો તેમની સ્તુતિ......

સપ્તર્ષિગણ:

शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशम् ।
विश्वाधारं गगन सदृशं मेघ वर्णं शुभागम् ।
लक्ष्मीकान्तं कमलनयनम् योगिभि ध्यानिजम्यत् ।
वन्दे विष्णु भवभयहरं सर्वलोकैकनाथम्

સ્તુતિ વગન પૂરું થયા પછી...

સપ્તર્ષિ: જય જય શ્રી પતિ સુંદરશ્યામ્

જય જય વિષ્ણુ ઉર અભીરામ—એવી ધૂન, સપ્તર્ષિઓના અવાજ... ખૂબ ઉચ્ચ બુલંદ સ્વરે શરૂ થઈને ધીરે ધીરે શાન્ત થઈ જાય છે... અને

થોડીક પળો સુધી સાગરના ગર્જન સિવાય બીજો કશો જ અવાજ સંભળાતો નથી. ગર્જન જાણે મૌનની શાંતિને વધુ ઘેરી બનાવે છે.)

વસિષ્ઠ: (મૌન અસહ્ય બનતાં) મહર્ષિ ભૃગુ!

ભૃગુ: આજ્ઞા કરો બ્રહ્મર્ષિ વસિષ્ઠ!

વસિષ્ઠ: આપણી પ્રાર્થનાના પ્રત્યુત્તર રૂપે શ્રીવિષ્ણુ પ્રગટ ન થયા હોય એવો આ પહેલો જ અવસર!

ભૃગુ: એમાં પણ કંઈક મર્મ હશે, બ્રહ્મર્ષિ વસિષ્ઠ! મને શ્રીવિષ્ણુનો ઠીક ઠીક અનુભવ છે!

વસિષ્ઠ: એક વાર તમે એમની છાતીમાં લાત મારેલી, ખરું ને!

ભૃગુ: જગત આખું જાણે છે એ ઈતિહાસ, બ્રહ્મર્ષિ! લાત મારી મેં એમને, અને વાગી મને! એમનું ધૈર્ય મારું કલંક બની ગયું! પણ— પણે જુવો તો! સમુદ્ર પર! દૂર દૂર! આ પારે અનામિકા અને મધ્યમાની વચ્ચો વચ્ચ... સિન્ધુનાં મોજાંઓ પર થઈને કોઈ આ તરફ આવતું હોય, એમ નથી લાગતું? દેખાય છે ને!

વસિષ્ઠ: બરોબર દેખાય છે, મહર્ષિ ભૃગુ! પણ વિષ્ણુ નથી! કોઈ જુદી જ આકૃતિ છે! બંન્ને ખભા અને ગરદન પર થઈને પીઠ પાછળ ઠેઠ કટિપ્રદેશ સુધી ઝૂલતો ઘટા-ઘેરો, મેઘ-શ્યામળો, જટાજુટ!...

ભૃગુ: કોઈ વહાણનું સઢ ફરફરે એમ પવનમાં ફરફરતો વાદળી રંગનો ઉપરણો...

વસિષ્ઠ: મણિજડિત કટિબંધ વડે શોભતું તારાઓની ભાતવાળું નીલામ્બર...

ભૃગુ: મુક્તા મણિઓનાં કુંડળો, હારો, બાજુબંધો, અંગુલીમકો અને તોડાઓ.

વસિષ્ઠ: સાક્ષાત્ સિન્ધુ જ આ તરફ આવતો જણાય છે મહર્ષિ! ભગવાને આમ કેમ કર્યું હશે? કોઈ દિવસ નહિ ને આજે! પોતે આવવાને બદલે આને મોકલવાનું! કેવા ઝપાટાભેર દોડ્યો આવે છે—વારિવેગે, વાયુવેગે, વિદ્યુતવેગે, વિચારવેગે!

સિન્ધુ: (તટ પર આવતાં વેંત) જય હો સપ્તર્ષિગણનો!

સપ્તર્ષિ: જય હો જલનિધિનો! જય હો ભગવાન શેષશાયીના આશય સમા સિન્ધુરાજનો! ક્ષમા કરજો સિન્ધુરાજ, (સહેજ કડવાશથી) ધન્ય થયા અમે આપના દર્શનથી! પણ અમે આવ્યા તો હતા...શ્રી વિષ્ણુના દર્શન અર્થે!

સિન્ધુ: (અત્યંત આર્દ્ર ભાવે) શ્રી વિષ્ણુના દર્શન માટે તો હું પણ આપના જેટલો જ આતુર છું, મહર્ષિઓ!

સપ્તર્ષિ: (ચોંકીને) હેં! શું ભગવાન વિષ્ણુ...?

સિન્ધુ: આપનું અનુમાન સંપૂર્ણપણે સાચું છે, મહર્ષિઓ! શ્રી વિષ્ણુ વરસોથી, સેંકડો વર્ષોથી ક્યાંક ચાલ્યા ગયા છે. કોઈને કંઈ કહ્યા—કારવ્યા વગર અદ્રશ્ય થઈ ગયા છે!

ભૃગુ: આશ્ચર્ય! આશ્ચર્ય! છેલ્લે તમે એમને ક્યારે દીઠેલા, વરુણરાજ!

સિન્ધુ: કુરુક્ષેત્રના યુદ્ધ પછી યાદવાસ્થળી થઈ અને પ્રભાસ પાટણમાં પીપળાના ઝાડ નીચે પદ્માસન વાળીને બેઠેલા શ્રીકૃષ્ણના જમણા પગને અંગૂઠે જરા નામના પારધીનું તીર પરોવાયું તે દિવસે...

ભૃગુ: (રોષથી) એટલે? આજ પાંચ હજાર વરસોથી તમે શ્રીવિષ્ણુથી વંચિત છો......અને છતાં......

વસિષ્ઠ: સિન્ધુરાજને તે બાબત ઠપકો આપવો તદન અયોગ્ય છે, મહર્ષિ ભૃગુ! વિશ્વકલ્યાણના સંરક્ષકો હોવાનો દાવો કરનારા આપણે પોતે... હજારો વરસો પછી આજે પહેલી જ વાર વિષ્ણુને શોધતા આવ્યા છીએ ને, એને તો...! (સિન્ધુને) ક્ષમા કરજો, અબ્ધિદેવ! પણ કંઈ કારણ જાણવામાં ખરું, ભગવાનના આ અદશ્ય થવાની પાછળ?

સિન્ધુ: દુર્ભાગ્ય મારું, બ્રહ્મર્ષિ! બીજું તે શું હોય!

વસિષ્ઠ: સૌનું, તમારું એકનું નહિ, સિન્ધુ દેવ! સૌનું દુર્ભાગ્ય! પણ...એમની શોધ તો તમે......

સિન્ધુ: અદ્રશ્ય થઈ ગયા એવી મને ખબર પડી તે પળથી જ એમની શોધ કર્યા કરું છું... રઘવાયો બનીને! પણ વ્યર્થ! કશી જ ભાળ નથી લાગી હજુ!

આપ સૌને આ તટ પર સ્તુતિ કરતા જોયા એટલે કંઈક આશા બંધાઈ અને હું આ તરફ દોડ્યો! પણ લાગે છે કે આપની સ્થિતિ મારા કરતાં બહુ સારી નથી! પણ આપ જરૂર કંઈક કામ લઈને આ તરફ આવ્યા હશો? તો હવે...ભગવાન તો નથી, પણ હું આપને કંઈ ખપમાં આવી શકું ખરો?

વસિષ્ઠ: આવી શકો, અવશ્ય આવી શકો! પણ પહેલાં એટલું જાણી લો કે, અમે અમારા કોઈ અંગત કામ માટે નથી આવ્યા!

સિન્ધુ: અબજો વરસોથી ભગવાનને આ હૈયાની સેજ પર ઝુલાવ્યાં છે, મહર્ષિઓ! એટલે આટલું પણ ન જાણું તો મારા જેવું કોઈ અભાગી નહિ! બોલો, શી આજ્ઞા છે?

ભૃગુ: પૃથ્વીની અત્યારની પરિસ્થિતિથી તો પરિચિત છો ને?

સિન્ધુ: નિશ્ચિત રહેજો, મહર્ષિ! રોજ સેંકડો માણસો આવે છે, જગતથી કંટાળીને મારા અગાધ ઊંડાણોમાં શાંતિ મેળવવા- વૈજ્ઞાનિકો, કલાકારો કવિઓ, કામીઓ, પ્રેમીઓ, વહેમીઓ, મુત્સદ્દીઓ, શ્રીમંતો, અકિંચનો, પુરુષો, સ્ત્રીઓ, બાળકો, જાતજાતના અને ભાતભાતના બધીએ ભાષાઓના! ભાગ્યે જ કોઈ એવી પળ જતી હશે, મહર્ષિઓ, કોઈની ને કોઈની વેદનાભરી વાણી મારા અંતરને ન ચીરતી હોય! માટે જ તો શ્રી વિષ્ણુને એ જ્યાં હોય ત્યાંથી શોધીને, અને રીસાઈ ગયા હોય તો વીનવી-મનાવીને પાછા અહીં લાવવા રાત 'દિ ફાંફા મારું છું!

ભૃગુ: જગતની સ્થિતિ તમે કહો છો તેવી જ છે સિન્ધુરાજ! જગત આત્મઘાતને પંથે છે! પણ શ્રી-વિષ્ણુને શોધીને અહીં પાછા લાવવાના તમારા પ્રયત્નો, જે આજ પાંચ હજાર વરસો સુધી અફળ રહ્યા છે, તે કોઈ દિવસ પણ ફળીભૂત થશે એમ તમે માનો છો ખરા?

સિન્ધુ: એ તો મારા જેવા જળ(ડ)બુદ્ધિ કરતાં આપ જેવા કુશાગ્ર બુદ્ધિશાળીઓ જ વધારે કહી શકે મહર્ષિ!

વસિષ્ઠ: અમે તો ફક્ત એટલું જ કહી શકીએ, સિન્ધુરાજ, કે, શ્રી વિષ્ણુ પૃથ્વી ઉપર તો ક્યાંય નથી! અને તમે કહો છો તેવી રીતે... અહીં એમની શેષ-શય્યા પર પણ નથી! બધી યે બાજુનો વિચાર કરતાં હવે અમને તો એમ લાગે છે, સિન્ધુરાજ, કે, ભગવાન શ્રીવિષ્ણુ, આ ધરતીએ-માનવજાતિએ પોતાને હાથે પોતાની જે દુર્દશા કરી છે, તે દેખીને ક્યાંક જતા રહ્યા છે! પોતે વારંવાર લીધેલા અવતારોનું એક કોડી જેટલું પણ ફળ આવ્યું નથી એ જોઈ માનવજાતિથી નારાજ થઈને તેઓ ચાલ્યા ગયા છે! પતનના માર્ગેથી પાછા વળવાનો ઇન્કાર કરતી આ પૃથ્વીનું જ્યાં સુધી અસ્તિત્વ છે, ત્યાં સુધી તો એ હવે પાછા નહિ જ આવે, સિન્ધુરાજ, એમ અમને ઊંડે ઊંડે લાગ્યા કરે છે! શું કહો છો, મહર્ષિવર્ય ભૃગુ?

ભૃગુ: આપનું મંતવ્ય યથાર્થ જ છે, બ્રહ્મર્ષિ! મારા જેવાની લાતો ખાઈ ખાઈને આખરે એમનું ધૈર્ય ખૂટી ગયું છે! અને લાતો મારનારાઓને સામી લાતો મારવાની એમની વૃત્તિ નથી એટલે આપણે એમની પાસે જે યાચના કરવા આવ્યા હતા, તે આમને જ કરીને—આ સિન્ધુરાજને!!!

સિન્ધુ: આપની યાચના મારે મન આજ્ઞા છે, મહર્ષિઓ! આદેશ આપો! મને તો બેવડો સંતોષ થશે: પ્રભુની ગેરહાજરીમાં પ્રભુની યોગ્ય સેવા બજાવ્યાનો, અને આપની આજ્ઞાને માથે ચઢાવ્યાનો! બોલો મહર્ષિઓ, શું કરું આપનું પ્રિય?

ભૃગુ: કહી દો એમને, બ્રહ્મર્ષિ વસિષ્ઠ!

વસિષ્ઠ: આમ જુઓ, સિન્ધુરાજ! શ્રી વિષ્ણુ અહીં એમની શેષશય્યા પર હોત, અને અમારી પ્રાર્થના સાંભળીને આવ્યા હોત, અને અમને વર માગવાનું

કહ્યું હોત, તો જે ૧૨ અમે એમની પાસે માગત, તે જ હવે અમે તમારી પાસે માગીએ છીએ સિન્ધુરાજ,...... આ પૃથ્વી હવે પ્રલય માટે પાકી ગઈ છે!

સિન્ધુ: (સ્તબ્ધતાથી) મહર્ષિઓ!

વસિષ્ઠ: માનવજાતિને માટે હવે કશી જ આશા નથી, સિન્ધુરાજ. તમે હવે માઝા મૂકી આ પૃથ્વી ઉપર ફરી વળો!

સિન્ધુ: ક્ષમા કરજો, મહર્ષિવર્યો. પણ એ મારાથી નહિ બને!

ભૃગુ: તમે અમને વચન આપ્યું છે, સિન્ધુરાજ!

સિન્ધુ: મેં વચન આપ્યું છે પ્રભુની સેવા થાય એવું કંઈક કરવાનું— જ્યારે આપ તો એવી આજ્ઞા આપી રહ્યા છો...



ઘેરી વ્યથા

ચિત્રકાર : રસીમ ખાન

ભૃગુ: જેવી શ્રીવિષ્ણુ જાતે જ આપત, જો એ અહીં હોત તો,—અને જો અમારી વાત એમણે સાંભળી હોત તો!

સિન્ધુ: હું નથી માનતો, મહર્ષિઓ! નથી માની શકતો!

ભૃગુ: ચૂપ કર! સપ્તર્ષિઓની વાતનો વિરોધ કરવાની ધૃષ્ટતા કરતા શરમ નથી આવતી?

વસિષ્ઠ: સિન્ધુરાજ ઉપર ક્રોધ કરવો યોગ્ય નથી, મહર્ષિ ભૃગુ! શ્રીવિષ્ણુની એક બાજુને તે સમજ્યો છે! શ્રીવિષ્ણુ પણ, અવસર આવ્યે ગદા અને ચક્રનો ઉપયોગ કરે છે એ સત્યને એ અત્યારે ભૂલી ગયો છે! પણ આપણે એમને પૂછીએ તો ખરા કે, કંઈ સવિશેષ કારણ છે એમને 'આપણાથી' જુદા પડવાનું? અમે પૂછી શકીએ આપને, સિન્ધુરાજ, હજારો વરસોથી શ્રીવિષ્ણુ વિરોધી બનેલી ધરતી પર આપને આટલી બધી આસ્થા છે, એનું કારણ?

સિન્ધુ: એક જૂની વાત યાદ અપાવું આપને, મહર્ષિઓ?

વસિષ્ઠ: અમે સાવધાન છીએ! બોલો.

સિન્ધુ: રવૈયો બનાવીને દેવો અને અસુરોએ મને વલોવ્યો હતો તે યાદ છે—

ભૃગુ: છે!

સિન્ધુ: તે વખતે મારામાં જે રત્નો હતાં તે બધાં એક પછી એક બહાર આવ્યાં હતાં.

ભૃગુ: યાદ છે. પહેલાં તો હલાહલ...

વસિષ્ઠ: જે શંભુ પી ગયા, સૌની વિનંતિથી જગતના કલ્યાણ અર્થે!

સિન્ધુ: બીજું... કામધેનુ—

વસિષ્ઠ: જે મારી પાસે છે!

ભૃગુ: ...અને જેને ખાતર આપને અનેકવાર સંકટો સહેવા પડ્યાં છે...

સિન્ધુ: ત્રીજું, ઉચ્ચૈઃશ્રવા ઘોડો—

વસિષ્ઠ: જેને બલીરાજ પ્રહલાદજીનો પુત્ર, લઈ ગયા તે.

સિન્ધુ: ચોથું, ઐરાવત જેને સૌએ ઈન્દ્રને સોંપ્યો! છઠ્ઠું કૌસ્તુભ મણિ જે હંમેશાં ભગવાન શ્રી વિષ્ણુના વક્ષસ્થળ પર પડ્યો પડ્યો ઝગારા મારે છે!

ભૃગુ: સાતમું, પારિજાતનું વૃક્ષ, અને આઠમું, અપ્સરાઓ. જે બન્ને સ્વર્ગને સુપ્રત થયાં!

સિન્ધુ: નવમી, શ્રી... લક્ષ્મી, રમા...

ભૃગુ: જેને વરવા માટે ચૌદે ભુવન પડાપડી કરતાં હતાં—બ્રહ્માંડમાં

વસિષ્ઠ: પણ જેણે, સર્વગુણસંપન્ન એક શ્રીવિષ્ણુ જ છે એવો નિશ્ચય કરીને એમના ગળામાં વરમાળા પહેરાવી!

સિન્ધુ: દશમું—

ભૃગુ: જેને અસુરો ઉપાડી ગયા.

સિન્ધુ: અગીઆરમું, ધન્વન્તરિ, જેના હાથમાં અમૃતનો કળશ હતો.

ભૃગુ: અને તેરમું, મોહિની,— જેણે ધન્વન્તરિના હાથમાંથી અસુરોના હાથમાં જઈ પડેલા અમૃતના કળશને મુક્તિ આપી!—પણ આ બધાને આપણી અત્યારની વાત સાથે શો સંબંધ છે સિન્ધુરાજ?

સિન્ધુ: એટલો જ કે, એમાંથી કેટલાં પાછાં આવી ગયાં છે, મારી પાસે...

ભૃગુ: દાખલા તરીકે?

સિન્ધુ: દાખલા તરીકે... ઐરાવત, ઉચ્ચૈઃશ્રવા, વારુણી, અપ્સરાઓ, કાલકૂટ......

વસિષ્ઠ: વારુણી અને કાલકૂટ-હલાહલ શું પાછાં......

સિન્ધુ: એ તો સૌથી પહેલાં આવી ગયાં, બ્રહ્મર્ષિ! વારુણી કહે: મનુષ્યોએ જે નવાં નવાં મદ્યો અને મદિરાઓની શોધ કરી છે, તેની સરખામણીમાં હું તો ધર્માદિવસના પાણી જેવી જ લાગું છું.

ભૃગુ: અને હલાહલ! એ શા માટે પાછું ફર્યું?

સિન્ધુ: એ કહે: મારા કરતાં અસંખ્ય ગણું વધારે ભયંકર ઝેર માનવીએ પોતાના હૃદયમંથનમાંથી ઝેર્યું છે... સાક્ષાત શંકર જોવાને પણ જે ભારે પડી જાય!

ભૃગુ: અને છતાં, તમે હજુ પૃથ્વીની દયા ખાઓ છો, સિન્ધુરાજ!

વસિષ્ઠ: હજુ તમને માનવજાતિ માટે આશા છે, કેમ?

સિન્ધુ: છે, માનવજાતિ માટે મને આશા છે—અને શ્રી વિષ્ણુ એમની આ સૃષ્ટિમાં ફરી પ્રગટ થશે એમ પણ આશા છે—

ભૃગુ: કારણ?

સિન્ધુ: કારણ મેં કહ્યું નહિ મહર્ષિ; કે સમુદ્રમંથન વેળાએ જે રત્નો ઉત્પન્ન થયાં હતાં, તેમાંથી જે નકામાં હતાં તે બધાં પાછાં ફર્યાં છે—

વસિષ્ઠ: (પ્રકાશ લાધતો હોય તેમ) હં...હં...!

સિન્ધુ: પણ બાકીના હજુ માનવજાતિ વચ્ચે જ છે, મહર્ષિ વર્ય! શ્રી વિષ્ણુને વરેલી શ્રી અને અમૃત, બન્ને હજુ પૃથ્વી પર જ છે... એ અહીં પાછાં આવે—પૃથ્વીને મૂકીને, ત્યારે આવજો ફરીથી, અને આપજો આદેશ, —ત્યારે હું મૂકીશ માઝા, અને કરીશ આ પૃથ્વીનો પ્રલય!—પણ ત્યાં સુધી તો......
એ જ સાર્થકતા જીવનની

ઘૂઘવ્યા કરવું સતત!
અલખ આભની નેમ નોંધી.
ઊછળ્યા કરવું સતત!
શેષશાયીનું શયન છું, પેલા એક આશ્વાસને.

(ચાલ્યાં જાય છે)

(થોડીક પળો વીત્યા બાદ)

રંગરાણી: આર્યપુત્ર!

સૂત્રધાર: દેવી!

રંગરાણી: તમે શું ધારો છો?

સૂત્રધાર: શેનું?

રંગરાણી: પેલાં બે સમુદ્રમાં પાછાં ફરશે ખરાં, કદી પણ?

સૂત્રધાર: કોણ કોણ?

રંગરાણી: અમૃત અને શ્રી.

સૂત્રધાર: ફરે કે ન ફરે, આર્યે, સમુદ્રને નિસ્બત છે ત્યાં સુધી બધું સરખું જ છે!

રંગરાણી: શી રીતે?

સૂત્રધાર: વલોવાતાં અમૃત અને શ્રી જગતમાં ઉત્પન્ન થશે તો જ સમુદ્રે જગતને આપેલાં અમૃત અને શ્રી સમુદ્રમાં પાછાં ફરશે ને?

રંગરાણી: એ તો દેખીતું જ છે!

સૂત્રધાર: ત્યારે જગતને તો બન્ને રીતે લાભ જ છે ને? કાં તો અસલી અમૃત અને શ્રી ત્યાં રહે, અથવા મૂળ કરતાં પણ વધારે ઊંચી કોટિનાં અમૃત અને શ્રી તેને મળે!

રંગરાણી: તમારું અનુમાન યથાર્થ જ છે, આર્યપુત્ર!

સૂત્રધાર: તો પછી એનો અર્થ એ જ થયો ને કે, જગત કદી પણ અમૃતસૂનું અને શ્રીવંચિત નહિ બને......

રંગરાણી: એ જ.

સૂત્રધાર: અને સમુદ્રને ભોગ્ય મૂકવાનો વારો નહિ આવે!... અને જગત—કોઈ હજાર હજાર પ્રતિકૂળતાઓ વચ્ચે પણ ઉન્નત-પથ-ગામી જ રહેશે-સદા!

રંગરાણી: પણ, શ્રીવિષ્ણુ ખોવાઈ ગયા છે, તે જાણો ખરા?

સૂત્રધાર: જગત પાપોના બોજા નીચે લાંકતું લાંકતું પણ પુણ્યને પંથે પ્રયાણ કરતું રહે છે એ શું વિષ્ણુના સાંનિધ્યનું દ્યોતક નથી, આર્યે? આખરે તો શ્રી વિષ્ણુ જગન્માંગલ્યનું જ પ્રતીક છે. દેવી, પેલો શ્લોક કેમ ભૂલી જાઓ છો? અતિ પરિચિત છે, માટે?

રંગરાણી: આર્યપુત્ર મંગલ ભગવાન વિષ્ણુવાળા શ્લોકની જ વાત કરતા લાગે છે. મને એ પૂરેપૂરો યાદ છે.

સૂત્રધાર: ચાલો, એ શ્લોકને જ ભરતવાક્ય બનાવીએ...

> मंगलं भगवान् विष्णु
> मंगलं गरुडध्वजः।
> मंगलं पुंडरीकाक्षः
> मंगलायतनं हरिः॥

☆
☆☆

પ્રસિધ્ધ વૈજ્ઞાનિક ટોમસ એડિસનને સભા સમારંભો સામે બહુ અણગમો હતો. એક વાર એમને કોઈ મિત્રને ત્યાં સમારંભમાં જવું જ પડ્યું. ત્યાં ખૂબ ધમાલ હતી. થોડા સમય પછી એડિસન ત્યાંથી છટકવાની યુક્તિ વિચારવા લાગ્યા, પણ એટલામાં મિત્રની નજર એમના પર પડી, એણે કહ્યું, 'અરે, તમે અહીં ઊભા છો? ચાલો, અંદર ચાલો. હા, હમણાં શાની શોધખોળ ચાલી રહી છે?' એડિસને ધીમેથી જવાબ આપ્યો, 'અત્યારે તો અહીંથી કેવી રીતે છટકવું એનો ઉપાય શોધી રહ્યો છું.

લોકશાહી માટેની શિક્ષણ યોજના

[illegible] ખી. [illegible] તત્ત્વજ્ઞાન [illegible] શિક્ષણના સામાજિક [illegible] એવા [illegible] (epoch) [illegible] શૈક્ષણિક વિચારસરણીનો આપણે પરામર્શ કરીશું. એમાં પ્રથમ પ્લેટોની વિચારસરણીનો વિચાર કરીએ. "સમાજની પ્રત્યેક વ્યક્તિ, જ્યારે પોતાના સ્વાભાવિક વલણ અનુસાર પોતે બીજાને ઉપયોગી થાય એ રીતે કામ કરવા લાગે—અથવા જે સમૂહનો તે ઘટક હોય તે સમૂહની સમગ્રતા ટકાવી રાખવા સહકાર આપે છે—ત્યારે જ [illegible] થાય છે; અને આ સ્વાભાવિક વલણ [illegible] અને તેનો સામાજિક ઉપયોગ થઈ શકે [illegible] પ્રગતિશીલ વલણ આપવું એ શિક્ષણનું કાર્ય છે." આ બે વિચાર પ્લેટોએ જેટલા અસરકારક રીતે માંડ્યા છે, તેટલા બીજા કોઈએ માંડ્યા નથી. હમણાં સુધી શિક્ષણ વિષયક જે વિચાર કરવામાં આવ્યો છે, તેમાંનો ઘણોખરો ભાગ પ્લેટોએ સમજપૂર્વક જગતને જે શીખવ્યું છે તેમાંથી જ લેવામાં આવ્યો છે. પરંતુ એ પરિસ્થિતિનું એને બૌદ્ધિક દૃષ્ટિએ આકલન કરતાં [illegible] કલ્પનાના વિનિયોગની બાબતમાં મર્યાદા આવી જાય છે. કોઈ વ્યક્તિના કે સામાજિક સમૂહના કાર્યની બહુવિધતાને [illegible] નથી, એ કલ્પના જ પ્લેટોને એટલી [illegible] નહીં. તેથી તેણે પોતાની દૃષ્ટિ [illegible] સમાજરચનામાં [illegible] વર્ગો પૂરતી અને વિશિષ્ટ સામર્થ્યશીલ લોકો પૂરતી મર્યાદિત રાખી.

પ્લેટોની વિચારસરણીનો પ્રથમ મુદ્દો એ છે કે, જીવનના અંતિમ સાધ્યના જ્ઞાન પર છેવટે સમાજની રચના અવલંબે છે. જો આ સાધ્ય આપણને સમજાયું નહીં, તો આપણું જીવન કેવળ યોગાયોગને કે સ્વચ્છંદને અધીન બની જશે. તે સાધ્ય, તે શ્રેય શું છે, એ જો સમજાય નહીં, તો કઈ સંભાવ્ય શક્તિઓનું (Possibilities) [illegible] અને સામાજિક વ્યવસ્થાને [illegible] બુદ્ધિપૂર્વક જાણવા માટેની [illegible] કસોટી [illegible] રહે. વ્યક્તિ અને સમાજ-સંઘટનના આદર્શ તરીકે જે કાર્ય હોય છે—જેને પ્લેટો 'ન્યાય' કહે છે—તેની વિભાજણી કેમ કરવી, તેની મર્યાદા શી, એની કલ્પના જ આપણને આવે નહીં. પરંતુ આ અંતિમ એને ચિરંતન શ્રેયનું જ્ઞાન શી રીતે થાય? આ સમસ્યાનો ઉકેલ કરતાં અતિ કઠિન લાગતી એવી એક મુશ્કેલી આપણી સામે ખડી થાય છે, તે એ કે સમાજ-વ્યવસ્થામાં સુસંવાદ અને ન્યાય હોવા સિવાય આ પ્રશ્નોના ઉત્તર આપણને મળનાર નથી. કારણ કે એનાથી જુદા પ્રકારના સમાજમાં ભૂલભર્યાં મૂલ્યો અને વસ્તુસ્થિતિ જોઈને મન વિચલિત થઈ જાય છે. અવ્યવસ્થિત અને વિચ્છિન્ન સમાજમાં ભિન્ન ભિન્ન નમૂના અને આદર્શ નિર્માણ થયેલા હોય છે. એવી પરિસ્થિતિમાં માણસ માટે મનની સુસંગતિ સાધવી કઠિન થઈ પડે છે. જે સર્વાંગીણ પરિપૂર્ણ હોય, તે જ પોતાનામાં સુસંવાદી હોઈ શકે. જે સમાજરચનામાં અમુક વિશિષ્ટ ઘટકોનું અન્ય ઘટકો પર વર્ચસ્વ માન્ય કરવામાં આવે છે, અને એમ કરવામાં જે દબાયેલા ઘટકો છે, તેના ખરેખર ન્યાય અને યોગ્યતાપૂર્ણ હક્કો કયા છે એનો વિચાર સુધ્ધાં કરવામાં આવ્યો ન હોય, તે સમાજરચના વિચારને ભળતા જ માર્ગે લઈ ગયા વિના રહે નહીં. જે સમાજમાં કેટલીક વાતોને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે અને કેટલીક વાતો તરફ દુર્લક્ષ કરવામાં આવે છે, એવા સમાજમાં મનની એકતા દેખાતી હોય, પરંતુ તે સખ્તાઈથી લાદેલી અને વિકૃત હોય છે. કારણ કે આખરે સંસ્થાઓ, રૂઢિઓ અને કાયદાઓ જે બીબાં તૈયાર કરી આપે છે તે અનુસાર જ શિક્ષણ પોતાનું કાર્ય કરતું હોય છે. તેથી ન્યાયનિષ્ઠ સમાજમાં જ એ સંસ્થાઓ યોગ્ય એવું શિક્ષણ આપી શકે. અને

તત્ત્વને આધારે રચાયેલા હોય છે અને એ વ્યાપક તત્ત્વ જ અનુભવોની વિગતોનું નિયંત્રણ કરતું હોય છે. તેથી સમષ્ટિની દૃષ્ટિએ વ્યકિતને ગૌણ સ્થાન આપવાનો પ્લેટોનો ઉદ્દેશ હતો, એમ કહેવું યથાર્થ નથી, પરંતુ વ્યકિતની આગવી વિશિષ્ટતાઓની પ્રતીતિ તેને ન હોવાને કારણે કોઈ પણ બે વ્યકિતની તુલના કરવા માટે કોઈ સમાન માનદંડ હોતો નથી એની ખબર ન હોવાથી અને કોઈ સમાજ બદલાતો હોવા છતાં ય આખરે સ્થિર થઈ શકે છે, એ તેના લક્ષમાં ન આવવાને કારણે તેની મર્યાદિત શકિતનું અને વર્ગના તત્ત્વનું પરિણામતઃ પર્યવસાન વ્યકિતત્વને ગૌણત્વ આપવામાં થયું એ ખરું છે.

વ્યકિતનું સ્વાભાવિક વલણ જે કામ તરફ હોય, જે કામ માટે તેને અમુક જન્મદત્ત શકિત પ્રાપ્ત થયેલી હોય, એ કામમાં જો તે પડે, તો તે વ્યકિત સુખી થશે અને સમાજ સુવ્યવસ્થિત રહેશે; એ જ પ્રમાણે વ્યકિતને કઈ ગુણસંપત્તિ પ્રાપ્ત થયેલી છે એ શોધી કાઢીને તેનો અસરકારક ઉપયોગ કરવા માટે તેને સમર્થ બનાવવી એ શિક્ષણનું કાર્ય છે, એ પ્લેટોનો ખાસ વિચાર હતો. તેમાં કશું વધારે ઉમેરીને કશો સુધારો કરવો શકય નથી. પરંતુ જ્ઞાનની જે પ્રગતિ થઈ છે તેને લીધે આપણને એક વાત સમજાઈ ગઈ છે. તે એ કે, પ્લેટોએ વ્યકિતનું અને તેની જન્મજાત શકિતઓનું જે જથ્થાવાર વર્ગીકરણ કર્યું છે, તે ખૂબ જ ઉપરછલ્લું છે. તેમ જ આ જન્મજાત શકિત અનેકવિધ હોઈ શકે અને તેમાં પરિવર્તન પણ થઈ શકે, એ વાત આજે આપણા જ્ઞાનમાં થયેલી પ્રગતિને લીધે આપણે સમજી શકીએ છીએ. સમાજ જેટલા પ્રમાણમાં લોકતંત્રાત્મક બનશે, તેટલા પ્રમાણમાં સમાજની વિભાજણી વિશિષ્ટ વર્ગમાં ન કરતા તેમાં વ્યકિતના વિશિષ્ટ પણ પરિવર્તનશીલ ગુણોનો ઉપયોગ કરી લેવામાં આવશે, એ તત્ત્વની જ આ બીજી બાજુ છે. પ્લેટોનું શૈક્ષણિક તત્ત્વજ્ઞાન ક્રાંતિકારક હોવા છતાં સ્થિર સ્વરૂપના ધ્યેય સાથે એ જકડાઈ ગયેલું હતું. પરિવર્તન એ સ્વૈર, સ્વચ્છંદપણાનો પુરાવો છે, અને સત્ય, વાસ્તવિકતા એ નિત્ય, અપરિવર્તનશીલ હોય છે, એવી તેની વિચારસરણી હતી. તેથી પ્રચલિત સમાજવ્યવસ્થામાં આમૂલાગ્ર પરિવર્તન કરવાનું તેણે જો ઇચ્છ્યું હોત, તો પણ જેમાં છેવટે પરિવર્તનને સ્થાન જ ન રહે એવા રાજ્યનું નિર્માણ કરવાનું જ તેનું ધ્યેય રહેત. કારણ કે જીવનનું અંતિમ ધ્યેય એ અચળ, ધ્રુવ છે. તે ધ્યેય આંખ સામે રાખીને એક વાર રાજ્યનું ચોકઠું ઘડવામાં આવે પછી એમાં નજીવા ફેરફારને ય સ્થાન રહે નહીં. ભલે એ ફેરફારની વિગત બહુ મહત્ત્વની ન હોય, છતાં જો એક વાર ફેરફાર કરવાની છૂટ આપવામાં આવે, તો માણસને એવું કરવાની ટેવ પડી જાય, અને પછી સમાજ અસ્તવ્યસ્ત થઈ જઈને બધે અંધાધૂંધી ફેલાઈ જાય. શિક્ષણમાં ધીમે ધીમે સુધારો કરીને એના યોગથી સુસંસ્કૃત—સુધરેલો સમાજ નિર્માણ કરી શકાય, તે સુધરેલા સમાજ મારફત શિક્ષણમાં પ્રગતિ સાધી શકાય, અને એ ચક્ર એ પ્રમાણે જ ચાલ્યા કરશે; આ તત્ત્વ પર પ્લેટોને શ્રદ્ધા નહોતી, એ વાત જ તેનું તત્ત્વજ્ઞાન કેટલું નિરુપયોગી છે એ સ્પષ્ટ કરે છે. રાજ્ય અસ્તિત્વમાં આવ્યા સિવાય યોગ્ય શિક્ષણપદ્ધતિ અસ્તિત્વમાં આવી શકતી નથી. ત્યાર પછી શિક્ષણનો ઉપયોગ તે રાજ્ય ટકાવવાના કામમાં થાય છે. આવો આદર્શ રાજ્યના અસ્તિત્વને માટે તાત્ત્વિક જ્ઞાનનો અને રાજ્ય પર જેની સત્તા ચાલતી હોય તેનો સંયોગ થવો ઘટે. આ સંયોગ અમુક કોઈક શુભ યોગાનુયોગથી ઉદ્‌ભવશે; એવા યોગાનુયોગ પર શ્રદ્ધા રાખ્યા સિવાય પ્લેટો માટે અન્ય માર્ગ નહોતો.

અઢારમી સદીનો 'વ્યકિતવાદી' આદર્શ:- અઢારમી સદીના તત્ત્વજ્ઞાનમાં એક નિરાળી જ વિચારસરણી આપણી નજરે પડે છે. 'કુદરત' એટલે પ્રચલિત સમાજવ્યવસ્થાનું સંપૂર્ણતઃ વિરોધી એવું કંઈક તત્ત્વ, એ જ અર્થ તે સમયમાં પણ પ્રચલિત હોય એમ દેખાય છે. રૂસો પર પ્લેટોની ખૂબ જ અસર પડેલી જોવા મળે છે. વ્યકિત વ્યકિત વચ્ચે બુદ્ધિમત્તાની વિવિધતા છે, તેની ગણના કરવી જોઈએ અને વ્યકિતત્ત્વનો જેટલા વિવિધ પ્રકારે વિકાસ સાધી શકાય તેટલો મુકતપણે સાધવાની આવશ્યકતા છે, એવું કુદરતવાદીઓ જોરશોરથી કહેતા હતા. કુદરત સાથે સુસંવાદી હોય એવું શિક્ષણ એ જ શિક્ષણનું ધ્યેય છે અને અધ્યાપનની તેમ જ અનુશાસનની પદ્ધતિ તેમાંથી જ નિર્માણ થાય છે. એવી કુદરતવાદીઓની વિચારસરણી હતી. તે ઉપરાંત, કેટલાંક આત્યંતિક ઉદાહરણોમાં

આ કુદરતી કે જન્મદત્ત બુદ્ધિમત્તા અસામાજિક કે સમાજ-વિરોધી હોય એવું પણ માનવામાં આવતું હતું. સમાજ-રચના એ કેવળ એક બાહ્ય સગવડ છે અને તે દ્વારા આ સમાજવિરોધી કે અસામાજિક પ્રવૃત્તિશીલ વ્યક્તિઓ પોતાનાં ખાનગી જીવનમાં વધારેમાં વધારે સુખ મેળવી શકશે, એવી પણ કલ્પના હતી.

પરંતુ ઉપરના વિધાન પરથી ચળવળનો ખરેખરો આશય પૂર્ણતયા વ્યકત થઈ શકતો નથી. પ્રત્યક્ષપણે આ ચળવળનો મુખ્ય ઝોક પ્રગતિ પર—મુખ્યત: સામાજિક પ્રગતિ પર—હતો. ઉપર ઉપરથી સમાજવિરોધી દેખાતું આ તત્ત્વજ્ઞાન એટલે એક સ્વતંત્ર અને વિશાળ સમાજનાં વિશ્વકુટુંબના વિચારને પ્રેરણા આપવા સારુ ધારણ કરેલો એક પારદર્શક બુરખો જ હતો. માનવતા જ એની પાછળનું ભાવરૂપ ધ્યેય હતું. રાજ્યના ઘટક ન રહીને બધી રીતે ભિન્ન એવા માનવ સમાજના ઘટક બનવાથી માનવીની શકિત વિકસિત થશે; એથી ઊલટું, પ્રચલિત રાજકીય વ્યવસ્થામાં સત્તાધીશોના સ્વાર્થી હિત-સંબંધોની અને જરૂરિયાતોની પરિતૃપ્તિ કરવા માટે વ્યકિતની શકિતને રૂંધી નાંખવામાં આવે છે અને તેને વિકૃત કરી દેવામાં આવે છે. માણસની પરિપૂર્ણતાને, વિકાસને અંત જ નથી, અને વિશાળ માનવ સમાજ પ્રમાણે જ વિશાળ ક્ષેત્રવાળી સમાજવ્યવસ્થા નિર્માણ કરી શકાય, એ આદર્શ આ આત્યંતિક વ્યકિતવાદના તત્ત્વની બીજી બાજુ, તેનો પૂરક ભાગ હતો. આ તત્ત્વજ્ઞાન પ્રમાણે મુકત થયેલી વ્યકિત એ પ્રગતિશીલ અને સમાવેશક સમાજનો એક અવયવ અને નિર્માતા બનવાની હતી.

આ શુભ સંદેશની ઘોષણા કરનારાઓને પોતે પ્રસ્થાપેલી સામાજિક રાજ્યવ્યવસ્થામાં રહેલા દોષોનું તીવ્ર ભાન હતું. માનવીની સ્વતંત્ર શકિત પર જે બંધનો લાદવામાં આવ્યાં હતાં તેમાંથી આ દોષો ઉદભવતા હતા એવું તેઓનું કહેવું હતું. આ બંધનો લોકોને વિકૃત કરતાં હતાં અને ભ્રષ્ટ બનાવતા હતાં. પૂર્વેની જમીનદારી પદ્ધતિએ જે વર્ગના હાથમાં સત્તા સોંપી હતી, તે વર્ગના કેવળ ફાયદા માટે ઉપયોગી થઈ પડનારાં બાહ્ય બંધનોમાંથી જીવનની મુકતતા કરવા માટે તત્પર બનેલી નિષ્ઠાનું બૌદ્ધિક સ્વરૂપ એટલે આ કુદરતપૂજા, 'કુદરત'ને જોરભેર વેગ આપવો એટલે કૃત્રિમ, નીતિભ્રષ્ટ અને અન્યાયી સમાજવ્યવસ્થાની જગ્યાએ માનવતાભર્યા નવા સુધરેલા રાજ્યની સ્થાપના કરવી, એવી તેઓની વિચારસરણી હતી. એક આદર્શ અને પ્રેરક શકિતની દૃષ્ટિએ કુદરત ઉપર આ જે અપાર શ્રધ્ધા વ્યકત કરાતી હતી તેને ભૌતિક-શાસ્ત્રની પ્રગતિથી અધિક દઢતા પ્રાપ્ત થઈ. ધર્મ-સત્તા અને રાજસત્તાની પૂર્વગ્રહદૂષિતતામાંથી અને એનાં કૃત્રિમ બંધનોમાંથી મુકત થયેલી જિજ્ઞાસાને આ વિશ્વમાં નિયમબધ્ધતાનો સાક્ષાત્કાર થયો હતો. કુદરતના કાયદાના સામ્રાજ્યને દર્શાવનારી ન્યૂટનની આ સૂર્યમાળામાં (Newtonian Solar system) વિસ્મયજનક સુસંગતિનો આવિષ્કાર થયેલો છે, તેમાં વિવિધ શકિતઓનું સમતોલપણું જળવાયેલું છે, એવું લાગતું હતું. માણસની મનુષ્યનિર્મિત કૃત્રિમ અને જુલમી બંધનોમાંથી જો મુકિત થાય, તો માણસોના પરસ્પર સબંધોમાં કુદરતના કાયદાનું એવું જ સુપરિણામ સિધ્ધ થઈ શકે, એવી તે વિચારકોને શ્રધ્ધા હતી.

કુદરત સાથે સુસંવાદી હોય એવું શિક્ષણ આપવું એ વધારે સામાજિક સમાજ નિર્માણ કરવાની દિશામાં પ્રથમ પગથિયું છે, એવું માનવામાં આવ્યું હતું. આર્થિક અને રાજકીય બંધનો છેવટે વિચાર અને ભાવના પર આવતી મર્યાદાઓ પર અવલંબે છે, એ વાત સ્પષ્ટપણે દેખાઈ આવી હતી. માણસને આ બાહ્ય શૃંખલાઓમાંથી મુકત કરવા માટે પ્રથમ તેની ખોટી શ્રધ્ધા અને ધ્યેયનાં બંધનોમાંથી મુકિત થવી જોઈએ. પરંતુ તે વખતનું સામાજિક ગણાતું જીવન—પ્રચલિત સંસ્થા, મિથ્યાચાર અને ભ્રષ્ટાચારથી એટલું તો ભરેલું હતું કે તેના પર આ આંતરિક મુકિત માટે વિશ્વાસ રાખીને બેસવા જેવું નહોતું. જે કાર્યથી એનો પોતાનો જ વિનાશ થવાનો હતો તે કાર્ય એ સંસ્થા સ્વીકારે એવું કદી બને ખરું? તેથી આ જવાબદારી કુદરતની શકિત પર જ છોડવી રહી. તે વખતે જ્ઞાનની બાબતમાં જ એક આત્યંતિક ઐન્દ્રિયસંવેદનાવાદી (Sensationlistic Theory) પધ્ધતિ રૂઢ થયેલી હતી, તે પણ આ જ વિચારમાંથી ઉદભવેલી હતી. મન મૂળત: નિષ્ક્રિય અને ખાલીખમ હોય છે, એવો

આગ્રહ રાખવો એ શિક્ષણના સામર્થ્યનું ગૌરવ કરવાનો જ એક માર્ગ હતો. મન જો મીણના ગોળા જેવું હોત અને તેના પર વસ્તુની આકૃતિ દોરવાનું શક્ય હોત, તો કુદરતી વાતાવરણનો સાધન તરીકે ઉપયોગ કરનારા શિક્ષણની ક્યાંયે મર્યાદા જ ન રહેત. અને [illegible] બહુવિધ પદાર્થોથી ભરેલી કુદરત આ સુસંવાદી [illegible] વ્યાપ્ત છે, એ અર્થમાં આ કુદરત સાથે [illegible] રાખીને આપેલા શિક્ષણમાંથી, સત્યથી [illegible] મન તૈયાર થાય એમાં સંદેહ નથી.

શિક્ષણની રાષ્ટ્રીય અને સામાજિક [illegible] સ્વાતંત્ર્ય અંગેના ઉત્સાહનો [illegible] જતા વિધાયક કાર્યની દૃષ્ટિએ આ વિચારસરણી કેટલી નિર્બળ છે, એ સ્પષ્ટ સમજાયું. બધી જ વાતને કેવળ કુદરત પર છોડી દેવી એનો અર્થ શિક્ષણની કલ્પનાનો ઇન્કાર કરવા બરોબર જ થાય. પરિસ્થિતિથી જ કંઈ યદૃચ્છયા ઘડાતું રહેશે એના પર મદાર બાંધવો એમ એ થાય. શિક્ષણની વાત કરીએ ત્યારે તેને કંઈક પદ્ધતિ હોવી જ જોઈએ, પરંતુ એની સાથોસાથ જ માનદાનનું જ કાર્ય કરનારું ભાવરૂપ સાધન, વહીવટ કરનારી કોઈક [illegible] શક્તિ-[illegible] વિકાસ [illegible] સામાજિક બાજુ છે [illegible] પ્રગતિશીલ માનવસમાજ. આ પરિપૂર્ણ ધ્યેયની પ્રાપ્તિ માટે નિશ્ચિત એવી સંઘટનની જરૂર હતી. કેટલીક વ્યક્તિઓ વ્યક્તિગત પ્રયત્નથી એ ધ્યેયની ઘોષણા કરી શકતી. પરંતુ તે ધ્યેયને કાર્યમાં ઉતારવું એ તેઓની શક્તિ બહારની વાત હતી. કોઈ એકાદ પેસ્ટાલોજી (Pestalozzi) જેવા પંતપોતે જાતે પ્રયોગ કરીને કેટલાક ઉદારશીલ ધનિકો અને સત્તાધીશોને પોતાનો દૃષ્ટિકોણ અનુસરવાનું કહી શકે. [illegible]

[illegible]

[illegible] ઐતિહાસિક પરિસ્થિતિનું પર્યવસાન રાજ્યસત્તાનું શિક્ષ-ણને [illegible] એવા પ્રકારનો [illegible] થયું. [illegible] વિચારસરણીમાં [illegible] [illegible] દૃષ્ટિએ [illegible] ઘટનાનું [illegible] મહત્ત્વ છે. [illegible] વિચારસરણીમાં [illegible] પર [illegible] શિક્ષણ એ 'નાગરિક કાર્ય' (Civil Function) બની ગયું. [illegible] એટલે આ નાગરિક કર્તવ્ય [illegible] તાદાત્મ્ય [illegible] આવ્યું. [illegible] માનવજાતિને સ્થાને રાજ્યસત્તા કે રાષ્ટ્રની સ્થાપના કરવામાં આવી. વિશ્વકુટુંબવાદનું (Cosmopolitanism) સ્થાન રાષ્ટ્રવાદે લીધું. માનવ (man) નહીં, પણ નાગરિક બનાવવા, એ શિક્ષણનું ધ્યેય બની ગયું. ઐતિહાસિક પરિસ્થિતિ તરીકે તેની ઉપર [illegible] [illegible] પ્રબળ પ્રેરણા તરીકે ઉપયોગ કરી લેવામાં આવ્યો.

[illegible] ખૂબ જ ઉપેક્ષા થયેલી છે. તેણે પ્રચલિત પરિસ્થિતિનો [illegible] (Emile) [illegible] આવે છે.

[illegible]

પ્રક્રિયાના વ્યાપમાં આ જે ફેરફાર થયો, એને લીધે તાત્ત્વિક વિચારસરણીમાં મૂળ ફેરફાર થયો. વ્યક્તિવાદી વિચાર પાછળ પડી ગયો. જનતાના શિક્ષણ માટે સાધન-વ્યવસ્થા તરીકે જ નહીં, પરંતુ શિક્ષણના ધ્યેય તરીકે જ રાજ્યસંસ્થા આગળ આવી. રાજ્યનિષ્ઠ નાગરિક, સૈનિક, રાજ્યને ઉપયોગી થનારો ભાવિ અધિકારીવર્ગ અને શાસનકર્તા એ બધા શિક્ષણસંસ્થાઓએ જ પૂરા પાડવા જોઈએ, એવો તે વખતે પ્રાથમિક શિક્ષણથી માંડીને તે ઠેઠ વિદ્યાપીઠના શિક્ષણ સુધીના શિક્ષણનો ઉદ્દેશ થઈ પડ્યો હતો. એ જ રીતે લશ્કરી, ઔદ્યોગિક અને રાજકીય સંરક્ષણ માટે અને વિસ્તાર માટે લાગનારાં સાધનો આ સંસ્થામાંથી જ જ્યારે નિર્માણ થતાં હતાં ત્યારે શૈક્ષણિક તત્ત્વજ્ઞાનને સામાજિક કાર્યક્ષમતાના ધ્યેય પર ભાર મૂક્યા સિવાય આરો નહોતો. રાષ્ટ્રવાદી રાષ્ટ્રને આપવામાં આવેલા અત્યંત મહત્ત્વને લીધે અને એ રાજ્યની અંદર સમર્થ શત્રુરાષ્ટ્રોની રસાકસી ચાલતી હોવાને કારણે સામાજિક કાર્યક્ષમતાનો અર્થ કંઈક સંદિગ્ધ સ્વરૂપનો વિશ્વકુટુંબવાદ એવો કરવો શક્ય જ નહોતો. એક વિશિષ્ટ રાષ્ટ્રનું સાર્વભૌમત્વ જાળવવું એટલે લશ્કરી સંરક્ષણ અને વેપાર ઉદ્યોગમાં સર્વસ્વ માટે ઊભા થતા આંતરરાષ્ટ્રીય સંઘર્ષની બાબતમાં રાષ્ટ્રના હિતસંબંધને પ્રાધાન્ય અને વ્યક્તિને ગૌણત્વ આપવું જ રહ્યું. તેથી સામાજિક કાર્યક્ષમતાનો અર્થ પણ વ્યક્તિગત વિકાસનો ન ગણતાં તે એક શિસ્તબદ્ધ વલણ આપનારી પ્રક્રિયા છે, એમ સમજવામાં આવ્યું. પરંતુ સુસંસ્કારિતા એ જ સંપૂર્ણ વ્યક્તિત્વનો આદર્શ, એ કલ્પના પણ કાયમ જ રહેલી હોવાથી શૈક્ષણિક તત્ત્વજ્ઞાને બંને કલ્પનાઓનો સમન્વય કરવાનો પ્રયત્ન કર્યો. આ સમન્વયમાંથી રાજ્ય કે રાષ્ટ્ર એ એક સેન્દ્રિય ઘટક છે, એ કલ્પનાનો ઉદ્ભવ થયો. કોઈ પણ વ્યક્તિને અલગપણે, એક વ્યક્તિ તરીકે કશું જ મહત્ત્વ નથી, તે વ્યક્તિ જ્યારે સુસંગઠિત સંસ્થાના ઉદ્દેશો અને આશયે આત્મસાત્ કરે છે, ત્યારે જ તેને વ્યક્તિગત તો પ્રાપ્ત થાય છે. રાજકીય સત્તાની આગળ વ્યક્તિને ગૌણપદે સ્વીકારીને નમવું પડે છે; અને તેના ઉપરીઓના આદેશાનુસાર પોતાનો ભોગ આપવો પડે છે, એવું દેખાતું હોય છતાં તેનો ખરો અર્થ એ થાય છે કે, એ દ્વારા રાષ્ટ્રના સ્વરૂપે વ્યક્ત થયેલી સાર્વભૌમ પ્રજ્ઞાને વ્યક્તિ આત્મસાત્ કરતી હોય છે. વ્યક્તિને બુદ્ધિનિષ્ઠ બનવા માટેનો આ જ એક માર્ગ છે, એવો તે વિચારસરણીનો મત છે.

નેપોલિયન સાથે રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય માટે ઝઘડનારી જર્મનીની પેઢીમાં શૈક્ષણિક તત્ત્વજ્ઞાનમાં કેટલું રૂપાંતર થયું હતું, એ કાન્ટનાં લખાણ પરથી સમજી શકાય છે. વ્યક્તિવાદી વિશ્વકુટુંબવાદનું સ્વરૂપ તેણે સારી રીતે આલેખ્યું છે. અઢારમી સદીના છેવટના ભાગમાં તેણે આપેલાં પ્રવચનોનો સંગ્રહ 'અધ્યાપનશાસ્ત્ર' (Pedagogies) પ્રબંધરૂપે પ્રસિદ્ધ થયો હતો, એમાં તેણે શિક્ષણની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે. 'જે સંસ્કારથી માણસ માણસ બને છે. તે સંસ્કાર પ્રક્રિયાને શિક્ષણ કહેવામાં આવે છે.' માનવજાતિના ઇતિહાસનો જે પ્રારંભ થયો, તે માનવ કુદરતની સાથે ઓતપ્રોત થઈ ગયેલો હતો ત્યારથી,—તે મનુષ્ય થયો ત્યારથી નહીં, ખરો મનુષ્ય બુદ્ધિયુક્ત પ્રાણી છે. પરંતુ કુદરત પાસેથી તેને કેવળ સહજ પ્રેરણા અને ભાવના મળતી રહે છે. કુદરતે કેટલાંક સુપ્ત બીજ માણસની અંદર મૂક્યાં છે, જેનો વિકાસ કરવાનું અને જેને પરિપૂર્ણ કરવાનું કાર્ય શિક્ષણનું છે. ખરા માનવ જીવનની વિશિષ્ટતા એ છે કે, માણસને સ્વપ્રયત્નથી પોતાનું ઘડતર કરવાનું હોય છે; પોતાનો નવો જન્મ કરવાનો હોય છે; નીતિયુક્ત, બુદ્ધિયુક્ત સ્વતંત્ર પ્રાણી પોતાને બનાવવાનું હોય છે. આ નવનિર્માણનું કાર્ય અનેક પેઢીથી શિક્ષણ દ્વારા મંદ ગતિએ ચાલતું આવ્યું છે. આ કાર્યનો વેગ વધારવો હોય તો, એ સારુ આપણા વારસદારને, ભાવિ પેઢીને ચાલુ જમાનામાં નહીં, પણ ભાવિ સમયમાં—માનવજાત અધિક સરસ, વીર્યવાન બને એ માટે બુદ્ધિપુરઃસર શિક્ષણ આપવાનો પ્રયત્ન મનુષ્યે કરવો જોઈએ. પરંતુ આ કામમાં એક ભારે મુશ્કેલી આડે આવે છે, તે એ કે, માનવજાતિનો 'માનવજાત' તરીકે વિકાસ થવો જોઈએ એવો પ્રયત્ન કરવો એ જે શિક્ષણનો સમુચિત ઉદ્દેશ છે, તેને આંખ સામે ન રાખતાં, આજના કાળમાં નિભાવ બરોબર થાય એ ઉદ્દેશથી પ્રત્યેક પેઢી પોતાની ઊગતી પેઢીને શિક્ષણ આપતી હોય છે. બાળકનો દુનિયામાં નિભાવ થાય, તેને સુખેથી જીવતાં આવડે, એ રીતે માબાપ અને પાલકો તેને શીખવતાં હોય છે. પોતાની ઉદ્દેશ-પૂર્તિના સાધન તરીકે રાજવી લોકો પોતાની પ્રજાને શિક્ષણ આપતા હોય છે.

તો પછી માનવજાતિનું ઘડતર કરવાનું હોય તો, શિક્ષણનું કાર્ય કોના હાથમાં હોવું જોઈએ? જ્ઞાની માણસો વ્યક્તિગત રીતે પ્રયત્ન કરે તો આ કાર્ય થઈ શકે. "સર્વ સંસ્કૃતિની શરૂઆત વ્યક્તિથી, વ્યક્તિગત પ્રયત્નથી થાય છે અને ત્યાંથી સર્વત્ર પ્રસરે છે. જેની દૃષ્ટિ વિશાળ છે, સમાજના રમ્ય ભવિષ્યના સ્વપ્નનું જેને યથાર્થ આકલન કરતાં આવડે છે, કેવળ એવી વ્યક્તિના પ્રયત્નથી જ માનવી સ્વભાવ પોતાની પરિપૂર્ણતાએ પહોંચી શકશે. પોતાની ઈચ્છા આકાંક્ષાની પરિપૂર્તિ માટે જે દ્વારા પ્રજાનો એક સાધન તરીકે ઉપયોગ કરી શકાય, એવા જ શિક્ષણની રાજ્યકર્તા કદર કરતા હોય છે.' ખાનગી રીતે ચાલતા પ્રયત્નને રાજ્યકર્તા તરફથી જે આર્થિક સહાય મળતી હોય છે, તેના પર પણ બારીક નજર રાખવી જોઈએ. કારણ કે માનવજાતિનું નહીં, પણ પોતાના રાષ્ટ્રના કલ્યાણની શ્રદ્ધા મનમાં રાખીને રાજ્યકર્તા શાળા-સંસ્થાને આર્થિક સહાય આપવા લાગે, એટલે શાળાના કાર્યની યોજના ઘડવાનો, એ કાર્ય પર નિયંત્રણ મૂકવાનો રાજ્યકર્તાને મોહ ઉપજવાનો સંભવ રહે છે. કાન્ટના આ વિધાનમાં અઢારમી સદીના વિશ્વકુટુંબવાદની જે વિશિષ્ટતા છે, તેનું સ્પષ્ટ નિરૂપણ જોવા મળે છે. વ્યક્તિનો સંપૂર્ણ વ્યક્તિગત વિકાસ અને સમગ્ર માનવજાતિનું ધ્યેય તેમ જ પ્રગતિની કલ્પના એ બંનેમાં કાન્ટે તાદાત્મ્ય કલ્પ્યું છે. વધુમાં, શિક્ષણ જો સરકાર ચલાવે અને નિયંત્રિ કરે, તો આ ધ્યેય પ્રાપ્ત કરવાના માર્ગમાં મુશ્કેલી આવશે. એવી સ્પષ્ટ ભીતિ પણ તેણે વ્યક્ત કરી છે. એ પછી દશ-વીસ વર્ષની અંદર જ કાન્ટના તત્ત્વજ્ઞાનના અનુયાયી સમા ફિસ્ટે (Fichte) અને હેગલ એ બંનેએ એવું પ્રતિપાદન કરવાની શરૂઆત કરી કે રાજ્યનું અને સરકારનું મુખ્ય કાર્ય શૈક્ષણિક છે. વિશેષત: રાષ્ટ્રહિતની દૃષ્ટિએ શિક્ષણની યોજના ઘડીને જ જર્મનીનું પુનરુત્થાન સાધ્ય થનાર છે. વ્યક્તિ મૂળથી જ અહંકારી-અવિચારી હોય છે. તે પોતાની વાસના અને પરિસ્થિતિની ગુલામ હોય છે. આ દોષ ટાળવા માટે તેણે રાષ્ટ્રીય સંસ્થા અને કાયદા પાસેથી મળનારા શૈક્ષણિક સંસ્કાર અને નિયમનનું સ્વેચ્છાપૂર્વક શરણ લેવું જોઈએ. આ દૃષ્ટિકોણમાંથી પ્રાથમિક શિક્ષણથી માંડીને તે વિદ્યાપીઠના ઉચ્ચ શિક્ષણ સુધીની વ્યાપક, સાર્વત્રિક શિક્ષણ યોજનાને હાથ ધરનારું અને ખાનગી શિક્ષણ પર કડક સરકારી પ્રતિબંધનું તેમ જ દેખરેખનું નિયંત્રણ લાદનારું જર્મની પહેલું જ રાષ્ટ્ર છે.

આ સંક્ષિપ્ત ઐતિહાસિક સમાલોચનામાંથી બે નિષ્કર્ષ સ્પષ્ટપણે નજરે પડે છે; તેમાંનો પહેલો નિષ્કર્ષ એ છે કે, શિક્ષણની વ્યક્તિવાદી અને સમાજનિષ્ઠ કલ્પનાને જો તેના વિશિષ્ટ સંદર્ભથી અલગ કરવામાં આવે તો તે કલ્પનાનો કશો અર્થ બાકી રહેતો નથી. પ્લેટોના શૈક્ષણિક આદર્શમાં પણ વ્યક્તિના આત્મસાક્ષાત્કારે કે સંપૂર્ણ વ્યક્તિમત્તાની સાધના અને સમાજની સુસંવાદિતા તેમ જ સ્થિરતા એ બંનેનું સમીકરણ કરવામાં આવ્યું હતું. પરંતુ તે વખતની પરિસ્થિતિને લીધે તેના આદર્શને વર્ગભેદ પર આધારિત એવી સમાજરચનાનું રૂપ સાંપડ્યું. અને વ્યક્તિ વર્ગમાં લુપ્ત થઈ ગઈ. અઢારમી સદીના શૈક્ષણિક તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ ઉત્કટપણે વ્યક્તિનિષ્ઠ હતું; પણ એ વ્યક્તિવાદનું મંડાણ ઉદાર સામાજિક ધ્યેય પર થયું હતું. એ ધ્યેયમાં સમાજની કલ્પના વ્યાપક હતી; સંપૂર્ણ માનવજાતિનો તેમાં સમાવેશ થતો હતો અને માનવજાતિના અમર્યાદ વિકાસને તેમાં અવકાશ આપવામાં આવ્યો હતો. ઓગણસમી સદીના આરંભના સમયમાં જર્મનીમાં કલ્પનાવાદી (Idealistic) કે આદર્શવાદી તત્ત્વજ્ઞાને સુસંસ્કૃત વ્યક્તિમત્તાના મુક્ત અને પરિપૂર્ણ વિકાસને શિક્ષણનું ધ્યેય માન્યું; પરંતુ તેનો અર્થ વ્યક્તિએ સામાજિક નિયમન સ્વીકારવું અને રાજકીય દૃષ્ટિએ તેનું ગૌણત્વ હોવું, એવો કરવામાં આવ્યો. એક બાજુ વ્યક્તિમત્તાની પ્રાપ્તિ અને બીજી બાજુ માનવજાતિનો વિકાસ એ બંનેને જોડનારી કડી તરીકે 'રાષ્ટ્ર'ની સ્થાપના કરવામાં આવી, તેથી એ વિચારસરણીના પ્રાણવંત તત્ત્વમાં રહેલા સત્યને બાધ ન આવે એ રીતે તેને "વ્યક્તિત્વની સર્વ શક્તિઓનો સમતોલ વિકાસ" એ સર્વમાન્ય શબ્દસમૂહ દ્વારા નિરૂપી શકાય છે, તેમ આજકાલ પ્રચલિત એવા "સામાજિક કાર્યક્ષમતા" એ શબ્દસમૂહ દ્વારા પણ નિરૂપી શકાય છે.

આ વિવેચનથી આપણા બીજા નિષ્કર્ષનો માર્ગ સુલભ થયો છે, લોકશાહી સમાજમાંની અને લોકશાહી સમાજ સામે ખડી થયેલી શિક્ષણની મૂળભૂત સમસ્યાઓ પૈકી એક

સમસ્યા રાષ્ટ્રવાદી ધ્યેય અને વિશાળ સામાજિક ધ્યેય વચ્ચેના સંઘર્ષે નિર્માણ કરેલી છે. શરૂ શરૂની વિશ્વકુટુંબવાદી અને 'માનવતાવાદી' કલ્પનામાં એક દોષ એ હતો કે, તે કલ્પના અત્યંત સંદિગ્ધ હતી અને શિક્ષણનું કાર્ય કરનારા અને કારભારની દેખરેખ રાખનારા વ્યવસ્થાતંત્રનો વિચાર તેમાં કરવામાં આવ્યો નહોતો. યુરોપમાં-ખાસ કરીને યુરોપ ખંડનાં રાષ્ટ્રોમાં માનવ કલ્યાણની અને પ્રગતિની દૃષ્ટિએ શિક્ષણનું મહત્ત્વ છે, અને નવી કલ્પના રાષ્ટ્રવાદીઓના હાથમાં ગઈ. તેનો ઉપયોગ એ લોકોએ જે કાર્ય માટે કર્યો, તે કાર્ય સામાજિક ધ્યેયની દૃષ્ટિએ નિશ્ચિતપણે સંકુચિત અને એકદેશી હતું. શિક્ષણનું સામાજિક ધ્યેય અને રાષ્ટ્રીય ધ્યેય બંને એકરૂપ જ છે એવું તેઓએ માન્યું હતું. એનું પરિણામ સામાજિક ધ્યેયનો અર્થ સંપૂર્ણપણે નજર બહાર રહી જવામાં આવ્યું.

આજે માણસ માણસ વચ્ચે આપ-લેની જે પરિસ્થિતિ છે, તેની સાથે આ અવ્યવસ્થાનું સામ્ય જણાય છે. એક બાજુ વિજ્ઞાન, વ્યાપાર અને કળાએ રાષ્ટ્રીયતાની સીમા ઓળંગેલી છે. જુદા જુદા દેશોમાં રહેનારા અનેક માણસોના સહકાર અને પરસ્પરાવલંબનની આવશ્યકતા રહે છે. એની સાથોસાથ રાજકારણમાં રાષ્ટ્રીય સાર્વભૌમત્વની ભાવના પહેલાં કદી નહોતી એટલી આજે તીવ્ર બની છે. પ્રત્યેક રાષ્ટ્રમાં પડોશી રાષ્ટ્રની બાબતમાં વેરની-વૈમનસ્યની ભાવના સુપ્તપણે વસેલી છે; આપણા હિતસંબંધનો નિર્ણય કરનારા આપણે જ શ્રેષ્ઠ ન્યાયાધીશ છીએ, એવું પ્રત્યેક રાષ્ટ્ર માને છે. આ સંબંધી શંકા ઉપસ્થિત કરવી એટલે રાજ્યશાસ્ત્રમાં અને રાજ્યવ્યવહારમાં મૂળભૂત માનેલી રાષ્ટ્રીય સાર્વભૌમત્વની કલ્પના માટે જ શંકા કરવા જેવું ગણાય. આ રીતે એક બાજુ વ્યાપક, વિશાળ સહજીવનનું અને સહકારનું સામાજિક ક્ષેત્ર અને બીજી બાજુ સ્વલક્ષી અને તેથી સુપ્ત વૈરભાવ યુક્ત પ્રયત્નો અને ઉદ્દેશોનું સંકુચિત ક્ષેત્ર, એવો વિરોધ નિર્માણ થયેલો હોવાને કારણે 'સામાજિક' એ શબ્દનો શૈક્ષણિક કાર્ય અને કસોટીની દૃષ્ટિએ સ્પષ્ટ અર્થ શો છે, તેનું વિવેચન કરવાની શૈક્ષણિક તત્ત્વજ્ઞાન પર મોટી જવાબદારી આવી પડી છે.

શિક્ષણવ્યવસ્થા રાષ્ટ્રીય સરકારના હાથમાં રાખીને પણ શૈક્ષણિક કાર્યનું સ્વરૂપ મર્યાદિત, કુંઠિત, ભ્રષ્ટ ન થાય એવી વ્યવસ્થા કરવાનું શક્ય છે ખરું? દેશની અંતર્ગત વ્યવસ્થાની દૃષ્ટિએ જોઈએ તો, આજની આર્થિક પરિસ્થિતિને લીધે સમાજની વિભાગણી થવાથી તેમાંના કેટલાક વર્ગને બીજાની ઉચ્ચ સંસ્કૃતિનાં કેવળ સાધન બનાવવામાં આવ્યા છે, એને કારણે જે પ્રવૃત્તિ નિર્માણ થાય છે તેનો સામનો કરવાથી આ પ્રશ્નનો ઉકેલ આવી શકે; રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના સંબંધની દૃષ્ટિએ વિચાર કરતાં, રાષ્ટ્રની રાષ્ટ્રીય સીમા લક્ષમાં ન લઈને વ્યાપક સમાન ઉદ્દેશ માટે જે વસ્તુથી માનવસમાજ એકત્ર બંધાયેલો છે તે ઉચ્ચ તત્ત્વ માટેની ભક્તિ, દેશાભિમાન અને રાષ્ટ્રનિષ્ઠા વગેરેમાંથી વિરોધ કાઢી નાખીને તેમાં સુસંવાદ નિર્માણ કરવાથી આ પ્રશ્નનો ઉકેલ આવી શકે; આ પૈકી કોઈ પણ બાજુ લઈએ તો યે કેવળ અભાવાત્મક સાધનોથી એ કાર્ય થનાર નથી. એક વર્ગનું બીજા વર્ગ દ્વારા શોષણ કરનારા શિક્ષણને સાધન તરીકે ઉપયોગમાં લેવામાં ન આવે, એટલી સંભાળ લેવાથી જ કંઈ કામ સરનાર નથી. શિક્ષણની સગવડો એટલા વિશાળ પ્રમાણમાં અને કાર્યક્ષમ રીતે વધારવા જોઈએ કે, તેને લીધે આર્થિક વિષમતાથી નિર્માણ થનારું દુષ્પરિણામ કેવળ નામમાત્ર જ નહીં, પણ ખરેખર જ નષ્ટ થાય; એટલું જ નહીં પણ રાષ્ટ્રમાંનાં બધાં બાળકોને પોતાના ભાવિ જીવન માટે ઉપયોગી થનારી સાધનસામગ્રી સરખા પ્રમાણમાં ઉપલબ્ધ થાય. કલા શિક્ષણની સગવડ વધારનારી કાર્યવાહી-તંત્રની વ્યવસ્થા કરવાથી અને તે સગવડનો ફાયદો લઈ શકાય એ રીતે કુટુંબના ઉત્પાદનમાં વધારો કરી આપવાથી કંઈ આ ધ્યેય સાધ્ય થનાર નથી. તેથી એની સાથોસાથ જ સુસંસ્કૃતપણાની પરંપરાગત કલ્પનામાં, પરંપરાગત અભ્યાસ વિષયમાં અને પરંપરાગત અધ્યાપનની અને નિયમનની—શિસ્તની પદ્ધતિમાં એવું પરિવર્તન કરવું જોઈએ કે જેથી તરુણોને આર્થિક અને સામાજિક દૃષ્ટિએ પોતાના પગ પર ઊભા રહેવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય ત્યાં સુધી તેઓ શિક્ષણના સંસ્કારનો લાભ લઈ શકે. આ આદર્શ આચરણમાં મૂકવો એ મુશ્કેલ વાત છે એમ કોઈને લાગે; પરંતુ આ આદર્શનો આપણી સાર્વજનિક શિક્ષણ પદ્ધતિ પર જ્યાં સુધી જોરદાર પ્રભાવ

પડે નહીં, ત્યાં સુધી શિક્ષણનો લોકશાહી આદર્શ એ કેવળ એક હાસ્યાસ્પદ જ નહીં પણ કરુણાજનક આત્મ-વંચના થઈ બેસશે.

રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના પરસ્પર સંબંધના વિચારને પણ આજ સિધ્ધાંત લાગુ પડે છે. કેવળ યુધ્ધનું ભીષણ પરિણામ કેવું આવે છે એ શીખવીને અથવા આંતરરાષ્ટ્રીય સ્પર્ધા અને વેર ભાવ વધે એવી વાત ટાળવાથી કશું વળવાનું નથી. જે જે વાત ભૌગોલિક બંધનો બાજુએ રાખીને માણસોને સહકારયુક્ત કાર્ય માટે, સહકારમય ધ્યેય માટે એકત્ર આણે છે, તેના પર ભાર મૂકવો જોઈએ. સર્વ માનવ માનવ વચ્ચેનું સહચર્ય અને આદાનપ્રદાન અધિક પરિપૂર્ણ, અધિક સ્વતંત્ર અને અધિક સફળ થાય એ એક શ્રેષ્ઠ ધ્યેય હોવાથી એની તુલનામાં રાષ્ટ્રીય સાર્વભૌમત્વનું સ્વરૂપ ગૌણ અને કામચલાઉ છે, એ વાત મન પર ઠસાવીને એવી કાર્યશીલ મનોવૃત્તિ નિર્માણ કરવી ઘટે. શૈક્ષણિક તત્ત્વજ્ઞાનના વિચારનો અને હમણાં કહેલી આ વિનિયોગપધ્ધતિનો પરસ્પર કશો સબંધ નથી, એમ જો કોઈ કહે, તો આ પહેલાં શિક્ષણનો જે અર્થ—વિવરણ કરીને કહેવામાં આવ્યો છે એ બરોબર ગ્રહણ કરી શકાયો નથી, એમ કહેવું રહ્યું. સામાજિક ધ્યેયની સિધ્ધિ માટે વ્યક્તિની શક્તિનો સતત વિકાસશીલ આવિષ્કાર, એ શિક્ષણની જે કલ્પના આગળ રજૂ કરી છે, તેની સાથે આ વિનિયોગનો વિચાર સંકળાયેલો છે. જો માન્ય કરવામાં ન આવે તો, શિક્ષણની લોકતંત્રાત્મક કસોટી વાપર્યા વિના છુટકો નથી. તેમાં પછી સુસંગતિ રહેશે નહીં.

(થોડા વખતમાં જ પ્રસિધ્ધ થનાર 'લોકશાહી અને શિક્ષણ' પુસ્તકમાંથી)

પંચકોણ

સુધીર દલાલ

થોડુંક વર્ષો પર કંચનબહેન અને જીવણલાલ એક જ ઓરડામાં સૂઈ જતાં. ઘર ઘણું મોટું, શ્રીમંતનું. અનેક ખંડો અને બે માળ. એમાં બે વર્ષ ઉપર એમના સુવાના ખંડથી ત્રીજા ઓરડામાં ચોરી થઈ. એ ઓરડામાં એક જૂના જમાનાનું મોટું મજબૂત કબાટ હતું. એમાં હતી એમના લગ્ન વખતની મળેલી ભેટ સોગાદો-ચાંદીના પ્યાલા, ચાંદીની વાડકીઓ, તાસકો, એક પાનસોપારીનો ડબ્બો, એક અત્તરદાની અને બે ફોટો—ફ્રેમ. એમાંથી નવો રાખેલો નોકર બે થાળીઓ અને અત્તરદાની ચોરી ગયો. કંચનબહેનની ઊંઘ ઊડી ગઈ. તિજોરીવાળો ઓરડો આમ રેઢો મૂકાય નહિ. બીજા દિવસથી એમનો ખાટલો તિજોરીવાળા ઓરડામાં મુકાયો. અઠવાડિયું તો સુતા, પણ પછી બીક લાગવા માંડી. જે નોકર ચોરી કરી ગયો તે ફરી કેમ ન આવે? બીજા કોઈને મોકલે તો?

એમની ઊંઘ ઊડી ગઈ. માનભંગ થયા વગર પાછા જૂના ઓરડામાં સુવા કઈ રીતે જઈ શકાય, એનાં બહાના એ શોધતા હતાં ત્યાં એમને એક વિચાર આવ્યો. એમની રંડેલી બહેન વિમળાના છોકરા જસવંતને પોતાનો ઘેર રાખી ભણાવવા માટે જીવણલાલ વર્ષોથી જીવ ખાતા હતા. અત્યાર સુધી તો એમણે ના પાડી હતી. પણ હવે રાખ્યો હોય તો એને પોતાની જોડે પેલા કબાટવાળા ખંડમાં સુવાડાય, તિજોરી સચવાય, ચોરી અટકે, જીવણલાલ રાજી થાય, નણંદ પર ઉપકાર ચઢે અને લોકમાં વાહવાહ બોલાય એ જુદું.

જસવંત રહેવા આવ્યો એ વાતને બે વર્ષ થઈ ગયાં પછી કોણ જાણે આજે એને શું સૂઝ્યું, તે આગલે દિવસે લાવેલી ઘરેણાની પેટી, જે કંચનબહેને કબાટમાં મૂકેલી, એ ચોરીને ભાગવા જતો હતો. એવામાં કંચનબહેન જાગ્યા અને હજી તો તેઓ હોંકારો કરે એ પહેલાં તો એણે એમને ચપ્પું માર્યું અને પેટી લઈને ભાગ્યો. બહાર કંચનબહેનના રુદ્રે એને રોક્યો. પણ એ ત્યાંથી ય ભાગ્યો. પરંતુ એના કમનસીબે ઘર બહાર નીકળતાં સામે પોલીસ મળ્યો. એ એને પકડીને પોલિસચોકીએ લઈ ગયો.

આ બન્યું આશરે પાંચેક વાગે. સવાર પડતાં સુધીમાં તો ઘર આખું જાગી ગયું હતું. નોકર-ચાકર ગાભરા બની ગયા હતા. શહેર આખામાં જોતજોતામાં ખબર પડી ગઈ. બપોરે ત્રણચાર વાગ્યા સુધીમાં તો ઘર આખું ગામમાં રહેતા સગાવહાલાંઓથી જ નહીં, પરગામના સગાં-વહાલાંઓથી ય ભરાઈ ગયું. સૌ સાન્ત્વન આપવા, રહેવાનું કરીને આવેલા. વળી કંચનબહેન પર ચપ્પુનો ઘા થયો, રુદ્રને ય વાગ્યું, એટલે સામાન્ય ચોરી કરતાં ય પ્રસંગનું ગાંભીર્ય વધી ગયું.

સાંજે જમવા ટાણે આશરે પચીસેક માણસોની પંગત પડી—હજુ પહેલો કોળિયો મોંમાં નાંખતાં હતાં ત્યાં કંચનબહેને પોક મૂકી. થોડા મોડી ગાડીમાં આવેલાઓને પુરેપુરું બયાન સાંપડ્યું નહોતું.

"તે જસવંતને આવું શું સૂઝ્યું? મૂઆએ દૂધ પાઈ સાપ ઉછેર્યાવાળો ઘાટ કર્યો. આખરે ગામડાનો ઉછેર પરખાય વગર રહ્યો નહિં." એકે કહ્યું.

કંચનબહેન બોલ્યાં: "ભગવાન પણ ભૂલાવે છે. મારી પાસે આમ તો દોઢ બે લાખનો દાગીનો છે. ક્યારે ય ઘેર નથી રાખતી. એક એક હીરો જોયો હોય તો-આવડો," એમણે સાઈઝ બતાવી, "ઘરમાં દાગીના હોય ત્યારે ચેન જ ના પડે ને! મારા ઘરના કબાટમાં યે શું? માંડ દસેક હજારનાં વાસણો મળે. બાકી બધું બેકમાં. દાગીનો તો મોટો ભાગનો મારા બાપે કરાવેલો. એમને હું એકની એક એટલે

જે ગહેલો તે હું. વરસે દહાડે પાંચસાત તેલા સોનું આપે અને કહે કે, જડતરનો સેટ કરાવજે કે 'આની વીંટી ને બંગડી બનાવજે. મારા બાપનું મન મોટું.' જીવણલાલ તરફ એક નજર ફેંકી એમણે આગળ ચલાવ્યું,

"આ પરમ દિવસે બેંકમાંથી લઈ આવેલી. થયું કે, કમળાની વીણાના લગ્ન છે તે કંઈ પહેરવા જોઈએ અને લાવું ત્યારે બધું જ લાવું. એકવાર નજર ફેરવી જવાય."

"એને બીક છે કે, વરસમાં એકવાર ઉથલાવીએ નહિ, તો એમાં જીવડાં પડે" જીવણલાલે વચમાં જ ઉમેર્યું.

"તમને બધામાં મશ્કરીઓ જ સૂઝે છે. કયારે ય એક બંગડી સરખું લાવી આપવું નહિ અને વાત જીવડાં પડ્યાની કરવી. મને શી ખબર કે, જસુ જોઈ ગયો છે? અને એવો તે વળી જસુ પર વહેમ શેનો આવે? જો કે લખ્ખણ તો એવા જ. પણ એમને થાય કે, જો ભાણિયાને એટલો ભણાવવા ય નથી રખાતો એટલે રાખેલો. મશ્કે મેં કહ્યું, બે ચોપડી ભણશે તો એનું ને એની માનું તો પૂરું કરશે. એટલી અમારે જવાબદારી ઓછી. આજકાલ કરીને પચાસ હજાર જસુની માને આલ્યા છે. આ તો કરેલું શું કહી બતાવવું. બાકી જસુ ચોરી ગયો એટલો પાંચ હજારનો દાગીનો તો મારે જસુના લગનમાં એની વહુને જ કરવાનો હતો!'

"રાતના ચાર થયા હશે કે, પછી પાંચ. મારું કબાટ ખખડ્યું એટલે હું જાગી ગઈ. પડખું ફેરવ્યું અને ખોંખારો ખાઉં છું, ત્યાં તો કોઈ કૂદ્યું અને હજી તો મને સૂઝ પડે એ પહેલાં તો મૂઆએ ચાકુ માર્યું જ છે ને! એ તો વળી નસીબ ને બચી ગઈ. મારીને એ તો દોડ્યો બહાર. બેઠી થઈને દીવો કર્યો અને ઓરડાની બહાર ગઈ તો મારો રુદ્ર હેઠો પડેલો. એને ય પેલાએ ચાકુ મારેલું. તરત જ એમને ઉઠાડ્યા. ઉઘાડા કબાટમાં જોયું તો પાંચ-હજારના દાગીનાવાળી મોટી વાદળી રંગની પેટી ના મળે. તમે કહો છોને એવું જ, 'આ દૂધ પાઈને સાપ ઉછેર્યો.'

"બા, એ તો હું તને પહેલેથી જ કહેતો હતો.' રુદ્ર બોલ્યો, 'મારી પેન્સિલ, નોટ, બધું ય ચોરાય છે, અને એ જસુનાં જ કારસ્તાન, પણ તું માનતી'તી ક્યાં? આ તો કોઈ દિવસ નહિ ને ગઈકાલે રાત્રે જ હું ઊઠ્યો. પાંચ વાગ્યાનું એલાર્મ મૂકેલું. મારો વિચાર કસરત શરૂ કરવાનો હતો. મારી રૂમમાંથી બહાર આવીને દાદરા તરફ જતો હતો ત્યાં ખખડાટ સાંભળ્યો. થોડીવાર ઊભો રહ્યો, એટલામાં ખખડાટ બંધ થઈ ગયો. ત્યાં તો બાનો ખોંખારો અને ચીસ ભેગાં જ સંભળાયાં.

મને-થયું કે, જરૂર ચોર છે. પણ ઓરડામાં જઉં તો તો બાજી બગડી જાય. ચોરનો તો બને એટલો ખુલ્લામાં સામનો કરવો જોઈએ. એવામાં જસુને મેં ઓરડામાંથી બહાર નીકળતો જોયો. એના એક હાથમાં વાદળી પેટી હતી અને બીજામાં ચપ્પુ. મેં એને પકડ્યો. બરાબર બાથ ભીડી. આટલાં વર્ષોથી કસાયેલું આપણું શરીર, પછી બિચારા જસુની તાકાત હતી કે, છૂટે? પણ એ છટક્યો. ફરી પાછો મેં એને પકડ્યો—આ વખતે તો બરાબર દાવ લીધો. એ બરાબર સપડાયો હતો. વલખાં તો માર્યાં, પણ એમ કંઈ આ લોખંડી શરીર આગળ ફાવે? એવામાં એણે ચપ્પુ કાઢીને મને માર્યું. તો ય મેં એને છોડ્યો નહિ, પણ ત્યાં તો બા બહાર આવી. એના હાથમાંથી લોહી વહેતું હતું. એ જોઈ મારી પકડ ઢીલી થઈ ગઈ અને એ છટકીને નાઠો? રુદ્રની આંખમાંથી જાણે અગ્નિ વરસતો હતો! એનો ચહેરો રૌદ્ર બની ગયો. સૌએ એના શરીર પર એક નજર નાંખી અને બધાને ય લાગ્યું કે, રુદ્ર ધારે તો ભલભલાને પટકી દે એવું એનું શરીર છે, ઊંચું, પહોળું, ભરાવદાર.

જીવણલાલ નીચું મોઢું રાખી ઝટપટ કોળિયા ઉતારી જમવાનું પતાવવામાં પડ્યા હતા.

જસવંતને પકડી પોલીસ એને ચોકીએ લઈ ગયો-ઘરેણાંની પેટી અને ચાકના મુદ્દામાલ સાથે. જઈને એણે ઈન્સ્પેક્ટરને રિપોર્ટ કર્યો. સલામ ભરીને એણે કહ્યું:

"સાહેબ, આજે સવારે હું રસ્તા નં. ૪ પર ફરજ બજાવતો હતો. સવારે આશરે પાંચેક વાગે હું વિદ્યાનગર સોસાયટી આગળ હતો. ત્યાં શેઠ જીવણલાલના બંગલા-માંથી એક શખ્સને હાંફળો-ફાંફળો ભાગતો જોયો. હું એની પાછળ પડ્યો અને થોડી વારમાં એને પકડી પાડ્યો. એ શખ્સની સાથે મારે ઝપાઝપી થઈ અને એના હાથનું ચાકુ મેં ઝૂંટવી લીધું. એણે મને ગડદાપાટું અને મુક્કા માર્યા, પણ પેલા મહમદદાદાનું નહોતું ચાલ્યું તો આ

વાણિયો તો શું વિસાતમાં! હા સાહેબ, છે ઊંચો, પહોળો અને કદાવર. જોર કરીને એને આપની પાસે લાવ્યો છું. નામ જસવંત ચીમનલાલ કહે છે. ખડો કરું આપની સામે?"

"બોલાવ, અને તું બહાર ઊભો રહેજે."

પોલીસ ભિખાજી એટેન્શનમાં આવી સલામ ભરી પાછો ફર્યો. એને થયું કે, સાહેબે એની બહાદુરીની બરાબર કદર ના કરી. ત્યાં તો સાહેબે કહ્યું:

"આ પ્રમાણે કામ કરીશ તો હું જરૂર તારા માટે કંઈક કરીશ?' અને પછી ઉમેર્યું "પેલાને ચોખાની વાત કરી છે?"

"હા સાહેબ, આજે આવી જશે. અને પૈસા બૈસાની વાત કરતા નહિ, એ તો હું એની જોડે સમજી લઈશ.'

સાહેબ જરાક હસ્યા. પોલીસ ભિખાજી, જમાદાર ભિખાજીની અદાથી બહાર આવીને જસવંતને અંદર લઈ ગયો. અને સાહેબ આગળ ખડો કરી પોતે સાહેબના કહેવા મુજબ બહાર જઈ ઊભો રહ્યો—જો કે અંદર શું વાત થાય છે એ સંભળાય એમ.

"નામ?"

"જસવંત, જસવંત ચીમનલાલ"

"ધંધો ?"

"ભણું છું સાહેબ" જસુ થરથરતો હતો.

"ભણો છો? આ ભણવાનાં લક્ષણ છે?"

"સાહેબ, એવું નથી. દયા લાવી, મારું સાંભળો."

"બોલ, પણ પૂરો હિસાબ જોઈએ.

"સાહેબ, જીવણમામાને ત્યાં હું છેલ્લાં બે વર્ષથી રહું છું."

"તારા મામા થાય?" ઈન્સ્પેક્ટર જરા ચકિત થઈ ગયો.

"હા, સાહેબ. અહીં રહેવા આવ્યો એ પહેલાં હું મહેમદાવાદ મારી મા સાથે રહેતો હતો. ત્યાં થોડું ભણ્યા પછી એક લવારને ત્યાં ચારેક વર્ષ પર મજારીએ રહ્યો હતો.,મારા બાપા, હું દસ વર્ષનો હતો ત્યારે ગુજરી ગયેલા. ઘરમાં પૈસો નથી. મારી મા પાપડ,સારેવડાં વણી પૂરું કરે છે. મામી જાણે તો એમને ઉધડે લઈ નાંખે તેથી મારા મામા અમને ક્યારેક ખાનગીમાં થોડીક મદદ કરતા. હું જ્યારે મામાને ત્યાં આવતો ત્યારે મામા કહેતા કે, જસુ તું અહીં રહીને ભણ. પણ મારા મામી મને આવવા દેવા તૈયાર નહોતા. એટલે કંઈક બહાનું કાઢી તેઓ વાતને ઉડાવી દેતા. બે વર્ષ ઉપર ઓચિંતો મારા ઉપર કાગળ આવ્યો કે તું અહીં ભણવા આવ. અમે તને ભણાવીશું. તારે આમ મજૂરી કરવાની ન હોય, ઉલટું ભણીગણી નોકરીએ રહી માનું ભરણપોષણ કરવાનું હોય! મામીનો કાગળ જોઈ મને ખૂબ નવાઈ લાગી. હું મામાને ત્યાં રહેવા આવ્યો. એક બે દિવસ થયા હશે ત્યાં મામીએ કહ્યું કે, વિમળા એનો પાંચ હજારનો દાગીનો મારે ત્યાં રાખે, તો જ હું એના છોકરાને ભણવા રાખું. એટલે મારી મા મારા ભણતર સામે દાગીનો ગીરે મૂકવા આવી. મેં બહુ ના પાડી કે, મારે નથી ભણવું, પણ મા તો હોંશથી દાગીનો મૂકવા આવી હતી. એને તો થયું કે, ઊલટું અહીં એ સારી રીતે સચવાશે. બેંકમાં મૂકવાની માથાકૂટ નહિ."

"મામી મને એમના ખંડમાં સુવાડતા. રાતના ઘણીવાર "જસુ, જસુ, જાગે છે ને?' એમ પૂછતાં. મને સમજ નહોતી પડતી કે, મામી મારા પર હેત રાખે છે કે ઉપકાર કરે છે. બે મહીના ઉપર મારી મા લપસી ગઈ અને એનો હાથ ભાંગ્યો. પાપડ, સારેવડાં બાજુમાં રહ્યાં. દવાના ને ખાવાના પૈસા ય ન રહ્યા. મેં મામા પાસે પૈસા માંગ્યા. પણ મામીએ વચમાં જ ના પાડી દીધી. એટલે મેં ઘરેણાં માંગ્યાં-મારી માનાં ઘરેણાં. મામીએ કહ્યું કે, કેવાં ઘરેણાં ને કેવી વાત! મામા બોલવા ગયા તો એમને ય ચૂપ કરી દીધા. હું સમજી ગયો કે, ઘરેણાં મામીએ પચાવી પાડયાં. એટલે ગઈકાલે રાતે જ્યારે મામીના કબાટમાં ઘરેણાં જોયાં ત્યારે મેં નિશ્ચય કર્યો કે, ઘરેણાં લઈ ભાગી જવું. પાછલી રાતે મેં પેન્સિલ છોલવાના ચપ્પુ અને તારનો એક વાળાની મદદથી કબાટ ખોલ્યું. લવારને ત્યાં અમે એ રીતે ખોલતા હતા. ત્યાં મામી જાગ્યાં અને 'કોણ છે,' એમ પૂછ્યું. હું ગભરાયો. પેટી લઈને ભાગવા ગયો ત્યાં મારો પગ શેતરંજીમાં ભરાયો અને હું ગડથોલું ખાઈ ખાટલા પર પડયો. મારા હાથનું ચપ્પુ

મામીને વાગ્યું, પણ તે ઘસરકાથી વધારે નહિ. ત્યાંથી ઊઠી હું ઓરડા બહાર ભાગ્યો. ત્યાં રુદ્ર આંખો ચોળતો ચોળતો જતો હતો. એની સાથે હું અથડાયો. એને ય મારું ચપ્પુ અડ્યું. એને ય ઘસરકાથી વધારે નહિ વાગ્યું હોય. રુદ્રે ચીસ પાડી એટલે હું ભાગ્યો. બંગલા બહાર નીકળ્યો. મને મારી જાત ઉપર ખૂબ તિરસ્કાર છૂટ્યો. થયું કે, પાછો જઈ ઘરેણાં આપી દઉં અને માફી માંગું. પણ મારી માનું શું? થોડે દૂર એક પોલીસ ઊભો હતો. હું એની પાસે ગયો. મેં એને બધી વાત કરી અને પેટી તેમ જ ચપ્પુ એને સોંપી દીધાં. એ મને અહીં લઈ આવ્યો. સાહેબ, મારા પર દયા કરો. તમે કહો એ ખાત્રી આપું કે, ઘરેણાં મારી માનાં છે. અને મારા મામી તથા રુદ્રને ખાસ ઈજા થઈ નથી. સાહેબ, મારે એમને મારવા જ હોત તો રામપુરી ચાકુ જ ના વાપરું કે, પેન્સિલ છોલવાનું ચપ્પુ મા?"

અખબારોમાં એ સમાચાર આ પ્રમાણે રજૂ થયા છે.

"શહેરના આગેવાન શેઠશ્રી જીવણલાલના ઘરમાંથી આજે સવારે આશરે પાંચ વાગ્યાના સુમારે કોઈ હરામખોર કબાટ તોડી આશરે દસબાર હજારનાં દાગીના ચોરી ગયાની બાતમી મળી છે. તપાસ કરતાં જાણવા મળે છે કે, શેઠનાં પત્ની કંચનબહેન અને પુત્ર રુદ્રભાઈએ હરામખોરનો સામનો કર્યો ત્યારે ચાકુના ઘા કરી તે પલાયન થઈ ગયો. પોલિસે જહેમત ઉઠાવી ચોરને મુદ્દામાલ સાથે પકડી પાડ્યો છે. શહેરના બાહોશ ઈન્સ્પેક્ટર શ્રી ચાવડા આગળ તપાસ ચલાવી રહ્યા છે. આ વિષે વધુ માહિતી મેળવવા શેઠશ્રીનો સંપર્ક સાધતાં, એમના ઉદાર અને ઓછાબોલાં સ્વભાવાનુસાર એમણે કોઈ પણ જાતની માહિતી આપવાના નામરજી દેખાડી હતી.

☆

મનુજવાસ

અહો! ગગનચુંબી આ ગિરિકુંજરતણી ભવ્યશ્રી
પરે તિમિરના ઋજુ મખમલી પૂર્યાં રંગ શા !
રૂપેરી ભરતે ભર્યાં નયન રમ્ય ચિત્રો મહીં
બધેય ઝળકી રહી રજતતાર તારા દ્યુતિ.

વીતે પ્રહર ને હું યે સકલ અસ્મિતા વીસરી
દશે દિશ મહીં વિરાટ સમ બની જાઉં ફેલાઈ ત્યાં
અધીર મુજ શ્વાનની ઘર જવા તણી જીદથી
સભાન બની જાઉં ને વિકલતા લહું એકની.

ગમે ગહન મૌનની મુખરતા મને આ ઘણી-
અનાદિ મુજ વારસો અતિ અમોલ એ: કિન્તુ જે
નિહાળું મુજ શ્વાનની રગ રગે અહીં આજ હું
અગાધ કરુણાભરી અવર કાજ ચિંતા વ્યથા
ને તે ય મુજ વારસો! મનુજ સાથથી ઊજળો !

ભલે કલહો નહીં, શઠપણું, અને ક્રૂરતા
છતાં મનુજવાસ જેવી અવર ક્યાંય સંવેદના ?
રહો પ્રકૃતિ આ અહીં પરમ શાંતિ-વાઘા સજી
મને મુખરતા હજો વિવિધ-રાગ સંસારની !

—સ્નેહરશ્મિ



અનોખી વર્ષા

આ વર્ષનો વ્યોમગોરંભ નોખો,
આ વર્ષનો આગવો મેઘનાદ;
વિદ્યુલ્લેખા નર્તતી નવ્ય રંગે,
આ વર્ષનો જૂજવો ભૂમિસાદ!

ખાસો કંઈ આગ આજે અનેરી,
મોરા ઊંચે શૃંગ ન્યારું ગહેકે!
દાદુરોનું ડ્રાંઉં દીસે અનોખું,
આજે પુષ્પો દર્દમીઠું મહેકે!

ખેડૈયા હો! ખેડજો ચાસ ઊંડા,
પ્રસ્વેદે તું સીંચજે ભોમ ભેરુ!
આ વેળાના મોલની ઝૂક જુદી,
ડૂંડે ડૂંડે ઝૂલી રંગે નહેરુ!


નેરુ જેવા સંઘર્ષોના સહેલે,
એથી ઝાઝા ખ્વાબ આજે અહેલે!

—મા મુકુન્દ દવે



પતનનું ગૌરવ શિલ્પી : આર્તે એત્રુસ્કા

મૂંગા આંસુ ચિત્રકાર : માઈકલ એન્જેલો



"માનસી"ની આરંભકથા

વિજયરાય વૈદ્ય

"માનસી"નું પણ . વિના પ્રસવ કેવો?
કર્મધર્મ સંજોગે એવું બન્યું. એમ પણ કહી શકાય કે,
l હતી: . "સીઝેરિયન" શસ્ત્રક્રિયા પણ આવશ્યક

માં આદરાયેલા "ચેતના"ના જનક પિતા
નાઇ હતા, મુખ્ય પાલક પણ તે અને બીજા પાલક
પિતા શાને ગણતંત્રી વિજયરાય. ત્રૈમાસિક "કૌમુદી" અંગે તો એ બન્ને ફરજ (જેમ પછીથી "મા" અંગે પણ) મારે જ ભાગે આવી હતી.

૧૯૨૪માં ભારના પ્રેરિત ઉત્સાહ મારો અદમ્ય હતો. એ વરને કન્યા મળી. ગુર્જ પ્રતિભા-વિરલ, વિલક્ષણ પણ ખરી, અને દેવદત્તા. એ જુગની જોડનાં સંલગ્ન થયાં પછી તો પૂછવું જ શું?

ત્રૈમાસિક "કૌ."નું જીવન અને કાર્ય તો એવાં અજોડ કે એના સંબન્ધી સૂરતની એક સભામાં (૧૯૪૫માં હશે) સંગીત પ્રભાકર પં. ૐકાર નાથજી સરખા વિવિધ ભારતીય ભાષાઓનાં જાણકાર મહાપુરુષે પણ કહેલું કે, એનો જોટો દેશભરમાં નથી. ત્યારે ચાલુ હતું એ "માનસી"ની પણ તેમણે પ્રશંસા કરી હતી. પ્રસંગ હતો—એની ખોટ પૂરવા યોજાયેલા ટિકિટ-પ્રવેશી મુશાયરાનો.

૧૯૩૦થી માસિક કરાયેલું કૌ. ૧૯૩૫ની અધવચ મારા હાથમાંથી ગયું. મારો એનાથી જે સંજોગોમાં વિચ્છેદ થયો તે મારા સાક્ષર-જીવનની સૌથી મોટી, સૌથી કરુણ દુર્ઘટના હતી. એ શોકકથાનું રડગાણું અહીં ફરીથી ગાવું નથી-એ વખતે જ પેટ ભરીને ગાઈ લીધું હોવાથી. અત્રે આટલું જ કહેવું પ્રસ્તુત છે કે, એ મહિનાઓમાં મારે માથે જે જે વેઠવું વેઠાય નહિ તેવું વીત્યું તે જ હતી પ્રતિભાની ઓલી વેદના. તે જ હતી પેલી દુઃખદ, પરિણામે સુખદ શસ્ત્રક્રિયા.

પાછળથી માસિક હતું એ ૧૯૨૪માં મેં ત્રૈમાસિક તરીકે કાઢેલ કૌમુદી ઉપર કહ્યું તેમ અમુક વિપરીત સંજોગોમાં મારા હાથમાંથી ગયું એટલે ૧૯૩૫ના ઓગસ્ટમાં મારું બીજી વારનું સદ્ભાગ્ય હતું આ, કે સર્જન અને ચિંતનની ત્રૈમાસિક ગ્રંથ શ્રેણી તરીકે "માનસી"નો પહેલો અંક ૧૯૯૧ની બળેવના દિવસે પ્રગટાવ્યો.

આર્થિક વિટંબણાઓની અશ્રુકથા પહેલા પ્રયોગ વેળાની એવી હતી—અંકેઅંકની, કે મેં આ બીજું સાહસ કર્યું હોત નહિ. છતાં એ કર્યું, કેમકે કૌમુદીએ જતાં જતાં મને જે રૂપિયા બે હજાર સંપડાવ્યા હતા તેની હું કે ફરી એકવાર આંખો મીંચી ઝુકાવ્યા વિના રહેવાય તેમ નહોતું. સબળતર કારણ કદાચ આ પણ ખરું કે (ત્યારે હજી નવા ત્રૈમાસિકનો ખ્યાલ અધકચરો ને મારા મનમાં જ એ રાખેલો તેથી) "હમણાં તો આ રકમમાંથી વરસ-સવાવરસ ઘર ચાલી રહેશે માટે પછીની આવકની ઉપાધિ કર્યા મા" એમ મેં શ્રીમતીજીને જેવું કહ્યું તેવાં જ એ જાજરમાન સન્નારી તડૂક્યાં હતાં: "પછી ? પછી ખાશો શું?" આ સવાલને પડકાર ગણી લઈ મેં એ વખતે ત્યાં ને ત્યાં જ બોલી નાંખ્યું "પછીની વાત હમણાંથી શી? છતાં લેને તને કહી જ નાંખું કે મારે પેલાનાથી યે સારું જે કાઢવું છે, તેની જાહેરાત આજે જ છપાવા મોકલું એટલે સોય દિ', લગી તો મનીઓર્ડરોની નાની શી ટંકશાળ જ આ તારા ઘરમાં પડવી શરૂ થઈ જાય." બન્યું પણ એમ જ.

એ વખતે મારી તંત્રી તથા લેખક તરીકેની ઉંમર પંદર વર્ષની હતી. એટલા લાંબા ગાળામાં મોટા-નાના સાહિત્યસેવકો સાથે જે સંબંધો બંધાયા હતા તે આ પ્રસંગે પૂરા કામિયાબ નીવડ્યા. માગ્યો સહકાર વયોવૃદ્ધ વાઙ્મયવિભૂતિ કેશવલાલ ધ્રુવથી માંડીને છબિલી

શૈલીના કલમનવેશ જિનુભાઈ સુધીના ઘણાંએ આપ્યો.

એવી થોડીક વાનગી જોઈએ.

"માનસી"ના પહેલા બે અંકોમાં, અનુક્રમે, પહેલો કવિતા વિભાગ ભકિતલહરીનો છે અને બીજે કરુણલહરી-નો. એ દરેકમાં પોતપોતાનાં રસીલાં, સુંદર રસભર કાવ્યો-માંનું એકેક આપનાર છે સદ્દગતો હાંનોર અને રમણલાલ વસન્તલાલ તેમ જ વિદ્યમાનો સુન્દરમ્, ચન્દ્રવદન મહેતા, પૂજાલાલ, જ્યોત્સ્ના શુકલ વગેરે. ઉમાશંકરનું જાણીનું "બારમે ટકોરા" અને તેમની પ્રસંગ ચિત્રરૂપ વાર્તા "પિપાસુ" એ જો વાસુકીના તો "ત્રિશૂળ"ના ઉપનામથી ત્રિ. પુ. લુહારની (સુન્દરમ) "જીવનની તરસ" એ હતી. તેમ હતી નવલિકા આ મેઘાણીભાઈની "છતી જીભે મૂંગાં."

એ ને એવાં બીજાં સ્વતંત્ર કે સારાં ભાષાન્તરી સર્જન એ અંકોમાં છે તો ચિન્તન સમૃદ્ધિમાં સૌથી આગળ પડતો બલ્કે માગ મુકાવે તેવો નિબન્ધ છે વિશ્વનાથનો "નન્દશંકર ની નવલકથા." (પ્રસંગોપાત ઉમેરું કે, ત્રૈમાસિકની ઓળખના શબ્દોમાંનો 'સર્જન' સાથેનો "ચિન્તન" એ વાતની ચર્ચા સમયે તેમણે જ સૂચવેલો) બીજા વધુ અગત્યના નિબન્ધોમાં આ બે છે "મનોમય સૃષ્ટિનો સ્વામી", (અં. પુરાણી) તથા બટુભાઈનો જૂના ગુજરાતી સાહિત્ય વિશેનો 'ઉર્નિંદ્રાને કમળના પત્ર"માંનો 'સર્જનલક્ષી વિવેચન-પત્ર. નિકષ વિભાગનાં મોટાં, મધ્યમ ને ટૂંકાં વિવેચનોમાં, ધ્વનિ નામક વિભાગના પ્રાસંગિક, સમર્થ લેખો "આથ મંગલમ્" આદિમાં અને ચ[ળ]-ચળના મુરબ્બા જેવી મંજૂષામાં જે ઊંચું ધોરણ કૌમુદીનું, તેજ હતું માનસીનું. આના ઉક્ત માંગલિક લેખમાં નંત્રીએ ઊભ-રાતા ઉત્સાહે સંસ્મર્યાં છે આ સર્વને: જગતભરના પ્રશિષ્ટ સાહિત્યસર્જકોને તેમ જ એવા ચિરંજીવ ચિંતકોને. બચુભાઈ રાવતે એ જ વિભાગમાં માનસી દેવી વિષેની ધ્યાન પ્રતીક ચિત્રની સમજૂતી આચ્છી તરહથી આપી હતી.

વળી આગલા ત્રૈમાસિકની જેમ આ પાછલામાં વાઙ્મયના આન્તરભારતીય તેમ જ આન્તરરાષ્ટ્રીય પ્રવાહો-ની બહુવિધ પિછાન પણ ત્યારનાં અન્ય કોઈ પણ પત્ર કરતાં વધુ પ્રમાણમાં અપાતી. રાણપુરના જે મુદ્રણાલયમાં પહેલાં વર્ષે છપાયું, તેના રાજકીય ઝોકના કારણે મારી પાસે "મા" અંગે મગાયલી બે હજારની જામીનગીરી બદલ પેલા બે હજાર ભરવા પડેલા અને કેટલેક મહિને મહામહેનતે એ પાછા આવેલા એટલું પણ કથાનું અચ્છુતમ કેશવમ કરતાં ટપકાવી રહું છું.

●

મને છિદ્રે છિદ્રે ....

તમે શે કેવા છો અજબ! અમને આંખ અરપી
પરાવા જેવી આ વપુક:—પછી સૌંદર્ય રચતાં,
ગયા કેવા દૈવી ચતુદિશ વળી એ પલટતા
રહો વારે વારે—નયન ભરી કૈં કે નિરખવા
રહીએ ત્યાં સુધી છટકી જતું કૈં કૈં ક્ષણ મહીં!

કહીએ કોને જે ઉરદરદ? કીધાં નવ જતાં!
મને છિદ્રે છિદ્રે નયન પ્રગટો તે હરિવરા!

જગદીશ ત્રિવેદી

☆

લીલામથી

શાયર

'હેં ? મધુ પાછી થઈ ? હોય નહિ ! હજી કાલ સાંજે તો મારી પાસે મસાલો લેવા આવી'તી !"

'શરીરનો કાંઈ ભરોસો છે, બાઈ !"

'અરેરે ! બચ્ચારીનાં નાનાં જણ્યાં રખડી પડશે...'

'હા... મરદને શું?... કાલ બીજી લાવશે !'

'રેશો છે જ એ તો નખ્ખોદિયો. બિચારી પારેવા જેવી હતી... રેશો બહારથી આવીને મારકૂટ જ કર્યા કરતો...'

'એવી એવી ય એ તો પોતાના ઘરને ઢાંકીને બેઠી'તી !'

મધુના મૃત્યુ પર શોક અને પુરુષ વિષે તત્ત્વજ્ઞાન ચર્ચીને બે પડોસણો પોત પોતાને કામે લાગી ગઈ. એક હતી સવિતા ને બીજી હતી લખમી.

∞ ∞ ∞

લખમીના વરે આવતાં જ લખમીને ઊધડી લીધી, 'બધો દિવસ ગામ આખાની ચોવટ કરતી ફરે છે. ઘરમાં તો તારું ચિત્ત જ નથી.'

લખમીએ કાંઈ જવાબ ન દીધો. એના વરને રોજ ટક ટક કરવાનો હેવા પડયો હતો. લગન થયે બે દસકા વીતી ગયા હતા, એટલે લખમીને લાલજીનો સ્વભાવ કોઠે પડી ગયો હતો. એણે ચૂપચાપ રસોડામાં જઈને લાલજી માટે ભાણું તૈયાર કર્યું, 'લ્યો, હાલો ! બટકું ખાઈ લો !'

∞ ∞ ∞

કબૂતરી ઈંડાં સેવવા આખો દિવસ અભરાઈ પર બેસી રહેતી. વચ્ચે લગભગ બારેક વાગે ત્યારે કબૂતરો આવતો અને કબૂતરીને છુટ્ટી કરતો... કબૂતરી અડધા કલાકમાં તો, જે મળે તે ખાઈને, પાછી માળે આવી જતી હતી. ને કબૂતરો ચાંચના બેચાર ગોદા મારીને, બે ત્રણ વાર ડોક ફૂલાવીને ઘૂ... ઘૂ... કરીને ઊડી જતો, તે બીજી સવારે આવીને પાછો કબૂતરીની ખબર લઈ જતો... પાછો બપોરે કબૂતરીને છોડાવવા આવી જતો. કબૂતરીએ પોતાનું તમામ ધ્યાન ઈંડાં પર કેન્દ્રિત કરી દીધું હતું.

∞ ∞ ∞

બપોરના બાર વાગ્યે એ નાનકડી શેરીમાં ધમાલ મચી ગઈ હતી. બૈરાંઓનાં ટોળાં ખૂણે ને ખચકે ગુસ-પુસ ગુસપુસ કર્યા કરતાં હતાં.

'અરર ! બાઈ ! આવા બૈરાંને તો ગોળીએ દેવા જોઈએ. ને આ ભાયડાઓને શું કહેવું?'

જરીક સંચળ થતાં, આંખોથી ચૂપ રહેવાની ઈશારત કરીને વળી પાછા મૂંગા મૂંગા દવાખાનાના બંધ બારણાં તરફ જોયા કરતાં હતાં.

એ દવાખાનું હતું સ્ત્રી–બાળકોનું. આરોગ્ય ખાતા તરફથી તાજું જ શરૂ થયેલું, એક કમ્પાઉન્ડર અને બે આયા, એક નર્સ ને એક ફમચવાઉ ડૉક્ટર ! ગામનું આરોગ્ય સુધારવાની પ્રવૃત્તિનો લાભ આ શેરીને પણ મળ્યો હતો.

બે કલાકથી બારણું બંધ હતું...ને શેરીમાં દેકારો વધતો જતો હતો. ચાર પાંચ નાનાં ટાબરિયાં બારીની તિરાડમાંથી કશુંક જોવા મથતાં હતાં, દેકારો મચાવતાં હતાં.

એકાએક બારણું ઊઘડી ગયું ને લાલચોળ થએલી આયા અસ્તવ્યસ્ત કપડાંને સંકોરતી બહાર નીકળી.

'શું છે? બપોરે ય જંપતા નથી!' એમ કહીને રોફભેર ચાલી ગઈ. એના પગલામાં ભયનો થડકાર અને શ્રમનો લથડાટ હતો. કમ્પાઉન્ડર પણ આ હોબાળાનો લાભ લઈને દવાખાનું બંધ કરતોક ને વાંસોવાંસ બીજી ગલીમાં રફુચક્કર થઈ ગયો.

'છે જરા ય શરમ! નફફટ!' સવિતા બોલી.

'પણ ઓલ્યો ય કેવો છે!' લખમીથી ન રહેવાયું. બૈરાંઓ બાળાબાળી પર આવી ગયાં હતાં અને દવાખાનાના બંધ બારણાંઓ એમાં કાંઈ સમજતા નહિ હોવાથી નિર્લેપ ઊભાં હતાં. એમની સ્થિતિપ્રજ્ઞતા સામે હળવો રોષ બતાવતો પવન આંચકા આપી રહ્યો હતો. એ જ વખતે કમ્પાઉન્ડરની વહુ કાખમાં છોકરું બેસાડીને શાક લેવા આવતી હતી. એને જોઈને લખમીની જીભ સળવળી:

'અલી એય કમુડી! આ તારો ધણી આંય બપોરે કોની ભદર પડ'વા દવાખાને આવે છે? ને ઓલી કમજાત આયા!'

'કંઈ કામ હશે, લખમીબેન! આપણે દવાખાનાની વાતમાં શું સમજીએ?' કહીને કમુ શાક મારકીટમાં ચાલી ગઈ.

લખમીએ કપાળ કૂટ્યું, અને સવિતા બોલી: 'આ તો સાવ વેતાબળી છે! કાંઈ અક્કલ જ ન મળે! ભગવાન આવા ભોળાને બાયડીનો અવતાર શું આપતો હશે!'

"આવા કપાતરનાં ઘર ભરવા!" લખમીએ કહ્યું, અને દૂરથી લાલજીને આવતો જોઈને ઘરમાં ચાલી ગઈ.

ꝏ ꝏ ꝏ

બપોર થઈ ગયા હતા અને સાંજ ઢળવા આવી હતી; પણ કબૂતરો હજી સુધી દેખાયો નહોતો. કબૂતરી ભૂખી ને તરસી ઈંઢ પર બેઠી હતી.

'અરેરે, અસીની જાત! ચંડ ખસતી જ નથી. આમ ને આમ મરશે તો નિસાકા મને લાગશે. એવા ભવની માગણવાળી છે કો'ક!'

નાનકડી વાટકીમાં ચણ, અને બીજી એક વાટકીમાં પાણી ભરીને લખમી અભરાઈ પર ચડી...! હશે, બાપડી ઈએ અતિથિ કહેવાય!".

એના રોજના સહવાસથી કબૂતરી ટેવાઈ ગઈ હતી, એટલે એ જરા ય ડરી નહિ. લખમીએ બે ય વાટકી કબૂતરી પાસે મૂકી. કબૂતરીએ પહેલાં એ વાટકીઓ સામે જોયું ને પછી લખમી સામે જોયું, આછો આછો ઘૂ... ઘૂ... અવાજ કર્યો. લખમીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. 'મારી સામે શું જોયા કરછ, અભાગણી!' લખમી બબડી. એક પળના એ તારા મૈત્રકમાં 'આંય મને તો ખાવા ઝેંસ, ધરમની પૂછડી!' એવી લાલજીની ગાળ લખમીના કાન સુધી પહોંચી ન શકી.

એ નીચે ઊતરી ત્યારે લાલજી પોતાની મેળે થાળી પીરસીને ખાવા બેસી ગયો હતો. હાથમાં પંખો લઈને ધણીને પવન નાખતા એ બોલી: 'હશે બિચારાં! અબોલ જીવ! આપણે આશરે પડ્યાં છે. પુરુષને શું પડી હોય સ્ત્રીની! પજોજણ તો બધી બાયડીને જ છે ને! પરુષ તો હાથ ખંખેરીને ઊભો રીયે!

લાલજીનો ગુસ્સો હજી ઊતર્યો નહોતો અને લખમીનું ધ્યાન કબૂતરી ચણતી હતી ત્યાં હતું, એટલે બે ય જણાં પોતપોતાની દુનિયામાં ખોવાઈ બેઠાં હતાં.

ꝏ ꝏ ꝏ

આછું આછું અંધારું થઈ ગયું હતું. શેરીની ધમાલ ધીરે ધીરે ઓછી થતી જતી હતી. રસ્તા પર નિર્માલ્ય પ્રકાશ પાથરવાને થાંભલાઓની બત્તીઓ ખાંગી થઈ ગઈ હતી.

એક મોટર આવીને ઊભી રહી. એક બારણા પર ટક... ટક... બે ટકોરા પડ્યા. એક કૂતરું એ જરા જેટલા અવાજથી ભડકીને 'હાઉં...હાઉં' કરતું ભાગ્યું; પ્રકાશમાં આવીને ઊભું રહ્યું... પણ કોણ જાણે કેમ, પ્રકાશથી ડરી ગયું હોય કે પછી પ્રકાશ એનાથી ડરતો હોય... તેમ પાછું એક ખૂણામાં ટૂંટિયું વાળીને બેસી ગયું.

'શશી ?'

'કોણ, દિલીપ?'

'હં!'

'શશીએ બારણું ખોલ્યું.

'કાં?'

'બધું તૈયાર છે. ચાલ...'

શશીએ બૅગ ઉપાડી. એનો ત્રણ વરસનો બાબો પથારીમાં આડો પડ્યો હતો. તેના નાનકડા હોઠ પર આછું હાસ્ય સ્થિર થઈ ગયું હતું. શશીએ તેનાં પર હાથ ફેરવ્યો... ઘોડિયામાંથી બારેક મહિનાના થવા આવેલા બીજા બાબાને રૂમાલમાં વીંટી લીધો.

'લે, ચાલ દિલીપ! મોટર લાવ્યો છે ને!'

'પણ આ બચકો ક્યાં ભેગો લીધો?'

'કોણ, બાબલો?'

'હા!'



મેં જોયે...

ચિત્રકાર: બી. પ્રભા

'ત્યારે...?'

'એનું શું કામ છે? જેનો છે એનો જ ભલે રહ્યો!'

'ને તને બીજો બાબલો નહિ મળે??!'

એક પળ શશીનું મન પાછું પડી ગયું; થઈ ગયું કે 'ના પાડી દઉં!'...પણ ત્યાં તો દિલીપ ને તેના પતિ વચ્ચેનો તફાવત એને યાદ આવ્યો. પંચોતેર રૂપરડીનો કારકુન ક્યાં ને ક્યાં લાખોપતિ દિલીપ!

એક પળમાં એણે નિર્ણય કરી લીધો... બાબલાને ઘોડિયામાં પાછો મૂકી દીધો, બૅગ ઉપાડી... ઘરને ખાલી બંધ કરીને મોટરમાં બેસી ગઈ.

મોટરના ઘરઘરાટથી પેલું કૂતરું વળી પાછું ડાચિયું કરી બેઠું... મોટર એની તુચ્છતા પર હોર્ન બજાવીને વિજયિનીની અદાથી ચાલી ગઈ. કૂતરું આવીને એની મૂળ જગ્યા પર બેસી ગયું, એક હળવી એવી બૂમ પાડીને પાછું જંપી ગયું. શેરીમાંથી કશો જવાબ એને મળ્યો નહિ.

∞ ∞ ∞

કબૂતરીના ઈંડાંમાંથી ત્રણ બચ્ચાં નીકળ્યાં હતાં...ને કબૂતરો ય હવે તો દિવસમાં બે ત્રણ આંટા મારી જતો હતો. લખમીનું કામ વધી પડ્યું હતું. હવે તો કબૂતરો રાત પણ અભરાઈ પર ગાળતો હતો... મેડા પર ફડાફડી ચાલ્યા કરતી હતી. એક વાર તો એક વાટકો બરાબર લાલજીના કપાળ પર પડેલો, ત્યારે લખમીને ય આશરાના ધરમ પર ચીડ ચડી ગયેલી ને એ અડધી રાતે ય કબૂતરાને બહાર કાઢવા મથેલી... પણ કબૂતરી આડી ફરતી હતી એ જોઈને એણે એ લપ મૂકી દીધેલી.

લખમીને હવે તો દિવસે ય તકેદારી રાખવી પડતી હતી. ભૂલેચૂકે ય કોઈ બિલાડી ઘરમાં ઘૂસી ન જાય એનું ધ્યાન રાખવું પડતું હતું. એટલે એના ઘરનાં બારણાં લગભગ બંધ જ રહેતાં અને શેરીની સભામાં એનાથી ભાગ લઈ શકાતો નહોતો. દુનિયાની ગતિ-અધોગતિના સમાચારથી વેગળી પડીને એ કબૂતરીનાં ત્રણ બચ્ચાંની દુનિયામાં ભરાઈ ગઈ હતી.

∞ ∞ ∞

'હશે ભાઈ! સમય સમયનું કામ કરે છે. કોઈ કાંઈ કાયમ બેસી નથી રહેતું. પણ મરેલાની પાછળ કાંઈ મરી જવાય છે? સંસાર ભારે દોહ્યલો છે!'

'વિચાર હોય તો કરી નાખીએ! તારી ઉંમર કંઈ એવી મોટી નથી થઈ...'

'જોઈશું!'

'જોઈશ ને બોઈશ, મારા ભઈ! આ લ્યોને મારા સાળાની જ છોકરી છે! મેટ્રિક પાસ છે... ભણેલી—ગણેલી...'

'મધુ...!'

'હવે જોઈ મધુ! પરણ્યા એટલે પડયું પાનું નિભાવવું પડે! બાકી એ મધુડીમાં હતું શું? જેને એનાં જણ્યાં! અસ્સલ મા જેવા પાકયાં છે!'

બે ત્રણ નાગાપૂગા, મેલાઘેલાં છોકરાઓ ઘરમાં થતી આ ચર્ચાને સાંભળતા હતા. મધુનું નામ આવ્યું એટલે એક ટાબરિયું હિંમત કરીને પાસે આવ્યું.

'દાદા! માલી મા કયાં છે? મધુ કયાં ગઈ? તમે પાછી લાવશો ને?'

'તારો બાપ માને ત્યારે ને! હું તો અબઘડી તારી મા લઈ આવું!'

'બાપુજી! તમે કેમ ના પાલો છો! માલી માને લઈ આવો ને!'

∞ ∞ ∞

'તું તો કાંઈ દેખાતી જ નથી?'

'રડયું કામ કેવું રીયે છે!'

'હા, બા હા! પાછા જતે જન્મારે તારે ત્રણ-ત્રણ નાનાં છૈયાં!'

'મર રે મર, વાલામૂઈ! શરમ નથી આવતી! મારે વળી નાનાં છૈયાં શીના!'

'કાં? કબૂતરીનાં જણ્યાં ઈ તારા જ ને! બીજું શું?' સવિતા હસી પડી અને લખમીથી ય હસી જવાયું.

'હા, બોન! ઓલ્યા ભવની વેણાદેણી હશે ત્યારે જ ને!'

'વેણાદેણી તો ઠીક મારી બઈ! પણ તેં કાંઈ સાંભળ્યું?'

'શું?'

'આ ઓલી શશી ભાગી ગઈ.'

'કયાં?'

'ઓલ્યા દિલીપને લઈને... ને પેટનાં જણ્યાં આંય મૂકતી ગઈ. અભાગણીને તો વાંઝણી જ રાખવી જોઈ!'

'અરેરેરે! રામ! એવી મા તો ન હોય ઈ જ સારું. ને ઈનો ધણી ય છૂટયો બલામાંથી!'

'બાપડાને નોકરી કરવી ને છોકરાં જાળવવાં... એક તો હજી ધાવણું છે!'

'શું દુનિયા થાય છે, સવલી! હેં?'

∞ ∞ ∞

'મેં સાંભળ્યું તે વાત સાચી? સુધાકર!'

'હા, અનુ! સાવ સાચી.'

'ત્યારે તો...'

'રામ રાખે એમ રહેવું. ભલું થયું...!' સુધાકર વાકય અધૂરું મૂકીને કામે લાગી ગયો. અનુ એના કાગળ ટાઈપ કરવા બેસી ગઈ.

ઓફિસના કારકુનોમાં સુધાકર વિષે ભાતભાતની ચર્ચા થવા લાગી.

'સાલો છે જ પાવલી!'

'શશી પર વધારે પડતો વિશ્વાસ રાખ્યો એનું જ પરિણામ!'

'પણ ફરિયાદ નોંધાવતાં શું થાય છે?'

'એને કોક કહોને કે, ભગતનો જમાનો ગયો, મારા ભાઈ!'

'ઓલી અનુ છે ને! લાકડે માંકડું વળગી જશે! ઘીના ઠામમાં ઘી પડશે વિના રહેશે કાંઈ! અમથી ય એની પાછળ ઘેલી છે... એનો મારગ મોકળો!'

'મૂંગા મરો, મૂંગા! જો ઓલી સાંભળી ગઈ ને...' કારકુનોમાં હાસ્યનો ફુવારો ઊડી રહ્યો. ટાઈપ કરતાં કરતાં અનુ વિચારી રહી:

'વાત વિચારવા જેવી તો ખરી! પણ એક બે વાર મેં કયાં દાણો નથી દાબ્યો! એ સતની પૂંછડીએ વફાદારીનાં ભાષણો જ આપ્યાં છે!.........ના...ના! પણ

હવે વાત જુદી છે. આજે વાત... સુધાકરનું ઘર... એનાં બાળકો...!!'

∞ ∞ ∞

કબૂતરીનાં બચ્ચાં મોટાં થતાં જતાં હતાં. કબૂતરો અને કબૂતરી બેય જણાં હવે તો બહાર ફરીને બચ્ચાં માટે ચણ લાવતાં હતાં ને ખવરાવતાં હતાં.

એક જામતા જતા સંસારને લખમી સંતોષથી જોઈ રહી હતી. એનો ય સંસાર ભર્યો ભાદર્યો હતો. ઘરમાં પરણેલો દીકરો હતો અને એની વહુનો ખોળો ભરવાનો હતો.

લાલજીને પણ હવે નિરાંત હતી. થોડા દિવસોમાં તો કબૂતરીનો સંસાર ઊડી જશે ને ઘર ખાલી થશે. એની એ રાહ જોતો હતો. સાંજને વખતે એ કબૂતરાને બહાર કાઢી મૂકવાનું કામ અચૂક કરતો હતો. ને કબૂતરીને રહેવા દઈને બારણા બંધ કરી દેતો હતો.

∞ ∞ ∞

દશેરાનો દિવસ હતો. મધુવહુનાં બાળકો લહેરમાં હતાં. તેમના બાપુ તેમને માટે જલેબી, સાટા અને ગુલાબજાંબુ લાવ્યા હતા. ફટાકડા ય લાવ્યા હતા... અને સૌથી મોટા આનંદની વાત તો એમને મન એ હતી કે એમની મા પાછી આવવાની હતી. એમના બાપુએ હા પાડી હતી. છોકરાઓ એની રાહ જોઈને જ બેઠા હતા કે, ક્યારે મા આવે અને ક્યારે એના ખોળામાં પોતે લપાઈ જાય.

∞ ∞ ∞

બપોરા ઢળતા હતા ને લખમી એની વહુને 'ખાનગી' સૂચનાઓ આપવાના કામમાં પડી ગઈ હતી. સવિતા બે ત્રણ વાર એના ઘરને ઓટલે ટહૂકો કરી ગઈ, પણ લખમીએ કાંઈ જવાબ ન આપ્યો એટલે 'નવાઈની અધરણી આવી!' એમ છણકો કરીને ચાલી ગઈ.

∞ ∞ ∞

'તારી વાત સાચી છે, અનુ! પણ હવે નહિ!'

'પણ તને વાંધો શો છે?'

'મને શો વાંધો હોય! તારા જેવી ભણેલીગણેલી સંસ્કારી યુવતી...'

'તો પછી...'

'...પણ મારો સંવનન કાળ હવે પૂરો થઈ ગયો... હવે મારે મારા માટે નહિ, મારાં આ બાળકો માટે જીવવાનું છે, અનુ! મને કોઈ સ્વાદ નથી રહ્યો...'

'હું હવે તારી એકે ય વાત માનવાની નથી. 'મારા ફાધરે' પણ હા પાડી છે. અત્યારે તારું મન ઠેકાણે નથી. કાલે વાત. હું મારા ફાધરને લઈને આવીશ!'

∞ ∞ ∞

છિસ્સ...... છિસ્સ......

લાલજી આદુ ખાઈને લાગ્યો હતો... પણ પારેવું બહાર જાય જ નહિ ને! સાંજ પડવા આવી હતી ને લાલજીનો રોજનો કાર્યક્રમ શરૂ થઈ ગયો હતો.

એણે લાકડી ઉપાડી. પારેવું ફફડાટમાં ને ફફડાટમાં બારીમાંથી નીકળવા ગયું. ત્યાં એનું માથું જોરથી સળિયા સાથે ભટકાયું. એને કળ વળે તે પહેલાં જ બહાર ઊભેલી કાળી કૂતરીએ ઠેકડો મારીને એને પાંખોથી ઝાલીને બહાર ખેંચી લીધું.

'એય... એય... એય! અલ્યા કોઈ હાંકો... કાઢો... પકડો... મારો... કૂતરી... પા...પા... પારેવું!' લાલજી બૂમો પાડતો રહ્યો.

એની બૂમો સાંભળીને લખમી હડી કાઢીને ફળિયામાંથી ઓરડામાં આવી... ત્યારે કૂતરીએ કામ પતાવી નાખ્યું હતું. જિંદગીમાં કોઈ દિવસ નહિ ને આજ સપરમે દિવસે લખમીથી બોલાઈ ગયું,

'નખ્ખોદિયા! તને ઈ શું નડતું'તું? અંતે જીવ લીધો ત્યારે રીયો ને? ભમરાળા! બે ચાર દિની ય ધીરજ નો રખાણી? જોર મને પડતું'તું. ઊભો ઊભો ચડ્યું પાડ છ, તે તારા ક્યાં ભાંગ્યા'તા? કૂતરીને મારી ય નો શક્યો...' ને પેટનું જણ્યું મરી ગયું હોય એમ એ ધ્રુસકે ધ્રુસકે રોઈ પડી. પારેવાંનાં બચ્ચાં થોડી થોડી પાંખ હલાવતાં હતાં... રસ્તામાં લોહીઆળ પીછાં ઊડતાં હતાં. ત્યાં કબૂતરો આવ્યો.

'અરે ભૂંડા! તેં તો કબૂતરીને મરાવી નાખી! બચ્ચાડીનાં બચ્ચાં રઝળી પડ્યાં.''

'મને તો એમ કે કબૂતરો...!', લાલજી બીતાં બીતાં બોલ્યો. એનામાં લખમીના વેગને રોકાવાની તો ઠીક, સામે ઊભા રહેવાની ય હામ નહોતી. લખમીની આંખો સામે કબૂતરીની તમામ તપશ્ચર્યા ને પોતે કરેલા જતન એક પળમાં પસાર થઈ ગયાં. તે રાત્રે બચ્ચાં ભૂખ્યાં સૂતાં!

લખમી વાળુ કર્યા વિના સૂઈ ગઈ.

∞ ∞ ∞

બીજે દિવસે સવારે લખમી ઉદાસ બેઠી હતી. સવિતાએ એને સમાચાર આપવા પ્રયત્ન કર્યો કે, 'મધુનો વર બીજી લાવ્યો... છોકરાંઓ કહે છે કે 'આ અમારી મા નંઈ!' શેવા ઈએ મરી નો ગ્યા!'

પણ લખમીનું મન તો નિસાસો નાખી ગયું હતું... કબૂતરો ઘરમાં આવ્યો. એની સાથે બીજી એક કબૂતરી હતી.

'હક... શેવા! એક દીથ નો રહી શકયો?' લખમી એમ બોલીને ઘરમાં આવી.

∞ ∞ ∞

'માફ કરજે! તમારી લાગણીનો જવાબ હું નથી આપી શકયો!' સુધાકર અનુ અને એના 'ફાધર'ને વળાવતો હતો.

∞ ∞ ∞

લખમીએ ઘરમાં આવીને જોયું કે કબૂતરી બચ્ચાંને ચાંચો મારતી હતી... એણે કબૂતરીને ઉડાડવા રાડારાડ કરી મૂકી. એના એ દેકારામાં છોકરાને દૂધ પાતા સુધાકરનો કકળાટ, મધુ વહુના છોકરાઓના શરીર પર પડતાં 'નવી'ના મેંદી ભર્યા હાથના ધબાકા... એ બધું તો ડૂબી ગયું, પણ ઉંબરામાં ઊભી રહીને બોલતી સવિતાના 'અરે લખમી! તારી વહુનો ખોળો ક્યારે ભરવાનો છે?' એ શબ્દો પણ ચૂંથા કર્યા વિના ઓગળી ગયા...

☆

શ્યામ તલ જેવું!

૧

તમે તો એમ કહેશો કે હું બોલું છું વિકલ જેવું
કહું છું રૂપ છે ગુલઝારની પહેલી ફસલ જેવું!

અટારીમાં ગગનની આપનું જ્યારે વદન જોયું,
અમારી આંખને લાગ્યું સરોવરમાં કમલ જેવું!

નહીં ઉપમા દઉં હું તીર કે તલ્વારની એને
નથી મેં કાંઈ દીઠું આપની આંખો ચપલ જેવું!

[illegible]થી ચાહોંશી અમારી પ્રીત તમને એમ કાં બોલો?
તમારા ગાલ પર શું છે, કહો તો, શ્યામ તલ જેવું?!

જુઓ ધરતી ઉપર તો ખૂન મારૂં એમ કહેશે કે
તમારે પીર પણ ચાલે છે કંઈ છૂપી કતલ જેવું!

શરત છે એક; લાંબી જિંદગી મારે નથી જો'તી
જીવન ટૂંકું ભલે હો; પ્રેમની અણમોલ પલ જેવું.

મિલન પહેલાં હતું કેવું જીવન એ વાત ના પૂછો,
૨
અંગતનાં પાત્ર દ્વારા કે'ક પીધું'તું ગરલ જેવું.

તમારી બાગને છોડી ગયાં ઊડી બિચારાંઓ,
[illegible] કે ગાઈ શક્યાં બુલબુલ 'જટિલ'ની આ ગઝલ જેવું!

—જટિલ

(૧) વિકલ : ગાંડો માણસ, પાગલ
(૨) ગરલ : ઝેર, વિષ

ચેતવણી

આ જિગર ઉપર કરી જખ્મો,
તમે જોતા રહ્યા છો શોખથી—
ધાર્યું નિશાન સચોટ પાડી દીધું ને!
કેવું ઝરે ત્યાં ખૂન જબરા જોરથી!
ને રંગ, શો સોહામણો!
સૌંદર્યને માણી રહો છો બે ઘડી શી હોંસથી!
ને જરીક રહી ફરી દો ઘા કરી.
આબાદ ને શાબાશ!
શી કાબેલિયત આવી ગઈ છે!
શો ખુશીનો ખેલ!
શી રસભર રમત!
બસ, વાહ વાહ!
ને આહ એકેયે વિના જેને સહેવા ઘાવ,
એ જો એટલું કહેવા ચહે
"રે આટલી તો સાવધાની રાખજો,
સાંભળજો!
કે કાળજી સાધનો સૌ
લોહિયાળાં લાલ લૂછી નાખજો.
તો......?!"

—પિનાકિન ઠાકોર

ઢળે છે સંધ્યા—ને!

ઢળે છે સંધ્યાને ક્ષિતિજ પર ચોકે કંઈ દિન,
અને બાકી મારે ખરું કરવું તે કામ જ રહ્યું.
હવે આવા ટાંચા સમય મહીં શું થે પણ શકે?
અધૂરામાં પૂરું મન મુજ એવું ગમગીન...
પડી છે ક્લાન્તિની સમય મુખપે કૈં કરચલી,
હવે થાકયો પાકયો ઊતરત ધીમે અસ્તગિરિનાં
ચઢાણોને, પેલી તરફ પીઠપે ભાર ઊંચકી,
પીઠું પાકું—કેડે વળી ગઈ—શ્વસે બે ડગ ભરી.

પીઠે લેધું પોટલું—ભપનું શું? કૈં ખબર ના,
અને લાગે એથી વજન બમણું...શાક બમણો,
વળી આજે પાછો પવન પણ પૂરો પડી ગયો,
બધે આજે વ્યાપી ગમગીની જ વાતાવરણમાં.
પ્રિયે! લાગે છે કે મનની મનમાંહી રહી જશે;
તમારા ઊંબામાં—
પણ હાશું જ દી
કૈં ન બનશે.

—ઉશનસ્

પ્રણયનું વરદાન

છે હાથ ફકીરી પણ જાણે સુલતાન પધારે છે આજે!
સર્વસ્વ મહોબ્બતને ધરવા મસ્તાન પધારે છે આજે!

કોઈના પુનિત પગલાંઓથી મુજ આંગણ પાવન એમ થયું
કે ભક્તને મન જાણે કે ભગવાન પધારે છે આજે!

હે કાળ! જરા રોકાઈ જા, બે શ્વાસ વધાર ભરવા દે,
કોઈ આ અભાગીનું કરવા સન્માન, પધારે છે આજે!

છેડી દો વીણાના તાર તમે ને સૂરથી સૂર મિલાવી દો!
હૈયાના મધુરા દર્દ લઈ કો' ગાન પધારે છે આજે!

એ આત્મની શક્તિ કેવી હશે ના ખ્યાલ કરી શકશો એનો,
જે ચરણો કાજે સિદ્ધિનાં સોપાન પધારે છે આજે!

બેચેન હૃદય જે કાજ હતું, વર્ષોથી પ્રતીક્ષા જેની હતી,
દિલ! ભાવભીનું સ્વાગત કરજે મહેમાન પધારે છે આજે!

જ્યાં ચાર નયન ટકરાયા કે ચકચૂર થઈ ઊંચી ઉઠયા,
વ્યવહારની દુનિયામાં જાણે બેભાન પધારે છે આજે!

સત્કારમાં બાકી કોઈ કસર જોજે ન રહી જાય હે જીગર!
તુજ દ્વાર ઉપર એ દિલમાં લઈ અરમાન પધારે છે આજે!

હૈયાની કુંવારી આશાઓ ફળવાની હવે તો મુકબિલ સૌ,
જીવનમાં પ્રણયનું લઈને કો' વરદાન પધારે છે આજે!

—મુકબિલ કુરેશી

સ્વપ્ન પ્રયાણ

સંભવામિ

સ્વ. હરિશ્ચન્દ્ર ભટ્ટની ભાવનાસૃષ્ટિનો વિગતે પરિચય જે રીતે શ્રી. ઉમાશંકરભાઈએ કરાવ્યો છે તે જોતાં અને 'સ્વપ્ન પ્રયાણ'ના કાવ્યલોકમાં વિહરતાં એટલું તો લાગે જ છે કે પ્રણય, પ્રકૃતિ ને ધર્મઝંખનાના પ્રચલિત વિષયોમાં જ રાચતી, આ સંગ્રહની કાવ્યસૃષ્ટિ કંઈક વિલક્ષણ તો છે જ.

પ્રણયની કવિતા અહીં છે, પણ 'કેવડિયાનો કાંટો અમને રણવગડામાં વાગ્યો રે' જેવી પ્રણય કવિતા નથી. સ્ત્રી પુરુષનાં સનાતન સંવનનોની મુગ્ધ મનોરમ કવિતા પણ અહીં નથી. અહીં જે પ્રણય કવિતા છે, તે એક રીતે વિશિષ્ટ પ્રકારની છે. ફિરંગીની રસહીનને ગોઠ્યાં ગીતો કવિની ઉત્કટ રાગેષણા અને અભીપ્સિત શ્રેયોવાંછા એ બેના સંઘર્ષમાંથી વહેતી દામ્પત્ય જીવનની કરુણાભિષિક્ત હૃદયરમણાની કવિતા અહીં છે. એમાં એક પ્રકારની સ્વસ્થતાની સપાટીથી નીચે તળમાં છટપટતી વ્યાકુળ ઝંખના છે, જે એ પ્રકારની કાવ્યરચનાઓને કરુણ મધુર કરી જાય છે.

કવિની ધર્મઝંખના પણ સાંપ્રદાયિક તત્ત્વથી પર થઈને આત્મખોજમાં પરિસમાપ્ત થઈ રહી છે. ભિન્ન ભિન્ન ધર્મોના કરુણ મંગલ વાયુઓએ કવિની સ્વપ્નભોમને એક સરખી શણગારી છે. 'ઈસુ ખ્રિસ્ત'નો મહિમા આ કવિએ વીંધાયેલા હૃદયે ગાયો છે એનું કારણ પણ આ જ છે.

કવિની બહુશ્રુતતાએ એમની ચેતનાને વ્યાપક અને ચિત્તતંત્રને સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવસંચલનોને ઝીલી શકવા સમર્થ કરી દીધાં છે. આખા ય સંગ્રહમાં કવિએ જે રીતે 'પ્લેટો', 'રિલ્કે', 'જુડાસ' આદિને યાદ કર્યા છે, તે આ જ સૂચવે છે. 'પરાજય' નામનું આ સંગ્રહનું કાવ્ય પણ આ વાતની જ સાક્ષી પૂરે છે. ભિન્ન ભિન્ન વિદેશી સાહિત્યનાં ધાવણ ધાવી ધાવીને કવિની રસખ્યાસ વિશેષ રમ્ય, વિશેષ પુષ્ટ બની રહી છે.

કવિની સૌન્દર્ય ભૂખે દેશકાળના સીમાડાઓને ઓગાળીને, મળ્યાં ત્યાંથી 'અમૃત સાગરો'ની નીકો ગુજરાતી કવિતામાં વહાવવાનું ભગીરથકૃત્ય કર્યું છે. કવિ હૃદયની એ ઉત્તમ વિશાળતા ને 'ગુજરાતી સંસ્કૃતિ'નું ઊજળું ઔદાર્ય દર્શાવી શકે.

'કોજાગિર' પણ એવી જ એક રચના છે. 'માર્યા' અને 'માન'ના હૃદયની ઊંડામાં ઊંડી, સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવકલિકાને કવિ યથાતથ ઝીલી શક્યા છે. 'પરાજય', 'કોજાગિર' અને 'ઈસુ ખ્રિસ્ત' વિષયક રચનાઓ આ સંગ્રહની એક પરમ વિશેષતા જ નહિ, પરમ ભૂષણ પણ છે.

બૉદલેર, રિલ્કે આદિને અપાયેલી ભાવભીની હૃદયાંજલિઓનું સ્થાન મહત્ત્વનું નથી એમ નહિ, પરંતુ એમાં કવિની ઉદ્બોધિત વ્યક્તિઓ પ્રત્યેની ભાવ ટપકતી, મુગ્ધ મનની લાગણીઓ જ કાવ્યત્વ પામી છે. એ મુગ્ધતા વ્યક્તિગત છે... જ્યારે વિદેશી કાવ્યોનું પુનર્વિધાન કરવામાં તો કવિના હૃદયે અજબ સિદ્ધિ દાખવી છે. દેશ અને કાળનાં તત્ત્વને ઓગાળી નાખીને કવિએ જાણે વિશ્વની એક અને તત્ત્વતઃ શાશ્વત ભાવનાઓને જગાવી, મલાવી, લડાવીને ગાઈ છે—મન ભરીને ગાઈ છે; મન વીંધીને ગાઈ છે.

'સ્વપ્ન પ્રયાણ'ની જ નહિ, ગુજરાતી કવિતાના કોઈ પણ સંગ્રહમાંથી ન મળે એવી આ વિશિષ્ટતા ગણાય. વિદેશી સાહિત્ય આયાત કરનારા કવિઓની વણઝાર નરસિંહરાવથી માંડીને આજ સુધી સતત ચાલતી રહી છે.

તેમાં હરિશ્ચન્દ્ર ભટ્ટનું જે પ્રદાન છે, તેવું કદાચ બીજા કોઈ કવિનું નથી!

એવી જ વિશિષ્ટતા પદ્ય પરના, છંદ પરના કવિના પ્રભુત્વની છે. 'કાવ્યરસ' કેળવવા માટે કલાપીનાં કાવ્યોનું મહત્ત્વ શ્રી. અ. મ. રાવળે બતાવ્યું છે. એ સાચું પણ છે; પરન્તુ છંદોની નિર્દોષતા, છંદપ્રૌઢિ, છંદમાર્દવ, છંદકેફ ને છંદઓજસ્, એ બધાંયનાં રમણીય સૌન્દર્ય માટે આ સંગ્રહ કાવ્યરસના ભોક્તાઓ માટે સારું સાધન પૂરું પાડે તેવો બન્યો છે.

એક પ્રકારની અનવદ્ય ચીકાશ, ભાવ અને ઊર્મિની કરુણતાથી ને કરુણાથી ભીંજાયેલી સૃષ્ટિ, ધરતીની જ કથા ને વ્યથા ગાતાં કાંઓની આસપાસ ઝઝૂમતું વિશાળ મહદાકાશ અને એ બેના મીલનમાંથી નિષ્પન્ન ભાવચિત્રોની આહ્લાદક સૃષ્ટિ, શબ્દઘોષમાંથી રણકતો અર્થનો મનોરમ ગુંદાલોક, દર્શનની વિશદતાભરી વ્યાપ્તિ, સંવેદનની ઉત્કટતા ને સચ્ચાઈ, એ બધું ય એમાં! 'સ્વપ્નપ્રયાણ'ની સૃષ્ટિ સહૃદયની રસતૃષાને પૂરતી માત્રામાં સંતર્પે તેવી બની રહી છે.

કાવ્યમાં વિચારોનું બળ ને વિચારોનું માર્દવ નથી એમ નહિ, પરન્તુ કવિતા ક્યાંય વિચારે ચડી નથી; વિચાર જાણે કે ભાવ હિલોળે ચડ્યો છે. ભાવોએ વિચારનું દાસત્વ નથી શોધ્યું, વિચારોએ ભાવો પાસે 'शिष्यस्तेऽहम्' કહીને પલાંઠી મારી છે. આ સંગ્રહના ચિંતનતત્ત્વનું આ વિશિષ્ટ લક્ષણ છે પુરુષાર્થની લગનીનો બુલંદ પડકાર ગાતા, 'વિલીન ગત થાવ, ભાવિ! મુજ માર્ગ ખુલ્લો કરો!' એ કાવ્ય માટે આ વિધાન જેટલું સાચું છે; તેટલું જ સાચું હરેક કાવ્ય માટે છે.

'એકલો મેદની વચ્ચે, એકાન્તે લોક ફેકલો, ફરી
નિદ્રામાં, જાગતો લોક—અંતસ્તલ ઉખેળીને!'

એ 'અનામીને' કાવ્યમાં પણ ભાવ જ અનુભવાશે.

'કાન્ત' જેવા કવિમાં ય, બધી રચનાઓમાં કાન્તનું 'હૃદય' જ અનુભવાતું નથી લાગતું. ગુજરાતી સાહિત્યમાં 'કલાપી'ની તમામ રચનાઓ બીજું ગમે તે લઈને આવતી હોય, સામાજિક પાસે કલાપીનું હૃદય સૌ પ્રથમ લઈને આવે છે. હરિશ્ચન્દ્ર ભટ્ટની કવિતા વિશે પણ આવું કહી શકાય તેમ છે.

પ્રવાહ પતિત જીવન અને જીવન વિશેની કવિની વિભાવના, એ બે વચ્ચે એક તુમુલ સંઘર્ષ પ્રગટ્યો છે. એ સંઘર્ષે કવિના ભાવનાલોકને મથી નાખ્યો છે. કવિના ભાવનાના મહાર્ણવમાં ચાલતા એ સતત મંથનમાંથી જ આ સંગ્રહનાં કાવ્યરત્નો સંભવ્યાં છે. પરિણામે કવિનું કરુણાસભર, સુકોમળ હૃદય જ આખા સંગ્રહનો આસ્વાદ્ય રસ વિષય બની રહ્યું છે. એ હૃદય સુકુમાર છે, વ્યોમને ધરા પર લાવવા ઝંખનારું છે, ફરજથી ત્રાસેલું, ને તે છતાં ય ફરજને નિંદનારું નથી, રાગથી વ્યાકુળ છે, છતાં ય રાગવિમુખ નથી, અનુભવોએ કટુ મીઠો રસ એને પાયો છે, પરન્તુ એથી તે 'किमपि न कुर्यात्'નો, અકર્મણ્યતાનો આશરો લેનારું નથી—'तस्मात् युध्यस्व भारत'નો ટંકાર ઝીલનારું છે.

પ્રણયમાં કે ધર્મમાં, જીવનમાં કે કવનમાં, બધે જ આ ટંકાર કવિએ પચાવ્યો—પચાવવા પ્રયત્ન કર્યો છે, ને રોની આંખે વધાવ્યો છે. અને એ આંસુભીની આંખે કવિએ 'સ્વપ્ન પ્રયાણ' જારી રાખ્યું છે. કવિનું આ સ્વપ્નપ્રયાણ જાણે મર્યાદાની અંકોડી કાપે ભેરવીને, પ્રણવીંધાયા હૈયાંની વેદનાનું પાથેય લઈને અનંતમાં યાત્રાએ ઊપડેલી ધરતીનું જ પ્રયાણ છે!

'કોયડા સમો હું મને ઉકલ્યા વિના રહ્યો!' એમ કવિએ આત્મખોજ કરતાં ગાયું છે, પણ સહૃદયોનો અનુભવ એથી વિપરીત છે. કાવ્યો દ્વારા કવિનો હૃદય પરિચય અણઉકેલ્યો નથી રહેતો.

'મેં જ્યારથી જીવન ભાન અનુભવ્યું છે
હૈયા મહીં સતત એક તૃષા દઝાડે.'

એમ કવિએ કહ્યું છે. કવિની ચિરતૃષા ક્યાંય પરિતોષ પામી નથી. 'કવિ, તારે કેટલાં હૈયાં?' એ પ્રશ્ન જ કવિની આ ચિર અતૃપ્ત તૃષાની સૌન્દર્ય રમણામાંથી જન્મેલો પ્રશ્ન છે. પરન્તુ કવિની તૃષા વિકૃત થઈને શાપવાણી ઉચ્ચારતી નથી થઈ. એણે હંમેશાં માંગલ્ય વાંછ્યું છે.

'કાવ્યો રહેજો જીવતર તણી કોઈની ના કમાણી,
જીવ્યા—સિદ્ધિ સહુની ફળજો, કાર્યમાં કાવ્ય શામો.'

કવિએ જીવનને કવિતા બનાવવામાં સકળ પુરુષાર્થ ખરચ્યો હતો, ને એમનું જીવન કાવ્ય બન્યું પણ ખરું. 'તારું હતું જીવિત માત્ર જ એક કાવ્ય' એમ કહી શકાય એવી સ્થિતિ તો છે જ, પરન્તુ 'પ્રણયે શાન્ત જ શ્રેષ્ઠ છે' એવું કહેનારા આ કવિનું કાવ્ય કરુણ પર્યવસાયી જ બન્યું. કવિના જીવનકાવ્યની આ કરુણતા સહૃદયોને રસાનંદ આપે, કવિને તો 'કાળ વિષ' જ પાય.

એમનું જીવનકાવ્ય ક્રૌંચીના જીવનસૌભાગ્યસુખની જેમ જ તમસાતીરે નંદવાયું...!

વિશ્વાત્મનું માનવ્ય મ્હોરાવતા આ કવિની કવિતાનો પરિચય આમ કરુણ મંગલે છે. જીવનની કઠોર વાસ્તવિકતાના અનુભવમાં પણ સત્ પિપાસાથી ધબકતા એક કોમળ આત્માની, કલ્પનામાં નહિ જીવવાની ખુમારી, સ્વ-ભાન, અનંત રસ-તૃષા, Vastness of life and Nature ના અનુભવે અગ્રસર થઈ હતી. શરવિદ્ધ વાલ્મિકિ-શો, સહુના સમર વધાવતો, જગતમાં ધૂમરેખ જેવા યાત્રિ સમો, આ કવિ ઈસુ માટે જે ઉચ્ચારે છે તે એના પોતાના માટે પણ કેવું સાર્થક લાગે છે!—

"તેં વ્યથા જગતના કંઈકની
લે ધર્યો મુકુટ કંટકો તણો."

મુક્તકરચનાઓ, ઊર્મિકાવ્યો, ગીતો, વિચારઘન કાવ્યો, પ્રસંગકાવ્યો, કથાકાવ્ય, ખંડકાવ્ય આદિ કાવ્ય પ્રકારોને ન્યાય આપતો આ સંગ્રહ વસંતતિલકા, મંદાક્રાન્તા, સ્રગ્ધરા, માલિની, પૃથ્વી, હરિણી, શિખરિણી આદિ છંદોનું વૈવિધ્ય પણ સારું બતાવે છે.

અલંકારોની ચારુતા, ઉક્તિ વૈચિત્ર્ય, કલ્પનાની ઉડ્ડાન અને એ બધાં કરતાં ય કવિની સરળતાથી અભિવ્યક્ત થઈ રહેલી કાવ્યાત્મક ઉક્તિઓ આ સંગ્રહનું સાચું સૌન્દર્ય ગણાવું જોઈએ.

'रसात्मकम् वाक्यम् काव्यम्' એ કાવ્યની વ્યાખ્યાનો સબળ પરિચય હરિશ્ચન્દ્રનાં કાવ્યોમાંથી મળી રહે છે. 'I have no ambition to be claimed a poet.' એમ કવિએ તો કહ્યું છે, પરન્તુ હરિશ્ચન્દ્ર ભટ્ટ એક સાચા કવિ છે એમ કબૂલ્યા વિના રહેવાય તેમ નથી. આ સંગ્રહમાં કાવ્યાકારની સુરેખતાનો અભાવ ને અન્ય કલાગત દોષો નથી એમ નહિ, પણ સાચી કવિતા તો છે જ.

☆

"ગીતના ભમરા"

આ કાવ્ય ભાઈશ્રી સુરેશ દલાલનું છે.

નામ મૂકવાનું રહી ગયા બદલ અમે ક્ષમાપ્રાર્થી છીએ.

નયનો ચૂમે

આ નયનો તુજને ચૂમે,
નજર ઊડતી પતંગ જેવી, તારી ફરતી ઘૂમે
આ નયનો તુજને ચૂમે.

તારા મુખ પર શરદ ચાંદની, સ્મિત લહરે જે ખીલી,
રોમ રોમ રમણીયતા સાથે નજરો લેતી ઝીલી.
તારી રૂપ ધરતી પર મારા નયન તારકો ઝૂમે
—આ નયનો તુજને ચૂમે.

અંગ અંગથી નીતરે તારી સહજ છટા જે છાની
પાથરતી પદ પદ મખમલિયાં ગુલાબ તારી પાની.
હવા મહીં તારી હલચલથી, લાવણ્યો શાં લૂમે !
—આ નયનો એ સી ચૂમે.

આઘેથી આલિંગે તુજને આંખ હમેશાં મારી
સરળ સુકોમલ લજ્જા ઢળતી, સહજ પાંપણે તારી
પુલકારોનાં પલ્લવ પ્રકટે મારાં અંતર ઝૂમે
—આ નયનો તુજને ચૂમે.

—મીનપિયાસી

તેં

(મિશ્ર ઉપજાતિ)

તેં સાંજની ધૂસર મૌન કેરી
પીંછી પરે રંગ લઈ જરાક
જે રેખ આંકી...

દગપાત્ર માંહે

નિદ્રા તણું કજ્જલ આંછું લાલ
મેં કાલવ્યું ને ભરરાત એથિ
ઘૂંટયા કરી રેખ...

આખંડબિબા.

લસી રહી આકૃતિ રક્તિમાભ
ધાર્યે જતી કૈં નમણી છટાઓ
કો' રાગિણીથી......

સ્વરદોલ ઓનો

ચગ્યો ચિદાકાશ ભરી અશેષ,
લ્હેરાયું જાણે તવ ઉત્તરીય!

—રફીન્દ્ર શુક્લ

શીલા

સકલચંદ શાહ

પુસ્તકનાં પાનાં ફરતાં હતાં. શીલા વાંચતી હતી.

"બાર વર્ષ સુધી મેં રાહ જોઈ. બાર વર્ષની આ ચાર હજાર ત્રણસો ને બાર રાત્રિઓ આવી, આવી અને ગઈ. મેઘધનુષના રંગોની જેમ જીવનમાં ઉમળકાઓ પણ આવ્યા, આવ્યા અને ગયા. બાર વર્ષના આ લાંબા ગાળામાં કેટકેટલી ઘટનાઓ બની ગઈ? બા, બાપુજી માંદા પડ્યાં... ગુજરી ગયાં. ભાઈ પરદેશ ગયો. પરદેશથી ભાભી લઈ આવ્યો... હું અહીં આવી ત્યારે એમની સ્થિતિ કેવી હતી? અને આજે? આજે રાજરાણીની સાહ્યબી ભોગવી રહી છું... પણ... પણ... સાચું કહું તો, આ ચાર હજાર ત્રણસો ને બાર રાત્રિઓ ને દિવસોમાં એક પળ પણ એવી નથી વીતી, જ્યારે મને મોહન યાદ ન આવ્યો હોય......"

શીલાના હાથમાંથી પુસ્તક પડી ગયું.

બાર વર્ષ પહેલાંની સ્મૃતિઓ જાગી પડી.

વડલાની મીઠી છાંયમાં મોહન અને શીલા મળતાં. ઊજળા ગામમાં શીલા ને મોહનની જોડી રાધાભક્તિનો નમૂનો લેખાતી.

ત્યાં જ કીર્તિકાન્ત ધીમે ધીમે ઓરડામાં આવ્યા ને શીલા પર એક દ્રષ્ટિ નાખી નીચે જોઈ ગયા. શીલા પૂતળાની જેમ ખુરશીમાં જડાઈ ગઈ હતી. પગે આગળ પુસ્તક પડ્યું હતું. પાનાં સામેથી આવતા પવનને લીધે સરકી રહ્યાં હતાં.

કીર્તિકાન્તે પુસ્તક હાથમાં લીધું ને બોલ્યા;

"કેમ, ઠીક નથી કંઈ?"

શીલાના જીવમાં જીવ આવ્યો.

"ઓહ, હું ય કેવી ગાંડી છું? કેટલું બધું કામ પડ્યું છે?" અને એ ઊભી થઈ ગઈ. બે ડગલાં આગળ ચાલી અટકી ગઈ. પાછા ફરી ને બોલી: "પછી તમે દવા પી લીધી કે નહિ?"

કીર્તિકાન્ત શીલાને જોઈ રહ્યા.

"દવા? દવા પી પીને તો હવે કંટાળી ગયો છું. પણ શીલા......" એ અટક્યા ને ઉમેર્યું: "દવા તો હવે તારે લેવાની જરૂર દેખાય છે, જોતી નથી—દિવસે દિવસે કેવી સુકાતી જાય છે?"

શીલા હસી પડી.

"મારે દવા નથી લેવી." ને એ આગળ વધી ગઈ.

કીર્તિકાન્ત ખુરશીમાં બેઠા. સરખી રીતે બેઠા ને શીલાના હાથમાંથી પડી ગયેલ પુસ્તકનાં પાનાં ઊથલાવવા લાગ્યા. એક...બે...ત્રણ...ચાર...ને એમની નજર અટકી ગઈ.

શીલાની જેમ એ ય વાંચવા લાગ્યા.

"અને પછી તો જે બનવાનું હતું તે બનીને જ રહ્યું. જીવનમાં ક્યારેક એવા એવા અકસ્માતો બને છે કે, માનવીની કલ્પનામાં એ આવી જ ન શકે. જિંદગી પણ કેવા કેવા અકસ્માતોનું ચિત્રણ કરતી હોય છે...? ...મોહન અને શીલા, બંનેને મનમેળ હતો...જો એક થઈ જાય તો, જિંદગી એકરૂપ બની જાય...એક ઉપવન બની જાય!... પણ એવું ન બન્યું ને શીલાને બીજે પરણવું પડ્યું અને તે ય એક એવા માણસ સાથે, જેની જિંદગીના થોડા શ્વાસો જ હવે બાકી રહ્યા હતા. હા, એની પાસે પૈસો હતો, વેપાર હતો, ઘણું ઘણું હતું પણ શીલાને જે જોઈતું હતું એ જ ન હતું."

શીલાને જે જોઈતું હતું એ જ ન હતું—હા—એ જ ન હતું—સ્વગત બોલતા હોય તેમ કીર્તિકાન્ત લવી ગયા, ને હાથમાંથી પુસ્તક પડી જશે એમ લાગતાં એ ઊભા થઈ ગયા. ઊભા થઈને ધીમે ધીમે બાજુના કબાટ આગળ ગયા ને પુસ્તકને કબાટમાં, બીજા પુસ્તકોની સાથે મૂકી દીધું.

પ્રતીક્ષા : સપ્ટેમ્બર, ૧૯૬૪

સમય વીતતો હતો.

શીલાના રૂપ ને મિજાજની તીખાશ જરા યે ઓછી થઈ નહોતી. વયના વધવા સાથે પણ એના હૈયાને ખૂણે જે અજંપો સંતાઈ ગયો હતો એ કેમે ય ત્યાંથી ખસવા તૈયાર નહોતો—જાણે જિંદગીભરનું લેણું લીધા વગર એ જવાનો જ નહોતો! અને કીર્તિકાન્તની મૂંઝવણ વધતી જતી હતી.

એ જ દિવસોમાં ડોકટરોએ કીર્તિકાન્તને કહી દીધું: " શેઠજી, રહી સહી જિંદગીની મજા લૂંટવી હોય તો લૂંટી લો. કુદરતનું સાનિધ્ય મળશે, જીવતરના શ્વાસ થોડો વધુ સધિયારો આપી રહેશે. પૈસો છે, સગવડ છે, નોકર ચાકર છે, ને હરવાફરવાનાં ઘણાં યે સ્થળો છે."



દેહલગ્ન

ચિત્રકાર : કું યાસમીન બેગ

કીર્તિકાન્તે માની લીધું કે હવે બહુ થોડી જિંદગી માણવાની છે તો, એમાં જરા યે ઊણપ ન રહી જવી જોઈએ. એટલે એમણે શીલા સાથે કાશ્મીરનો પ્રવાસ ગોઠવ્યો.

કાશ્મીર!

કુદરતના રૂપનું નકશીદાર પ્રતીક!

હરિયાળી હિલોળા લેતી હોય ને પુષ્પોના મઘમઘતા ઉપવનની મહેંક દિલને તર કરે, ત્યાં જિંદગીની પળો કેટલી સુખદ ને સ્વપ્નશીલ બની જતી હશે!

કીર્તિકાન્ત ને શીલા સમજી સમજીને જિંદગીના લહાવા લૂંટતાં હતાં. કીર્તિકાન્ત થોડા દિવસો માટે જિંદગીને આશાયેશ આપતા હતા. શીલા એ દિવસોને એટલા માટે ઊજવતી હતી કે, આવનારા ભવિષ્યમાં એ સ્વપ્નશીલ સ્મૃતિઓ-થોડુંક ભાથું બની રહે.

એક ઢળતી સાંજે કાશ્મીરે જાણે ગુલાબનો ચંદરવો ઓઢ્યો હતો. ઢળતી સાંજ હતી ને સુગંધનો મેળો ઊભરાયો હતો.

કીર્તિકાન્ત અગાશીમાં હતા, શીલા ત્યાં આવી. જોયું તો, આકાશના તારા ગણતા હોય એ રીતે કીર્તિકાન્તની નજર ઉપર મંડાયેલી હતી. શીલા આવી એની પણ એમને ખબર ન હતી. શીલાએ કીર્તિકાન્તના ઉચાટને ઓળખી લીધો ને ચુપચાપ કંઈ પણ બોલ્યા વગર એ પાછી ફરી ગઈ.

એકલી પડતી ત્યારે એ પુસ્તકનાં પાનાં ઊથલાવતી. અત્યારે પણ એને પુસ્તકનો જ સહારો લેવો પડ્યો.

"ને એક દિવસ, અચાનક શીલાને મોહન મળી ગયો. એકલો એકલો એ ભટકતો હતો... લઘરવઘર... જાણે હજાર હજાર વર્ષનો ભૂખ્યો, કરોડ કરોડ વર્ષનો તરસ્યો... એની આંખોનાં કોડિયાં ઊંડાં ઊતરી ગયાં હતાં. ભટકતો ભટકતો એ એક ઘર પાસે આવી ઊભો રહી ગયો... ઉપર શીલા ઊભી હતી... શીલા... હા... શીલા ઊભી હતી. એનાથી ચીસ નંખાઈ ગઈ—શીલા... શીલા... શીલા...! શીલાની નજર નીચે ઊતરી ગઈ... ઓહ... એક આંચકો આવ્યો... માંડ માંડ એ બારીના સળીયાને પકડીને સ્થિરતા જાળવવા મથી રહી. પણ...ન

એનાથી બોલી શકાયું...ન એનાથી નજર ખેંચી લેવાઈ... ને... ને... કંઈ બની જાય એ પહેલાં જ એ ઢળી પડી."

થોડી વારે કીર્તિકાન્ત અંદર આવ્યા ને જોયું તો શીલા ચત્તીપાટ પડી હતી. બાજુમાં જ પેલી નવલનાં પાનાં ઊડાઊડ કરી રહ્યાં હતાં. એમની નજર પુસ્તકના એક ઉઘાડા પાના પર પડી, ને એ ય જાણે આંચકો ખાઈ ગયા!

કુદરતના નિયમોનું પાલન થઈ રહ્યું હતું કે સમાજના સુકર્મોનો હિસાબ લેવાઈ રહ્યો હતો તેની તો ખબર નથી, પણ એક દિવસ, જે પળ ભજવાવાની હતી, તે ભજવાઈ ગઈ--માનવીની ભવાઈનો છેલ્લો પડદો ઊંચકાઈ ગયો ને મોજ માણવા આવેલા કીર્તિકાન્તના હૈયામાંથી એક બોલ સરી પડ્યો:

"શીલા, હવે આપણે પાછા જઈએ તો?"

"જેવી ઈચ્છા. મને ય હવે અહીં નથી ગમતું." એ બોલી. બીજે જ દિવસે એમણે કાશ્મીર છોડ્યું.

ટ્રેઈન એની રફતારે ચાલી રહી હતી. સ્ટેશનો એક પછી એક જતાં હતાં. એક સ્ટેશને ગાડી ઊભી રહી. થોડી ભીડ ઘટી, થોડી ભીડ વધી. એનો કોલાહલ શાંત થાય તે પહેલાં જ શીલાના ડબ્બામાં એક માણસ ચઢી આવ્યો. શીલા એને જોતાં જ હેબતાઈ ગઈ... એ મોહન હતો... એનો મોહન... એક વખત બીન બનીને જેના હૈયામાં ગુંજવાના કોડ સેવ્યા હતા, જેની કીકીઓમાં સાપોલિયાં જોયાં હતાં—જેના ધબકારે ધબકારે જીવતરનાં જાજરમાન શમણાં ભોગવવાં હતાં... એ મોહન... અત્યારે... આ હાલતમાં... શીલા બારી બહાર જોઈ ગઈ. પણ કાળની લીલા કહો તો લીલા... વીધીની વક્રતા કહો તો વક્રતા—જે નામ ઉપનામ આપવું હોય તે આપો—પણ એ એના લખેલા નિર્માણને નભાવીને જ રહે છે.

ટ્રેઈન ચાલુ થઈ ને શીલાએ મોહનની સામે જોયું. એ બે ચાર મળી ને ગઈકાલની સ્મૃતિઓના આગળા ખૂલી ગયા. વાતો ન થઈ, છતાં ઘણી ઘણી વાતો થઈ ગઈ. આંખો ઢળેલી હતી, પણ પાંપણોની પગથારે કીકીઓ છાનગપતિયાં કરતી રહી ને શીલા મોહનમય બનતી રહી.

મોહન-એનો મોહન-એનો આરાધ્ય દેવ—એનો દેવતા-એનો પાથિક-એનો આત્મા-એનો પરમાત્મા!!!

∞ ∞ ∞

કીર્તિકાન્તની છેલ્લી પળો મૂંઝવણભરી હતી મિલકતની વહેંચણી જરા મુશ્કેલીભરી હતી. વહેવાર-કારોબાર મોટો હતો, એનું નિવારણ જરા અવળું સવળું હતું. પણ મોવડીઓ, મુરબ્બીઓ ને ધારાશાસ્ત્રીઓના સાથ સહકારે બધું પતી ગયું.

ને એક સાંજે, આત્મા ઊડી ગયો.

સુખી ઘરના મોવડીનું મોત પણ ક્યારેક ઉજવણું બની જતું હોય છે—ને થોડા જ દિવસોમાં, જાણે કીર્તિકાન્ત ભુલાઈ ગયા!

પણ શીલા?

યુવાની.

યુવાનીના ઓરતા.

ને કાશ્મીરથી પાછા ફરતાં મળી ગયેલો મોહન.

લાખ લાખ કલ્પનાઓ શીલા કરતી રહી ને એ કલ્પનાના ઘોડાઓ મોહનની પીઠ પર સવાર થઈ ગયા.

એક રાતે મોહન આવ્યો.

આવ્યો. બેઠો. વાતો કરી. વાતો એવી રીતે કરી કે જાણે એ રોજ શીલાને મળતો હતો!

શીલાએ પૂછી નાખ્યું, "મોહન, પરણ્યો કેમ નહિ?"

મોહને જવાબ ન આપ્યો. ફરી વખત શીલાએ પૂછ્યું ત્યારે એણે માત્ર આંખો જ ઊંચી કરી—શીલાની આંખ સાથે આંખ મેળવી ને શીલા એનો જવાબ સમજી ગઈ.

"તો શું હજુ યે તું..."

મોહન ઊભો થયો. બે ડગલાં ચાલ્યો ને પાછો ફરી બોલ્યો: "શીલા, એક વાત કહી દઉં. હું જિંદગીભર પરણવાનો જ નથી, અને પરણીશ તો......" એ અટકી ગયો.

"પૂરું કરી જ નાખ ને... બોલ... બોલી નાખને..." શીલાથી સહ્યું ન ગયું.

"કહ્યા વગર પણ, જે સમજી શકાય છે, એને શબ્દોથી મઠારવાની કોઈ જરૂર છે?"

શીલા સ્તબ્ધ બનીને મોહનને જોતી રહી ગઈ, અને મોહન ચાલ્યો ગયો.

એકાદ માસ પછીની એવી જ એક સાંજે શીલા ને મોહન મળી ગયાં. સાંજ ગુલાબી હતી. વાતાવરણ મોહક હતું.

"શીલા આપણે ભાગી જઈએ તો...?"

"તો... આપણે બંને સુખી થઈ શકીએ, નહિ?"

પ્રશ્નનો જવાબ કોઈએ ન આપ્યો. પણ જે પ્રશ્ન અચાનક કાળજેથી સરી પડયો હતો, એનો ઉત્તરાર્ધ બંનેએ ભાગી જવાના નિર્ણય પર આવીને જ પૂર્ણ કર્યો.

"તો પછી હું..."

"હા, હું તૈયાર છું. તું કહે ત્યારે... પણ એ પહેલાં થોડાક વધુ દિવસોની રાહ જોવી પડશે."

"કેમ?"

"એમનું તર્પણ થઈ જાય... પછી... જે જીવે મને જાળવી છે, એક વખત એનું લેણું પૂરું થઈ જાય--પછી આપણે......"

મોહન ઊભો થઈ ગયો. શીલા એની પ્રવૃત્તિમાં પડી ગઈ.

થોડા દિવસો પછી શીલા ખૂણો મૂકવાની હતી. બાળ વિધવા હતી એટલે 'વેશ' પણ રાખવાની હતી.

oo

કાળની લીલાનો એક નવો જ નાટારંભ જાણે ભજવાઈ રહ્યો હતો! પાત્ર એક જ હતું, પણ પળે પળે ભાવોની અભિવ્યકિત બદલાતી હતી.

જિંદગી પણ કેવા કેવા ભાવોનું મિશ્રણ છે?

પંદર દિવસ પૂરા થયા. ખૂણો મુકાઈ ગયો. ક્રિયા કરમની આડ ઓથે શીલા બહાર જતી આવતી થઈ.

એક વહેલી સવારે મોહન આવ્યો. ને એક રાતે —રાતની જરૂર ન હતી—દિવસે પણ એ ભાગી જઈ શકતાં હતાં—પણ રાત્રે જ ભાગી જવાનું નક્કી કર્યું, જાણે કુકર્મો કરવા માટે રાતને જ બદનામ થવાનું લખાયેલું ન હોય!

"તો તું કાલે આવજે... પાછલે દરવાજે ખૂણા પાસે ઊભો રહેજે... બારણે ટકોરા મારજે... ચોથે ટકોરે જવાબ ન મળે તો બારણું ઉઘાડીને અંદર આવજે... હું તૈયાર જ રહીશ."

મોહન ચાલ્યો ગયો. શીલા આખી રાત આડે જે જે વિચારવાનું હતું—જે જે કરવાનું હતું—તેનામાં એકલીન થઈ ગઈ. કામ જાણે પૂરું થઈ ગયું છે તેમ લાગતાં એણે પેલી નવલકથા ઉઘાડીને છેલ્લું પ્રકરણ વાંચવા માંડયું. મનમાં એક જિજ્ઞાસા જાગી કે કેવા અંત સાથે વાર્તાકારે એ વાર્તા પૂરી કરી છે.

લખ્યું હતું:

"એક રાતે મોહન નક્કી કરેલા સમયે આવી પહોંચ્યો. મધરાતનો સુમાર હતો. ચારે બાજુ અંધકાર હતો. થથરી જવાય એવું વાતાવરણ હતું......પણ પ્રેમીઓ કોઈનાથી ડરતા નથી..."

જાણે થાક લાગતો હોય એમ શીલાને લાગ્યું, ને એણે વાંચવું બંધ કર્યું. છેલ્લું પ્રકરણ મોહન સાથે ભાગી ગયા પછી જ પૂરું કરવાનું પણ મનોમન વિચારી લીધું ને એ સૂઈ ગઈ.

સવાર પડયું.

બપોર નમ્યા. પછી રૂમઝૂમ પગલે રાત આવી પહોંચી. લાખ લાખ વરસોમાં પણ આવી રાત નહિ આવી હોય! નાચતી, નમતી, હસતી, ઢળતી... શીલાનાં અંગે અંગમાં નર્તન હતું... બે વાર બારીએ ડોકાઈ લીધું... બારણે જઈને જોઈ લીધું... ધીમેથી બારણું અડકાડીને રાખ્યું હતું... મોહન આવીને ટકોરા મારવાનો હતો... એક, બે, ત્રણ... ચાર... ને ચોથે ટકોરે... ચોથે ટકોરે બારણું ઉઘાડી એ અંદર આવવાનો હતો...ને પછી... ગુલાબી દુનિયાનું બિલોરી રૂપ એના કદમોમાં ખેલકૂદ કરવાનું હતું.

પણ ત્યાં જ!

આ શું?

શીલા ચોંકી ઊઠી... બાજુના જ ઘરમાંથી કોઈ નાના બાળકનો અવાજ આવી રહ્યો હતો...એ અવાજ ચીખતો જતો હતો... ઉતાવળો થતો જતો હતો... રુદન વધતું જતું હતું... બાળક બેબાકળું બનીને બોલતું જતું હતું. મા, મા, મા...ને ચોથી વખતે તો બાળકથી રહેવાયું જ નહિ... એનાથી બોલાઈ જવાયું: "મા, તું ક્યાં જતી રહી છે? કેમ બોલતી નથી?"

શીલાના રોમ રોમ પર વીજળીઓ તૂટી પડી. એનાં અંગે અંગમાંથી પાણીની શેરો ફૂટી નીકળી... જાણ્યે અજાણ્યે એના પેટ પર એની દશે ય આંગળીઓ ફરી વળી. પેટ જાણે પોચું પોચું લાગતું હતું... ગાભા જેવું... મુલાયમ...ને? ને!

"આ શું?" એનાથી બોલાઈ જવાયું,

"ભ્રમ... સત્ય... શું..." શીલા કલ્પી ન શકી.

સોળે કળાએ મોરલો નાચી ઊઠ્યો.

"ના, ના, ના. એ તો ગયા... પણ પાછળ મૂકતા ગયા છે તેનું શું? હું બે મહિનાથી તો... નાહી પણ નથી." એને લાગ્યું કે બાજુના મકાનમાંથી અવાજ નથી આવતો, પણ એનું જ પોતાનું કોઈ એને પોકારી રહ્યું છે! એનો દીવડો એને ઝગમગાવી રહ્યો છે ને એનાથી જવાબ અપાઈ ગયો.

"હું ક્યાંય નથી ગઈ, દીકરા—અહીં જ છું."

બારણે ટકોરા પડતા હતા.

એક, બે, ત્રણ...ને? પણ ચોથો ટકોરો પડે રહે ને મોહન અંદર આવી પહોંચે, એ પહેલાં જ શીલા ઊભી થઈ ગઈ અને ઉઘાડો રાખેલો આગળો જોરથી ભીડી દીધો.

પેલી નવલકથાનું છેલ્લું પ્રકરણ, જે ભાગી નીકળ્યા પછી વાંચવાનું નક્કી કર્યું હતું, તે વાંચવાની શીલાને જરૂર નહોતી.

વાર્તાકારે ગમે તે,અંત કલ્પ્યો હોય—વીધિએ જે અંત નિર્માણ કર્યો હતો, એ શીલાને મંજૂર હતો.

☆



રેતી નિયમિત સમય કરતાં આજે ત્રણ કલાક વહેલી ઊઠી. આંખો ચોળી ઘડિયાળમાં જોયું. સાત વીસ અને દોડી જતો સેકન્ડનો કાંટો. બગીચામાં આવી, પશ્ચિમની નિશાળ તરફ નજર ફેંકી. વહેલી સવારના વર્ગો હજુ શરૂ થયા નહોતા. બાળકો ઘંટારવની રાહ જોતાં કમ્પાઉન્ડમાં જ ટહેલી રહ્યા હતાં—ભટકી રહ્યાં હતાં, ઊછળકૂદ કરી રહ્યાં હતાં. તેમના દેહમાં પ્રભાતની પ્રફુલ્લતા હતી. પૂર્વ દિશા તરફ દૃષ્ટિ કરી. સૂર્યનાં મૃદુ કિરણો ધુમીલ વાતાવરણને ભેદતાં, દૂરના પહાડની ટોચ, વૃક્ષો અને મકાનની છત પર આછો પ્રકાશ વેરતાં હતાં.


ધૂળમાં રમતાં પક્ષીઓનો કલબલાટ કાને પડયો-ગમ્યો.

ઠંડક સાથે તાઝગી અનુભવતા રેતીએ રાતરાણીના છોડ પરથી ઘરડાં થઈ ગયેલાં ત્રણ ચાર પીળાં પત્તાં દૂર કર્યાં. ઝૂકી પડેલી વેલને લાકડી સાથે બાંધી સ્થિર કરી અને પૂર્ણરૂપે ખીલેલાં બે કોમળ ગુલાબ ચૂંટી લીધાં. જમણા હાથના અંગૂઠામાંથી રક્તનું એકાદ ટીપું ઉપર આવી જામી ગયું. ફૂલ સાથે કાંટા પણ હોય છે, એ વાત આજે તે વીસરી ગઈ હતી.

બન્ને ફૂલોની દાંડીઓ છોલી, સાફ કરી એ ખંડમાં પ્રવેશી. ફરસ પર પથરાયેલી કાર્પેટ ઉપર ભૂખરા સફેદ રંગની ચાદર પડી હતી—મુલાયમ રુંવાટીનું રક્ષણ કરતી. રેતીએ ચાદર ખેંચી. જાંબુડા ફૂલો વાળી મેક્સિકન કાર્પેટના રંગો ચમકી ઊઠયા. ખંડમાં જુવાની આવી ગઈ.

એકાએક ઘંટારવ ગુંજી ઊઠયો. રમત, વાતો, મજાક અધૂરી છોડી બાળકો એક સાથે દોડયાં. એક ઘોંઘાટ, એક શોર, એક હંગામો એ પણ ગમ્યો. આજે સર્વ

આબિદ સુરતી



કંઈ ગમતું હતું. મકાનથી થોડે દૂર ડામરની સડક તૈયાર કરતાં મજુરોના મશીનનો ગડગડાટ, કાચી સડક પર ધૂળના-પરેશાન કરતાં, ગોટા છોડી પસાર થઈ જતી કાર, દૂર ઝગડતા કૂતરાનું આક્રંદ—સર્વ કંઈ ગમ્યું.

રેતીએ કબાટ ખોલ્યું—આજના દિવસ માટે કાળજી પૂર્વક સાચવી રાખેલી સાડી, તકિયાની બે ખોળ અને પલંગની ખુલ્લા નારંગી રંગવાળી ચાદર કાઢી કિચન તરફ દષ્ટિ કરી. આયા દષ્ટિગોચર ન થઈ. બાથરૂમ તરફ જોયું. ધીમા પરંતુ ઉત્સાહિત અવાજે સાદ દીધો.

'રોઝી......'

આયા બાલ્કનીમાંથી દોડી આવી.

'શું કરે છે?'

આયાએ હાથમાં પકડેલું ભીનું કપડું ઊંચું કર્યું.

'અચ્છા, અચ્છા...' રેતીએ કહ્યું, 'બારીબારણાં ધોવાઈ જાય પછી તકિયાની ખોળ અને પલંગની ચાદર બદલી નાખજે.'

પછી બેડરૂમમાં આવી ડ્રેસીંગ ટેબલ સામેના નાનકડા સ્ટૂલ પર બેસી ગઈ. આંખો આઈના પર સ્થિર કરી. સહેજ હસી. પ્રતિબિંબ ખૂબસૂરત લાગ્યું, મસ્ત લાગ્યું-પહેલી રાતની દુલ્હન જેવું. એમાં થનગનાટ હતો, થરથરાટી હતી, જિજ્ઞાસા હતી અને સાથે થોડીક નફ્ફટાઈ પણ.

ગઈ કાલે સાંજે "ટ્રીમ" કરાવેલા વાળમાંથી તેણે ચીપિયા ખેંચી કાઢયા. હળવે હાથે ઉપર કાંસકી ફેરવી. રાત્રે સહેજ દબાઈ ગયેલાં "કર્લ"ને ઠીક કર્યા. ચહેરા સાથે આંખો ત્રાંસી કરી વાળની સળવટને આઈનામાં જોઈ લીધી. ફક્ત ગુલાબનાં બે ફૂલો ગોઠવવાની જ ખામી તેને મહસૂસ થઈ.

['બાળકો' સામેની દિશામાંથી ફૂંકાતા પવનની લહેરીઓ સાથે શિક્ષકનો અવાજ અંદર સુધી ફેલાતો હતો, 'પ્રતીક્ષા વિષય પર વધુમાં વધુ ગુણ સુમતીના નિબંધને મળ્યા છે—વીસમાંથી અઢાર. તમે એ સાંભળવા ઈચ્છો છો?'

'હા-આ-આ-આ-આ' બાળકો એકી સાથે બોલી ઊઠયાં.]

આયા ચાની ટ્રે લઈ આવી અને ડ્રેસીંગ ટેબલના કાચ પર કપને મૂકી દીધો.

'બાઈ, નાસ્તો તૈયાર કરું?'

રેતીએ હસીને ના પાડી. આજે એની પાસે બહુ ઓછો સમય હતો. આજે એને ઘણી તૈયારીઓ કરવાની હતી.

ડ્રેસીંગ ટેબલનું ખાનું ખોલી એણે 'બ્યૂટી પેક'ની શીશી હાથમાં લીધી. તેના પાવડર જેવા પદાર્થમાં થોડું પાણી ભેળવી પેસ્ટ તૈયાર કર્યું, અને મૃદતાપૂર્વક ગાલ પર ચોપડવા લાગી. ટૂંક સમયમાં ચહેરાની સપાટી પર એક પાતળું પડ જામી ગયું—ત્વચા પર તાઝગી અને ઠંડક ફેલાવતું.

આયા ચાનો ખાલી કપ લેવા પાછી આવી. રેતીને એકાએક યાદ આવી ગયું કે, કોઈક દિવસ "બેડ-ટી" સહેજ મોડી થતાં તેનો ગુસ્સો હાથથી જતો. એ ચીસો પાડી આયાના સાતે ખાનદાનને કબ્રસ્તાનમાંથી ઉઠાડતી, પછાડતી, ઉઠાડતી-અને આજે? ચાનો કપ આંખો સામે હોવા છતાંએ એનું ધ્યાન એ તરફ ખેંચાયું નહોતું. એ ઠંડી ચાને એક જ ઘૂંટડે ગટગટાવી ગઈ. આયા એને ચકિત નજરે જોઈ રહી.

['પ્રતીક્ષા'નો વિષય ભારે છે. સુમતીએ વાંચવાની શરૂઆત કરી, 'છતાં એ મને પ્રિય છે. કારણ કે હું પ્રતીક્ષા કરું છું—એક રાજકુમારની. તેની પાસે ઉડણ ખટોલાનો મંત્ર છે. ઉડણ ખટોલા પર તે ભટકે છે, ઉડણ ખટોલામાં તે સૂવે છે. ખુલ્લા આસમાની આકાશમાં ઝૂમે છે. નાની નાની વાદળીઓ સાથ સંતાકૂકડી રમે છે. રોજ રાત્રે હું તેને સ્વપ્નમાં જોઉં છું; અને દિવસે તેની પ્રતીક્ષા કરું છું."]

પ્રતિબિંબ સામે આંખો ફરકાવી રેતી ઊભી થઈ અને બાથરૂમમાં જઈ ગરમ પાણી વડે ચહેરો ધોઈ નાખ્યો.

'રોઝી' ટુવાલ વડે ચહેરો લૂછતાં તેણે આયાને પૂછયું, 'આજે શું રાંધશે?"

આ પ્રશ્ન પહેલી વાર પુછાયો હોત તો કદાચ આયા વિચારમાં પડી જાત. પરંતુ છેલ્લા બે દિવસથી રેતીએ તેને અનેક વાર પૂછ્યું હતું અને આયાએ એક જ ઉત્તર આપ્યો હતો.

'જોયું' રેતીએ તેને શાંત ઊભેલી જોતા કહી નાખ્યું, 'તું ભૂલી ગઈને!'

'નહિ, નહિ.' આયાએ કંટાળાજનક સ્વરે કહ્યું, 'યાદ છે. ટામેટો સૂપ, ચિકન પુલાવ, રોસ્ટ, શાકભાજીમાં ફ્રેન્ચ બીન, સુક્કા બટાટાં અને મીઠાઈમાં પૂડિંગ.' તે કિચન તરફ આગળ વધી.

'અને હા' કંઈક યાદ આવતાં રેતીએ તેને રોકી, 'સાંજની ચા માટે શું શું મંગાવી રાખ્યા છે?'

"પાર્લેનાં બિસ્કૂટ અને કેડબરી ચોકલેટ."

'ચોકલેટ!'

ચોકલેટ શબ્દ કાને અથડાતાં રેતીના વિચારો ભૂતકાળમાં દોડી ગયા. આંખો સ્થિર થઈ ગઈ.

મારા જીમીને ચોકલેટ સાથે બચપણનો સંબંધ છે. જોશે તો ગાંડાની જેમ તૂટી પડશે. દિવસમાં એ અનેક વાર ચોકલેટ ખાય છે. જમ્યા પછી એક ટુકડો ન મળતાં તેનું જમણ અધૂરું જ રહી જાય છે.

'રેતી, એક દિવસ જીમીએ કહ્યું હતું, તને તો ચોકલેટ નથી ભાવતી!'

'તું તો જાણે છે.'

"પરંતુ એ નથી જાણતો કે તું પર્સમાં રાખે છે શા માટે?"

"તારા માટે. મારા જીમી માટે."

["એ આવશે. એ આવ્યો. પરંતુ એ રાજકુમાર નથી આવતો, નથી આવતો, નથી આવતો. એક વર્ષ વીતી ગયું—પ્રતીક્ષામાં. લાગે છે, જાણે એક જન્મ વીતી ગયો. પ્રતીક્ષાની ક્ષણો એવી નાજુક હોય છે કે, જ્યાં સુધી તમે ખરા દિલથી કોઈની પ્રતીક્ષા ન કરો, તમને તેની ગહનતાની પ્રતિતી નહિ થાય."]

ટુવાલને ખીંટી ઉપર મૂકી રેતી ફરી ડ્રેસીંગ ટેબલ પાસે આવી. પ્રસાધનોના સેટ પર એક ઊડતી નજર નાખી. પાવડરનો ડબ્બો ખોલ્યો. ચહેરો, ગરદન, છાતી અને બગલના ભાગમાં પફના સ્પર્શ કર્યા. હોઠ પર લિપસ્ટિકનો ખૂલતો ગુલાબી રંગ લગાડ્યો અને ફેલાઈ ગયેલી લિપસ્ટિકને રૂમાલ વડે લૂછી નાખી.

આયા જમણ તૈયાર કરવામાં પરેશાન હતી. દર વર્ષે તેને એક વાર આ રીતે હેરાન થવું પડતું હતું. વર્ષના ત્રણસોપાંસઠ દિવસમાંથી જુલાઈ મહિનાની સાતમી તારીખને તે ધિક્કારતી હતી.

રેતી કિચનમાં પ્રવેશી. આયાએ ત્રાંસી આંખે ચોકલેટી રંગની સાડી, હીરાની નેકલેસ અને પગમાં ચમકતાં કીમતી, ઊંચી એડીવાળા સેન્ડલ જોઈ લીધાં. રેતીએ તેને શેષ સૂચનાઓ આપી અને કેડબરીનો ટુકડો હાથમાં લઈ બગીચાના પ્રવેશ દ્વાર પાસે જઈ ઊભી રહી.

["હું શા માટે પ્રતીક્ષા કરું છું? એ રાજકુમાર સાથે મારો સંબંધ શું છે? હું નથી જાણતી. એટલું જાણું છું કે મેં તેને નવલકથાના પાનાંઓ પર જોયો છે. આંખોમાં રમાડ્યો છે. એના ન આવવા વિશે મને કોઈ શંકા નથી, અને છતાં હું પ્રતીક્ષા કરું છું. એ પ્રતીક્ષાની ક્ષણો મને ગમે છે."]

જીમી આવ્યો નહોતો. રેતીને આશા હતી કે લન્ચના સમય પહેલાં તે જરૂર આવી જશે.

'રેતી' અમેરિકા જતાં પહેલાં તેણે કહ્યું હતું, 'તું રડે છે? ગાંડી, હું તો ફક્ત એક વર્ષ માટે જાઉં છું.'

અને રેતી છૂટથી રડી પડી.

'મને... મને...' આંસુઓ રોકવાનો વ્યર્થ પ્રયત્ન કરતાં તેણે કહ્યું, 'ડર છે.'

'શેનો?'

પરદેશ જતાં યુવકો ભાગ્યે જ પાછા ફરે છે, અને ફરે પણ છે તો, કોઈ ખૂબસૂરત...."

'એ યુવકો રેતીને પ્યાર નહિ કરતા હોય.' કહેતાં જીમીએ તેના ગાલ પર આંગળીઓ ફેરવી પેલાં આંસુ લૂછી નાખ્યાં, 'ચાલ, હસ જોઉં.'

પારેવાં

મુળચંદ વર્મા

એક પછી એક, દિવસનાં ઊંટો આ જીવનના રણમાંથી પસાર થઈ રહ્યાં છે. ઘડી ભર સ્મૃતિખજૂરીને છાંયે બેસી, સંવેદનનું નીર પી આગળ મજલ કાપે છે. હવે મારે હૈયે નથી વસંત મ્હોરતી કે નથી પાનખરની ઘેરી વ્યથા વેરાતી. જીવન તડકા ને છાયાનો ઉત્સવ બની ગયું છે.

દરેકની જિંદગીમાં એવા દિવસો ઊગે છે કે, જ્યારે હૈયું બીજા હૈયાનો સથવારો ઝંખે છે. પાંખ ફૂટતાં પંખીની પ્રથમ અભિલાષા હોય છે પોતાનો માળો બાંધવાની; ત્યારે માનવના મનમાં પોતાનું ઘર વસાવવાના



સ્વપ્નાં રણકી ઊઠે છે. એવા નીજી નિવાસમાં નાજુક ને મંજુલ પદધ્વનિ સાંભળવા હું ઉત્સુક બની બેઠો હતો. ઘરના મીઠા વિચારોના આવેગથી કોઈ અકથ્ય આનંદનાં પૂર મારી આસપાસ ઘૂઘવી રહ્યાં હતાં, અને હું મારા સ્વપ્નોમાં મસ્ત હતો.

એમ. એ. થયા પછી તરત જ મને અમદાવાદની કોલેજમાં નોકરી મળી ગઈ. અમદાવાદ હતું તો અજાણ્યું, પણ મામા ત્યાં રહેતા હોવાથી તમામ મૂંઝવણનો ઉકેલ આવી ગયો. મામીનો પ્રેમાળ પત્ર મળ્યો, 'સહેજે સંકોચ અનુભવ્યા વિના અહીં આવી જા. હવે તો તું મોટો થયો છે અને શરમાવાના દિવસો વીતી ગયા છે.'

પત્ર મળતાં જવાબ લખવાને બદલે તે જ દિવસે મેં અમદાવાદની ગાડી પકડી. મામાને ઘેર પહોંચ્યો તો ત્યાં વીસ-એકવીસ વરસની કો'ક યુવતીને જોઈ જરા સંકોચ થયો. મારી મૂંઝવણ દૂર કરવા મામીએ કહ્યું, 'મારી નાની બહેન નયના છે. અહીં કોલેજમાં ભણવા આવી છે.'

આ ઓરડેથી પેલે ઓરડે જતી આવતી એ રોજ દેખાતી, અને હું કોઈ જુએ નહિ તેમ એને ટગર ટગર જોયા કરતો. નયનાની નજર જ્યારે પણ મારી નજર સાથે મળતી, ત્યારે તેની મોટી મોટી પાંપણો લજ્જાથી ઢળી જતી. હું ક્ષોભથી નજર ધરતી પર ઢાળી દેતો ત્યારે એ ધીરેથી પાંપણ ઊંચકીને આછડતી નજરે મને નિહાળી લેતી. એમ જોતાં હું તેને પકડી પાડતો ત્યારે તેના ગાલો પર સુરખી છવાઈ જતી, અને તે એટલી સુંદર લાગતી કે, આનંદના ભારથી મારા આંખો બિડાઈ જતી ને એ બંધ નયનોમાં તેની રમણીયતા તરવરી રહેતી. જાણે મારી નજર તેની સુંદરતાના રંગોથી

રંગાઈ ગઈ હોય! મારી બુદ્ધિ મને બહુ વારતી કે, આમ જોવું એ સારા માણસનું કામ નથી, પણ મારી આંખ એ વિવેક જાળવવા તૈયાર નહોતી. કોઈ અજ્ઞાત બળ આગળ હું લાચાર હતો. અરે, મારા કાન પણ એનો મૃદુલ ને મંજુલ ધ્વનિ સાંભળવા વારે ઘડીએ અધીર થઈ ઊઠતા. મને એમ પણ થતું કે ભગવાને કૂતરાના કાનની જેમ ચારે બાજુ ફરી શકે એવા કાન માણસને શા માટે નથી આપ્યા?

એક દિવસ સ્નાન કરીને હું મારા ઓરડામાં જઈ રહ્યો હતો. ત્યારે રસોડામાંથી ઝપાટાભેર બહાર નીકળતી નયના અકસ્માત મારી સાથે અથડાઈ પડી. એનો ગરદન પર ઝૂલતો બાંધેલો ગોળ, ગરવો ને મોટો અંબોડો છૂટી ગયો અને શ્યામગંગા જેવો કેશકલાપ કમરથી યે નીચે ઊતરીને લહેરાવા લાગ્યો. એનું ઘઉંવર્ણું, ગોળ ને નમણું મુખ લાલ લાલ થઈ ગયું. નયનાના મોંમાંથી "હાય" શબ્દ સરી પડયો. "ઓહ" કહીને હું પાછળ ફરીને જોયા વિના મારા ઓરડામાં ભરાઈ ગયો. એક ક્ષણમાં આ બધું બની ગયું, પણ મારા રોમેરોમમાં જાણે વસંત મ્હોરી ઊઠી! સંસારનું સમસ્ત માધુર્ય નયનાના સ્પર્શમાં સમાયું હોય, એવું હું અનુભવવા લાગ્યો! સવારના શીતળ પવનમાં પણ મને પરસેવો વળી ગયો! મને થયું કે, નયનાના સ્પર્શમાં એવો અદ્દભૂત સથવારો છે કે જે મારા સંતપ્ત અંતરને સાંત્વના આપી શકે છે. મને થયું કે, હું નયનાને કાનમાં કહી દઉં" ઓ સખી! ઓ મારી શકુન્તલા!"

બીજે દિવસે રવિવાર હતો. વર્તમાનપત્રો વાંચવામાં મન લાગતું ન હતું. મારી આંખો નયનાને જોવા ફરી ફરીને બારણે મંડાતી હતી, કાન સરવા બની બેઠા હતા કે હમણાં મીઠો પદધ્વનિ રણકાર કરશે. મૂંઝવણ ન સહેવાતાં હું દિવાનખાનામાં મામા પાસે જઈને બેઠો; ત્યાં પાડોશીના નાના બાળાને રમાડતી નયના પણ બેઠી હતી. મને જોતાં જ પેલા બાળકને જોરજોરથી ચૂમીને કિલ્લોલવા લાગી. ચુંબનોનો એ મીઠો પણ કાતિલ આનંદના આસવભર્યો અવાજ મારાથી સહી શકાતો નહોતો. મારા મનમાં ઉન્માદનો કોઈ નશો છવાઈ ગયો. મને થયું કે હું નયનાને મારા બંને હાથોમાં ઊંચકી લઉં અને મારી છાતી પર ભીંસી એવા જ અવાજે નયનાના રતુમડા, ફૂલપાંદડીશા મરોડદાર હોઠોને ચૂમું.

મારા મનમાં ગૂંજી ઊઠેલા આ જંગલી રાગનું ભાન થતાં, હું ઊઠીને બારી આગળ જઈ ઊભો રહ્યો અને સામેના મકાનની અગાશીમાં જોવા લાગ્યો. ત્યાં એક નર કબૂતર ગરદન ફૂલાવીને માદાની આજુબાજુ ટહેલી રહ્યું હતું અને ઘૂઘવીને માદાને રીઝવી રહ્યું હતું. માદા માદક પણ લજ્જાભર્યાં પગલે જરા નજીક જઈને પછી સહેજ દૂર ઊડી જતી અને ત્યાં બેઠી બેઠી ઘૂઘવવા મંડતી, તો નર થોડીવાર સુધી બેપરવા હોવાનો ડોળ કરી એકદમ ઊડીને માદાની નજીક જઈ તેના ગળામાં ગળું પરોવી દેતો. મને આમ શાંત અને મગ્ન જોઈને મામાએ પૂછ્યું: "રાજુ, શું વિચારી રહ્યો છે?" જવાબ



ગોઠડી

ચિત્રકાર: ડી. કે. ચૌહાણ

દેવાના પ્રયાસમાં હું ઘડીભર મૌન રહ્યો ત્યાં તો મામીએ મમરો મૂક્યો: "ભાણાભાઈ, વહુનાં શમણાં જોઈ રહ્યા હશો?"

મેં હસીને કહ્યું: "એવું કાંઈ નથી, હું વિચારી રહ્યો છું કે જો હું કબૂતર હોત તો...!"

મામા મામી એને પંતુજીપણું સમજીને હસી પડયાં, પણ નયના આતુરતાથી ઊઠીને બારી આગળ આવી અગાશીમાં જોવા લાગી. નર કબૂતરે માદાની ચાંચમાં ચાંચ પરોવી દીધી હતી અને બંને પ્રણયસમાધિમાં લીન હતાં. એ જોઈને નયના લજ્જાથી લાલ લાલ થઈ ગઈ. મદ છલકાતી ઢળતી નજરે મારી નજરમાં નજર પરોવી, એ બાળકને ચૂમતી ચૂમતી પાડોશીને ત્યાં ચાલી ગઈ. હું સ્વસ્થ થવા પ્રયત્ન કરી રહ્યો હતો ત્યાં આ પ્રસંગે મને પટકી-પાડયો. હું વ્યાકુળ બની ગયો. કેટલા યે કાવ્યસંગ્રહો ફેંદી નાખ્યા, નવલકથાઓ ઉથલાવી જોઈ, પરંતુ પ્રેમ વ્યકત કરવા માટે નયનાને શું લખવું એ સમજાયું નહિ. "નયના-નયના" એવું લખી લખીને કેટલા યે કાગળો મેં ફાડી નાખ્યા. કોઈ જોઈ ન જાય એવા ડરે ચૂરેચૂરા કર્યા અને બહાર જઈને કચરા-પેટીમાં ફગાવી આવ્યો. "આઈ લવ યુ" લખીને આપવાનું યે વિચારી જોયું, પણ એ મનને ન ગમ્યું. અંતે "તું અદ્દભૂત છોકરી છે" એટલું એક ચબરખીમાં લખીને, એ ચબરખી નયના જુએ તેમ તેની કોલેજની ચોપડીમાં મૂકી દીધી.

આખો દિવસ આશંકામાં વિતાવ્યો. નયના મામીને ફરિયાદ તો નહિ કરે? હવે હું નાનો નથી. મામી ઠપકો આપશે તો? નયનાને ખરાબ તો નહિ લાગ્યું હોય? એ મારે વિશે શું ધારશે? મને દુર્જન તો નહિ માની બેસે? ધડકતે હૈયે હું સાંજે ઘેર પહોંચ્યો. કપડાં બદલીને વાંચવા બેઠો ત્યાં એક હાથમાં ચાનો પ્યાલો ને બીજે હાથ પાલવમાં સંતાડી નયના આવી. ચેવડાની રકાબીમાં એક સફેદ કાગળની ચબરકી હતી. બધું મૂકીને એ તો જરા યે થોભ્યા વિના ઉતાવળે પગલે ચાલી ગઈ. ચબરખીમાં લખ્યું હતું: "જો હું કબૂતર હોત તો...!"

એ વાંચતા જ મારા કાનમાં સ્નેહની શરણાઈઓ ગુંજી ઊઠી. મારા હૃદયના આવાસમાં અભિનવ અને ઝળહળતી આશાઓનાં કિરણો નર્તી ઊઠયાં. ચિરકાળથી જે શમણાં મનમાં રમી રહ્યાં હતાં, તે જાણે આજે સત્ય બની ગયાં. સીટી વગાડી મેં કોઈ અજાણ્યો રાગ ગાવા માંડયો. મને થઈ આવ્યું કે આ પુસ્તકો, આ ટેબલ, આ પલંગ; એ બધું માથે મૂકીને હું નાચું; એટલું નાચું કે થાકીને ચૂર થઈ જાઉં અને ધરતી ઉપર તૂટી પડું, અને ધરતી પર પડયો પડયો મારા અંતરમાં ગુંજી રહેલું શબ્દહીન ગીત ગાઉં, એવું ગાઉં કે થાકીને મારા હોઠ બંધ થઈ જાય અને મને ઊંઘ આવી જાય, અને નિંદરમાં યે નયનાના પદધ્વનિનાં સ્વપ્નાં હોય.

મામીને રસોડામાં રાંધતાં જોઈ એ મારા ઓરડામાં આવી નીચી નજરે ટેબલ પર અસ્તવ્યસ્ત પડેલી ચોપડીઓ ગોઠવવા લાગી જતી, જાણે એ ઓરડામાં મારું અસ્તિત્વ જ ન હોય એમ ધીમા ને મીઠા અવાજે કશુંક ગુણ-ગુણતી, બધું વ્યવસ્થિત કર્યા પછી અંબોડામાંથી ફૂલ કાઢીને મારી ડાયરી ઉપર મૂકી ઉતાવળે પગલે પાછળ ફરીને જોયા વિના ચાલી જતી. એ ચાલમાં, એ મરોડમાં, એ તાલમાં એવી મસ્તી ને માદકતા નીતરતાં કે મને પાગલ થઈ જવાનો ડર લાગતો! જાણે ઠમકતે પગલે નયના મારી છાતી પર ચાલી જતી હોય! મારી નજરમાં એની આબેહૂબ મૂર્તિ ઊભી રહી જતી. હું બંને હાથે મોં ઢાંકીને બેસી જતો.

મારી સંવેદના, મારી લાચારી, મારી નાજુક અનુ-ભૂતિ એ સમજતી હતી. સ્ત્રીને કશું કહો નહિ તો પણ તે ઘણું ઘણું સમજી શકે છે, અને મૌન રહીને ઘણું ઘણું કહી પણ શકે છે. હવે મને જોતાં જ એ પોપચાં ઢાળીને માથા પર પાલવ ઓઢી લેતી. ધરતી ઉપર આંખો જડીને પછી જરાક ઊંચું મોં કરીને મને જોઈ લેતી. જાણે મને પડકારી રહી હોય કે નાવ કિનારે આવી પહોંચી છે, હવે બાવડામાં બળ હોય તો ભારે લંગર ઉઠાવીને લાંગર કિનારે.

પ્રસારેલી પાંખ નીચે માદા આવે નહિ તો, નર ઊડીને તેની પાસે જઈ બેસે છે અને ચાંચમાં ચાંચ

પરોવી દે છે. પણ હું કબૂતર નહોતો, પદવીધારી પ્રાધ્યાપક હતો.

અતૃપ્ત પ્યાર મને અંગારની જેમ દઝાડવા લાગ્યો. મારા અંતરના આવેગની ભીતરમાં જે વિવેક બેઠો હતો તેને હું ફગાવી શકયો નહિં. વખત કોઈની પ્રતીક્ષા કરતો નથી. અને એક વરસ વીતી ગયું. પરીક્ષાઓ પૂરી થઈ ગઇ અને પિતાનો કાગળ આવતાં, નયના પોતાને ગામ જવા ઊપડી ગઈ. સ્ટેશન પર વળાવવા ગયો ત્યારે મને 'આવજો, કાગળ જરૂર લખજો હં" કહેતાં એની આંખોમાં આંસુ આવી ગયાં. પણ ......ન તો હું કાગળ લખી શકયો, ન તો મને એનો કાગળ મળ્યો.

આજે તો સ્વપ્નાંના સુંવાળા સ્વર્ગ ઉપરથી હું વાસ્તવિકતાની કઠોર ને કાંટાળી ધરતી ઉપર ચાલી રહ્યો છું. હજી યે મને છોકરીઓ જોવી ગમે છે, પણ હવે કોઈ છોકરીની પલકો મારા હૈયામાં એવો ઝણકાર ઉત્પન્ન કરી શકતી નથી કે તૂટીને વેરવીખેર પડેલાં સ્નેહતંતુઓમાં ફરી વાર તીવ્ર ઝણઝણાટી નતીં ઊઠે. મન મને આશ્વાસન આપ્યા કરે છે કે, આ દુનિયા આટલી સુંદર છે તો આ જીવન પણ અવશ્ય એટલું જ સુંદર હોવું જોઈએ. અધૂરી આશા, સ્વપ્નોની લાશ ઊંચકવામાં મારું અંતર કોઈ અજ્ઞાત આનંદ અનુભવી રહ્યું છે અને કોઈ અદશ્ય આકર્ષણ મને ખેંચી રહ્યું છે.

નયના આજે સાસરેથી એની મોટીબેનને-મારા મામીને મળવા આવી છે. એની ગોદમાં હસતું-રમતું નાનકડું નમણું બાળક છે. હવે નયનાનાં નયનોમાં પ્રભાતનાં સુરખીભર્યાં કિરણો જેવી પ્રભા ચમકતી નથી, એ નજરમાં વસંતના વાયરા જેવી મસ્તી નથી. એની આંખો, ચોમાસાના પાણીથી છલોછલ ભરાયેલા તળાવ જેવી ડહેલ બની ગઈ છે. એની આસપાસ કોઈ જુદા જ પ્રકારની ઉદાસી છવાઈ ગઈ છે. એનાં હોઠો પર હજી યે કવિતા તરવરે છે, પરંતુ એમાં મુક્ત આનંદગાન નથી, કોઈ વ્યથાગીત છે, અને તે પણ એવું કે ઘાયલ થઈને તૂટેલી પાંખે નિર્જન, નીરવ રાનમાં, કાંટાળી ધરતી ઉપર પડ્યું પડ્યું પંખી પીયુ સહેલા ગાઈ રહ્યું હોય!

નયના બાળકને મારા ખોળામાં મૂકી કહેવા લાગી, "બાબા, તારા મામાને કહે કે હવે કબૂતર જોવાનું માંડી વાળે અને સુંદર મામી લઈ આવે."

મારા ગાલને નયનાનો ઉચ્છ્વાસ અથડાયો અને મારા મનનો બધો જ બોજ ઊતરી ગયો.

"બાબા, તારી બાને કહે કે સ્મૃતિનું ભાતું મેં એટલું બધું બાંધી લીધું છે કે, આ મજલ પૂરતું બસ છે અને એ કદી યે ખૂટવાનું નથી."

નયનાની મોટી મોટી આંખોમાં આંસુનાં મોતી ચમકી ઊઠ્યાં. એણે મારી નજરમાં નજર પરોવી લીધી, હું એ વિશાળ આંખોનાં મૌન-બોલ સાંભળી રહ્યો :

"વાચાહીન સૂરોમાં રચનું તારું શબ્દહીન પ્રેમગીત મારા જીવનમાં સદાકાળ ગુંજતું રહેશે."

☆

'પ્રતીક્ષા' તમને ગમ્યું ?

પ્રતીક્ષા તમને ગમ્યું કે નહિ ? પ્રતીક્ષાને વધુ સુંદર બનાવી શકાય એ માટે તમારો અભિપ્રાય મોકલશો. તમારો વિગતવાર અભિપ્રાય અમને ઉપયોગી થઇ પડશે. અમે પ્રતીક્ષાને એટલું વધુ સારું બનાવી શકીશું.

જહાંગીર જોઉં છું

જ્યારે તમારી આંખમાં તસ્વીર જોઉં છું,
ત્યારે બુલંદ મારી હું તકદીર જોઉં છું.
એ ખુદબખુદ ઉભા રહે આવીને દ્વારા પર,
એવી હું મારા પ્યારમાં તાસીર જોઉં છું.
સુખ જિંદગમાં એકલું આવે નહીં કદી,
હું હસતી આંખમાં ય સદા નીર જોઉં છું.
નિર્ધાર મેં કર્યો છે તો પાછો નહીં હટું,
મારી હરેક વૃત્તિને રણધીર જોઉં છું.
આઠે પ્રહર અજંપો રહે છે આ જીવને,
જ્યારે વદન તમારું હું ગંભીર જોઉં છું.
કેવું મળ્યું છે લાગણી ભરપૂર દિલ મને!
આવે છે આંસુ કોઈની જ્યાં પીર જોઉં છું.
આઝાદ છું છતાં ય હું કેદી સમાન છું,
પગમાં પડેલી પ્રેમની જંજીર જોઉં છું.
મળતાં જ ચાર આંખ નિરાધાર થઈ ગયો,
લુંટાયેલી હૃદયની હું જાગીર જોઉં છું.
દિલના બધા તરંગને આપું છું ન્યાય હું,
'મુકબિલ' હું આજ મુજને જહાંગીર જોઉં છું.

મુકબીલ કુરેશી



ઈશારાથી જ રમતો'તો

જગતની દૃષ્ટિએ તારા ઈશારાથી જ રમતો'તો;
હકીકતમાં તો હું મોહક તિખારાથી જ રમતો'તો.
કશા પણ ડર વગર આજે તમારાથી જ રમતો'તો;
રહી મઝધારમાં જાણે કિનારાથી જ રમતો'તો.
પતંગો થઈ નથી પરવા કરી મેં જિંદગાનીની;
શમા પર વારી જવાને તિખારાથી જ રમતો'તો.
પછી મ્હેફિલ ન જામે કેમ કે'શો આ સુરાલયમાં?
બની સાકી સદાએ હું પિનારાથી જ રમતો'તો.
વિરહની રાત વસમી મે વિતાવી ખેલમાં આજે,
હું એનો થઈ ગગન કેરાં સિતારાથી જ રમતો'તો.
ખબર હોવા છતાં પે હું તૃષ.ને આશ દેતો'તો;
હકીકતમાં તો હું મૃગજળના આરાથી જ રમતો'તો.
નિરાશાઓ મને ઘેરી ભલે ચારે તરફ તોએ;
જીવન ભર હું તો આશાના મિનારાથી જ રમતો'તો.
મુકી મુજ લાશ અંધારી કબરમાં એમના હાથે;
'વહી' હું જે સ્વજન કેરાં સહારાથી જ રમતો'તો.

—વહી લાખાણી

અ ભા ગ ણી

મૃણાલિની દેસાઈ

ભિલાઈના કારખાનામાં કામ કરતાં એન્જિનિયરોની કોલોની કારખાનાની નજીક જ હતી. આંતરભારતીઓનો મેળો જામ્યો હોય તેમ સિંધી, પંજાબી, બંગાળી, મરાઠી, મદ્રાસી ને ગુજરાતી બધા જ એ કોલોનીમાં સાથે રહેતાં હતાં. એક બીજાની રીતરસમો સમજી લેતાં... બને એટલા વાર તહેવારો ઊજવતાં... હળીમળીને રહેતા... દિવસો પસાર થતા. ખાસ એકલવાયું ન લાગતું.

છેલ્લા છ મહિનાથી હું અહીં આવી હતી. જોડેના બ્લોકમાં સ્નેહલબેન રહે છે. તેઓ ગુજરાતી છે. મારું ને એમનું સારું બને છે. બધાંની સાથે ઓળખાણ પણ એમણે જ કરાવી આપી. ગામમાં સાથે જ જઈએ, બજારમાં પણ સાથે જ, અને ફરવા પણ અમે જોડે જ જવાના. પરમ દિવસે સવારે જ એ આવ્યાં ને કહે, 'આપણે આજે રાખડીઓ લેવા જવું પડશે. આજકાલમાં પોસ્ટ કરીશું ત્યારે સમયસર પહોંચશે.'

"હા જઈશું." મેં કહ્યું. રાખડી લેવા જવાનો ઉત્સાહ હોય કે ના હોય પણ મારે રાખડી નથી લેવી એમ કાંઈ ઓછું કહેવાય? હું અહીં આવી તે પહેલાં ભાઈને ત્યાં જ રહેતી હતી એ સ્નેહલબેન જાણતાં હતાં. એટલે એમની સાથે જઈ રાખડી તો જાણે લાવવી જ પડશે!

અમે તે જ દિવસે બજાર ગયાં. એમણે એમના ભાઈઓને માટે સાદી સફેદ રાખડી લીધી અને ભત્રીજાઓ માટે રંગીન ચળકતી રાખડી ખરીદી, 'એ લોકોને ના મોકલું તો ઝઘડો કરે.'

મેં ભાઈને માટે એક રાખડી લીધી અને બીજી ચીજવસ્તુઓ લેવાને બહાને ત્યાંથી છટકી ગઈ. રાખડી પોસ્ટ કરવા જતા પણ સ્નેહલબેને મને પૂછ્યું,

"લાવો, તમારી પણ પોસ્ટ કરી આવું."

"મારે તો હજુ કાગળ લખવાનો બાકી છે, અમે સાંજે શહેરમાં જવાના છીએ ત્યારે પોસ્ટ કરી દઈશું." મેં કહ્યું.

આજે નાળિયેરી પૂનમ. ખૂબ વાદળાં ઘેરાઈ આવ્યાં છે. એ પોતે તો થાક્યા પાક્યા ક્યારના ઊંઘી ગયા છે. પણ મને ઊંઘ ક્યાંથી આવે? હું ધીમેથી ઊઠી બહાર ગેલેરીમાં આવી. પૂનમ જેવી પૂનમ પણ કેવું અંધારું-ઘોર છે! ભાઈની બહેન હોવા છતાં મારી રાખડી હજુ ત્યાં ઝોળીમાં પડી રહી છે! વાદળ તો પાણીનો ભાર ઉપાડી રહ્યાં હતાં પણ મારા મનને આજે કાબૂમાં રાખવાનું અશક્ય લાગતું હતું. અંતરની વેદના આંખોમાંથી વરસતી ગઈ... ગયે વર્ષે હું ભાઈને ત્યાં જ હતી! કેવા એ દિવસો!!

અમે ત્રણ બહેનો અને અનંતભાઈ અમારા ત્રણની વચ્ચે એક ભાઈ-મોટા ભાઈ. બંને બહેનો પરણીને સાસરે ગઈ અને બાપુ જતાં ઘરનો ભાર ભાઈ પર પડ્યો. હું ત્યારે ઇંટરમાં હતી. ઈંટરનું પરિણામ જોઈ ભાઈએ બાની ના હતી છતાં મારું ભણવાનું ચાલુ રાખ્યું! ભાઈ હંમેશાં મારું ઉપરાણું તાણતા-મારે માટે પક્ષપાત પણ ખરો. પણ બા જમાનો જોઈને, સહીને ઘણાં હતાં! એ હંમેશાં ભાઈને વારે. હું બી. એ. થઈ ત્યાં સુધી ભાભી પણ મને લાડ લડાવતાં. પછી આવી લગ્નની વાત. ભાઈભાભીએ એક જગ્યાએ પોતાનો શબ્દ લગભગ આપ્યો હશે. એ વાત હું પહેલેથી જાણતી હોત તો કદાચ મેં એમનું માન સાચવ્યું પણ હોત. પણ ભાઈએ જ્યારે મને વાત કરી ત્યારે તો હું પણ બંધાઈ ગઈ હતી. અને ભાઈ કોઈ દિવસ મારું મન દુભાવે જ નહિ એ વિશ્વાસથી મેં તરત જ એમને બધી વાત કરી.

"ઠીક! પણ તારે મને પૂછવું તો હતું." શબ્દો બહુ નહોતા, પણ એમાં ભારોભાર ગુસ્સો જણાતો હતો. હું કંઈ જ ન બોલી.

ભાભી અને બા બંનેએ મને સમજાવવાનો પ્રયાસ કર્યો... પણ મને, મારો નિશ્ચય ફેરવવાની જરૂર ન જણાઈ. ભાઈ એ બાબતમાં પછી કોઈ દિવસ કશું ન બોલ્યા. પણ ત્યાર પછી ખાસ કારણ વગર મારી સાથે બોલવું એમણે બંધ જ કર્યું. મને થયું: હશે, થોડા દિવસ પછી બધું ઠેકાણે પડી જશે.

એ પોતે ભણી રહે અને પગભર થાય, ત્યાર પછી લગ્ન કરવાનું અમે નક્કી કર્યું હતું. મને આગળ ભણવાની રજા મળે તો ભણવું અને નહિતર નોકરી કરવી—ત્રણ ચાર વર્ષ એમ પૂરાં કરવા એવું અમે ધાર્યું હતું. ભાઈને તો એ પોતે જ ગમતા નહોતા... અને આમાંથી એક પણ વાત ગમતી નહોતી! ભાભીનું ફાવતે સરી ગયું હતું. નોકરી કરવાનો નિર્ણય મારાથી લેવાતો નહોતો અને ઘરમાં હેત વગરનો રોટલો ઓશિયાળો લાગતો હતો-ગળે ઊતરતો નહોતો.વળી, આટલી કસોટી પણ અધૂરી હોય તેમ એમના મા-મારા સાસુ, માંદા થઈ ગયા ને પોતાની જાત હોય ત્યાં સુધી છોકરો પરણી જાય એ આગ્રહ લઈ બેઠાં! અને એ એન્જિનિયર થાય તે પહેલાં અમે પરણી ગયાં!!

લગ્નમાં બધાં, લોકોને સારું દેખાય એટલી સારી રીતે વર્ત્યાં. પણ લગ્ન પછી મારી સ્થિતિ વધારે કફોડી થઈ. તેઓ ભણી રહે તે પહેલાં સાસરે રહેવા જવું અને સંસારી થવું એ ગમતું નહોતું. અને પિયરમાંથી પરાણે હસતું મોઢું રાખી એક વાર વળાવી હતી...તે પાછી રહેવા ગઈ ત્યારે ઊપાધીરૂપ થઈ પડી હતી! આંગળીઓને શોભાવતા નખ જ્યારે વધી જાય ત્યારે અમંગળ લાગે... એને આંગળીથી વેગળાં જ કરવાં પડે, એમ જે ઘરમાં હું જન્મી, હકથી રહી, એ ઘરમાં હું પરાઈ થઈને રહેતી હતી! મારે લીધે બા પણ લાચાર થઈ રહેતાં. ભાભી પોતાનો અણગમો વ્યક્ત કરવાની એક પણ તક જતી ન કરતા, એટલું જ નહિ પણ લાગ આવે ત્યારે બે શબ્દ બોલતાં પણ ખરા. ભાઈ તો મારી જોડે બોલતા જ નહોતા. વળી હું હોઉં ત્યાં એ ઊભા પણ ન રહેતા. વાર તહેવારે પણ સાથે જમવા ન બેસતા.

મેં હવે નોકરી શોધી લીધી હતી. આખો દિવસ બહાર કામમાં પસાર થાય—સાંજે ઘેર આવી બા પીરસે એ ખાઈ લઈ, ભાઈ ઘેર આવે તે પહેલાં રૂમમાં ભરાઈ જવું!.. ત્યાં કાંઈક લખવા વાંચવામાં રાત પાડવી... એ મારો નિત્યક્રમ બની ગયો. એ પોતે પૂના હતા. છેલ્લા વર્ષમાં હતા. મેં કોઈ દિવસ મારી મૂંઝવણ એમને ન જણાવી: ભાવી સંસારની સુંદર વાતો સિવાય પત્રોમાં કશું ન લખ્યું— એ તો હજુ પણ એમાંનું કશું જાણતા નથી!

આ વિટંબણાની હદ થઈ બળેવને દિવસે! બંને બહેનોની રાખડીઓ વખતસર આવી ગઈ હતી. મારે મારી રાખડી સાથે એ ભાઈને હાથે બાંધવાની હતી. ભાઈને દૂધીનો હલવો બહુ ભાવતો. હું એ ખાસ લઈ આવી હતી. મનમાં હતું—રાખડી બાંધી હું એ એમને આપીશ પછી પગે લાગીને વિનવીશ કે, ભાઈ, હવે તો રીસ છોડો! હું મારે ઘેર જઈશ ત્યારે પણ તમે આમ અબોલા રાખ્યા હશે તો એ ઘરમાં ય હું શી રીતે સુખી થઈશ? નાની હતી ત્યારથી તમે મને કેટલા લાડમાં રાખી... અને હવે...? ... પણ... પણ... મારા મનની મનમાં જ રહી! મારા ફોઈ અને ફોઈની છોકરી બંને બપોરે આવ્યાં... ત્યારે ભાભીએ પેલી બે રાખડી પણ, ભાઈ જેવા બહારથી આવ્યા તેવી એ બહેનને હાથે જ બંધાવી દીધી! મારી રાખડી, હલવો ને અંતરની વેદના બધું મારી પાસે જ પડ્યું રહ્યું.

છતાં મારાથી ન રહેવાયું. બધાંના દેખતા તો હું રૂમમાંથી બહાર ન નીકળી, પણ રાત્રે મેં ભાભીને પૂછ્યું "ભાઈ શું કરે છે? મારે રાખડી બાંધવી છે." "એ તો ઊંઘી ગયા છે. નકામા ઉઠાડશો મા. આખો દિવસ વહી ગયો ત્યારે રાખડી યાદ ના આવી? હા જુઓ, તમારા પસલીના પૈસા બાને આપ્યા છે, લઈ લેજો!"

એ આખી રાત મેં રડી રડીને પૂરી કરી. ત્યાર પછી તો હું ન બોલી ભાઈ સાથે કે ન બોલી ભાભી સાથે. ભિલાઈ આવવાની હતી ત્યારે પણ એમને કશું કહ્યું નથી... મળવાનો પ્રયત્ન પણ કર્યો નથી. જીભને

ટેરવે રમતાં કડવાં વેણ એમને એમ ગળી ગઈ. બા પાસે રડી... ખૂબ રડી, પણ એક અક્ષર સરખો મોંમાંથી ન બોલી... અને હું મારે ઘેર આવી!

આજે પણ મારી રાખડી મારી પાસે પડી છે! ભર્યા ઘરની અંદર હું કંગાળ જેવી છું! એકલી છું! પિયરની હૂંફ લૂંટાઈ જાય ત્યારે સ્ત્રીનું શું જતું રહે છે — એ સ્ત્રી જ જાણે. જેને વળાવતાં કોઈની આંખો ભીની ન થઈ હોય એવી અભાગણી પોતાનાં ઘરમાં પણ સુખે નથી રહી શકતી!

ઊભી થઈને આસ્તેથી હું પેન ઉપાડું છું. પછી અક્ષરો પાડવાની શરૂઆત કરું છું.

પ્રિય ભાઈ,

સાવ નાની—તમારી લાડકી, બની જઈ, તમારે ગળે વળગી પૂછું છું, 'સ્વીકારશો ને?'

—અભાગણી

☆

રંગ છે

જેણે વિતાવી જિંદગી દીપકને સંગ છે,
એને ખબર શું કેવો આ રજનીનો રંગ છે?
કેવા છે મુજ મનોરથો પામી જવા તને?
પાંખો હવામાં વીંઝતાં જાણે વિહંગ છે!
તારા મધુર સ્પર્શની જ્યાં કલ્પના કરી,
પ્રસરી ગયેલ વીજળી મુજ અંગ અંગ છે!
ત્યાં નુજ નયન-સુરાનો મને કેફ લઈ ગયો,
જ્યાં સાત સાત ઈન્દ્રધનુ કેરા રંગ છે.
પામ્યો ગગનનો તાજ, સિંહાસન ધરાતણું;
જોઈને મુજ દમામ જમાનો ય દંગ છે!
ચૂંટો ન થઈ અધીર, [illegible] દો એપરે,
ખીલતી કળીને ફૂલ થવાના ઉમંગ છે.
સાગર ડુબાડી નાવ સુખી થઈ શક્યો નહીં,
પટકી રહેલ શીશ કિનારે તરંગ છે.
એવાં ય અશ્રુ છે, ન મળ્યું સ્થાન જેમને;
'સાકિન'! નહીં તો એમનો પાલવ ન તંગ છે.

—'સાકિન' કેશવાણી

પ્રતીક્ષા

પ્રતીક્ષા કરું છું....

• ... ન દર્શન મળે છે.


કદી કોઈ અંધાર ઘેરી અમાસે
નિહાળું પૂનમ ચાંદ હું સૂર્ય સામે
તયેં અંખના સ્વપ્નમાંથી ન જાગી,
અને સ્વપ્ન સો સો બધાં સળવળે છે.
...ન આશા ફળે છે.

અને પૂર્ણિમાની વળી કોઈ રાતે,
નિહાળું શશી પીઠ કાળી અમાસી,
તયેં કેશ મૂકેલ છુટ્ટા હશે તેં,
સમજતાં વિચારે હૃદય ખળભળે છે,
...નહીં કળ વળે છે.

વસે કૈંક બ્રહ્માંડ તારાં નયનમાં,
છતાં જ્યાં ગગનમાં નિહાળું છું તારા,
તયેં કોણ જાણે બને છે કશું કે
નજરમાં નયન ફક્ત તારાં તરે છે.
... બધે તરવરે છે.

પ્રતીક્ષા કરું છું.........

—મીનપિયાસી





શૂન્યત્વ

આભના સાન્નિધ્યથી—
શૂન્યત્વ મારા ચિત્તનું અળગું પડ્યું.
કુંજમાં કલરવ બની રમતું થયું.
સૌમ્ય યૌવન સરવરે—
આછી લહર થઈ તરવર્યું.
ભીની હવામાં મ્હાલતી—
ફૂલની કળીની સૂઝ-થી સુવાસને હળવે ટપારી—
આભના શૂન્યત્વમાં જઈને ભળ્યું!

—યયાતિ

છેલ્લા દાયકાની નવલિકા

જયંત પાઠક

'વાર્તા વર્તુળ'ની વ્યાખ્યાન પત્રિકાના ૧૮મા ને ૧૯મા પાને ડૉ. રમેશ જાનીએ છેલ્લા દાયકાના વાર્તાલેખકો ને તેમના સંગ્રહોની એક યાદી આપી છે. ખાસ્સાં ૪૦-૪૫ નામ છે; એમાંના ઘણાંના એકથી વધુ વાર્તાસંગ્રહો છે, એ વાર્તાસંગ્રહોમાં એકથી વધુ વાર્તાઓ હોય જ. જોઈને કોને આશ્ચર્ય સાથે સંતોષ ન થાય? આટલા બધા વાર્તાકારો ને આટલા બધા વાર્તાસંગ્રહો! ગુજરાતી વાર્તાનો વર્તમાન સમૃદ્ધ છે, તેનું ભાવિ ઉજ્જવળ છે એમ માનવાનું મન કોને ન થાય?

પણ કલાના ક્ષેત્રમાં કમભાગ્યે સાંખ્ય બનવામાં જોખમ છે; એથી સત્યનો સાક્ષાત્કાર થશે જ એવી ખાતરી ન રાખી શકાય, એટલું જ નહિ, આવો સાંખ્યવાદ કદાચ ભ્રમનિરસન કરવાને બદલે ભ્રમને બઢાવે દઢાવે. મેં જે યાદીનો ઉલ્લેખ કર્યો એમાં છેલ્લા દશકા પૂર્વેના વાર્તાકારોનાં નામ ઉમેરીએ તો સંખ્યા સો ઉપર પહોંચે. પણ આપણે નામ સાથે બહુ કામ નથી. આ કાળમાં નવી કલમો સાથે જે જૂની કલમો ચાલુ રહી છે તેમના સાહિત્યનો પણ છેલ્લા દાયકાના નવલિકા સાહિત્યમાં સમાવેશ થાય. છેલ્લાં દશકા અગાઉ સિદ્ધિ, પ્રસિદ્ધિ ને કોઈ કોઈ તો દ્રવ્ય પણ પામી ચૂકેલા વાર્તાકારો આજે પણ અવિરત લખ્યે જાય છે, લખ્યે જ જાય છે. એમાંના ઘણા તો હવે સ્થિર થયા છે; બીજા શબ્દોમાં કહીએ તો 'વાર્તાકલાનો એક ઢાંચો' તેમના હાથમાં આવી ગયો છે ને તેને તેઓ વફાદારીથી વળગી રહ્યા છે. એમની અત્યારે લખાતી વાર્તાઓમાં ઘણું ખરું એમની શક્તિ અને મર્યાદાનું માત્ર પુનરાવર્તન જ જોવા મળે છે. એ બધાએ પ્રયોગો કરવા જોઈએ એમ કહેવાનો આશય નથી, કહેવાથી એમ થતું પણ નથી, પણ એમની વાર્તાઓ જો અગાઉ લખાયેલી એમની યશોદા વાર્તાઓનાં જ અનુકરણો ને તે પણ નિર્બળ અનુકરણો જ હોય તો, એમણે વિચારવાનું છે. કલાની કોઈ તરેહમાં આપણે ફાવ્યા એટલે એને ઘૂંટયા કરીએ, એને ઘૂંટયા કરવાનું આપણને મન થાય એ સમજાય એવું છે; પણ એમ ઘૂંટવાથી કલાતત્ત્વ વધારે ઊઘડતું ન હોય કે વધારે સઘન બનતું ન હોય ને માત્ર પેલી તરેહનો ચીલો જ ઊંડો ને ઊંડો બની ઘરેડ બની હોય તો આપણે સાવચેત થઈ જવું જોઈએ. પરિણતપ્રજ્ઞના મિથ્યા સંતોષ કરતાં સર્જનમાં અપૂર્ણતાનો અસંતોષ સારો.

છેલ્લાં દસ પંદર વર્ષમાં જેમ કવિતામાં તેમ વાર્તામાં પણ કલાતત્ત્વ પરત્વે વધુ સજગતા જોવા મળે છે. વાર્તાકાર નવા નવા આકાર રચવામાં ને એમ વાર્તા સિદ્ધ કરવામાં વધુ ઉત્સાહ દાખવતો થયો છે. પુરોગામીઓથી અળગા તરીને એ કંઈક નવું નિપજાવવા મથે છે. કલાકૃતિનું નિર્માણ જ કલાકારનું એક માત્ર ધ્યેય હોય એવું એને સમજાવા લાગ્યું છે. ત્રીશીના વાર્તાકારોને મન વાર્તા સામાજિક, રાજકીય, આર્થિક કે સાંસ્કૃતિક પ્રશ્નોના નિરૂપણ કે ઉકેલ માટેનાં સાધન જેવી હતી. લેખકની નજર વાર્તાકલા કરતાં એવા પ્રશ્નો ઉપર વધારે ઠરતી ને તેથી ક્યારેક કલાને ભોગે પણ એવા પ્રશ્નોને વાર્તામાં એ ખેંચી લાવતો. વળી ઉદામ માનસ ધરાવતા કલાકારો તો કલામાત્ર પ્રચાર છે, હથિયાર છે એમ છડેચોક કહેતા ને એવી વાર્તાઓની વાહવાહ પણ બોલાતી. 'જીવનસંઘર્ષ', 'જીવનમંગલ' જેવા પ્રયોગો એને બહુ ગમતા ને એ ભાવનાઓમાં એ તણાતો. વાર્તાના આયોજન કરતાં એના પ્રયોજનની ફિકર એ વધારે રાખતો

ને તેથી આયોજનમાંથી પ્રયોજન ધ્વનિત થવાને બદલે આયોજન ઉપર પ્રયોજન લાદવામાં આવ્યું હોય એવું બનતું. સ્વસ્થ ને તટસ્થ કલાકાર કરતાં તે વાદગ્રસ્ત, વાદાગ્રહી પ્રચારક જેવો વધારે લાગતો. વાંચકો પણ એની ભાવનાને વધાવતા ને એની વાર્તાના કલાતત્ત્વને ઓછું મહત્ત્વ આપતા. કોઈ કોઈ વાર વિવેચકો પણ વાર્તાકારની ભાવનાનો ઉત્સાહથી પુરસ્કાર કરતા ને એના ઘેનમાં ડોલી ઊઠતા. વાર્તામાં શું કર્યું છે તે જોવાને બદલે શું કહ્યું છે તે જ જોતા ને તેને જ પ્રધાનતા આપતા. આ બધું છતાં એ ગાળાના વાર્તાકારો પાસેથી કેટલીક ઉત્તમ વાર્તાઓ તો જરૂર મળી છે. ધૂમકેતુની વાર્તાઓની આસપાસ ઊઠતો ભાવનાનો મઘમઘાટ આકર્ષક છે. એમનાં ઘણાં પાત્રો મરણ પામે છે એ ખરું, પણ જન્મ્યાં એવાં જ મરતાં નથી ને વાર્તાને ઘણું ખરું જિવાડી જાય છે. રામનારાયણનું માનવમનનું તટસ્થ તાર્કિકનું દર્શન એમની વાર્તાઓને આસ્વાદ્ય બનાવે છે. ભાવનાના પ્રવાહમાં તેઓ તણાતા નથી. કલાકાર તરીકે જ્યાં જ્યાં તેઓ વાર્તા વસ્તુથી જરા દૂર રહીને વાર્તા ઘડે છે, ત્યાં ત્યાં સારી વાર્તા બની આવે છે. સુન્દરમ્, ઉમાશંકર, જયંતિ દલાલ ને પન્નાલાલ જીવનના ને જગતના પોતપોતાના ખ્યાલોને, અનુભવોને બહુધા સફળતાપૂર્વક વાર્તામાં વણી શક્યા છે. ગુલાબદાસ ને ચુનીલાલ મડિયા સ્થૂળ ઘટનાઓ ઉપર વધારે પડતો આધાર રાખતા, એમાં વધુ પડતા રાચતા જણાય છે, છતાં બન્ને, ને ખાસ કરીને ગુલાબદાસ, માણસનાં મનને જોવા બતાવવામાં કુશળતા દાખવે છે. કલાની શક્યતાઓનો લાભ લેતાં લેતાં, તેમને વિકસાવતાં વિકસાવતાં જીવનનું જેટલું આકલન થઈ શકે તેટલું કરવું એ જ કલાકાર માટે તો ઈષ્ટ ને આવશ્યક ગણાય. જીવનને કલામાં અવતારવાનું નથી, કલા દ્વારા જીવનને પામવાનું છે.

છેલ્લા દશકામાં જેમ વાર્તાલેખનમાં વેગ આવ્યો છે તેમ વાર્તા વાચનમાં પણ ઉત્સાહ વધ્યો છે. આપણા વાર્તાકારો માત્ર અંગ્રેજ, અમેરિકી કે રશિયાના વાર્તાકારોની વાર્તાઓનો જ નહિ પણ અન્ય ભારતીય ભાષાઓની જેમ જ પરદેશોની વાર્તાઓનો પણ વિશેષ પરિચય કેળવતા થયા છે. વાર્તાકલાની નવી નવી વિભાવનાઓનો પુરસ્કાર કરવાનું વલણ પણ જોવા મળે છે. આનું એક પરિણામ તે અનુવાદ પ્રવૃત્તિ પણ છે. આજના સામયિકોમાં દેશદેશની વાર્તાઓના અનુવાદ આવે છે. આવા અનુવાદોમાં ક્યારેક સાહસનું ઈજન પણ રહેલું હોય છે, જે આપણા વાર્તાકારોએ સ્વીકારવા જેવું ગણાય. પણ કેટલાક અનુવાદો વાંચતા એમ થાય છે કે શું આવી વાર્તા ગુજરાતીમાં નથી? અનુવાદકની જ્ઞાનદાનની નિષ્ઠા વિશે કશો વહેમ ન સેવીએ તો પણ એવી શંકા તો થાય છે જ કે, વાર્તા બીજા દેશોની ને આપણને અપરિચિત એવા લેખકની છે માટે જ અનુવાદક તે આપણને વંચાવવા માગે છે કે શું? નવું છે માટે, કલાદૃષ્ટિએ કંઈક અપૂર્વ છે માટે અનુવાદક એ આપણે ત્યાં લાવ્યો છે કે પછી અજાણ્યાથી મોહ પામીને અજાણ્યાને મોહ પમાડવા જ લાવ્યો છે એવો વિચાર પણ આવે. આવી વાર્તાઓનો અનુવાદ કરતાં આપણે અપરિચિત વાતાવરણ, પાત્રો, પ્રસંગો આદિથી અંજાઈ ગયા છીએ કે એમાં અસાધારણ કલાતત્ત્વ સમજાયાથી પ્રેરાયા છીએ એ વિચારવું જોઈએ.

છેલ્લા દાયકામાં, ટૂંકી વાર્તામાં જે કેટલાંક નવાં વલણો પ્રવેશ્યાં છે, કેટલાંક નવાં લક્ષણો પ્રતિત થતાં જાય છે તેમાં મુખ્ય ત્રણ છે: (૧) આંતરમનની પ્રક્રિયાનું આલેખન, (૨) ભાવપ્રતીકોનો વિશેષ ને વિશિષ્ટ રીતનો પ્રયોગ અને (૩) વાર્તામાં ઘટના તત્ત્વની અપ્રતિષ્ઠા. આ ત્રણે મુદ્દાઓ થોડી વિચારણા માગી લે છે.

માનવમન અતિ સંકુલ છે, જટિલ છે, એટલે એની ભીતરમાં ઊતરીને એનો તાગ લેવાનો પ્રયાસ કર્યા વિના કેવળ મનુષ્યના સ્થૂળ વ્યવહારોનું આલેખન રહસ્યયુક્ત, ચમત્કારક ન બને. હકીકતમાં તો વાર્તામાં સ્થૂળ ઘટનાઓ આવે ત્યારે પણ લેખકને કાર્યકારણનો સંબંધ સ્થાપવા પાત્રના માનસમાં ડોકિયું કરાવવું જ પડે છે. મનુષ્યની બાહ્ય ક્રિયાઓ અને તેના આંતરમન વચ્ચેનો સંબંધ એવો અવિચ્છેદ્ય હોય છે કે એકના આલેખન સાથે બીજાનું આલેખન ઓછેવત્તે અંશે થઈ જ જાય છે, ને તે બહુ સ્પષ્ટ ન હોય ત્યારે વાંચક પોતાની સંસ્કાર સંપન્નતા અનુસાર એવો મેળ બેસાડવાનો પ્રયત્ન કરે છે. આવું માનસનિરૂપણ કે માનવમનની આંતરિક પ્રક્રિયાનું

આલેખન અગાઉના વાર્તાકારો પણ કરતા. આજે એમાં જે વિશેષ જોવા મળે છે તે તો ઘટના કરતાં મનની આંતરપ્રક્રિયાના નિરૂપણ તરફનો ઝોક છે. આજના વાર્તાકારને વાર્તામાં સ્થૂળ ઘટના કે સ્થળમાં થતી ક્રિયા બતાવવામાં ઓછો રસ છે; મનની સૃષ્ટિમાં ને કાળમાં થતી સૂક્ષ્મ ક્રિયા બતાવવામાં વધુ રસ છે અથવા એમ કહો કે સ્થળ કાળનો પોતાના અનુભૂતિપિંડમાં એકાકાર કરવાનો એનો પ્રયાસ છે. આમાં ખોટું કશું નથી, માત્ર એનો અતિરેક ક્યારેક કઠે છે. આપણે સ્થૂળ રીતે કંઈક બનવું જોઈએ એમ માનવા આપણે ટેવાઈ ગયેલા છીએ એટલે વાર્તામાં એ રીતે કશું ન બનતું હોય ત્યારે અકળાઈએ છીએ ને 'આને તે વાર્તા કહેવાય?' એવી ફરિયાદ કરીએ છીએ. આ ફરિયાદ પેલી ટેવને કારણે હોય તો, તેમાં બહુ વજૂદ નથી, પણ એ બીજી રીતે સાવ તથ્ય વગરની પણ નથી. માણસને માણસના મનમાં જેટલો રસ છે, તેટલો જ રસ તેને માણસ માણસ વચ્ચેના વ્યવહારમાં ને વ્યવહારના જગતમાં બનતા બનાવોમાં પણ છે. એવા બનાવો આપણને નજીકથી સ્પર્શતા હોય છે ને એને આપણે વધારે સ્પષ્ટતાથી જોતા, સમજતા હોઈએ છીએ. આથી એ પ્રતીતિકર પણ વધારે લાગે છે. જેમ માનવમન તેમ માનવ વ્યવહાર પણ આપણી જ ચેતનાનો અંશ છે ને તેથી વસ્તુ જગતમાં બનતી ઘટનાઓની લીલામાં પણ વાર્તારસનો સંભવ રહેલો છે. મનુષ્યમનના પ્રદેશો ગૂઢ ને ગહન છે. એનું અશેષ, હસ્તકમલવત દર્શન કે આકલન અશક્ય નહિ તો લગભગ મુશ્કેલ છે. ક્યારેક એવું બને છે કે વાર્તાકાર પાત્રના માનસનું ચિત્ર આપી રહ્યો હોય, કઈ બાહ્ય ક્રિયા કઈ આંતરપ્રક્રિયાને લીધે થઈ. પરંતુ તેનું બયાન આપતો હોય ત્યારે આપણે હમેશાં તેની સાથે સંમત થઈ શકતા નથી. વાર્તાકારનો સર્વજ્ઞનો દાવો સ્વીકારવા જેટલા ઉદાર આપણે થઈ શકતા નથી. વળી દરેક વાર્તાકાર મનોવિજ્ઞાન નિષ્ણાત હોય જ એવું નથી. અરે મનોવિજ્ઞાનનું શાસ્ત્ર પણ પોતાના વિષયમાં અચોક્કસ છે. ત્યાં કલાકારમાં વાંચકને વિશ્વાસ ક્યાંથી બેસે? માનો કે જ્યાં સુધી વાર્તાકાર 'હું' પાસે કામ લે ત્યાં સુધી આપણે, એની વાત એ જાણે, ગણી સંમત થઈએ (જો કે એવી શ્રદ્ધાને પણ ભાગ્યે જ કશો આધાર છે) તો પણ જ્યારે એ મનોજ કે વિલાસના પાત્રનું માનસદર્શન કરાવતો હોય ત્યારે આ મનોજ કે વિલાસ જે પોતે પણ પોતાના મનને પૂરું જાણતાં નથી તેમના મનને લેખક ક્યાંથી જાણી ગયો, ક્યાંથી જાણી શકે એવી શંકા થાય. એક બીજી વાત પણ છે. આવા માનસચિકિત્સાના હેવાલોનો હેતુ જો વાર્તામાં ચમત્કૃતિ સાધવાનો ન હોય, કોઈ ચમત્કારક ક્રિયામાં પરિણામ રૂપે એની સાર્થકતા ન હોય તો લેખકનું મનોવિજ્ઞાન એ માત્ર ચિકિત્સકનું જ્ઞાન જ બની રહે, કલાકારનું દર્શન નહિ.

વાર્તામાં પ્રતીક યોજના સાવ નવી તો નથી. જૂના વાર્તાકારો પણ ક્યારેક એનો ઉપયોગ કરતા ને એ દ્વારા વાર્તામાં ચમત્કારક રહસ્ય આલેખતા. પ્રતીક (Symbol) નો અર્થ જ એ છે કે એ કશાકને બદલે, તેના પ્રતિનિધિ તરીકે આવે છે, એ ખુદ પેલું 'કશુંક' નથી. અભિવ્યક્તિની એ એક તરેહ છે, કહો કે વક્રોક્તિ છે, જે કલામાત્રનું જીવિત ગણાય. આજે પ્રતીકોનો ઉપયોગ વધારે ને વધારે સભાનતાથી થાય છે. એની પાછળ એવી સમજ રહેલી છે કે કલાકારે જેને આપણે વિષય તરીકે ઓળખીએ છીએ તેનાથી બને તેટલા દૂર જઈ, દૂર રહી તેને કલાઘાટ આપવા મથવાનું છે. વાત તો બરાબર છે, પણ મુશ્કેલી ભારે આવે છે, જ્યારે કાચા કલાકારનું ધ્યાન પેલા કેન્દ્રમાં રહેલા 'કશુંક' ઉપરથી ચલિત થાય છે ને માત્ર પ્રતીકોમાં જ રાચે છે, પછી પ્રતીકો એના હાથમાં રહેતાં નથી, પણ એ પોતે પ્રતીકોને વશ થઈ જાય છે. કેટલીક વાર આવાં પ્રતીકો એકબીજાથી અસંબધ્ધ ને ક્યારેક તો પરસ્પર વિરોધી પણ હોય છે. પ્રતીક રચનાની પાછળ ખેંચાતો વાર્તાકાર અંગ અંગીનો સંબંધ ને કલાકૃતિની સમપ્રમાણતા વીસરી જાય છે, ત્યારે પ્રતીકો અર્થઘટન કરવાને બદલે અર્થ માટે વ્યવધાન બની જાય છે, કૃતિમાં સંદિગ્ધતા આવે છે. કાવ્યમાં આપણે જેમ શુધ્ધ કવિતા (Pure poetry)ની જિકર કરીએ છીએ તેમ શુધ્ધ વાર્તાની પણ જિકર કરાતી હોય એમ લાગે છે. પણ કાવ્ય કે વાર્તાનું, સાહિત્ય માત્રનું ઉપાદાન ભાષા હોવાથી ને ભાષાનો સંબંધ માત્ર સાહિત્ય સાથે નહિ પણ સામાન્ય વ્યવહાર સાથે પણ હોવાથી, સાહિત્ય સર્વથા 'શુધ્ધ' રચાય તે અશક્ય છે. આ સંબંધમાં રિચાર્ડ

હોગાર્ટના શબ્દો ધ્યાનાર્હ છે. "Literature can never be aesthetically 'pure' or abstractly Contemplating. There can be no such thing as abstract literature as there is such a thing as abstract paitntingby its nature. Because its medium language is asked by almost everybody in all sorts of everyday situations and because it tries both to say and to be-literature is an art which includs impurities."

પ્રતીકો વિશે એકાંતિક આગ્રહ પણ યોગ્ય કે આવશ્યક નથી. કોઈ પ્રતિભાશાળી વાર્તાકારને આપણે એનાં સાધનો અંગે સલાહ ન આપી શકીએ. તેમ તે પ્રતીકોનો ઉપયોગ કરે જ એવો આગ્રહ પણ ન રાખી શકીએ. પ્રતીકોના ઉપયોગ વગર જ કોઈ વાર્તાકાર આસ્વાદ્ય કૃતિ સર્જી આપે એ શક્ય છે. આખરે તો વાર્તા માટે પ્રતીકો છે, પ્રતીકો માટે કંઈ વાર્તા નથી.

આગળ કહેવાયું તેમ, છેલ્લા દાયકામાં આપણે ખાસ કરીને કવિતા અને વાર્તામાં કલાવિધાન પરત્વે વધારે ધ્યાન આપતા થયા છીએ. વાર્તાની 'ટૅકનિક' સંબંધમાં આપણે અવનવા પ્રયોગ કરીએ છીએ. 'ટૅકનિક'ની દૃષ્ટિએ વાર્તા સંપૂર્ણ હોય એટલે થયું એવો ખ્યાલ પણ જામતો જાય છે. ઘટના તત્ત્વના હ્રાસના કે અપ્રતિષ્ઠાના મૂળમાં પણ આજ સમજ રહેલી જણાય છે. અહીં એક પ્રશ્ન થાય છે. કલાના અમુક સિધ્ધાંતો, કલાના ચોક્કસ વ્યાકરણ અનુસાર કલાકૃતિનું સર્જન થયું છે એટલું જાણવું-સમજવું ભાવક માટે પૂરતું છે? કલાકૃતિના રસાસ્વાદને માત્ર આવી સમજ સાથે જ નિસબત છે? વાર્તામાં કે કાવ્યમાં, કલાના આપણને પ્રિય એવા વિચારોનો તાળો મળતો હોય તો, તેટલાથી જ આપણને આસ્વાદનો સંતોષ થાય છે? મને શંકા છે, આવો અવબોધ તે જ આસ્વાદ નથી. અલબત્ત, આ સમજનો પણ એક આનંદ તો છે જ, રસાસ્વાદમાં એનો ફાળો પણ છે જ, પણ એ જ રસાસ્વાદ નથી. કલાતત્ત્વની સમજ સાથે જીવનના કોઈ સ્પંદનનું ઉત્કટ અનુવાદન પણ થતું હોય ત્યારે જ કલાકૃતિમાં આપણી સંવિદ્‌ને આહ્લાદનો અનુભવ થાય છે. બીજી રીતે કહીએ તો અનવદ્ય કલાકૃતિના કેન્દ્રમાં પણ જીવનનો કોઈ રસાત્મક અંશ રહેલો હોવો જોઈએ. નવી વાર્તા વાંચીએ છીએ ત્યારે એમ થાય છે કે અહીં લેખકની કુશળતા પ્રકટ થાય છે. વાર્તાકલા વિશે એ જે કંઈ જાણે છે ને માને છે તેની ચુસ્ત શિસ્તમાં રહીને એણે કૃતિ રચી છે, પણ એમ સમજ્યા પછી કૃતિએ આપણને હલાવી મૂક્યાનો અનુભવ થતો નથી. અગાઉ વાર્તાકારો જેમ શું કહેવાનું છે તેની ઉપર વધારે પડતું ધ્યાન આપતા તેમ આજનો વાર્તાકાર શું કરવાનું છે તેની ઉપર વધારે પડતું ધ્યાન આપતો થયો છે. આથી નવી વાર્તાનું પણ હવે બીબું બંધાયું છે ને એમાં એકવિધતા આવતી જાય છે. કલાકાર કલાના વ્યાકરણનો સ્વામી રહે ત્યાં સુધી તો સારું છે, પણ તેનો અનુયાયી-દાસ બને ત્યારે એની સર્જકતાનું આગવાપણું ટૂંપાઈ જાય છે, વ્યક્તિત્વનો લોપ થાય છે ને અનેક લેખકોની એક સરખા ચહેરા મહોરાવાળી કૃતિઓ રચાય છે. આપણે જો વાર્તારસ જેવા કોઈ તત્ત્વને સ્વીકારતા હોઈએ તો પછી કહી શકાય કે ઉત્તમ કલાવિધાન અને ઉત્કટ જીવનસ્પંદના યુગવત પ્રાકટ્યમાં ઉત્તમ વાર્તા સર્જનની શક્યતા રહેલી છે.

મે-૧૯૬૪ની ૯-૧૦ તારીખે વલસાડમાં મળેલા 'વાર્તાકાર મિલન'માં રજૂ થયેલો નિબંધ.

શિશિર-સાંજે

આભના લાવણ્યમાં પ્રસરેલ,
ખીલી રાતરાણીની મઝાની મ્હેક-શી,
શીળી પવનની લ્હેરખી—
આ એક ચખમાં કેસુડાની લાલિમા આંજી રહી!
અવર ચખમાં,
ધધખતા ને સસડતા મધ્યાહ્નના,
ત્રાસી ગયેલા સૂર્યના-
શીલાં કિરણ ભોંકઈ જતાં!
ને
હું અહીં આજે,
શિશિર-સાંજે,
મહારા ચિત્તની આ વિષમતાને
એક કરવા
કેટલો આતુર......!!

—યયાતિ



પ્રવાસી

પરાયા પોતીકા થઈ ક્ષણ મહીં જિંદગી વને
પ્રવેશ્યાં ત્યારે તો હૃદય મુજ ભીણું થનગન્યું
હતું! ને તેઓને મૃદુલ પદ ના કંટક ખૂંપે
તીણા—,તેને કાજે જીવનવન કાંટા ખણ દઈ
ઉમંગે ઉગાડી સુમન લચી વાડી સુરભિત!
પછી જંપ્યો મારો, ઘડી સ્વપ્ન બિછાત ઉપરે
અજંપે સોરાયો અતિ સમયનો જાગૃત જીવ!
—અને જાગ્યાં જ્યારે મુજ નયન ત્યારે ય શમણા
સમી સૃષ્ટિ લાધી-જીવનભર જે રહે નિરખવા!
રચેલી વાડીનું સ્મરણ સરખું ચિહ્નન પણ ત્યાં
ન'તું રાખ્યું કિંતુ; મરુભૂમિ અને ચિહ્નન પદનાં
હતાં ત્યાં અંકાયા સુદૃઢ, ગત પેલાં સ્વજનનાં!

પડી મોડી મોડી ખબર: પથ ભૂલ્યાં ભટકતાં
પ્રવાસી આવ્યાં'તા હૃદય શ્રમ નિવાર અરથે!

—જગદીશ ત્રિવેદી



ખોવાયેલો મળ્યો
ચિત્રકાર : રવિશંકર મ. રાવળ

ચહેરો
શિલ્પી : આર્ટે ઍ



આવતાં ઓફિસેથી નિકળતાં મને કંઈક આનંદ થયેલો. પણ અહીં જે બન્યું એ પછી હવે... પળનો ય શું વિશ્વાસ એ કોકના શબ્દો મને યાદ આવ્યા. સાચી વાત છે. દરેક પળને એનું પોતાનું આગવું મહત્ત્વ હોય છે. શું દરેક પળમાં જીવનનાં તત્વચિંતનની ઝાંખી કરાવતા પ્રસંગો ભરેલા પડ્યા છે? કે પછી જીવન એટલે જ તત્વચિંતન? કે પછી જીવન એટલે જ બધું? એવું હોય તો એ પળોને સમજવાનો પ્રયત્ન કરવાના બદલે થોથાઓ ઉથલાવવાની કે ચર્ચાઓ કરવાની જરૂર શી? પળને સમજીએ એ બસ નથી?

કંઈ કંઈ તણખા પસાર થયા. પણ નિલાએ મને અટકાવ્યો: "આટલા આ લઈ લો." બા પણ આવી લાગી. કંઈક બોલવા તૈયાર થયેલી એ છાપું ઉપાડી ઉથલાવવા લાગી. ને મેં આશરો લીધો પેલી ડીશનો.

દોઢેક કલાક પછી એ જવા ઊઠી. છેલ્લા એકાદ વર્ષથી તો ઘણી વખત આમ બનતું એટલે બાએ આદત મુજબ મુજબ શિખામણ આપી, 'ચાલ્યા કરે એ તો બેટા મનમાં ન લાવીયે, ગમેતેમ તોય એ બાપ છે. એનું બળે એટલું બીજાનું ન બળે.'

લગભગ અગિયાર વાગ્યે પથારીમાં પડ્યો પણ પાંપણો મીંચાવાનું નામ નહોતી લેતી. કેમે કરી નિલા નહોતી ખસતી-આવી આવી એ નજર સામે ખડી થતી હતી.

જૂનો રૂમ છોડી અહિં રહેવા આવ્યા ત્યારે પહેલીવાર એને જોયેલી. એ દિવસે બાએ સગડી સળગાવવા લીધી ત્યારે જ યાદ આવ્યું કે, કોલસા ભૂલી ગયા હતા. પ્રાયમસ જૂની રૂમ પર હતો. બીજા દિવસે એ બધું આવવાનું હતું, પણ અત્યારે શું? શું કરવું એ વિચાર કરતો હતો ત્યાં જ "અહિં કોલસા ક્યાં મળશે? 'એમ કોકને પૂછતી બાને સાંભળી. ક્યાં શું જોકરવું એ વિચાર મનમાં ઘોળતો હું બહાર આવ્યો અને ત્યાં જ "બજારમાં" એ પેલી છોકરીનો જવાબ સાંભળી હું ઠંડો થઈ ગયો. દેખાવ ઉપરથી તો એ ગંભીર પ્રકૃતિની લાગી. "એ તો મને ય ખબર છે." એ શબ્દો મનમાં રાખી મેં વાત કરી: "દુકાન ક્યાં આવી?"

પણ મારા પ્રશ્નને અવગણી એણે બાને પૂછ્યું: "તમે આવ્યા છો રહેવા! બાએ ડોકું ધુણાવ્યું એટલે આગળ વધી: "અહિંથી લઈ લો અત્યારે ને પછી નિરાંતે મંગાવજો". પછી કોલસાની આપલે થઈ ને વાતો આગળ ચાલી:

"પહેલાં ક્યાં રહેતાં હતાં? કેમ કાઢી નાંખ્યું?" એ પૂછવાનું ય ન ચુકી.

"લાલબાગમાં રહેતા હતા. સાંકડું પડતું હતું એટલે અહિં આવ્યાં.

હું ત્યાં જ ઊભો હતો; પણ, મારો એને કોઈ હિસાબ નહોતો. એ તો બા સાથે જ વાત કરતી રહી: "કેટલાં વર્ષ રહ્યાં ત્યાં?"

"બારેક વર્ષ ખરા; મારી સામે જોતાં બાએ જવાબ આપ્યો પણ એની નજર ન ફરી.

"એમ," એટલો શબ્દ ઉચ્ચારી એ બહાર આવેલી એની મા સાથે વાતે વળગી. એમણે ય બા સાથે ઠીકઠીક વાતો કરી. હું તો ચાલ્યો જ આવ્યો ગુસ્સામાં ધુંધવાતો અંદર.

એ સાંજે બજારમાંથી ચીજવસ્તુ ખરીદી ચંપાબેન સાથે પાછી ફરતી બાને જોઈ મને લાગ્યું કે, મા દીકરી જ છે. ત્યારે તો બાનો ને એમનો મેળ આટલી ઝડપથી કઈ રીતે રીતે મળ્યા હશે એ બાબતનું આશ્ચર્ય થયેલું. પણ હવે આશ્ચર્ય નથી લાગતું. એ ઠીક ઠીક દેખાવમાં તો હતા જ પણ પાછા સ્વભાવ ખૂબ ભલો ને હસમુખો, ક્યારેય એમને ઊંચે સાદે બોલતા નથી સાંભળ્યા. નથી કોઈની વાત કરતા કે નથી કોઈનું ભલુંબુરું બોલતાં સાંભળ્યા. જાણે એવી ટેવ એમના સ્વભાવમાં જ નથી. એ ભલા અને એમનું કામ ભલું. પણ આમ પાછા ખબરદાર, આજુ બાજુમાં કોઈના પણ-ચાં-એ માણસ ભલેને ગમે તેવો હોય, કંઈ પણ કામ હોય તો એ ના ન પાડે. સારામાઠા પ્રસંગે મદદમાં હોય જ. તમે ભલે કોક પ્રસંગે એમની સાથે ગમે તેમ વર્ત્યા હો એમના મનમાં એ કશું આવે જ નહિ. એટલે બાને ફાવી જાય ને, આશ્ચર્ય રહ્યું ક્યાં?

તો મારે ય નવનિતરાય સાથે ઠીક બેસી ગયું. રવિવારે બહાર જવાનું ન હોય તો પાના રમવા એ એક જ એમનો કાર્યક્રમ. પહેલાં જ રવિવારે એમની મંડળીના ચુનીકાકા દેશમાં ગયેલા હોવાથી એ, કૃષ્ણમૂર્તિને નિલા એમ ત્રણ જ જણ હતા. એટલે એમણે મને આમંત્રણ આપ્યું.


'બેસશે?' મજા રહેશે બે ઘડી 'ને મને મળશે.' મેંય વધાવી લીધું એ.

જેવા ચંપાબેન હતા એવા જ નવનિતરાય હતા. મિલનસાર અને ભલા સ્વભાવના-નિખાલસ, નાના બાળક જેવા. જે મનમાં એ જ હોઠે. બીજાને ઉપયોગી બનવા તત્પરતાયના છૂટ્ટા ય ખરા. કમીશન એજન્ટની પેઢીમાં કામ કરતા હતા. પગાર હતો લગભગ ચારસો. સુખી હતા. અવગુણ કોઈ હોય એમનામાં તો એ એમનો ક્રોધ પણ એ હતો ઘર પૂરતો મર્યાદિત. પાનાના શોખીન ને મનેય શોખ ખરો. એટલે બહુ ઝડપથી મેળ મળી ગયો.

નિલાનો આછો પરિચય- ન ગમે એવો, પહેલાં દિવસે થયો હતો. પછી પાના રમવા બેઠા ત્યારે કંઈક વધ્યો પહેલા દિવસનો પેલો ધૂંધવાટ પણ ધોવાઈ ગયો. રમવામાં એ ઉતરે એમ નહોતી. એ પાનું ઉતરતી ત્યારે નવનિતરાય ને કૃષ્ણમૂર્તિ જેવાં અઠંગ ખેલાડી પણ વિચાર કરવા એકાદ મીનિટ થોભતા. રમવામાં નિલા એમને ખરેખર હંફાવતી. એની આંખોમાં એક વેધકતા રમ્યા કરતી ને એ વેધકતા દરેક કાર્યમાં કે વર્તનમાં ઝડપ, ચતુરાઈ કે વિદ્વત્તાનું રૂપ ધારણ કરતી. વળી વધારામાં એની પાછળ પાછળ ફર્યા કરતું હતું આછું સ્મિત. એ રૂપાળી નહોય તોય આવકાર પામે એવું તત્ત્વ એનામાં હતું.

સમય પસાર થવા લાગ્યો એમ અમે વધુ ને વધુ ભળતા ગયા—સંબંધ ગાઢ થતો ગયો. એમાંય વળી છએક મહિના પછી બા દેશમાં ગયા ત્યારે પૂરા ચોવીસ દિવસ ચંપાબેને મને એમના ત્યાં જમાડીને જ મારો છૂટકો કર્યો. એમના સ્નેહ અને આગ્રહ આગળ મારેય ઝુકવું પડ્યું. એ પછી એકબીજાની સગવડઅગવડ સાચવી લેવાતી. હું એમને ત્યાં જમું એ અમારા ત્યાં જમે. તો વળી ક્યારેક એ બન્ને માદિકરી સાથે દૂર બેઠા હોય ત્યારે આખું કુટુંબ અમારા ત્યાં હોય.

શરૂશરૂમાં તો નિલા મારી સાથે ભળી નહોતી. એ ખાસ વાત ન કરતી. સંકોચાતી નહોતી. પણ એ કંઈક અતડી ને જેપરવા જેવી હતી. એક વખત ભળી જાય પછી વાત જુદી હતી' પણ એમ ન બને ત્યાં સુધી...પછી



એ જરા જરા બોલતી થઈ ને એમાંથી એ ભળી ગઈ મારી સાથે.

ભળી ગઈ પછી તો નિયમિત એ આવતી. સાંજે તો અચૂક અમારા ત્યાં બેસતી. હું ન આવ્યો હોઉં તો બા સાથે એ વાતો કરતી, અગર તો કશુંક લઈ વાંચતી. એમાંથી એ બાને ન સમજાય એવાં કાવ્યો, બોધભરી વાર્તાઓ રાજકારણની વાતો- જેમાંનું કશું હું બાને સમજાવવાનો ક્યારેય પ્રયત્ન ન કરતો ને બા પૂછતી તો "તને ન સમજાય કહી રાખી દેતો, વગેરે સમજાવવાનો પ્રયત્ન કરતી. ક્યારેક હું એમની મજાક ઉડાવતો, "એ અટપટી.ને અનેક સંદર્ભમાં સંકળાયેલી વાતોનો બાને ખ્યાલ ન આવે .ગુરુદેવ!' એ જરા છંછેડાઈ પડતી, "તમારી જાતને બહુ હોંશિયાર માનો છો? ભગવાને દરેકમાં સામાન્યબુદ્ધિ મૂકી છે. ને પછી અમારી વાતો કે ચર્ચા ચાલતી.

અમારી વાતોમાં મુખ્યત્વે વહેતું રાજકારણ, સામાજિક પ્રશ્નો, યોજનાઓ, સાહિત્ય, ફિલોસોફી ને બીજા પણ ઘણા — વિષયો ચર્ચાતા. શું લેવું જોઈએ, શું ન લેવું જોઈએ, શું છે, ક્યાં ભૂલ છે, કઈ રીતે સુધારી શકાય, શું કરવું જોઈએ, શું બનશે, એ બધું અમે દાખલા દલીલો સહિત રજુ કરતા. ક્યારેક આધારે મતભેદ પણ પડતા.

એસ. એસ. સી.ની પરીક્ષા આવી. એનું બહારનું વાંચન અને આ બધી ચર્ચાઓ ચાલુ જ હતી. પણ તોય વિશેષ ધ્યાન પરીક્ષા તરફ જ કેન્દ્રીત થતું હતું. પરીક્ષા પતી ગઈ ને પછી પરિણામ આવ્યું. એને ઘણા સારા માર્ક્સ મળ્યા હતા, એટલે એ ખુશખુશાલ હતી. ને વળી "કૉલેજ" એ શબ્દએ એનામાં નવી ખુમારી ને નવો ઉત્સાહ પ્રગટાવ્યો હતો. ને એ ખુમારીમાં જ એણે "પેંડા તો ખવરાવ નિલા" એ મારા શબ્દોને હવામાં ઉડાડી દીધા: "પેંડા ખાવા છે. મોઢું મીઠું છે?"

સાંજે આવી ત્યાં જ એ આવી ને ટેબલ પર પેંડાની ડીશ મૂકી: "આ પેંડા" મેં મારી ધૂનમાં લખ્યું, "નથી ખાવા તારા પેંડા, ફેંકી દે ગટરમાં" જવાબ ન મળ્યો એટલે હસતાં હસતાં મેં એની તરફ જોયું. એ બારી બહાર જોઈ રહી હતી. ઉત્સાહનું કોઈ નિશાન મોં પર નહોતું. આટલા કલાકમાં પેલી ખુમારી ઓગળી ગઈ હતી! કંઈક બન્યું હોવું જોઈએ, એમ મને લાગ્યું ને મેં એને પૂછ્યું "શું થયું છે?"

એણે ટૂંકો જવાબ આપ્યો, 'બાપુજી ના પાડે છે.' મને સમજાયું નહિ. 'પણ શાની?' મારા સ્વરમાં આવેલી જિજ્ઞાસા પારખી જતા એણે જવાબ આપ્યો: "કૉલેજમાં દાખલ થવાની."

મને આશ્ચર્ય થયું છેલ્લા પંદર દિવસમાં ઘણી વખત આ વાત થઈ હતી. ત્યારે તો એમનો વિચાર હતો. પછી આજ વળી શું થયું? મેં એને આશ્વાસન આપ્યું: 'હું તમારાં કાકાને સમજાવું છું.' એ પાછી અસલ મૂડમાં આવી ગઈ.

રાતે બેસીને ચંપાબેન અને નવનિતદાસને સમજાવ્યાં. એમનો ઇન્કાર મોટો હોવાનું એક કારણ તો એમની જ્ઞાનમાં ભણતર ઓછું નહોતું એ હતું ને બીજું કારણ એમણે પોતે અનુભવેલા કેટલાક પ્રસંગોને લીધે બંધાયેલો પૂર્વગ્રહ હતો. એ અને ચંપાબેન બોરીવલી ગયેલાં. પાછા ફરતી વખતે, પર્યટને ગયેલાં કોઈક કૉલેજના યુવકયુવતીઓ એમના ડબ્બામાં ચઢેલાં. એ લોકોએ—પોતાની ચાતુરીનું પ્રદર્શન કરવા કે પછી અમે કૉલેજિયન છીએ એ બતાવવા, જે ધમાચકડી મચાવી એના એ સાક્ષી હતા. બીજાઓને તકલીફ પડે છે એ વિચારવાની એમને પરવા નહોતી. એ તો ઠીક પણ એમાં કંઈક અંશે નિર્લજ્જતા હતી. આવા આવા બેચાર અનુભવ એમને થયા હતા; એટલે, એમના મનમાં એમજ ઠસ્યું હતું કે ત્યાંનું વાતાવરણ ઉચ્છૃંખલ હોય છે, વિદ્યાર્થીઓ ન શીખવા જેવી બાબતો શીખવામાં ગૌરવ અનુભવે છે. એમનું માનસ સમજ્યા પછી તો એમને સમજાવવામાં ખાસ તકલીફ ન પડી.

નિલા કૉલેજમાં દાખલ થઈ અને પહેલા દિવસના અનુભવે એને ક્ષુબ્ધ કરી દીધી. નોટીસબોર્ડ પરથી એ પોતાનો રોલનંબર જોતી હતી ત્યાં જ એને અનુલક્ષી 'ટામેટા!' શબ્દો સાથે કોકે બુચકારો બોલાવ્યો. એણે કરડી નજરે એ તરફ જોયું કે બીજી તરફથી બીજો ઘા આવ્યો, 'એક કોપી વધારે.' આવું ઘણું ઘણું એ દિવસે એણે સાંભળ્યું. આજુબાજુ બીજી યુવતિઓ ન હોત તો એ ઘેર ભાગી આવી હોત. એ દિવસે જો કે ગુસ્સો તો એણે ઠાલવ્યો જ, 'જંગલીઓ છે સાલા! અભ્યાસ કરવા આવે છે કે આવા ધંધા કરવા? ફટકારવા જોઈએ.' પણ પછી વળી એ રડવા જેવી થઈ ગઈ. 'એ શું કરે બિચારા! આખું વાતાવરણ જ એવું છે! પછી એમનો માનસિક વિકાસ વિકૃત હોય તો એમનો શું દોષ?' ધીમે ધીમે એ ટેવાઈ ગઈ.

પછી તો અમારી વાતોમાં કૉલેજની અવનવી વાતો આવતી. છોકરાઓ કે છોકરીઓ કેવી કેવી હોય છે, શું શું કરે છે, વિદ્વાન કહી શકીએ એવા કેટલા, અભ્યાસી કેટલાં, ચાલુ ચીલે ચાલનારા કેટલાં, શું પ્રવૃત્તિઓ ચાલે છે, કૉલેજ સત્તાવાળાઓએ શું કરવું જોઈએ, શું કરે છે, શું નથી કરતા, એમની વૃત્તિઓ ને એ બધી બાબતો એ રજુ કરતી. તો વળી ક્યારેક એનું પત્તુ દબાવતા

કોક વિદ્યાર્થી વિષે'ય સ્મિત વેરતા શરમાતા શરમાતા એ વાત કરતી. તો વળી પ્રોફેસરોથી કરાતી ભૂલો ય રજુ કરતી ને એના પર કડક વિવેચન કરતી. હું ય મજાક કરવાનું ન ચૂકતો, 'તું જ એની જગ્યા સંભાળી લે ને વિદ્યાર્થીઓને શિખવ. ને તારા પગલાં દાબનારામાંથી કોકને ભાગ્યશાળી બનાવો નિલાદેવી!' 'શું તમે ય!' સ્મિત વેરતી એ આગળ વધતી: 'ગમવું ય જોઈએ ને? ને બાપુજીને ઓળખો છો? કોલેજ બંધ ને નિલા જેલમાં.' પછી મુક્ત મને હસી પડતી.

'પેન જોઈએ છે, પેન્સીલ આપો, જરા ચપ્પુ આપોને, પેલું પુસ્તક મારે વાંચવું છે તો પાછું ન આપતા, બજાર જવાના હો તો જરા માચીસ લેતા આવજો, દશના છુટા આપો, ત્યાં થઈને આવવાના છો તો જરા આટલું પુસ્તક લેતા આવજો, ક્યાંકથી મળે તો આ બુક શોધી લાવજો. બા બિમાર છે ને હું જઈ શકું એમ નથી તો જરા આ ટીકડીઓ લાવી દોને.' આવા આવા સેંકડો પ્રસંગો પડોશમાં રહેનારાઓ વચ્ચે ઉદ્ભવે છે. એમાં ય જો યુવાનયુવતી કેળવાયેલા હોય અને જીવન વિષે એમના પાસે એક સાચી દૃષ્ટિ હોય તો બીજી અનેક બાબતો આ બધા સાથે ભળે છે. બહુ મામુલી છે આ બધી વાતો. જુદી જુદી મુલવીએ તો એની કશી કિંમત નથી, પણ સમગ્રપણે-એના સહજ-પણાનું નિરીક્ષણ કરીએ તો ખરેખર આશ્ચર્ય થાય. મામુલી આ વાતો લાગણીઓના તાણાવાણાને તાલબદ્ધ નિયમિત રીતે ગુંથ્યા કરતી હોય છે. દિવાલો તોડી એ પૂલોનું સર્જન કરી રહી હોય છે.

ને એમાં ય કેટલાક પ્રસંગો એવા હોય છે કે જે આ ક્રિયાને એક આખરી સ્વરૂપ આપે છે—એના પર મહોર મારે છે.

આવું જ અમારા સંબંધમાં બની રહ્યું હતું. એવા તત્ત્વો અમને નજીક ને નજીક લાવી રહ્યા હતા. પણ ન'તો મને કે ન'તો એને કશો ખ્યાલ હતો. અમે બન્ને ખરેખર એનાથી અજાણ હતા.

એ દિવસે ઓફિસે જવાની તૈયારીમાં હતો ત્યાં જ એ આવી, 'આ જરા જોઈ જજો. મારે હરિફાઈમાં રજુ કરવો છે.' પણ નોટ મેં બાજુમાં મૂકી, 'મોડું થયું છે, સાંજે વાત!' એણે કરડી નજરે જોયું ને પછી શાંતિથી ચાલી ગઈ. ત્યાં મને કંઈ ખ્યાલ ન આવ્યો પણ બસમાં પેલી નજર મને યાદ આવી ને ત્યારે સમજાયું કે એ ગુસ્સે થઈ હતી. ને મારું અનુમાન સાચું હતું. બહારથી આવ્યો ત્યારે એ ઊભી ઊભી કામવાળી જીવી સાથે વાત કરતી હતી તે અંદર ચાલી ગઈ. ન પેલો આવકાર કે ન પેલું સ્મિત. આવવાનું બંધ-બા પાસે ય નહિ. એનો ખ્યાલ એવો કે બાને ખબર પડે ને એ એને પૂછે. ખરીદી કરવા જતાં પૂછવાગાછવાનું ય બંધ. ચાર દિવસ આમ ચાલ્યું. રવિવાર આવ્યો ને પાના રમવા બેઠા. ન છૂટકે-નવનિતરાય આગળ આ બધું કેવી રીતે કહી શકાય, રમવા બેઠી. ને બોલવું ય પડ્યું—મેં'ય મોંઘમ મનાવવાનો પ્રયત્ન કર્યો, ત્યારે જ રોષ ઉતર્યો. સાંજે સંભળાવ્યા વગર ન રહી: 'મોટા માણસ છો તમે, તમને સમય હોય ન હોય એટલે આવતાં મારે વિચાર કરવો પડે.'

તો બીજી વખત વળી આવીને એણે તોરમાં હુકમ સંભળાવ્યો: 'લિબર્ટીની ત્રણ ટીકીટ રીઝર્વ કરાવજો.' મજાક કરતાં એણે ધરેલી પાંચની નોટ લેવા હાથ લંબાવ્યો: 'પટાવાળા આવા કામ માટે નથી.' આવી હતી એના કરતાં ય વધુ ઝડપથી એ ચાલતી થઈ. 'નિલા!' મેં બુમ મારી પણ એ પાછી ન ફરી. તો પાછળ જતા મને શરમ આવી. ને ત્યારે પણ એ ગુસ્સો ઘરના રસોડા સુધી પ્રસર્યો. એ દિવસે નીલા વટાણાની કચોરી બનાવવાની હતી. એણે જ એ ઊભું કર્યું હતું, પણ એ ન આવી. ફરવા ચાલી ગઈ. ઘેર હોય તો બા બુમ મારે ને? મને ગુસ્સો આવ્યો. મજાક પણ ન થઈ શકે? આમ વાત વાતમાં બસ દોડવાનું? ને બીજા દિવસે સવારે એ દાતણ કરતી હતી ત્યારે એની નજર સામે બાની વાત સાંભળ્યા વગર ને 'કેમ નાંખી દો છો?' એ ચંપાબેનના પ્રશ્નનો જવાબ આપ્યા વગર ડબ્બામાં-કચરો પધરાવ્યો. મારું મન નારાજ થઈ ગયું હતું. પણ એ આ જોતી જોતી મલકાતી હતી: 'જોયો તમારો મિજાજ!' પણ સાંજે જમવા બેઠાં ત્યારે થાળીમાં કચોરી જોતાં હું મલકાઈ ઊઠ્યો.

આવી રીતે દિવસો વીતતા હતા. એ ત્રીજા વર્ષમાં

આવી. હવે તો એ કૉલેજથી સારી રીતે પરીચિત થઈ ગઈ હતી અને એટલે કૉલેજની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતી હતી. કયારેક મને ય એ એમના કાર્યક્રમોમાં ખેંચી જતી. એવો જ એમના સાહિત્ય મંડળનો રસોત્સવ હતો. એણે મને પણ આમંત્રણ પત્રિકા આપેલી. હું જોવા પણ ગયો. કાર્યક્રમ સારો હતો. પણ એમાંના એકાંકીનો અંત મને ન ગમ્યો. એ નાટકમાંની ઉષા એના પતિથી, જેની સાથે એણે સ્નેહલગ્ન કરેલા, છૂટાછેડા લે છે.

રાતના સૂતો ત્યારે પણ મન ઉદાસ હતું. શા માટે મન ઉદાસ હતું એ વિચાર કર્યા છતાં ન સમજાયું. પણ અચાનક ઉષાની જગ્યાએ નિલા ગોઠવાઈ. પછી તો પ્રસંગોની હારમાળા વિસ્તરતી ગઈ.

હું ભડકી ઊઠયો. વિચારમાં જ પડી ગયો: 'આ શું? નિલા મારા મનમાં રમે છે? સાચે જ? કેવી રીતે અને કયારે એ આવીને આમ સંતાઈ બેઠી?'

પણ પછી મેં મનને ફટકાર્યું, હતૂ ! નાલાયક! નિખાલસતાનો આ જવાબ? કોઈએ બે ઘડી આમ છૂટથી વાત કરી ત્યારે આ વિચાર? નિખાલસતાને ય આમ દાગ લગાડવાનો? એને આ વાતની ખબર પડે તો? મરી જા, મરી જા.'

કયાંય સુધી વિચાર કરતો રહ્યો. મનને આશ્વાસન આપ્યું, 'એ તો લાંબો સમય સાથે રહીએ એટલે જરા મમતા જેવું જન્મે જ. પેલી રૂમ છોડી અહિં આવ્યા ત્યારે ય કયાં મન ઉદાસ નહોતું થયું ને રડવું નહોતું આવ્યું? જ્યારે જડની ય આવી માયા લાગતી હોય પછી ચેતનની વાત જ કયાં કરવી?'

પણ એ ખ્યાલ મનમાં ઝબકયો પછી હું જરા અતડો બન્યો. વાતો ય જેમ બને તેમ ઓછી કરતો. ને 'નિલા! આ કર. નિલા! પેનમાં જરા શાહી ભરને. આ કપડાં જરા કબાટમાં મૂકી દેને.' એ બધું પછી ઓછું કરી નાખ્યું.

આમને આમ એ બી. એ. થઈ. પણ ત્યાંથી જ મુશીબતના જાણે શ્રીગણેશ મંડાયા! ભણતી હતી ત્યારે જે નિલા નાની હતી એ નિલા અભ્યાસ પૂરો થતાં જ એમને મન જાણે ત્રીસની થઈ ગઈ! જોરશોરથી ત્યાંથી તો મુરતિયાની તપાસ આરંભાઈ.

પણ ત્યારે જ એમને ખ્યાલ આવ્યો કે એ બહુ મુશ્કેલ કામ હતું. એક તો એમની ન્યાતમાં મુરતિયાની અછત અને ઓછા ભણતરની સામે બી. એ. થયેલી નિલા! તપાસ કરતાં કરતાં એમને કંઈક જગ્યાએથી પાછું પણ ફરવું પડેલું. ઘણી વખત એ મારી આગળ વાત વાતમાં બળાપો કરતા : આ ભણાવી! હવે નાખવી ક્યાં? ભણેલા મુરતિયા ઓછા ને એમાંય એમને માગ્યા મૂલે ખરીદનારા ઘણા, ત્યાં આનું કરવું શું?' એકાદ વખત આડકતરી રીતે મેં એમને સુચવેલું: 'એની નજરમાં કયાંય કોક...' પણ મારી વાત એમણે અધવચ્ચે જ કાપી નાખેલી, 'શું કહ્યું? એની તાકાત છે એવી? એવું કશું ના બની શકે. હું જીવતો છું ત્યાં સુધી તો નહિ જ.' પછી હું શો જવાબ આપું? મનમાં તો સંભળાવતો,' 'શું કરવા નકામું ન્યાત અને તડ પકડીને બેઠા છો! અત્યારે એ તમારું માનશે પણ આમ ને આમ દિવસો જશે પછી કદાચ એ તમારું સાંભળશે ય નહિ. એ દિવસે હાથ ઘસતા રહેશો. છૂટ આપોને એને એનો રસ્તો શોધી લેવા.' પણ આ બધું એમને ગળે ઊતરે એમ નહોતું. એટલે હું ય મૌન જાળવતો. આવી પરિસ્થિતિમાં એ ઘણી વખત નિલા પર તપી ઊઠતા. શાંતિથી એ સહી લેતી.

કયારેક હું અકળાઈ ઊઠતો, 'નિલા પર એ આટલા આમ ઊકળી કેમ જાય છે? એમને એકને જ દિકરી છે? આજ નહિ તો કાલ એનું ઠેકાણું પડશે. એમ તો એનું નસીબ લઈને આવી હશે ને?' બા મને ઠંડો પાડતી, 'કુંવારી દિકરીના બાપની મનોદશા આવી થઈ જાય એમાં આશ્ચર્ય નથી. ઉમ્મર વધતાં દીકરી બોજ બની જાય છે. અને એ બોજ વહાલના ઝરાને ય સૂકવી નાખે છે. ને એમાં એ પાછા પટેલ! છોકરાને ગાંસડે ધન આપવું પડે. દસ પંદર હજાર તો હિસાબમાં ય નહિ. ને દિકરી જીવે ત્યાં સુધી એકએક ચીજ બાપના ત્યાંથી એને મોકલવી પડે.' બાની વાત સાચી હતી. આવું હોય એમાં માણસ ગાંડો થઈ જાય તોય આશ્ચર્ય ન લાગવું જોઈએ.

એ પછી એકાદ બે જગ્યાએ મેળ ખાય એમ હતું ત્યારે નિલાએ ના પાડી. એ દિવસો ખરેખર ક્યારે ય નહિ ભૂલી શકાય. એક બાજુ હતા ગુસ્સે ભરાયેલા નાગ જેમ ફૂંફાડા મારતા નવનિતરાય ને બીજી બાજુ હતું એક શાંત મક્કમ બળ-નિલા. હાથના, શબ્દોના, ગુસ્સાના અને બીજા જેટલા પ્રહારો એ દિવસોમાં થયા એ એણે એક પણ શબ્દ ઉચ્ચાર્યા વગર ઝીલ્યા. પણ એ મક્કમ રહી, 'મને નહિ ગમે એ વાત હું નહિ સ્વીકારું, તમારે જોઈએ તો ઝેર ઘોળીને મને આપો એ હું પી લઈશ.' સામે નવનિતરાય હતા ઘોળીને પાય પણ ખરા. ચંપાબેનને તો નિલાનું દાઝે જ ને? એટલે વાત બહુ ગંભીર ન બની. પણ એક સન્નાટો તો છવાઈ ગયો વાતાવરણમાં.

એટલે હમણાં હમણાં ઘણી વખત એ ગુસ્સે થઈ જતા, ને એય ખાસ કરીને નિલા પર. જો કે ગુસ્સો થાય પછી તો નિલા હોય કે ચંપાબેન, કશો ફરક ન પડતો. એવું જ કંઈક હશે, આજે પણ. પણ નિલાએ કહ્યું નહિ એટલે ખબર ન પડી કે ચોક્કસ શું હતું.

પછી આ બધા વિચારોમાં આંખ ક્યારે રમત રમી ગઈ એ ખ્યાલ ન રહ્યો, પણ સ્વપ્નોમાં સદા નિલા જ રમતી હતી.

બીજા દિવસે બાને પુના જવાનું હતું તે એમને બેસાડીને આવ્યો ત્યારે નવનિતરાયે ઊભા રાખી વાત કરી, 'એ કહે છે કે મારી મરજી મુજબ મને લગ્ન કરવા દો. બીજી કોઈ વાત હું મંજૂર નહિ કરું.' મેં વચ્ચે જ ટોક્યા એમને, 'પણ કોણ છે એ?' એ તિરસ્કારભર્યું હસી પડ્યા, જે વાત કરવી નથી એ જાણવાની જરૂર થી? પણ કોઈ કાળે...... ઠીક ઠીક વાતો કરી એમણે ને પછી દાતણ ફેંકી દઈ અંદર જતાં એમની વાત પર એમણે ભાર મુક્યો, 'તું નિલાને જરા સમજાવને, જયંત! તું એને સમજાવી શકીશ.'

એમણે નિલાને એક છોકરા વિષે વાત કરી ને નિલાએ પોતાની વાત મુકી હતી. એ છોકરો-જેની વાત નવનિતરાયે કરી હતી. નિલાને કૉલેજમાંથી ઓળખતો હતો. નિલા પ્રત્યે એના મનમાં મમતા હતી. હોશિયાર હતો અને અભ્યાસમાં પણ તેજસ્વી હતો. મધ્યમ વર્ગના માબાપનો એ છોકરો હતો - આદર્શવાદી. શ્રીમંત કુટુંબો એનો સંબંધ ઈચ્છતા હતા પણ પૈસાનો એને મોહ હતો નહિ. આમ હતું એટલે એણે પોતે સામેથી આડકતરી રીતે પૂછાવ્યું હતું. પણ નિલાનો એક જ જવાબ હતો: 'મારી ઈચ્છા નથી.' ને વાત નિકળી. એટલે એણે સામે પોતાની વાત મુકી, 'મારી ઈચ્છા મુજબ મને લગ્ન કરવાની છૂટ આપો તો સારું, બાપુજી!' દરેક વાતમાં માબાપનું માન ને શબ્દ રાખનારી નિલા આ બાબતમાં મક્કમ હતી. એ બધી રામાયણ ગઈ કાલે હતી.

સાચું કહું તો નિલાના આ વર્તનથી મને પણ એના પ્રત્યે કંઈક ગુસ્સા જેવું તો આવ્યું હતું જ. એનું વલણ યોગ્ય તો નહોતું જ. આટલા છોકરા એને બતાવ્યા એમાંથી કોઈ એને ન ગમ્યો? એના માટે કંઈ આકાશમાંથી આવવાનો હતો? એ એવી તો કયી મોટી રાજકુમારી હતી કે: 'મને આજ જોઈએ ને પેલું ન જોઈએ.' પહેલાં પણ એકાદ બે વખત મેં ટકોર કરેલી, 'આમ ના પાડ્યા કરવી એ ઠીક નથી. વિચારી સમજીને બેચારમાંથી સારું લાગે તે આવકારી લેવું જોઈએ. પછી સમય વીતી જશે......!' એ આછું મલકાતી. જોકે એમાં વિષાદ હતો જ, 'હું ય માણસ છું. મારેય મન અને ઈચ્છા જેવું કશું તો હોય ને?'

જમવાનું એમના ત્યાં જ હતું એટલે એ વખતે વાત કરવાનું મેં મનમાં નક્કી કર્યું ને બીજા કાર્યોમાં પરોવાયો.

બેંક હોલીડે હતો એટલે નિરાંત હતી. લગભગ અગિયારે સૌથી નાની, સ્મિતાએ ઘંટો પાડ્યો, 'જમવું નથી તમારે! કેટલું મોડું થયું છે? ચાલો જલદી.' વાંચવાનું મૂકી જમવા ગયો.

અમદાવાદથી મોટા ગુરૂ આવેલા તે એ અને ચંપાબેન જમી-પરવારીને એમના દર્શને ગયેલાં. રમેશ એનાં પુસ્તકો લઈને બેઠેલો. નિલા હતી રસોડામાં. મને જોતાં એણે સ્મિત કર્યું, 'ચાલો બેસી જાવ. ક્યાં સુધી રાહ જોવી?'

જમતાં જમતાં મેં વાત કાઢી. પછી મુખ્ય મુદ્દા પર આવતાં પેલા છોકરા વિષે કહ્યું, આનાથી વધુ સારો યુવાન કેવો હોઈ શકે? ને તારા માટે થઈ એણે સામેથી પૂછાવ્યું છે.'

'એણે મને અટકાવી દીધો: 'મારું મન નથી પછી વાત જ ક્યાં રહી?'

મેં એની સામે જોયું. મારી નજરમાં અણગમો અને ગુસ્સો સ્પષ્ટ વર્તાતા હતા. અમારી નજર મળી. એની નજરમાં લાચારી હતી. પેલો અણગમો અને ગુસ્સો ઓગળી ગયો. હું આગળ વધ્યો, 'તારે એક વાત સમજી લેવી જોઈએ કે કાકા તારી ઈચ્છા મુજબ કરવાની તને છૂટ નહિ આપે, સિવાય કે, છોકરો તમારી ન્યાતનો હોય તો વાત જુદી છે. પછી રસ્તો એક જ બાકી રહે છે કે એ કહે એમાંથી તને ગમે એ સ્વીકારી લેવું અથવા તો તને એમ શ્રદ્ધા હોય કે કાકાનું મન ફરશે તો ત્યાં સુધી—એ સમય ગમે તેટલો લાંબો હોઈ શકે, રાહ જોવી. સામેના પાત્રની પણ એટલી તૈયારી હોવી જોઈએ. પણ તને એવી શ્રદ્ધા ન હોય તો એ વાત જ નથી રહેતી.' થોડીવાર હું અટક્યો ને પછી પૂછ્યું: 'એક વાત પૂછું નિશા?'

એ મારી સામે જોઈ રહી. એની આંખોમાં કંઈક ઉત્સાહ દેખાયો, 'પૂછો.'

'કોણ છે એ છોકરો? કાકાની નજર તળે એને લાવી શકાય એમ છે?'

'મને છૂટ ન મળે ત્યાં સુધી એ કશું શક્ય નથી. એ કોણ છે એ પણ હું નહિ કહી શકું. મંજૂરી મળે તો હું એ જણાવું.'

'મંજૂરી મળ્યા પછી તું જણાવે પણ કદાચ એ છોકરો એવો યોગ્ય ન હોય તો?'

'તમને અને કાકાને નિશા પર—એની બુદ્ધિ પર, એટલો ય વિશ્વાસ નથી?'

'તો આનો રસ્તો શું?' તું રાહ જોવા માગે છે?'

'હા.'

'સામેનું પાત્ર એ માટે તૈયાર છે?'

'એ હું નથી જાણતી.'

'અને છતાં તું આટલી મક્કમ છે?'

'હા.'

મનમાં ઊંડે ઊંડે મને દુઃખ થતું હતું. એક એક શબ્દ નિશાનો જ તો, ઝેરી નાગના દંશની ગરજ સારતો હતો, 'કોણ હશે એ છોકરો? કેવો હશે? જો મારા માટે એના મનમાં... હોત તો? તો હું કેટલો નસીબદાર હોત?' મને એ અજાણ્યા યુવાનની અદેખાઈ આવતી હતી. પણ મનની મનમાં દબાવી મેં છેલ્લી વાત કરી: 'જો સાંભળ, નિશા! તારામાં હિંમત હોય, ચંપાબેન ને કાકાના ધમપછાડા, ગુસ્સો અને એથી ય આગળ વધીને ચંપાબેનના-માના, આંસું સામે મક્કમ રહેવાની શક્તિ હોય, એથી ય આગળ વધીને આ નાના ભાઈબહેનોના અચોક્કસ ભાવીની વાતો સામે ટક્કર લેવાની દૃઢતા હોય તો કાકાની ઈચ્છા વિરુદ્ધ પણ તારી મનોવાંછિત વસ્તુ મેળવવામાં હું તને બધી જ મદદ કરીશ. પૈસાની જરૂર પડશે તો પૈસા, સગવડની જરૂર પડશે તો સગવડ, ઓળખાણ ને જે રીતે જરૂર પડશે એ રીતે હું તને મદદ કરીશ. પણ તારી જાતને તું એક વખત તપાસીને પગલું ઉઠાવજે. વાતાવરણ ડહોળાય પછી ડગી જવું પડે એમ ન બનવું જોઈએ.'

હું ઊભો થયો: 'તારી મરજીમાં આવે તો આજે, કાલે અને નહિ તો જ્યારે તું ઈચ્છે ત્યારે મને જણાવજે. બનતું બધું જ હું કરીશ. પણ વિચાર કરીને પગલું ભરજે.'

મારું મન ભારે થઈ ગયું હતું. મારું મગજ હવે પછી ઊભી થનાર આંધીનું કલ્પના ચિત્ર દોરી રહ્યું હતું. નિશા શું પગલું ભરશે, સામેથી—એના પ્રિય પાત્ર તરફથી, કેવો આવકાર મળશે, નિશા પર શું શું વિતશે, નવનિતલાલનું મગજ કેવું થઈ જશે, ચંપાબેનની હાલત કેવી થઈ જશે, ક્રિયાશીલ આ કુટુંબનું વાતાવરણ કેવું સળગી ઉઠશે, મને એના છાંટા કેટલા પ્રમાણમાં ઊડશે, કદાચ અહિંથી બીજે રહેવા જવું પડશે કે નહિ, આવા આવા વિચારો મનમાં ઘુમરીઓ ખાતા હતા. ને બીજું આજું દુઃખ થતું હતું કે નિશાએ એની આ વાતમાં મને ઈશારો પણ ન

આવવા દીધો. મારાથી એ છુપાવ્યું. ને જવા માટે મેં પગલું ભર્યું. સફાળા ચમકીને એણે મને અટકાવ્યો, 'બોલો, આવતી કાલે કે પછી શા માટે? આજે જ સાંભળતા જાવ. ને મને એટલી ગોઠવણ કરી આપો. ક્યારે ય તમારો આભાર નહિ ભૂલું. હવે કહું તમને, એ કોણ છે?

મેં ડોકું ધુમાવ્યું : 'હા.'

એની નજર નીચી ઢળી. થોડી વાર એ ચૂપ રહી ને પછી શાંત સ્વરે, સ્વસ્થતાથી એની વાત કરી : 'બરાબર સાંભળી લો. મારે ક્યાંય નથી જવું, પણ તમારી સાથે આવવું છે. આ ઘરની વિદાય લઈ તમારા ત્યાં આવકાર પામવો છે.'

મારી કલ્પનામાં આ નહોતું—નિલાના મનમાં આ વાત હશે. વગર તૈયારીએ હુમલો થાય એવી મારી હાલત થઈ ગઈ. આનંદનો એક પ્રચંડ જુવાળ આવ્યો પણ એની સાથે એ અસ્વસ્થતા પણ લઈ આવ્યો હતો. કોઈ અસંખ્ય વિચારો તારમાં દોડતી વીજળીની ઝડપે દોડી રહ્યા હતા. પળમાં તો એ ખુલે-ખુલે ઘુમી વળ્યા. લાગતું હતું કે સાગરને કિનારા તોડીને વહી જવું છે! આ આકાશને ખડખડાટ હસવું છે! આ પંખીઓને પાંખો વીંઝવી છે! મારી નજર એના પર જ હતી. જવાબ માગતી આંખો મંડાઈ હતી મારા પર. ત્યાં લજ્જા, આનંદ, આતુરતા ને શંકા નાના બાળક જેમ ખેલતી હતી. વાતાવરણ આનંદમાંથી નિપજેલા ઉન્માદથી ભરપૂર, પણ ગંભીર હતું. હું કશું બોલવા માંગતો હતો પણ પ્રયત્ન કર્યો ત્યારે કંઈક બીજું જ બોલાયું : 'નિલા! પછી વાત.' ને સડસડાટ હું ચાલ્યો આવ્યો ઘેર.

જે મનમાં હતું એ જ સામે આવ્યું હતું. આમ જુઓ તો હું આનંદવિભોર હતો. સુખની બેહોશીમાં હતો. તો વળી બીજી બાજુ પ્રશ્નોની હારમાળા ઊભી હતી. શું કરવું? પગલું ભરું? નિલાને આવકારું! પણ, પણ......, નવનિતરાયને કેટલો વિશ્વાસ હતો મારા પર? એમની નજરમાં હું એમના દીકરો જેવો હતો. ને ચંપાબેન? કેટલો સ્નેહ છે એમને? ક્યારેક કંટાળીને આડો પડું છું-કસમયે, તો એ કેટલા ફફડી ઊઠે છે.' 'શું થયું જયંત? માથું દુઃખે છે? લે, બામ ઘસી દઉં. પેટમાં કંઈ ગરબડ છે? જીંજર પીલે ભઈલા. અરે! તને તો તાવ છે. હું નિલાને મોકલું છું દવાખાને, ડોક્ટરને બોલાવી આવવા દે. શું અને શું નહિ?' એ કેટલા નિશ્ચિંત હતા? સ્વપ્ને ય એમને આવું મનમાં આવ્યું હશે? તોડીફોડીને આ બધું ફગાવી દેવું? એમની શું દશા થાય? ખૂન કરતાં ય વધારે હીણકારું આ કૃત્ય ન ગણાય? આઘાતમાંથી જન્મનારી આ વેદના જેવી બીજી વેદના હોઈ જ કઈ શકે?

મારું મન અસ્વસ્થ છે, ઉદાસીનતા મને ભરડો લઈ બેઠી છે. કેટલો લાચાર છું હું! સ્નેહના ને વિશ્વાસના આ બંધનોએ કેવો પરવશ કરી દીધો છે! હસી શકું એમ નથી ને રોવું હોય તો એ પણ શક્ય નથી. અહિં ન રહેતો હોત તો કેટલું સારું થાત? કોલેજમાં કે બહાર બીજે ક્યાંક અમારો પરિચય થયો હોત તો સ્વર્ગને એક આંગળનું ય છેટું રહેત ખરું? તો એ કંઈક જુદી જ વાત નહોત? હોત જ. તો વિચાર જ ન કરવો પડત. આ આંસું, ઉદાસીનતા, લાચારી કે કશું નહોત.

શું કરવું? હા, નવનિતરાયની મંજુરી હોય અને એમ નહિ ને અંદરખાને ય એ રાજી હોય તો વાત જુદી હતી. પણ એવું હતું ક્યાં? જીંદગીના પચાસથી ય વધુ વર્ષ જેણે 'ન્યાત એટલે ન્યાત' એ જ માન્યતામાં રાચતા પસાર કર્યાં હોય એની પાસેથી એવી આશા રખાય જ કઈ રીતે? હા, એ કદાચ સારું ઠેકાણું શોધી ન શકતાં હોય તો વળી તૈયાર થાય. પણ એમ તો હતું નહિ.

નિલાનો હુકમ હોય તો એની સાથે બેસી ઉલ્લાસથી ઉછળતા મને વિષપાન કરવા હું તૈયાર હતો. એના સંગમાં હજાર મૃત્યુ હોય તો એ આવકારતા મને વાંધો નહોતો, પણ આ વિશ્વાસ ને મમતાનું વહાણ કેવી રીતે બુડાડું? દિલથી ઈચ્છું તો ય શક્ય છે મારા માટે?

નિલાને કદાચ હું સમજાવી શકીશ, પણ મારું શું? નહોતો જાણતો ત્યાં સુધી એને ચાહીને પણ જીવન કેટલું હળવું હતું? હવે એ બોજ બની જશે. જીવની વેદના બની જશે. આટલી વાત એ મનમાં દબાવી ન શકી? આટલું એક ખૂણે દબાવી એ ચાલી ગઈ

હોત તો શું હતું? આવી કમતિ એને કેમ સૂઝી? અજ્ઞાનમાં કેટલું સુખ છે? જ્ઞાન થયું કે હવે જિંદગી આખી શેકાયા કરવાનું ને?

હરપળે એની આંખો જવાબ માંગતી હતી. અને મેં એનો જવાબ આપ્યો, 'એમની-કાકાની, મંજુરી વગર ન થઈ શકે, પ્રત્યક્ષ કે પરોક્ષ પણ મંજુરી જોઈએ.' ને પછી જે કંઈ મેં વિચાર્યું હતું એ મેં એને સમજાવ્યું. સુક્કી અને ઉદાસ આંખોએ નિરખતાં સલાહ ય આપી, 'આવી આ-વાત જ કાઢી નાખી મનમાંથી.'

એ આભી બની ગઈ. વિજળી ત્રાટકવા જેવું લાગ્યું એને. મારી વાતો એના મગજમાં ન ઊતરી. એ તો એનું ઈચ્છિત પામી ચૂકી હોય એમ ખુશમિજાજમાં હતી. ચાલવાના બદલે એ હરણાંની જેમ કુદકા મારતી હતી-ઠેકતી ચાલતી હતી. કઈ રીતે એ માને મારી વાતો? એના દેહમાં થકાવટ આવી બેઠી ને ચહેરા પર વ્યથિત ઓશીયાળાપણું. એ જોઈ રહી મારી સામે... જોઈ રહી... જોઈ જ રહી. ધીમે ધીમે એની આંખોના ખૂણે આંસું બાઝ્યાં. માંડ માંડ એ શબ્દો ઉચ્ચારી શકી, 'એમ શા માટે નથી કહેતા કે તમારા મનમાં... ડર લાગે છે તમને? મારી ભ્રમણા! ભ્રમણા જ, બીજું કશું નહિ.'

એના કરતાં ય વધુ કફોડી હાલત મારી હતી. એક બાજુ નવનિતરાય, બીજી બાજુ નિલાને સમજાવવાની ને સાથે સાથે ખુદને સાચવવાનો હતો. નિલા મારી કંઈ નથી-તટસ્થ વ્યકિત જેમ, એમ વર્તવાનું હતું. એટલા પુરતી એ સુખી હતી. હું શું કહું એને? તોય પ્રયત્ન કર્યો, 'નિલું! આ ભ્રમણા નહિ પણ હકીકત છે. પણ એ હકીકતને અવગણવી પડે એવી જગ્યાએ, એવી રીતે, એવા સંજોગોમાં આપણે ઊભા છીએ. લગ્ન તો હમણાં કરી લઈએ પણ એનો અર્થ શું? ઈચ્છિત મેળવીને ય આપણે બધુ ગુમાવ્યું હશે. બહાદુરી, ત્યાગ કે હિમતનો આ પ્રશ્ન નથી. કેટલીક વખત નમાલા લોકો ય એ કરી બતાવે છે. પ્રશ્ન છે અહિ વિશ્વાસ ને મમતાના તાણાવાણા પોતાના સ્વાર્થ ખાતર કાતરવાનો, દુનિયામાં એક એજ ખૂબ ખૂબ મુશ્કેલ કાર્ય છે. અશક્ય શબ્દ જેમણે સાંભળ્યો નથી હોતો એ પણ ત્યાં અટકી જાય છે.'

એ એમને એમ બેઠી રહી. ન કશું કહ્યું, ન કશું પૂછ્યું. ચુપચાપ એ ઠીક ઠીક વાર સુધી બેસી રહી. ને પછી અક્ષરે બોલ્યા વગર ચાલી ગઈ.

બીજા દિવસે આભારવશ નવનિતરાયે મને સમાચાર આપ્યા, 'એણે હા પાડી છે. ખરેખર તારી જબાનમાં જાદુ છે, જયંત!'

મને કશું તીવ્ર દુઃખ ન થયું. ન મન ઉદાસ થયું કે ભરાઈ આવ્યું. કોક ત્રીજી વ્યકિત સાંભળતી હોય એમ એ મેં સાંભળી લીધું. પરાણે પણ ઓછું મલકાયોય ખરો.

પણ ઓફિસે જવા નિકળ્યો ત્યારે સ્ટેશન પરના પેલા બાંકડેથી ઊઠવાનું મન જ ન થયું. ગાડીઓ એક પછી એક જતી 'તી પણ મારું ધ્યાન નહોતું. પછી મોડે મોડે પહોંચ્યો ત્યારે ઓફિસમાં જવાના બદલે ટીકિટ લઈને લીબર્ટીમાં જઈ બેઠો. પણ કંઈ ગોઠ્યું નહિ. અડધેથી છોડી ત્યાંથી વળી એક હોટલમાં પેઠો. ત્યાં બેસી ખાધું, જે આવ્યું ને જેટલું આવ્યું એટલું ખાધું. પછી ત્યાં બેઠે બેઠે સિગરેટો ફૂંકી. સિગરેટ ઉપર સિગરેટ —હિસાબ વગરની. નિલા કદાચ એ ઠુંઠા જુવે તો? ત્યાંથી જઈ બેઠો ચોપાટી પર. કપડાંની પરવા કર્યા વગર આરામથી પગ લંબાવીને બેઠો. અંધારા પુરેપૂરા ઊતર્યા ને સહેલાણીઓ વેરાઈ ગયા તો ય ન ઊઠ્યો. કયાં સુધી બેસી રહેત એ ભગવાન જાણે પણ કોકે મને સચેત કર્યો. દશ ને ઉપર વીશ મિનિટ થઈ હતી!

ઘેર આવ્યો ત્યારે અગીયાર ને પીસ્તાલીશ થઈ હતી. નિલા ઊભી હતી બહાર. મને જોયો ને એ ચાલી ગઈ અંદર.

સુતો પણ ચેન ન પડ્યું. વિચારો કરતાં કરતાં મનને ઓછું આવ્યું: 'નિલાએ હા પાડી? શા માટે? એ મક્કમ કેમ ન રહી? શા માટે એણે નવનિતરાયને સાફ શબ્દોમાં કહી ન દીધું? શા માટે મને મજબૂર ન કર્યો?' મન ભરાઈ આવ્યું. ખાલી વાતો જ? આમ જ ચાલે છે બધે? મન તે આવા કેવા? તદન ખાલીખમ?

એણે કર્યું એ મંજૂર નહોતું તો એ જે કરવા તૈયાર થઈ હતી એય મંજુર નહોતું. આ ય નહોતું ગમતું

ને પેસું ય નહોતું ગમતું. મનેય કેવું છે? કેવી વિચિત્રતા! કેવા કેવા ખેલ એને અનુભવવા પડે છે!

લગ્ન લેવાણા. પણ ત્યાં સુધીના દિવસો કેવી રીતે વીત્યા હતા એ તમને કહું? વરસાદ આછો હોય એવા પ્રદેશમાં વૈશાખ ને જેઠના દિવસો તમે અનુભવ્યા છે? ત્યારે એ તો અસહ્ય તાપ હોય છે. બહાર જવાનું મન ન થાય, કોઈ કામ કરવાનું મન ન થાય એવો. ને બીજી બાજુ દઝાડતો ને ધુળની ડમરીઓ ચઢાવતો પવન. જ્યાં જુવો ત્યાં ધૂળ જ ધુળ. એવી મનોદશામાં અમારા દિવસો વિત્યા હતા. મન દઈને મેં લગ્નમાં કામ કર્યું. નવનિતરાય કરતાં ય મને જાણે એ લગ્નની વધારે ચિંતા હતી! નિલા મારી બહેન હોત તો કદાચ મેં આટલી મહેનત ન પણ કરી હોત. સુખરૂપ લગ્ન પત્યા. પરિણામે બધાના ચહેરાપર આનંદની એક ઝલક હતી.

વિદાય પ્રસંગે બેનપણી સાથે એ આવી. એકાદ પળ મૂંગી ઊભી રહી ને પછી પગે લાગી. મને લાગ્યું કે ક્યાંય સુધી એ એમને એમ બેસી રહી! અચાનક હું ચમક્યો. આંસુના બેચાર બિંદુ સ્પર્શ્યા હતા! મેં એને ઊભી કરી. પણ એની સામે જોઈ ન શક્યો. ખાળવાનો પ્રયત્ન કરવા છતાં આંસુઓ ધસી આવે એ પહેલાં મેં એને વળાવી દીધી.

નિલા ગઈ! મેં પોતે એને વિદાય આપી! સરીતાના શાંત જળ પરથી એક પ્રચંડ વંટોળ જાણે પસાર થઈ ગયો! એક અજબ કહાની પૂરી થઈ! ઘણું ઘણું બન્યું અને કશું ન થયું!

ઠીક ઠીક સમય વીત્યો—લગભગ છએક મહિના. એ દરમ્યાન ત્રણેક વખત નિલા આવી ગઈ હતી. જોકે એકાદ દિવસથી વધુ એ રોકાતી નહોતી. ન હું એ તરફ ધ્યાન આપતો હતો.

અને અચાનક વળી બાએ એક દિવસ જે વાત એણે ઘણી વખત છેડી હતી, વાત છેડી. બી. એ. થઈ નોકરીએ બેઠો ત્યારથી બા મારુ લગ્ન મહાલવા આતુર હતી. વારંવાર ભાર દઈ એ મને લગ્ન કરી લેવાનું સમજાવતી. પણ હું કંઈક જુદુ જ વિચારતો હતો. પગભર થઈને પછી જ લગ્ન કરવા. પગભર તો નોકરીએ બેઠો ને એકાદ વર્ષ વીત્યું કે હું થઈ ગયો હતો ને લગ્ન કરી પણ લીધા હોત. પણ એ પહેલાં નિલા આવી ને જાણતા કે અજાણતા એ વાત ઠેલાતી જ રહી. પણ હવે નિલા નહોતી. અને માને એકનો એક દિકરો હતો. હું પંદર વર્ષનો હતો ત્યારે બાએ બાપુજીને વિદાય આપી હતી ને પછી બહુ ટૂંકા ગાળે નાના ભાઈને વળાવ્યો હતો. મુશ્કેલ પરિસ્થિતિમાં એણે મને આગળ ધપાવ્યો હતો. સમય હવે છેલ્લા બેચાર વર્ષથી કંઈક સુખનો હતો. એટલે પરણીને હું આ ઘરની એકલતા ભરી દઉં એમ એ ઈચ્છે તો એમાં એનો દોષ કેમ કાઢી શકાય? જોકે ક્યારેય એણે એ બાબતમાં મારા પર દબાણ નહોતું કર્યું કે નહોતા કહ્યા આકરા પડીને બે શબ્દો.

એણે વાત કરી ને મેં કાને ધરી. ભાવનગરમાં એક છોકરી હતી, જે બાને ગમી હતી. હું જોઉં ને મારું મન હા પાડે તો નક્કી કરવાનું બને. અઠવાડિયા પછી એક સાથે ત્રણેક રજા આવતી હતી એટલે એ રીતે નીકળવાનું ગોઠવ્યું.

નીકળવાનું હતું એ દિવસે બારેક વાગ્યા પછી બા જરા આડા પડ્યાં ને હું બેગ ગોઠવવા લાગ્યો. ત્યાં જ નવનિતરાય આવ્યા ને સોફામાં ફસડાઈ પડ્યા. બહારથી આવ્યા હોય એમ લાગ્યું. મોં પર ચિંતા, વેદના ને ગંભીરતા હતા. હું કશું પૂછું એ પહેલાં એમણે જાણે ધડાકો કર્યો, 'નિલાએ છૂટાછેડા લીધા!' ફાટી આંખે હું જોઈ રહ્યો એમને. ઝેરી નાગના મોં પર પગ આવી જાય ને માણસ હબકી-ભડકી ઊઠે એમ હું ભડકી ઊઠ્યો-ફાળ ખાઈ ઊઠ્યો. શબ્દો ય પુરેપુરા ન ઉચ્ચારી શક્યો. 'છૂટા...' ને એ કોઈ સનેપાતના રોગીની જેમ બારણાં તરફ સરક્યા. પણ વળી ત્યાં ઊભા રહ્યા ને ગરજ્યા, 'તમે પરણી કેમ ન ગયાં?' ને એ ભાગ્યા.

ઝેર પાયેલાં તીર જેવો એ એક એક શબ્દ હતો. ઘાયલ થયેલા પંખી જેવી મારી દશા હતી. આ નવનિતરાય હતા? તમે પરણી કેમ ન ગયાં?'...આ નવનિતરાયના શબ્દો? હું ભૂલ્યો હતો? આવી ભૂલ? નવનિતરાય અમને આશિર્વાદ આપત? કે પછી આવા અકલ્પિત આઘાતે-ધરતીકંપનો આંચકો જેમ ધરતીનું સ્વરૂપ બદલી

નાખે છે તેમ, એમના માનસને ઉત્તેજિત મુકયું થતું? શું હતું આ બધું?

કશું સમજાયું નહિ. સૂનમૂન જેવો બેસી રહ્યો. હું શું કરું? આંસું વહાવું? ક્યાંક ભાગી જાઉં? નિલાને ઘસડી લાવું? જવાબ માગું એની પાસે? આવી કલ્પના ય હતી? કોણે કહ્યું હતું એને કે તું પરણ? કેમ વિરોધ ન કર્યો?

અસર જરા ઓછી થઈ પછી મને વિચાર આવ્યો કે છૂટાછેડા એમ કંઈ રસ્તામાં નથી પડ્યા. એને તો ઠીક ઠીક સમય લાગે છે. વળી ખ્યાલ આવ્યો કે નવનિતરાયે ખાલી સમાચાર જ આપ્યા પણ વિગત તો કશી આપી જ નથી. અને હું સફાળો ઊભો થયો.

પણ નવનિતરાય હતા નહિ. ડરી ગયા જેવા છોકરાઓ ચુપકીદી ધારણ કરી ઓશિયાળા મોંએ બેઠા હતા. વારેવારે એમની નજર ચંપાબેન પર ફરતી હતી. કામ ઘણું હોય ત્યારે ગુહણી મોદીએ મોકલાવેલ ચોખા કે ઘઉંની ગુણ જેમ ગમે ત્યાં મુકાવી દે એમ ચંપાબેન બેઠા હતા. આંસુ સિવાય એમની આંખોમાં બીજું હોય જ શું? મેં એમને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો: 'ચંપાબેન! આમ શું કરો છો? શું થયું છે એ ય પુરી ખબર ક્યાં છે આપણને? ને એમ બને જ નહિ. નિલા ખૂબ ડાહી છે. એ એવું પગલું ભરે ય નહિ. સહુ સારા વાના થઈ રહેશે, પછી હું ત્યાં ઊભો ન રહી શક્યો. ચાલ્યો આવ્યો ને પછી મન મોકળું મૂકી રડ્યો. રડાય એટલું રડ્યો.

બીજા દિવસે નવનિતરાય પાસેથી નિલાનું સરનામું લીધું. મને આશ્ચર્ય થયું, બીજી કોઈ જાનની વાત એમણે મારી સાથે ન કરી એ માટે. ને સરનામું લઈ હું ઉપડ્યો એને મળવા.

ત્યાં પહોંચ્યો ત્યારે મારી કલ્પના કરતાં કંઈક વધુ સારી જાતનો આશ્રમ હોય એમ મને લાગ્યું. પચાસથી પંચાવન ઓરડા ધરાવતું એ નાનું છતાં સુંદર અને આકર્ષક મકાન હતું. આજુબાજુ ઠીક ઠીક ગણી શકાય એવું મોટું ચોગાન હતું. પધ્ધતિસર વીકસાવેલો નયનમનોહર નાનકડો બાગ હતો. એક તરફ નાના બાળકોને રમવા બાલવાડી પણ હતી.

પ્રવેશતાં જ સૌ પ્રથમ ઓફિસ હતી. ગોઠવણ એવી હતી કે આવનાર જનારને ત્યાંથી જ પસાર થવું પડે. એ ગોઠવણ મને ગમી.

એ ઓફિસમાં જ હતી. સ્કૂલમાંથી આવેલા રીપોર્ટ તપાસતી હોય એમ મને લાગ્યું. મનમાં મને થતું હતું કે મને જોઈ એ જરા ચમકશે ને પછી ક્ષોભ પામશે; પણ એને બદલે શાંતિથી એણે મને આવકાર્યો, 'આવો, મને ખાત્રી હતી.' પણ ન એ સ્મિત વેરી શકી કે ન હું. એણે મને જરા બેસવા કહ્યું: 'આ જરા તપાસી લઉં, પછી બહાર જઈએ.' ને પછી જાણે મારા પ્રશ્નનો જવાબ આપતી હોય એમ ઉમેર્યું: 'અહિં હું સંચાલિકા છું, નિલા નથી.'

કામ પુરું થયું ને અમે બહાર નિકળ્યાં. જરા દૂર જઈ બેસવા જેવી એક જગ્યાએ બેઠાં. વાત કેવી રીતે શરૂ કરવી એ જ વિચાર હું કરતો હતો. થોડીવાર એમ જ અમે ચૂપ બેસી રહ્યા. એ મારી તરફ જોઈ લેતી અને હું એના તરફ. ક્યારેક આંખ મળી જતી તો અમે ઝડપથી ખેસવી લેતા. ઉદાસીનતા અને ગંભીરતા એક બોજ, બન્ને નજરમાં હતા પણ એની અથડામણ અમને મંજૂર નહોતી.

પછી એણે જ શરૂઆત કરી, 'તું બધું પૂછવા આવ્યો છે, નહિ? તને આશ્ચર્ય થયું છે, નહિ?' મારામાં કંઈક ચેતન આવ્યું. 'ન થાય? આવું તે કર્યું શા માટે?' એણે મારી સામે જોયું. હું આગળ વધ્યો. 'તું આવી સમજું અને વળી ભણેલી ગણેલી, આવી આશા રખાય કઈ રીતે? તારો વિચાર નહોતો તો પછી હા પાડી શા માટે? કોકના જીવન સાથે રમત કરવી એ તને યોગ્ય લાગે છે?'

એણે આછું સ્મિત વેર્યું; પણ, એ વિષાદ અને વેદનાથી ભારોભાર હતું. સહજ રીતે એણે પ્રશ્ન કર્યો. 'જાણી જોઈને કોઈ એવું કરે ખરું? એવું કરવું ગમે ખરું? જવાબ વગર જ એ આગળ વધી: ઈચ્છીત ન મળે પછી માણસ માટે અહિં જીવવું કે ત્યાં જીવવું, આ રીતે જીવવું કે પેલી રીતે, આની સાથે જીવવું કે પેલાની સાથે એવા કશા પ્રશ્નો જ નથી રહેતા. એટલે મેં હા પાડી. એ જ એક રસ્તો હતો. વિચાર્યું કે લાગણી ભલે

ન હોય. પણ મન ત્યાં લગાડીશ. એની વાતોમાં કે કાર્યોમાં રસ લઈશ. એના ઘરમાં જાતને ડુબાડી દઈશ. એ વાતાવરણમાં જાતને ઓગાળી દઈશ. છેવટ બીજું કંઈ નહિ તોય એને અસંતોષ નહિ અનુભવવા દઉં.

વિદાય લઈ અમે ઘેર પહોંચ્યા ત્યારે ય મનમાં એજ વાત હતી. પણ કોને ખબર પછી ક્યારે અને કઈ રીતે અચાનક એક ઉદાસીનતા અને ખાલીપણું મને ઘેરી વળ્યા. એકાદ પળમાં બધું અણગમતું બની ગયું હતું. તીડ જેમ વિચારો છૂટ્યા. ફરી ગયું બધું. ઈમારત તૂટી પડી અને આ વાત એના ખ્યાલમાં આવી ગઈ.

પ્રથમ અમે મળ્યા ને નિખાલસતાથી મેં એ જણાવ્યું. 'મારું મન નથી લાગતું.'

મને મનમાં હતું કે એમાંથી......પણ એવું કશું ન બન્યું. સ્વસ્થતાથી એણે એ સાંભળ્યું. બેચાર મિનિટ શાંત રહી એણે મારી સામે જોયું. 'મન નથી લાગતું? કેમ? નવું વાતાવરણ છે એટલે કદાચ......'

હું એને શું કહું? મારા દિલમાં અમળાતી વાતો એને કેવી રીતે સમજાવું? મને પોતાને નહોતું સમજાતું ત્યાં... છતાંય મેં પ્રયત્ન કર્યો. મારી હાલતનો ચિતાર એની સમક્ષ રજૂ કર્યો. આજેય મને મારી જાત પર ગુસ્સો આવે છે. પ્રથમ રાત્રી! અને એમાંય એક કેળવાયેલા આદર્શવાદી યુવાનની! કેટલા કેટલા અરમાનો રમાયા હશે! એના દિલમાં જે જ્વાળામુખી ભભૂક્યો હશે, એની આગળ આગ ઓકતા......પણ હું લાચાર હતી. અને એય ગજબ હતો! તટસ્થ વ્યક્તિની જેમ એણે એ તરફ ધ્યાન આપ્યું. એણે મને સમજાવવાનો પ્રયત્ન કર્યો અને ત્યારે હું ચમકી: 'હું એ બધું જાણું છું. એમાં શું? ઘણી વખત એવું બને છે. કોકની સાથે માયા બંધાય છે. ક્યારેક નથી ફળતી-ક્યાંક બીજે મનને જોડવું પડે છે. શરૂશરૂમાં મન નથી લાગતું. એનો અર્થ એ નથી કે નહિ જ લાગે. લાગણી સાંનિધ્યમાંથી જન્મે છે. એટલે સમય જતાં મન બીજે પણ લાગે છે. શરદબાબુની 'દેવદાસ' વાંચી છે? એક બહુ સરસ વાત એમાં સમજવા જેવી છે. પાર્વતી એના જીવનમાંથી ચાલી જાય છે ને એ સહન ન થતા દેવદાસ બરબાદીને પંથે દોરાય છે. ઉત્કટ પ્રેમ એને એ રસ્તે દોર્યો—બેપરવા જીંદગી. ને ત્યાં શરદ-માનવ મનના એક એક પાસાનો અભ્યાસી, માનવ મનની વિચિત્રતા ગણો તો વિચિત્રતા અને વિશિષ્ટતા ગણો તો વિશિષ્ટતા-આપણી સામે રજુ કરે છે. પાર્વતી પાછળ જેણે જીવન ડુબાવી દીધું એ દેવદાસ પેલી ચંદ્રાને ચાહતો થઈ જાય છે. એ એના મનમાં બેસી જાય છે. આમ જોઈએ તો એ કરુણતા છે. ને એનો અર્થ એ નથી કે પાર્વતી પ્રત્યેની એની પેલી ઉત્કટ લાગણીઓ ઢીલી પડી છે. લંબાણમાં એ બધું અહિ નથી ચર્ચતો; પણ મારું તમને કહેવું એ છે કે સમય જતાં બધું થાળે પડી જશે. તમારી વાત હું સ્વીકારી લઉં પછી એમાં કશી મુશ્કેલી નથી. મારા મનમાં પણ કદાચ બીજાના પ્રત્યે લાગણી હોઈ શકે ને એમાં કશું અયોગ્ય નથી. હા, એની પાછળ પછી પણ જો આપણે ખેંચાઈએ તો એ જરૂર વિચારણા માગી લે.'

મારી રીતે-મને સૂઝ્યો એવો, મેં જવાબ આપ્યો. 'એવું બની શકે એ શક્ય છે. પણ......'

એવું બને છે અને બન્યા કરવાનું. કારણકે માણસનું મન એ કંઈ એકાદ જડ વસ્તુ કે કોરી જેવું નથી કે જેમાં અમુક જ માપની વસ્તુ માય ને પછી બીજું કશું આવી જ ન શકે. એ તો વસ્તુ જ કંઈક જુદી છે. અનેકના પ્રત્યે લાગણી હોઈ શકે. હું તમને કે તમે મને એમ ન કહી શકો કે મને તમારા અને તમારા જ પ્રત્યે ને તમને મારા જ અને મારા જ પ્રત્યે લાગણી હોવી જોઈએ. એ હોય તો સારું; પણ, આગ્રહ તો ન જ રાખી શકાય.એ અશક્ય છે. અને કોઈ એમ કરે તો એ ફક્ત આત્મવંચના જ છે. હા, એ લાગણીઓના વિવિધ પાસાઓમાંથી તમારે ઓતપ્રોત એકાદ-એક જ પાસા સાથે થવું જોઈએ. સ્થિરતા માટે એ જરૂરી છે.'

'પણ એવું બની શકે એમ મને નથી લાગતું. મારા પર મારો કાબૂ નથી. હું શું કરું?' ને તોય એના સ્વરમાં અકળામણ નહોતી આવી; થઈ શકે. તમે નિરાશ ન થાવ. એના માટે જરૂર છે માનવમનની વિવિધતા વ્યાપાર, સમજવાની અને નિખાલસતા-સરળતાથી એ બધું સ્વીકારી લેવાની. "

ઠીક ઠીક વાતો થઈ અમારે. પરિણામે અમે બનતા પ્રયત્નો કરવાનું નક્કી કર્યું. પછીય જો મને ન લાગે તો મારી ઈચ્છાને માન આપવાનું એણે સ્વીકાર્યું. જરાય રોષ વગર હસતા વદને એણે મને સ્વતંત્રતા આપી.''

એ જરા થોભી. રૂમાલ કાઢી એણે મુખ લૂછ્યું ને પછી પ્રશંસાના પુષ્પો વેર્યા, 'સાચે જ, જયંત! આવા સંસ્કાર, નિખાલસતા, આટલી સ્વસ્થતા અને ધીરજ મેં એનામાં જ પહેલીવાર જોયા. હવે જ્યારે કોઈ સંસ્કારી દિલની વાત કરે છે ત્યારે હું એમને કહું છું કે જાવ અને વિપીનને જોઈ આવો.'

મેં નિશાન લીધું: 'જરૂર પડે તો હું જાત પાથરી દઉં આવા માણસ માટે. તેં ભૂલ કરી છે, નિલા!'

મારા શબ્દો એણે ગણકાર્યા જ નહિ ને એ આગળ વધી, 'પણ અમારો પ્રયત્ન વ્યર્થ ગયો. મહિનો, બે મહિના ને ત્રણ પસાર થયાં પણ કશું ન થયું. આદર જન્મ્યાં; પણ સ્નેહ ન જન્મ્યો. હું ઓતપ્રોત ન થઈ શકી. હું મૂંઝાતી. થતું હતું કે અંત જ લાવી દઉં આ જીવનનો. ક્યારેક મન બળવો પોકારતું કે ચાલી આવું તારે ત્યાં—દુનિયા જાય જહન્નમમાં—જે થવાનું હોય એ થાય.

નક્કી કર્યો હતો એ સમય પુરો થયો. થોડા વધુ દિવસો વીત્યા. પણ મન ન લાગ્યું તે ન જ લાગ્યું. શું કરવું એ વિચારમાં હતી ત્યાં જ એક વાત જાણવા મળી. અહિ એક આશ્રમ ખુલવાનો હતો. એના માટે એમને એક મહિલાની...સંચાલિકાની જરૂર હતી. હું સંચાલકોને મળી. અને એ લોકોને જરૂર પણ કોક એવી વ્યક્તિની હતી કે જે પગાર ખાતર નહિ પણ સેવા ખાતર કામ કરે. અમેં વિગતવાર રજૂઆત કરી. ઘણી વાતો થઈ. અહિ આવી કામકાજ સંભાળ્યું કે તરત જ મેં બાપુજીને સમાચાર મોકલાવી દીધા.

'હવે આ મારું જીવન છે. અત્યારે લગભગ એંશી બાળાઓ છે. અમે એમને અપનાવી છે. કોણ છે, ક્યાંથી આવે છે કે બીજું કશું જાણવાની અમને જરૂર નથી. અમારે તો ફક્ત અમારી એ દિકરીઓના વિકાસ માટે પ્રયત્ન કરવાનો છે.'

એની વાતો હું ધ્યાનથી સાંભળતો હતો. ને ઝપાટાબંધ એના પર વિચાર પણ કરતો હતો. એણે કહેવાનું કહી દીધુ એટલે મારો વારો આવ્યો.'

આ બધું બહુ કપરું છે. ''અત્યારે તો તું સમયના એક એવા ''ગાળામાંથી પસાર થઈ રહી છે કે આ બધું તને ગમશે. એજ એક યોગ્ય કાર્ય તને લાગશે. પણ સમય જતાં મન પાછું જાગશે ત્યારે આ બધું અકારું થઈ પડશે. આ કશું તને નહિ ગમે. પછી મન મૃત આત્મા જેમ ભટકશે. અશાંતિનો એક વંટોળ ઊભો થશે, ને ત્યારે વ્યથા, વિચારો, એકલતા અને ઉદાસીનતા તને ભીંસવા લાગશે. પછી ન તું અહિ જીવી શકીશ ન બીજે તારા માટે સ્થાન રહેશે. તું ટકી શકીશ? હજું ય વિચાર કરી જો.'

એણે માથું ધુણાવ્યુ: 'આ બધા વિચાર કર્યા છે. અને એક વાત તને કહું, જયંત!' વેંાક આંખોએ એ મને તાકી રહી. 'કદાચ એવું બનશે તો હું નિલાના ગૌરવને અનુરૂપ પગલુ જ ભરીશ. જરૂર પડે હું જીંદગીને ય વહાલી નહિ કરૂં'

'પણ એવી જરૂર શું છે? શા માટે એવી શક્યતાંઓ ઊભી રાખવી? અને તને એમ હોય નિલા કે તારે......'

એક મૃદુ અને મીઠું સ્મિત ઘણા સમય પછી એના મુખ પર, હવે જો એ કશું નહિ, જયંત! હવે તો બસ...'

હું કશું ન બોલ્યો. એય પછી ચૂપ જ બેઠી. લગભગ દશેક મિનિટ એમ જ પસાર થઈ. પછી એણે મૌનનો ભંગ કર્યો : 'જઈશું?'

અમે ઊભા થયા. રસ્તામાં અચાનક મને કંઈક યાદ આવ્યું: 'નિલા! આટલુ બધું થયું ને વાત આટલી હદે પહોંચી છતાં ય-તે મને ક્યારે ય એક અક્ષરે...'

રોષભરી એની નજર મારાં તરફ ફરી. એકાદ મિનિટ પછી એ મલકી: 'તે તને ક્યારે ય એમ થયું કે હું નિલાની ખબર કાઢું, ને ખબરે કાઢી છે કે ગરીબ બીચારી નિલાનું શું થયું?'

લાચારી આવી ગઈ મારા મોં પર: 'મને એમ કે હું દૂર રહું ને ત્યાં તું સ્થિર થઈ જાય. ત્યાં તારૂં મન લાગે, એ સારૂં. નહિંતર હું.....'

અમે પરાણે હસ્યા. આશ્રમ નજીક આવતાં એની વીદાય લીધી: 'કંઈ હોય તો જણાવજે, નિલુ! મૂંઝાઈશ નહિ કોઈ વાતે. તને સફળતા સાંપડે એમ ઈચ્છું છું.'

વિશાળ ચોગાન વટાવી બહાર નિકળવા મુખ્ય દરવાજે આવી પાછળ દૃષ્ટિ કરી તો નિલા ઊભી હતી બારી પાસે. એના મોં પર સ્મિત હતું; પણ, વિષાદનો એક આછો અંશ એમાં વિલસતો હતો.

એ દિવસોમાં મન વિવિધ લાગણીઓથી ઘેરાયેલું રહેતું હતું. આનંદ, વિષાદ, થકાવટ, ઉદાસીનતા અને ચિંતા મનને અજબ રીતે ઘુમરી ખવરાવતાં હતા. એક યુવતિએ-નિલાએ મારે ખાતર થઈ એક કેવું પગલું ભર્યું હતું. એનાથી વધુ બીજો કયો આનંદ હોઈ શકે? તો શરૂઆતથી જે કંઈ બન્યું હતું એ વિષાદ સીવાય બીજું શું જન્માવે? દિવસો સુધી બધું ચાલ્યું. કંઈ કંઈ બન્યું, પલટાઓ આવ્યા; ગજબનો વળાંક આવ્યો, ન અમે જોડાઈ શક્યા, ન કોઈ સુખી થ I, નવનિતરાય ને ચંપાબેન પણ ન બચ્યાં એમાંથી. આ બધામાંથી વિષાદ ટપકતો હતો. ને એમાંથી થાક જન્મતો હતો. વર્ષો સુધી એકધારી મહેનત કરી હોય ને એમાંય એ નિષ્ફળ ગઈ હોય ત્યારે જેવો થાક લાગે એવો એ થાક હતો. ને આ બધાથી ય નિરાળી એક વાત હતી એ ચિંતાની. ભાવીના અણકલ્પ્યા બનાવોની. એક પછી એક પ્રશ્નો સામે આવ્યા કરતા હતા, 'હવે શું બનશે? સાચેસાચ નિલા ટકી શકશે? હવે સ્થિરતા આવશે કે નહિ? રસ્તા પરથી ફેંકાઈ તો નહિં જઈએ? શું નહિ થાય? શું થવાનું છે? ભાવી હવે કેવા ખેલ બતાવશે? શ્રદ્ધા ટકી રહેશે કે તુટી પડશે? મન નિલા તરફ જ તો નહિં દોડ્યા કરે? ક્યાંક હું જ તો એને નહિ પટકી પાડું? એ એના નિશ્ચયને વળગી રહી શકશે? હું ક્યાંય પાગલ તો નહિ બની જાઉં? એકલતા એને પાગલ તો નહિ બનાવી દે? એ અહિં તો નહિ દોડી આવે? એનુ શું થશે? આમ એ જીવી શકશે? એ શું કરશે?'

સેંકડો વિચારો મેદાનમાં પાયદળ ઘુમે એમ ચકરાવો લેતા હતા. ! યુધ્ધ ખેલાતું હતું! કચ્ચરઘાણ વળતો હતો, ભયંકર ચીચીયારીઓ અને મૃત્યુચીસો ઉઠતી હતી! દોડદોડ ને ઘોંઘાટનું સામ્રાજ્ય હતું! કોઈને કોઈની સામે જોવાની ફુરસદ નહોતી! કોઈનું કોઈના પ્રત્યે ધ્યાન નહોતું! કોઈ કોઈને સાંભળતું નહોતું! કોઈથી કોઈનો મેળ નહોતો! બસ, ઘુમ્યા કરતું હતું બધું એક તાલે વિરામ વગર!

અજબ-અસ્વસ્થ મનોદશા હતી. મન કામમાં ચોંટતું નહોતું. કશું ગમતું નહોતું. બહાર જવાનોય કંટાળો આવતો. કશું કરવાનો ઉત્સાહ જાણે મરી ગયો હતો! ઉદાસ મને મૂંગો મૂંગો યંત્રવત્ વર્તે જતો. રહી રહીને એક જ ઈચ્છા થતી હતી કે શાંત રીતે હાલ્યાચાલ્યા વગર એકજ જગ્યાએ પડ્યો રહું. ક્યારેય ઉઠવું જ નહિ, આંખો મીંચાઈ જાય ત્યાં સુધી.

જે કંઈ સામે આવ્યું હતું એ મેં સ્વસ્થ અને તટસ્થ રહી એ સમયે સ્વીકારી લીધું હતું. બહુ સહજપણું હતું એ સ્વીકારમાં. પણ હવે રહી રહીને જાણે એની અસર શરૂ થઈ હતી! ધીરે ધીરે જાણે પાછો હવે હું જયંત બની રહ્યો હતો! નિલુનો લાડકો જયંત!

લગભગ એકાદ મહિના પછી નિલાને મળવા ગયો. એકાદ કલાક બેઠો અને અમે અનેક વાતો કરી. એ તો ખુબ સ્વસ્થ હતી. આનંદ અને સરળતાથી પોતાનું કાર્ય કરતી હતી.

એની અસર મારા પર બહુ સારી પડી. મારી અસ્વસ્થતા પર મને શરમ આવી. મેં ય પેલી ઉદાસીનતાને વિદાય દેવાનું નક્કી કર્યું. પ્રયત્ન શરૂ કર્યો. દરેક કાર્ય નિયમિત રીતે કરવા લાગ્યો. ધ્યાનથી ઓફિસનું કામકાજ પણ સંભાળી લીધું. ઉત્સાહથી વાંચન શરૂ કર્યું. ફરવાનું અને મિત્રોની મુલાકાત પણ લેવા લાગ્યો. બીજી કંઈક પ્રવૃત્તિઓમાં ભળવા લાગ્યો. મન પણ ધીરે ધીરે સ્વસ્થતા મેળવતું ગયું.

એ પ્રગટેલા નવા ઉત્સાહમાં હું 'યુધ્ધ અને શાંતિ'ના અનુવાદ થયેલાં ચાર ભાગ લઈ આવ્યો. જ્યારે પણ સમય મળતો કે એ લઈને બેસતો. એજ પ્રમાણે એક દિવસ એ વાંચતો'તો કે કોક મારું નામ પૂછતું આવ્યું. અને એણે સમાચાર આપ્યા. 'નિલાને હોસ્પીટલમાં ખસેડી છે. તાબડતોબ તમને બોલાવ્યા છે!' ને એણે

મને એક કવર આપ્યું. બીજું કશું એણે કહ્યું નહિ ને મેં પૂછ્યું પણ નહિ. પણ એ સમાચારે મારા લોહીને ઠંડુ બનાવી દીધું. મને લાગ્યું કે હું થીજી ગયો છું! મારૂં આણું એ આણું થીજી ગયું છે! ધ્રૂજતા હાથે મેં કવર ફોડ્યું ને કાગળ વાંચ્યો.

પ્રિય જયંત,

નિલાનાં વંદન.

આ પહેલો અને છેલ્લો ગણોતો છેલ્લો પત્ર.

તને સમાચાર પહોંચ્યા ને તું મળવા આવ્યો—પહેલીવાર, ત્યારે ખરેખર હું ખૂબ સ્વસ્થ હતી. મારી સામે બધું સ્પષ્ટ હતું. દ્વિધા કે મૂંઝવણ જરાય હતી નહિ. નહોતી કોઈ શંકાઓ કે કશો ભય. પ્રયાણ મેં શરૂ કર્યું, તે સાફ રસ્તો હતો મારી સામે, વિશાળ કાર્યક્ષેત્ર પડ્યુ હતું ને દીલમાં વિશ્વાસ તથા શ્રદ્ધા હતા. કેવી સુંદર વ્યવસ્થીત ગોઠવણ હતી! પણ રે! આ મન! એને ક્યારે ય કોઈ બાંધી શક્યું છે? એને અનુલક્ષી કે એની આજુબાજુ એને લક્ષમાં રાખી, જેમણે ભાવીની રૂપ રેખાઓ દોરી છે એ ક્યારેય સફળ થયા છે? કેવું વિચિત્ર છે એ!

પછી બીજી વખત તું આવ્યો. અરે ત્યારેય હું ખુશ હતી. બીજી કોઈ બાબતનો એકાદ અંશેય નહોતો. કંઈ કંઈ વાતો કરી આપણે છુટા પડ્યાં ત્યારે ય ખુશ હતી. અરે, હતી એનાથી ય વધારે ખુશ હતી.

પણ બીજે દિવસ! એ બીજે દિવસ કંઈક અણગમતું લઈને આવ્યો. એ આવ્યો કોક કાસદ સમો ઉદાસી લઈ. મન કામમાં લાગતું નહોતું. કશું ગમતું નહોતું. આમ જુવો તો સ્વસ્થ હતી કારણ કે કોઈ જાતના વિચારોનો બોજો નહોતો. ને આમ ખૂબ સ્વસ્થ હતી. પરંતુ ન સમજાય એવું કોઈ તત્ત્વ મને ભીંસતું હતું. હું જાણે તરફડતી હતી!

અણગમો, ઉદાસીનતા અને પેલી ભીંસ વધતા જ ગયા. વધતા જ ગયા. કેમે કરી હું ઉલ્લાસમાં આવી જ ન શકી. ઘણા ઘણા પ્રયત્નો કર્યા પણ એ વ્યર્થ ગયા. આ બધું ફગાવી દઉં અને ચાલી આવું તારી પાસે. આવીને તને કહી દઉં કે હું અહીંથી ક્યાંય જવા ઈચ્છતી નથી.

સમયને પસાર થતાં વાર લાગે છે? અઠવાડિયું લગભગ પસાર થઈ ગયું. પણ એજ મનોદશા હતી. એજ વિચાર હતો. આણું એ આણું એક જ આર્તનાદ કરતું હતું. એકજ વાત ઉઠતી હતી ને પડઘા પાડતી હતી દીશાઓમાં.

પણ એ શક્ય ક્યાં હતું? તને એ ગમે ખરૂં? મને તો ન જ ગમે. જે દ્વારથી પાછા ફર્યા એ દ્વારે જવું કઈ રીતે? આપણે મળીને જ એ દ્વાર બંધ નથી કર્યાં? કઈ રીતે પાછા ફરીએ?

ને ઉત્સાહ તથા ગૌરવથી જે પગલું મેં ભર્યું એ રસ્તેથી પણ હું કઈ રીતે પાછી ફરૂં? પાછી ફરૂં તો એનો અર્થ શું? પરાજય સીવાય એ બીજુ શું ગણાય? પાછી ફરૂં તો એમાં ખુમારી ક્યાં રહી? નિલાનું ગૌરવ ક્યાં રહ્યું? ગૌરવ વગર નિલા જીવી શકે? ન જીવી શકે. એવું નમાલું જીવન નિલા મંજૂર કરી જ ન શકે. મને એ ન ગમે ને તને પણ નહિ જ ગમે. નિલાએ જીવવું હોય તો ગૌરવથી જીવવું જોઈએ.

પણ એ શક્ય નથી લાગતું. આખી હવા ફરી ગઈ છે. હવે દૂર રહી જીવી શકું એમ નથી. તારા નકારે જન્માવેલો રોષ રહ્યો નથી. કબુલ કરતાં મને શરમ આવે છે; પણ, એ બળ હવે તૂટી પડ્યું છે. આજ એક એક પળે નિલા એના જયંતને ઝંખે છે. એ થકાવટ અનુભવી રહી છે, એકલતા એને ચુસી રહી છે.

અહિ તારા વગર હવે જીવી શકું એમ નથી ને ત્યાં આવી શકું એમ નથી. તો હું શું કરું? કયો રસ્તો બાકી રહ્યો? પેલા શબ્દો મને યાદ આવે છે, 'નિલા જીંદગીને વહાલી નહિ કરે...'

એજ એક રસ્તો છે. નિલાએ જીવવું હોય તો એ જ્યાં છે ત્યાં રહીને એણે જીવવું જોઈએ અને નહિતર એણે મીઠી કરવી જોઈએ મૃત્યુની ગોદ.

અને હું એ જ કરીશ. નિલાના ગૌરવને યોગ્ય, એની ખુમારીને અનુરૂપ એવો એ રસ્તો જ હું સ્વીકારીશ. આ પત્ર તને મળશે ત્યારે નિલા પળેપળે મૃત્યુની વધુ ને વધુ નજીદીક જઈ રહી હશે.

તારા પર મને બહુ ગુસ્સો આવે છે, જયંત—મારા પ્રિય! ખૂબ ગુસ્સો આવે છે. ને મારા પર પણ એટલો જ ગુસ્સો ઉભરાય છે.

પણ હવે મનમાં કશું નથી. નિર્ણય થઈ ચૂકયો છે. મન કોઈ અનેરો આનંદ જ આનંદ અનુભવી રહ્યું છે. આનંદની સરિતામાં વહી રહ્યું છે. ઝૂલે ઝૂલી રહ્યું છે. તારું રૂપ લઈ એ આનંદ આવ્યો છે, ને હું ભરી રહી છું એને મારા અણુઅણુમાં.

જાઉં છું, જયંત! તને પામવા, તને પામવા, મારા જયંત!

નિલુ

તારી જ નિલુ.

પત્ર પૂરો થયો ને અમે બહાર નિકળ્યા. બને એટલા જલદી પહોંચવા અમે રવાના થયા.

સ્વચ્છ અને સુઘડ પલંગપર એ પડી હતી. આજુબાજુ હેબતાઈ ગયેલા નવનિતરાય, ચંપાબેન, વિપીન, છોકરાંઓ ને કેટલાક કુટુંબીઓ ઊભા હતા. એમની આંખોમાં આંસુ સુકાઈ ગયા હતા. એકાદ ડૉક્ટર અને નર્સ પણ હાજર હતા.

શાંતિથી હું એના પલંગ પાસે ઊભો રહ્યો. આંખોમાં આંસુ નહોતા કે દિલમાં રૂદન નહોતું. જડ જેવો હતો હું. ડૉક્ટરે એને સચેત કરવાનો પ્રયત્ન કર્યો: 'નિલાબેન! જયંતભાઈ, જયંતભાઈ આવ્યા છે.' ડૉક્ટરના શબ્દોમાં ભારોભાર નિરાશા ભરી હતી.

મહાપરાણે એણે આંખો ખોલી ને મારા પર ઠરતાં મુખ પર આછું સ્મિત ફરકયું. આંખોમાં ચિરપરિચિત મેલી ચમક આવી. નિબિડ અંધકારમાં જાણે તારલા ચમકયા! એ જોઈ રહી મારા તરફ. એકીટશે જોઈ રહી. એ આંખોમાં શું હતું? વ્યથા? દર્દ? લાચારી? અસંતોષ? સંતોષ? ખુમારી? શું હતું ત્યાં? ત્યાં બીજું કશું નહોતું. ત્યાં વહેતા હતાં ઝરણાં-સ્નેહના ઝરણાં. બે દીવડા ઝબુકતા હતાં સ્નેહનાં દીવડા સમા.

એ આંખો! એ આંખો વિદાય માગતી હતી-ચિરકાળ શાંતિમાં પોઢી જવા. વ્યગ્રતા, અજંપો કે અતૃપ્તીની કોઈ નિશાની ત્યાં નહોતી. ત્યાં તો શ તિના સાગર હિલ્લોળા લેતા હતા. શ્રધ્ધાનો દીપ જલતો હતો.

મારી આંખો ભીંજાણી: 'નિલુ!' એવું બોલવાનો પ્રયત્ન કર્યો પણ હોઠ ફફડી શાંત થઈ ગયા. આંખની નિશાનીએ એણે બેસવા સુચવ્યું. ડૉક્ટરે ઈશારો કર્યો અને હું બેઠો. ખૂબ સાચવી સાચવી એનો હાથ મેં હાથમાં લીધો. ગોરા એ હાથ પર આછી લીલાશ મને વરતાણી. ચુપકીદી હતી. એ ચુપકીદીમાં એના આછા મૌન સ્મિતનો મધુર અવાજ તરંગો જગાડતો હતો. હું બેઠો રહ્યો. હીમ વર્ષામાં થીજી ગયાશે!

—ને મોતીના દાણા જેવા બે આંસુના બિંદુ ખર્યાં. હું ઊભો થયો.

નિલા પોઢી ગઈ હતી. એની આંખોમાં શાંતિ હતી અને મુખ પર સ્મિત વિલસતું હતું. ચિરકાળ નિદ્રામાં પોઢેલી એને હું જોઈ રહ્યો. કયાંય સુધી જોઈ રહ્યો અને ધીરે ધીરે આંખોમાં આવી બેઠી શૂન્યતા—ચિરપરિચીત શૂન્યતા!

☆

કેટલાક પત્રો

પ્રિય ભાઈશ્રી,

'પ્રતીક્ષા'ની જાહેરાતથી આનંદ અનુભવું છું. તમને સફળતા મળો એવી શુભકામનાઓ પાઠવું છું. પણ એક વાત મારે તમારા ધ્યાન પર લાવવી જોઈએ.

હમણાં હમણાં ઘણાં જુદીજુદી જાતનાં સામયિકો નીકળવા માંડ્યાં છે. એમાંથી ઘણાં બંધ થઈ જાય છે ને કેટલાંક ચાલે પણ છે. પણ એક વાત સાફ જોઈ શકાય છે કે, આ નવાં નવાં નીકળનારાં સામયિકોમાં ભાગ્યે જ કોઈક સારા ધોરણવાળું હોય છે. બંધ થઈ ગયેલાં કે ફાલેલાફૂલેલાં મોટાં ભાગનાં સામયિકોને તો ધોરણ જેવું કશું હોતું જ નથી. જેમ આવે તેમ આ સામયિકો પ્રગટ થાય છે ને લોકો એ વાંચે છે.

એ જ પ્રમાણે નવાં પ્રગટ થતાં પુસ્તકોની બાબતમાં પણ એ જ પરિસ્થિતિ છે. જે પુસ્તકો પ્રગટ થઈ રહ્યાં છે એની કાળજીભરી નહિ પણ ઉપર છલ્લી ચકાસણી કરતાં પણ ખ્યાલ આવી જાય છે કે, એમાંના ઘણાં પ્રકાશનની યોગ્યતા ધરાવતાં નથી. છતાં એ પ્રકાશિત થાય છે ને જનતાને માથે મારવામાં આવે છે. વળી આવાં પ્રગટ થવાની યોગ્યતા ન ધરાવતાં આ પુસ્તકો સારી સારી અને જાણીતી પ્રકાશન કંપનીઓ તરફથી પ્રગટ કરવામાં આવે છે. છેલ્લાં બે વર્ષમાં આવાં વીસેક પુસ્તકો મારા હાથમાંથી પસાર થયાં છે. અને મારી નજરે નહિ ચડ્યાં હોય એ તો જુદાં.

આવાં ગમે તેવાં સામયિકો અને પુસ્તકોનું પ્રકાશન થતું અટકાવવાનો કોઈ જ ઉપાય આપણી પાસે નથી શું? એવું કોઈ નથી જે પ્રવૃત્તિઓ પર નજર રાખે અને એને ડામવા માટેના પગલાં ભરે. એવી કોઈ સંસ્થા નથી કે જે આ પ્રવૃત્તિઓ વિષે બે શબ્દ બોલે અથવા લખે? અથવા તો આવા હલકા ધોરણો સામે વ્યવસ્થિત ઝુંબેશ ચલાવે? આવું કંઈક કરવામાં આવશે તો એ વૈજ્ઞાનિકનું અને યોગ્ય ગણાશે. એ પણ ગુજરાતી સાહિત્યની અમોલ સેવા જ ગણાશે.

કોઈ એક એવી સંસ્થાની સ્થાપના ન કરી શકાય કે, જે સંસ્થા આ બાબતોનું ધ્યાન રાખે. સારું ધોરણ જાળવતાં સામયિકોને આ સંસ્થા તરફથી એનો એક રજિસ્ટર્ડ ટ્રેડ માર્ક વાપરવા દેવામાં આવે એવી ગોઠવણ ન કરી શકાય? આવી ગોઠવણ બીજી ચીજવસ્તુઓની બાબતમાં સરકાર તરફથી કરવામાં આવી છે. આવી કોઈ ગોઠવણ સાહિત્યક્ષેત્રે ન થઈ શકે—સામયિકો અને પુસ્તકો બન્નેની બાબતમાં?

અથવા તો એક બીજી વાત ન થઈ શકે?

જે સારી સંસ્થાઓ ("સસ્તુ સાહિત્ય" અથવા 'પરિચય ટ્રસ્ટ' જેવી) આજે આ ક્ષેત્રે સેવાઓ બજાવી રહી છે એ સંસ્થાઓ દરેક પ્રકારનાં સારાં સામયિકો બહાર ન પાડી શકે? આ જે અનિચ્છનીય પ્રવૃત્તિઓ ચાલી રહી છે એનો સામનો કરવાનો સારો રસ્તો તો એ જ છે.

આવું કંઈક થઈ શકે એ માટે પ્રયત્નો કરવામાં "પ્રતીક્ષા"ને રસ પડશે? આવું કંઈક થશે તો મને અનહદ ખુશાલી થશે. બધાંએ ભેગા મળી કરવા જેવું આ કામ છે.

હવે તો આવું કંઈક થાય એ કામનાઓ સાથે,

—ગોકળદાસ પટેલ

☆

તંત્રીશ્રી,

"પ્રતીક્ષા" વાર્ષિક મૂકવાના છો એ સમાચાર જાણી અનહદ આનંદ થયો. એનું કારણ એટલું જ કે, પાંચેક વર્ષ પહેલાં મેં ભાખેલી ભવિષ્યવાણીની દિશામાં જ પ્રગતિ થઈ રહેલી દેખાઈ આવે છે.

એ જે ભવિષ્યવાણી મેં ભાખેલી તે અક્ષરશ: નીચે આપું છું. આશા રાખું છું કે, "પ્રતીક્ષા"માં મૂકી મને આભારી કરશો.

ભવિષ્યવાણી:- આવનારા પચીસ—પચાસ વર્ષ પછી ગુજરાતી જનતાને-ગુજરાતી સાહિત્યને એક પણ સામયિકની જરૂર નહિ રહે, કારણ કે, અત્યારે જે રીતે

પવન વાઈ રહ્યો છે એ જોતાં પચાસ વર્ષ પછી ગુજરાતમાં દરેક ઘેર એકાદ લેખક કે કવિ, નિબંધકાર કે અનુવાદક, તંત્રી કે પ્રકાશક, વાર્તા લખનાર કે નવલકથા લખનાર, સાહિત્યનો ડૉક્ટર કે સાહિત્યનો રોગી—આ બધામાંથી કોઈક ને કોઈક તો હશે જ. અને આવું હોય પછી સામયિકની જરૂર રહે ખરી ? રહે તો કોને માટે ?

—મીના શેલત

☆

ભાઈશ્રી,

તમે "પ્રતીક્ષા" વાર્ષિક મૂકવાના છો એ વાંચ્યું. તમારે વાર્ષિક મૂકવું હોય તો મૂકો એમાં અમારી જરાયે ના નથી. પણ મારે તમને એક વિનંતી એ કરવાની કે, એમાં એક પણ અનુવાદ ન લેશો. અને તમારા વાર્ષિકમાં હું એક પણ અનુવાદ જોઈશ તો એનો છુટ્ટો ઘા કરી દઈશ.

સાચું કહું છું કે, હું તમારી આ અનુવાદની પ્રવૃત્તિઓથી ગળા સુધી તંગ આવી ગયો છું.

"હા, શરૂઆતમાં જ્યારે પરભાષામાંથી આપણી ભાષામાં અનુવાદ થવા લાગ્યા ત્યારે મને એ ગમતા હતા. પરંતુ, એ તો એવી કૃતિઓના અનુવાદ થતા હતા કે, આપણી ભાષામાં એવી કૃતિઓ જોવા ય ન મળે. ને વળી અનુવાદ કરનારા ય એવા હતા કે, એમનો દરેક શબ્દ સાચાં મોતી જેવો બનતો. પણ હવે વાજું ફરી ગયું છે. હવે તો એવી એવી કૃતિઓના થોકબંધ અનુવાદ થાય છે કે, એવી કૃતિઓ આપણી ગુજરાતી ભાષામાં શોધવા જતા પણ ન જડે-જાણી જોઈને પણ આપણા કોઈ લેખક એવી નબળી કૃતિ તૈયાર ન કરી શકે. ને અનુવાદ કરનારા યે સાવ બોથડ જેવા ફાટી નીકળ્યા છે. એમના અનુવાદમાં વાક્યરચનાનું ઠેકાણું નથી હોતું. જોડણીને અને એમને તો બારમો ચંદ્રમા હોય છે. ભાષાનો કક્કો ય એ લોકો જાણતા હોતા નથી. ગમે તેવી વાક્યરચના, ગમે તેવા શબ્દો, ગમે તેવી જોડણી, બધું જ ગમે તેવું ! હવે આવા લોકો હીરા-વસ્તુ તો શું પારખવાના? આવા લોકો ભેગા થઈ અમારે માથે માછલા ધૂવે છે.

આ અમારી દુકાનથી ચાર જ દુકાન આગળ એક કાછિયો શાક વેચે છે. એનો છોકરો નવ ચોપડી ભણી એના બાપને મદદ કરે છે. એ છોકરો ય વાર્તાઓના અનુવાદ કરે છે! તમે નહિ માનો, પણ એ અનુવાદો ય છપાય છે. એના અનુવાદ કેવા હશે એ હું જાણું ને! એ મને કહેતો હતો: "તમે ગમે તેમ કહો કાકા, પણ છપાય છે ને! અને સાચું કહું તો એ છપાયેલો જ્યારે હું મારી અસલ કોપી સાથે મેળવું છું ત્યારે એ સાવ જુદો જ હોય છે. પણ એમાં આપણે શું? આપણને તો નામ મળે છે ને? આવો જ દાખલો પેલા ચક્કીવાળાનો છે. એનો દીકરો ય અનુવાદ કરે છે. એના અનુવાદો છપાય છે. આવા તો કોઈ પચાસ છોકરા છે અમારી આ પાંચ હજારની વસ્તીમાં! ને આ બધાના અનુવાદો છપાય પણ છે. પરિણામે મને એક શંકા આવે છે. આ સામયિકોના તંત્રીઓ અને સંપાદકો બેવકૂફ તો નથી? કે પછી, ત્યાં ય ગમે તેવા ઓથા બેસી ગયા છે. નહિતર આવું બને ખરું? કોઈ ઠાકોર, નરસિંહરાવ કે આનંદશંકર જેવા બેઠા હોય તો આ દાખરિયાંઓના આવા અનુવાદો છપાત ખરા? રામ રામ કરો. એક શબ્દ માટે કે શબ્દ અને અર્થની ચોકસતા માટે ય બાઈબંધ જેવા બાઈબંધ સાથે આથડનાર ને યુદ્ધમાં ઊતરનારા એ બટ તો આ દાખરિયાંઓને ઝાપટી જ નાખત. પણ હવે શું ગુજરાતમાં આવા લોકો છે જ નહિ? ફલાણું સામયિક કેવું છે ફલાણાની કવિતા કેવી છે, ફલાણાની વાર્તા કેવી છે, ફલાણો અનુવાદ કેવો છે, ફલાણાએ જે એક નવો શબ્દ યોજ્યો છે તે કેવો છે, ફલાણાએ ફલાણો શબ્દ વાપર્યો છે તે બરાબર છે કે નહિ, ફલાણા શબ્દનો આવો અર્થ ઘટાવી શકાય કે નહિ, ફલાણા શબ્દ પરથી આવા શબ્દ બનાવી શકાય કે નહિ, ફલાણો અર્થ વ્યક્ત કરવા ફલાણો શબ્દ વાપરી શકાય ખરો, અહીં આ જોઈએ ને પેલું જ બરાબર બંધ બેસતું ગણાય, આવી આવી અનેક બાબતોની ઝીણવટથી ચોકસી કરનાર, તપાસણી કરનાર ને એને માટે લડવા તૈયાર એવા લોકો શું ગુજરાતમાંથી પરવારી જ ગયા છે? અને છે તો બધા શું એવા જ છે કે, આવી બધી બાબતોમાં શૌ . . જ કહે? "મારા બાપાના કેટલા ટકા" એવો વિચાર કરનારા જ બધા ભેગા થયા છે?

ગમે તેમ, પણ તમે અનુવાદ લઈને આ ટાબરિયાં-ઓને ખોટું પ્રોત્સાહન તો ન જ આપશો. એનાં પરિણામ અમારે ભોગવવા પડે છે.

આ આફતમાં ભણતાં મારા છોકરાની જ વાત કરું ? એ ય અનુવાદના રવાડે ચડી ગયો છે. (જો કે ભાષા એટલે શું એની યે એને પૂરેપૂરી જાણ નહિ હોય) એનું પરિણામ શું આવ્યું એ ખબર છે? ચાર નોટોને બદલે હવે મારે ૧૨ નોટો લાવવી પડે છે. પહેલાં એકાદ બે કલાક દુકાને બેસતો તે હવે નથી બેસતો. ધ્યાન અભ્યાસમાં પરોવવાને બદલે ટપાલીનું ધ્યાન વધારે રાખે છે. ટપાલીને ય બે જવાબ વધારે આપવા પડે છે. ને પોતાને કંઈક સમજીને (સારો લેખક જ તો) આવતીકાલે દુકાને બેસવાની (સંભાળવાની) યે ના પાડે. ને એનું જોઈને કદાચ એનાથી નાનો પણ એવું શીખે તો નવાઈ નહિ.

તંત્રીઓ, સંપાદકો કે તમે ગમે તેવા હો, મારે એની સાથે કંઈ લાગેવળગે નહિ, પણ મારી આટલી વાત તો ધ્યાનમાં લેશો જ. તમે અનુવાદ નહિ લો એ જ ગુજરાતી ભાષાની એક મોટી સેવા કરી ગણાશે.

—વેલજીભાઈ ધનસુરિયા

☆

સંપાદકશ્રી

"નવનીત"ના અંકમાંથી જાણવા મળ્યું કે, ઓગસ્ટના અંતમાં તમે એક નવું "વાર્ષિક" પ્રતીક્ષા બહાર મૂકવાના છો. એ જાણ્યા પછી તમને એક પત્ર લખવાનું મન થયું.

આ તમારું વાર્ષિક કેવું હશે? એટલે કે, તમને સાહિત્યની કંઈ પરખબરખ ખરી કે પછી, મનમાં એક તુક્કો આવ્યો અને શરૂઆત કરી દીધી, એના જેવું છે? ગુજરાતી ભાષાનું સારું એવું જ્ઞાન ધરાવો છો, કે પછી મીંડું? "ભાષા પર કાબૂ ધરાવવો" એનો અર્થ જાણો છો, કે પછી ધકેલ પંચા દોઢસો જેવું છે?

તમને થશે-આ તે કંઈ પ્રશ્નો છે? પૂછનાર સાવ મૂરખ જ લાગે છે.

પણ આવા પ્રશ્નો એટલા માટે પૂછ્યા છે કે, હમણાં હમણાં એક નવો પવન વાયો છે. જાતજાતનાં અઠવાડિકો, પાક્ષિકો, માસિકો, વાર્ષિકો ને બીજાં ભાતભાતનાં સામયિકો નીકળવા માંડ્યા છે. એમાંથી ભાગ્યે જ કોઈકમાં કંઈક ભલીવાર હોય છે! મોટા ભાગના તો ધકેલ પંચા દોઢસો જેવા જ હોય છે. એવાં સામયિકો નીકળે ન નીકળે એ બધું સરખું જ છે.

હું તમને એક બે વાત કહું. અમારી બાજુમાં કાપડના એક વેપારી રહે છે. ભાષાને અને એમને સાત પેઢીએ પણ સૂતકનો સંબંધ નહિ હોય. પણ એના દીકરાના મનમાં તુક્કો આવ્યો—વાર્તા માસિક મેગેઝીન કાઢવાનો. એનાથી ગુજરાતમાં પ્રસિધ્ધ થવાય એમ એનું માનવું છે.

હવે આ માણસને વાક્યરચના કે જોડણીનું યે ભાન નથી, એણે માસિક શરૂ કર્યું! શરૂ કર્યા પછી એને ખબર પડી કે, એ નહિ ચાલે! ને ત્રણેક મહિના પછી એ બંધ કર્યું. એ બંધ થયું એ તો અમારા પર ઉપકાર થયો. મારો બીજો એક ભાઈબંધ છે. એને જરા વાંચવાનો શોખ ખરો ખાસ કરીને તો નાની વાર્તાઓ. પરિણામે, એ નવમીમાં હતો ત્યારથી એના મનમાં એક માસિક મૂકવાનું ભુત ભરાયું હતું. બે વર્ષ પહેલાં એણે એક માસિક શરૂ કર્યું? કેવું માસિક એનું વર્ણન હું નહિ કરું. બીજા એક છોકરાને હું ઓળખું છું. એને પણ આ ચસકો હતો. જોકે એ પોતે માસિક કાઢવા શક્તિશાળી નહોતો એટલે એણે ખટપટો કરી પોતાની જ્ઞાતિ પાસે એક માસિક શરૂ કરાવ્યું. જ્ઞાતિના સમાચારો એમાં મુખ્ય હોય એ શરતે! એ માસિક કેવું નીકળ્યું એ વાત તો તમે એ જ્ઞાતિના કોઈક ભાઈને જ પૂછી જો જો.

આવા આવા ઘણા કિસ્સા અત્યાર સુધીમાં જોયા છે. એટલે જ તમને આવો પ્રશ્ન પૂછ્યો છે. તમે ય વગર ફોગટના કાગળવાળાઓના ભાવ વધારવાનો ધંધો તો નથી માંડ્યો ને? ધંધા આવા તમે કરો ને ભોગવવું પડે છે અમારે. આ પ્રેસવાળા અમારું જરૂરી કામ તમારી લાયમાં જ તો, પણ બરાબર નથી કરી આપતા ને ભાવ માગે છે; મારા બાપદાદાનો. એ બધા પ્રતાપ તમારા!

વાત વાતમાં ચોપાનિયાં, બુલેટીનો, સામયિકો મૂકવા તૈયાર થનારાઓમાંના તમે નહિ હો એટલી આશા રાખું છું.

—ધિરીષ મહેતા

☆

આદર્શ ન્યાયમૂર્તિ

☆ સત્યઘટના

: લેખક :

શ્રી. રમાકાન્ત દવે

દિવસો પહેલાં બર્દવાન જિલ્લામાં બની ગયેલી આ સત્ય ઘટના.

કલકત્તાથી થોડે દૂર ગામ, ત્યાં એક ગરીબ બ્રાહ્મણ રહે. એક વાર એવું બન્યું કે, એ બ્રાહ્મણનો એકનો એક દીકરો કલકત્તામાં રહીને ભણતો હતો, એ બીમાર પડ્યો. બ્રાહ્મણ બિચારો ગરીબ અને ભિક્ષા માગી ચલાવે. છોકરાની બીમારીની વાત જાણી એને ખુબ ચિન્તા થઈ અને તે ગભરાયો. કલકત્તા ખબર કાઢવા માટે એ રવાના થયો.

રસ્તામાં રાત પડી ગઈ, અને તેણે એ ગામમાં રાત રહીને સવારે જવાનો નિશ્ચય કર્યો. એક ગામવાસીને ઘેર જઈને એણે પોતાનો પરિચય આપ્યો અને રાતભર રહેવા માટે રજા માગી; પેલા ગામવાસીએ સાફ ના પાડી દીધી. તે પછી એણે બીજા ગામવાસીઓ પાસે જઈને એક રાત રોકાવા માટે વાત કરી, પણ કોઈ જ તૈયાર ન થયું. અને જાકારો દીધો. બ્રાહ્મણ વિચારમાં પડી ગયો: 'હવે આટલી મોડી રાતે ક્યાં, કઈ રીતે જવું? શું આ ગામ એવું સ્વાર્થી અને લુખ્ખું છે કે, અતિથિને એક રાત રાખવાય કોઈ રાજી થઈને કે કમનેય હા પાડતું નથી."

એક તરફ બિમાર દીકરાની ચિન્તા હતી અને બીજી તરફ ખૂબ થાક, ભૂખ, તરસ હતાં. ઉપરાંત આ ગામના લોકોનો નિર્દય વ્યવહાર તેના અંતરને કોરી ખાતો હતો.

એ દુ:ખથી ગામના ચોરા પાસે જઈને બેઠો. સંજોગાનુસાર ગામના મંદિરનો પૂજારી એ તરફ નીકળ્યો અને તેણે બ્રાહ્મણની આ દશા જોઈ.

દયા કરીને એ તેને પોતાના મંદિરમાં લઈ ગયો. પેલા પરદેશી બ્રાહ્મણને થોડો સંતોષ થયો પણ એને કુતુહલ અને ગામની નિર્દયતા ડંખેલા એટલે તેણે જિજ્ઞાસાથી પોતાના યજમાનને પૂછ્યું. 'ભાઈ, આ ગામ કેમ સાવ અમાનુષી છે, કે કોઈ અતિથિને ય રાતવાસો રાખવા રાજી નથી? આપણા બંગાળમાં તો અતિથિસત્કાર બહુ વ્યાપક છે, અને તેમાંય હું તો ગરીબ અતિથિ-બ્રાહ્મણ છું! છતાંય ગામલોકો આવાં નિર્દય છે!'

'મહારાજ! વાત એમ છે કે અહીંયા થોડા દિવસો પહેલાં કેટલાક મુસાફરો આવેલાં, ગામલોકોએ એમનો સારી રીતે અતિથિસત્કાર કરીને આશ્રય આપેલો, પરંતુ એ અતિથિઓ જ રાતે કંઈને કંઈ ચોરીને ગામ છોડી ભાગી ગયા. તે પછી બધાં ગામલોકોએ ભેગા મળીને નક્કી કર્યું કે કોઈપણ અતિથિનો વિશ્વાસ ન રાખવો અને અને તેને આશરો ન આપવો.' પેલા યજમાને જવાબ દીધો.

આમ વાતો કરતાં યજમાન ઉંઘી. પેલા બ્રાહ્મણને ઊંઘ ન આવી. દીકરાની બીમારીની ચિન્તા કરતો એ પથારીમાં પાસા ફેરવવા લાગ્યો.

મોડી રાતે અચાનક તેને કંઈક અવાજ થતો હોય

એમ લાગ્યું. એ ઉઠીને બેઠો થયો. એકાએક તેની નજર સામે એક માણસ પેટી ઊંચકીને ભાગી જતો હોય એમ તેને દેખાયું. એને શંકા આવી એટલે 'ચોર-ચોર' કરીને તેણે ઘાંટા પાડ્યા અને તે પેટી લઈ જનારને પકડી લીધો.

આ પેટી લઈને એ ગામનો જ એક સિપાઈ ભાગતો હતો. એટલે એણે પેલી પેટી ત્યાં જ નાખી અને ઊલટો પેલા બ્રાહ્મણને પકડવા પ્રયત્ન કરતો હોય તેમ કરીને એણેય 'ચોર, ચોર' કરીને બ્રાહ્મણને પકડ્યો.

લોકો ભેગા થઈ ગયા. એમણે જોયું તો સિપાઈએ બ્રાહ્મણને પકડ્યો છે અને પાસે જ એક પેટી પડેલી છે. ગામલોકોને એમ લાગ્યું કે આ બ્રાહ્મણ અતિથિ ચોર નીકળ્યો! એને લઈ જઈને સિપાઈએ જેલમાં પૂરી દીધો. એ ગરીબ બ્રાહ્મણ ઉપર ચોરીના આરોપ હેઠળ કેસ થયો.

બર્દવાન જિલ્લાના ન્યાયાધીશની કોર્ટમાં કેસ ચાલ્યો. ન્યાયાધીશ ખૂબ ચાલાક હતા. તેમણે બ્રાહ્મણની આખીય વાત સાંભળી અને લાગ્યું કે, બ્રાહ્મણ ખરેખર નિર્દોષ છે, પણ કાયદાની દૃષ્ટિએ તે નિર્દોષ ને બદલે દોષિત હતો. ચોરીનો મુદ્દામાલ તેની પાસેથી મળી આવેલો હતો. ન્યાયાધીશ ખૂબ વિચારમાં પડી ગયા કે આ કેસનો ચૂકાદો કઈ રીતે આપવો?

કેસ બીજા દિવસ ઉપર મુલત્વી રહ્યો.

બીજા દિવસે જ્યાં કેસની શરૂઆત થઈ કે, તરતજ એક માણસે આવીને ન્યાયાધીશને કહ્યું: 'હજૂર, અહીંથી ત્રણેક ગાઉ દૂર એક માનવીનું ખૂન થયું છે અને તેની લાશ ત્યાં પડી રહી છે!'

પિંજરામાં ઉભેલા પેલા સિપાઈને અને બ્રાહ્મણને ન્યાયાધીશે તરતજ કહ્યું: 'જાવ, તમે બન્ને જઈને એ શબને પોતાની ખાંધે ઊંચકી લાવો.'

બ્રાહ્મણ રોવા લાગ્યો. 'હાય રે, નસીબ, આ વૃદ્ધ ઉમ્મરે આવું ચંડાળ વેઠનું કામ કરવું પડશે!' પણ ના પડાય તેવી નહોતી, કેમકે ન્યાયાધીશે પોતે હુકમ કરેલો હતો.

બન્ને જણા પેલી ખૂન થયેલી જગ્યાએ જ ગયા. એ શબ પહેલેથી જ ત્યાં બાંધી કરીને તૈયાર રાખેલું હતું. બન્ને આરોપીઓ એકબીજાની ખાંધે ઉપાડીને ચાલવા લાગ્યા. સિપાઈનું શરીર તાજુંમાજું અને કસાયેલું હતું માટે તે આરામથી એ.શબને ઉપાડી ચાલતો હતો. પણ બ્રાહ્મણ અશક્ત અને વૃદ્ધ હતો ખૂબ ચિન્તામાં હતો, થાકેલો હતો, અને દુઃખથી ગળગળો થઈને રડતો હતો. તેની આ દશા જોઈને પોલીસ હસી પડ્યો અને બોલ્યો: 'કેમ છો મહારાજ, મેં તમને નહોતું કહ્યું કે, એ પેટી મને લઈ જવા દો,. નકામું ધાંધલ ન કરો! નહીં તો ખૂબ પસ્તાવું પડશે! પરંતુ બાપુ સાચની પૂંછડી બનીને મને આવી રાખ્યો. લો, હવે પરિણામ ભોગવજો. આતો પાશેરામાં પહેલી પૂણી છે. ચાર વરસ જેલમાં મજૂરી કરીને આંતરડાં ઊંચાં આવે ત્યારે યાદ કરજો!'

બ્રાહ્મણ અસહાય હતો. અદાલતને સત્ય નહીં, પણ પુરાવાની જરૂર હતી. પુરાવો પોલીસ પાસે હાજર હતો. રોતાં કકળતાં એ શબ લાવીને લથડતા પગે તેણે ન્યાયાધીશના કથન અનુસાર કોર્ટમાં મૂક્યું અને તેનાં બંધનો ખોલી નાખ્યાં.

ફરીવાર કેસની શરૂઆત થઈ. એકાએક એક વિચિત્ર ઘટના બની. જ્યારે બન્ને પક્ષો વચ્ચે જુબાની ચાલતી હતી તે વખતે મડદું કફન દૂર કરીને ઊભું થઈ ગયું. એણે પોતાની જુબાની આપીને પોલીસ તથા બ્રાહ્મણ વચ્ચે થયેલી તમામ વાત જણાવી. લોકો અવાક બનીને મડદાની વાત સાંભળી રહ્યા.

ચતુર ન્યાયાધીશે સૂક્ષ્મબુદ્ધિથી બ્રાહ્મણને નિર્દોષ અને પોલીસને દોષિત ઠરાવીને સજા કરી.

આ ન્યાયાધીશ એ બીજું કોઈ નહીં પણ બંગાળના લબ્ધપ્રતિષ્ઠ લેખક અને દેશભક્ત બંકિમબાબુ હતા. તેમણે સત્ય વસ્તુની શોધ કરવા માટે એક નવીજ જાળ રચીને, તેમાં અસત્યને કેદ કરીને સાચી વસ્તુને શોધી કાઢી.

☆


Statement about ownership and other particulars about newspaper PRATEEKSHA (Gujarati Annual)

Form IV

(See Rule 8)

1.	Place of Publication	47/48, Ramji Ashar Lane, Rajawadi Bombay-77.
2.	Periodicity of its publication	Annual
3.	Printer's Name	Gunvant Kothari
	Nationality	Indian
	Address	Mirzapur Road, Ahmedabad.
4.	Publisher's Name	Shanti H. Shah
	Nationality	Indian
	Address	47/48, Ramji Ashar Lane, Rajawadi, Bombay-77. & M. B. Shah, 29-k, Nehru Road, Bombay-55.
5.	Editor's Name	P. Vashvina
	Nationality	Indian
	Address	47/48, Ramji Ashar Lane, Rajawadi, Bombay-77.
6.	Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one per cent of the total capital.	Shanti H. Shah 47/48, Ramji Ashar Lane, Rajawadi, Bombay-77. & M. B. Shah 29k, Nehru Road, Bombay-55.

We, Shanti H. Shah & M. B. Shah hereby declare that particulars given above are true to the best of our knowledge and belief.



ઘણ રે બોલે ને—

ઘણ રે બોલે ને એરણ સાંભળે હો…જી :
બંધુડો બોલે ને બેનડ સાંભળે હો…જી.

ઓ જી સાંભળે વેદનાની વાણ-
વેણે રે વેણે હો રત-ફૂલડાં ઝરે હો…જી.
બહુ દિન ઘડી રે તલવાર,
ઘડી કંઈ તોપું ને મનવાર;
પાંચ-સાત શૂરાના જયકાર
કાજ ખૂબ ખેલાણા સંહાર :
હો, એરણ બેની ! ઘણ રે બોલે ને૦

પોકારે પૃથ્વીના કણ કણ કારમા હો…જી :
પોકારે પાણીડાં પારાવારનાં હો…જી.
જળ-થળ પોકારે થરથરી;
કબરુંની જગ્યા રહી નવ જરી :
ભીંસાભીંસ ખાંભીઉં ખૂબ ભરી-
હાય તો ય તોપું રહી નવ ચરી :
હો, એરણ બેની!-ઘણ રે બોલે ને૦

ભઠ્ઠીઉં જલે રે બળતા પો'રની હો…જી :
ધમણું ધમે રે ધખતા પો'રની હો…જી.
ખન ખન અંગારે ઓરાણા,
કસબી ને કારીગર ભરખાણા;
ક્રોડ નર જીવંતા બફાણા-
તો ય પૂરા ચેટા નવ શેકાણા;
હો, એરણ બેની ! ઘણ રે બોલે ને૦

હથોડા પડે રે આજ જેના હાથના હો…જી :
તનડાં તૂટે રે આજ જેની કાયનાં હો…જી.
સોઈ નર હાંફીને આજ ઊભો,
ઘટડામાં ઘડે એક મનસૂબો :
બાળ મારાં માગે અન્ન કેરી દેગ;
દેવે કોણ દાતરડું કે તેગ?
હો, એરણ બેની!-ઘણ રે બોલે ને૦

આજુની નવેલાં ઘડતર માંડવાં હો…જી;
ખડગખાંડાંને કણ કણ ખાંડવા હો…જી.
ખાંડી ખાંડી ઘડો હળ કેરાં સાજ !
ઝીણી રૂડી દાતરડીનાં રાજ,
આજ ખંડખંડમાં મંડાય;
એવી પેરે આપણ તેડાં થાય :
હો, એરણ બેની!- ઘણ રે બોલે ને૦

ઘડો, હો, બાળક કેરાં ઘોડિયાં હો…જી :
ઘડો, હો, વિધાતણ નારના કોશિયા હો…જી.
ભાઈ મારા ! ગાળીને તોપગોળા,
ઘડો સુઈ-મોચીના સંચ બોળા.
ઘડો સંચ રેંટુડાની આરો,
ઘડો દેવ-તંબૂરાના તારો :
હો, એરણ બેની ! ઘણ રે બોલે ને૦

ભાંગો, હો ભાંગો, હો, રથ રણજોધના હો…જી :
પાવળડાં ઘડો, હો, છોરુડાંનાં દૂધનાં હો…જી.
ભાઈ મારા લુવારી! ભડ રે'જે
આજ છેલ્લી વેળાના ઘાવ દેજે;
ઘાવે ઘાવે સંભાર્ય ઘટડામાં,
ક્રોડ ક્રોડ શોષિતો દુનિયાનાં,
હો, એરણ બેની ! ઘણ રે બોલે ને૦

"યુગ વંદના'માંથી

ઝવેરચંદ મેઘાણી

ઘણ રે બોલે ને-

ઘણ રે બોલે ને એરણ સાંભળે હો...જી :
બંધુડો બોલે ને બેનડ સાંભળે હો...જી.

ઓ જી સાંભળે વેદનાની વાત-
વેણે રે વેણે હો સત-ફૂલડાં ઝરે હો...જી.
બહુ દિન ઘડી રે તલવાર,
ઘડી કાંઈ તોપું ને મનવાર;
પાંચ-સાત શૂરાના જયકાર
કાજ ખૂબ ખેલાણા સંહાર :
હો, એરણ બેની ! ઘણ રે બોલે ને૦

પોકારે પૃથ્વીના કણ કણ કારમા હો...જી :
પોકારે પાણીડાં પારાવારનાં હો...જી.
જળ-થળ પોકારે થરથરી;
કબરું ની જગ્યા રહી નવ જરી :
ભીસોભીસ ખાંભીડું ખૂબ ભરી-
હાય તો ય તોપું રહી નવ ચરી :
હો, એરણ બેની!-ઘણ રે બોલે ને૦

ભઠ્ઠીડું જલે રે બળતા પો'રની હો...જી:
ધમણ્યું ધમે રે ધખતા પો'રની હો...જી.
ખન ખન અંગારે ઓરાણા,
કસબી ને કારીગર ભરખાણા;
ક્રોડ નર જીવંતા બફાણા-
તો ય પૂરા રોટા નવ શેકાણા;
હો, એરણ બેની ! ઘણ રે બોલે ને૦

હથોડા પડે રે આજ જેના હાથના હો...જી :
તનડાં તૂટે રે આજ જેની કાયનાં હો...જી.
સોઈ નર હાંફીને આજ ઊભો,
ઘટડામાં ઘડે એક મનસૂબો :
બાળ મારાં માગે અન્ન કેરી દેગ;
દેવે કોણ દાતરડું કે તેગ?
હો, એરણ બેની!-ઘણ રે બોલે ને૦

આજુવી નવેલાં ઘડતર માંડવાં હો...જી;
ખડગખાંડાંને કણ કણ ખાંડવા હો...જી.
ખાંડી ખાંડી ઘડો હળ કેરાં સાજ !
ઝીણી રૂડી દાતરડીનાં રાજ,
આજ ખંડખંડમાં મંડાય;
એણી પેરે આપણ તેડાં થાય :
હો, એરણ બેની!- ઘણ રે બોલે ને૦

ઘડો, હો, બાળક કેરાં ઘોડિયાં હો...જી :
ઘડો, હો, વિધાતા નારના કોલિયા હો...જી.
ભાઈ મારા ! ગાળીને તોપગોળા,
ઘડો સુઈ-મોચીના સંચ બોળા.
ઘડો રાંક રેંટુડાની આરો,
ઘડો દેવ-તંબૂરાના તારો :
હો, એરણ બેની ! ઘણ રે બોલે ને૦

ભાંગો, હો ભાંગો, હો, રથ રણજોધના હો...જી :
પાવળડાં ઘડો, હો, છોરુડાંનાં દૂધનાં હો...જી.
ભાઈ મારા લુવારી ભડ રે'જે
આજ છેલ્લી વેળાના ઘાવ દેજે;
ઘાવે ઘાવે સંભાર્ય ઘટડામાં,
ક્રોડ ક્રોડ શોષિતો દુનિયાનાં,
હો, એરણ બેની ! ઘણ રે બોલે ને૦

"યુગ વંદના'માંથી — ઝવેરચંદ મેઘાણી